૫૫૨

શ્રી/શ્રીમતી ઉષાબેન વિજયસિંહ
પરીવારના સૌને જય શ્રી કૃષ્ણ

ઉષાબેન વિજયસિંહ
૨૨/૨૪ જુની હનુમાન ગલી
પ્રાગજી વૃંદાવનનો માળો
૫ મે માળ
કાલબાદેવી મુંબઈ-૨

પુસ્તક વાંચીને પછી મને પહોંચતુ કરશો
નિરાંતથી તથા ધ્યાનથી વાંચશો.
ઉતાવળ નથી

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી હલાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુખધામ,
એસ. વી. રોડ, શંકર ગલીના નાકે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૬૭

-: પુસ્તક મેળવવાનાં સ્થળો :-

(૧) શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી,
'આતિથેયમ્' ડાકોર રોડ, નડીઆદ.

(૨) ,, મણીલાલ બાપુજી ગાંધી,
ખારી પોળ રોડ, નડીઆદ.

(૩) શેઠ શ્રી ભાઇદાસ મગનલાલ,
ગિરિકુંજ, હ્યુઝીસ રોડ, મુંબઇ-૭.

(૪) શ્રી મણીલાલ ચુનીલાલ ગાંધી,
કર્ણોદય લીથો પ્રેસ,
જુની વિકટોરીઆ મીલના ચોગાનમાં,
ગામદેવી રોડ, મુંબઇ-૭.

(૫) સર વિઠ્ઠલદાસ ચેરીટી ટ્રસ્ટ,
સર વિઠ્ઠલદાસ ચેમ્બર્સ,
૧૬, એપોલો સ્ટ્રીટ, મુંબઇ-૧.

(૬) શ્રી ગોલ્ડ ફીલ્ડ લેધર વર્કસ
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨.

(૭) ,, નિરંજનલાલ શેઠ
નિરંજન મીલ્સ, સુરત.
ટે. નં. ૫૧

(૮) ,, નટવરલાલ ભાઇ
વાયુદેવતાનો ખાંચો, બાજવાડા, વડોદરા.

(૯) ,, શાંતિભાઈ ડાહ્યાભાઇ શાહ
બોમ્બે મોટર સ્ટોર્સ, કપાસીઆ બજાર,
અમદાવાદ ટે. નં. ૭૩૯૩.

ઉષાબેન વિજયસિંહ

॥ શ્રી કૃષ્ણ: ॥

શ્રીમદ્ ભાગવત તત્ત્વ સુધા બિંદુ

પ્રથમ પુષ્પ

લેખક:

કૃષ્ણશંકર દલસુખરામ શાસ્ત્રી
વેદાન્તાચાર્ય, સાહિત્યતીર્થ.
નડીઆદ.

પુન: પ્રકાશનના અધિકાર પ્રકાશકને સ્વાધીન છે.

માર્ગશીર્ષ કૃષ્ણ ૯
૩૧-૧૨-૬૧

પ્રથમ આવૃત્તિ
પ્રત ૫૦૦૦

લેખક: પ્રકાશક :
અતિથિ.
'આતિથેયમ્', ડાકોર રોડ,
નડીઆદ.

મુદ્રક :–
બોવન પ્રેસ,
સર પી. એમ. રોડ,
મુંબઈ નં. ૧.

—: ન્યોછાવર :—
રૂ. ૪-૦૦ કાચું પૂંઠું.
રૂ. ૪-૫૦ પાકું પૂંઠું.

॥ શ્રી હરિઃ ॥

વેદોની સુધાનો આ એક બિંદુ;
વસુધાના જીવન કારણે
સકુસુમાંજલિ.

विनियोगविवेकार्थैः शान्तिसंतोषवर्षिणः
वेदस्यैकः सुधाबिन्दुर्वसुधायै निवेदितः





ઉષાબેન વિજયસિંહ

– કૃતજ્ઞતા –

કૃતજ્ઞતા ઈશ્વરની આંખ છે. એ આંખથી વિશ્વને પેખવાનું વિધાન છે. પ્રત્યેક કાર્યમાં કૃતજ્ઞ નજરે જોવાનું ને મજરે મેળવી મુજરો કરવાનું એ ન્યાયે **"શ્રીમદ્ ભાગવત તત્ત્વ સુધા બિંદુ"** ને સ્પર્શતી કૃતજ્ઞતા વ્યકત કરવી અનિવાર્ય અને પ્રિય ક્રિયા છે.

પ્રથમ કૃતજ્ઞતા શ્રીહરિને ચરણે. કેવલ જે શ્રી હરિનીજ મનીષાને લીધે આ એક અલ્પ સંચયનું પુસ્તક પુષ્પ બન્યું છે તે કરૂણાનિધિના ચરણસરોજમાં એકજ વંદન. વધુ વંદને તે કોમલ ચરણકમલને શ્રમ થાય. વંદન કરવો સહેલો, પણ વંદનના અધિકારી થવું અતિ કઠિન.

બીજી કૃતજ્ઞતા સમાજના જિજ્ઞાસુ જનની. એની માંગ આ નિર્મિતિનો પ્રાણ છે. સમાજની આ એક દેન છે. તેની પાસે વિલંબે મુકવા બદલ **ક્ષમાંજલિ.** લખાણની દુર્બોધતા કે કઠોરતાની પણ કબૂલાત કરી લેવી ઉચિત છે.

ત્રીજી કૃતજ્ઞતા શ્રીમદ્ ભાગવત કલ્પતરૂવરની. આ બિંદુમાં શ્રીમદ્ ભાગવતના વિષયનો સમાવેશ છે. જો કવચિત માધુર્ય હોય તો તેની અને શ્રીમદ્ વલ્લભવરની કૃપા કટાક્ષ સુધાનું છે.

અનેક કૃતજ્ઞતાઓ અનેક સ્વજન સુજનોની. પુસ્તક આકારે લોક કર કમલમાં મુકવાનો અવસર જે આજે શ્રીમાધવબાગના મંગલ આંગણમાં બને છે તે **શ્રી લક્ષ્મીનારાયણના** વરદ કરકમલના આશ્રયે છે. રૂા. ૫૦૦૦) પાંચ હજારની અલૌકિક સહાય **શ્રી લક્ષ્મીનારાયણ મંદિર અને માધવ બાગ ચેરીટીના** કૃતજ્ઞશીલ ટ્રસ્ટી સુજનોએ આપીને ગ્રન્થને વેગ આપ્યો. તેઓના ઉઋણ નથી થવું, નિત્ય નત મસ્તકે જ રહેવું છે.

પુસ્તકના ઉદ્‌ગમથી પ્રકાશન સુધી વિદ્યા વ્યાસંગી મુ. શ્રી **પ્રેમલીલા બહેન વિ. ઠાકરસીનો** સ્તુત્ય પ્રયાસ એમાં રહેલ છે. સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચેરીટેબલ ટ્રસ્ટમાંથી રૂા. ૩૯૦૧ ની સહાય આપી તેનો આરંભ કરાવ્યો છે. મુદ્રણનો સર્વ અન્ય વ્યય તેઓશ્રીના ટ્રસ્ટમાંથી લીધો છે. જે ન્યોછાવરની આયમાંથી પરત કરવોજ રહ્યો.

ધી સીરપુર પેપર મીલ્સ લીમીટેડના મેનેજીંગ એજન્ટસ મેસર્સ **બીરલા બ્રધર્સ** પ્રાઈવેટ લીમીટેડ તરફથી આ પુસ્તકના પ્રકાશન માટે પ્રીન્ટીંગ પેપરમાં રૂ. ૧૧૭૦)નું કમીશનરૂપે દાન આપ્યું; તેમનો સહૃદય આભાર.

ધર્મજના પરમ ભગવદીય ભાઈ **શ્રી છોટાભાઇ જીવાભાઈ** ફીજીવાળાએ પ્રસન્નતાપૂર્વક રૂા. ૨૫૦૦) ની ઉદાર સહાય કરી છે. તેનો ઉલ્લેખ અહિં કરવોજ જોઈએ.

કાગળો લેતી વખતે પરમ વિવેકશીલ શેઠ શ્રી ચિમનલાલ ત્રિભુવનદાસ બાસુદીવાળાએ રૂા. ૧૫૦૦) ની રકમ ઉછીની આપી તે પણ કેમ વિસરાય ?

વિદ્યા રસિક મુ. **શ્રી સુંદરાબાઇ ઠાકરસીએ** પ્રાગજી ઠાકરસી મુળજી ટ્રસ્ટમાંથી રૂા. ૧૦૦૦) ની રકમની સહાય કરી છે તે મારી માંગો પૂરતી નવી નથી.

શ્રી **સત્સંગ** મંડળ, નડીઆદ, એ મારૂં શ્રીમદ્ ભાગવત નિષ્ઠામાં પ્રેરણા ધામ છે. એના કૃપાબલમાં મને દૃઢ વિશ્વાસ છે. એક ધારો એનો ૨૧ વર્ષથી સત્સંગ લાભ ચાલુ છે તેનું એ ફળ છે.

આ બધી આવેલ સહાય સંપૂર્ણ ગ્રન્થ માટે છે જેનો પ્રથમ ભાગ થયો. નમ્ર નિવેદન કે **શ્રીમદ્ ભાગવત તત્ત્વ સુધા બિંદુ**નો નવમ સ્કંધથી અવશિષ્ટ ભાગ શકય સત્વરે પ્રભુ કૃપાએ પ્રકાશિત થશે.

મુદ્રણ લેખન કાર્યમાં ક્ષતિ સંશોધનથી પ્રકાશન પર્યંત શ્રી મણીલાલ બાપુજી ગાંધીની સંભાળે કાર્ય, પરવશ સમય કૃપણ મને સમયમાં અચિંત બનાવ્યો છે.

શ્રી ગિરિરાજની છાયામાંના પ્રથમ ૧૦૮ શ્રીમદ્ ભાગવત મનોરથના અંગે પ્રથમ એક પ્રકાશન આપેલું. બાદ તે લોક માંગણીને માન આપી પુનર્લેખનથી નવકાય આપી શ્રી માધવ બાગની છાયામાં શ્રી મગનલાલ પ્રભુદાસ ભગવદીય કુટુંબના શ્રીમદ્ ભાગવતના ૧૦૮ પારાયણ કથા મહોત્સવમાં પ્રકાશનને મુકતાં નિહાળતી શ્રી લક્ષ્મી નારાયણની અમી નજરને નિહાળી આર્દ્ર હૃદયે વંદુ છું.

તત્ત્વસુધા બિંદુને લોકપ્રિયશીલ **શ્રી રાજ્યપાલશ્રી શ્રી પ્રકાશજીના** કર કમલે જનતા સમક્ષ પ્રકાશમાં મુકતાં વધુ કૃતજ્ઞતા અનુભવી વિરમું છું.

'**આતિથેયમ**' નડિયાદ.
શ્રી વિઠ્ઠલેશ મહાપ્રભુ જયંતિ
માર્ગશીર્ષ કૃષ્ણ નવમી–૨૦૧૮.
તા. ૩૧–૧૨–૬૧ રવિ

"**અતિથિ**"



આદિવચન....

વિવેકને કિનારેથી શાંતિ–સંતોષ મળશે. વિવેકને કિનારે કિનારે તો સતત વાઙ્મય સુધાનાં વહન છે. વાઙ્મયનાં માત્ર બે બિંદુ પાને શાંતિ–સંતોષનાં સોણલાં સત્યકાય બને છે. કવનના અમિત ઉપવનમાં વાઙ્મય સુધા સ્યન્દિનીનો નિવાસ છે. એ સ્યન્દિની મનોનયન નન્દિની છે. એમાંથી અસ્રવો પ્રેમરસ સ્રવે છે. એના પાને માનવતા આવે છે. માનવતા ભગવાનનું નિત્ય વસતિ ધામ છે.

વિશ્વની વિધ વિધ ભાષાઓએ શાંતિના વિતરણ કાજ વાઙ્મય સરિતાઓ વહાવી છે. સમાજ દર્દી કે સમશીલ કવિઓ શાંતિની સ્થાપનામાં સફળ બન્યા છે. ઋષિઓ તો સંપૂર્ણ સફળ બન્યા છે. વિશ્વના સમસ્ત સુખના આવશ્યક અંગોમાં તેઓ પ્રત્યેક રીતે ઉપયોગી સામગ્રીઓ પૂરી પાડીને ઋષિઓના બિરુદને પામ્યા છે. ઇશ્વરના સુમધુર અને સુકોમલ ચરણ યુગલ સરોજને નમી, ચુમી, તેમાંથી કર્મ–જ્ઞાનના શાસ્ત્રના સારને અનુભવી ચુકેલી, ઋષિઓની પરા વાણી કાવ્યધારાનું સ્વરૂપ પામી છે. એનાં અંગો અમર છે. દેવોના એ **વેદો** નામનાં અમર કાવ્યો છે. **देवानां काव्यं न ममार** વેદ એવું ગાય છે, એ વેદ અપૌરૂષેય છે માટે.

વેદ એ કવિકૃત કાવ્યાવલિઓ નથી પરંતુ ઋષિ સંસ્મૃત એ મંત્રાવલિઓ છે. પુરૂષની અપૂર્ણ મેધામાંથી બનેલી કૃતિઓ સંભવતઃ અપૂર્ણ કે દોષપૂર્ણ હોય; પરંતુ આ તો પૂર્ણ પુરૂષના સાક્ષાત્કાર અને સાક્ષાત્ અનુગ્રહમાંથી મેળવેલ અપૌરૂષેય શ્રુતિ વાઙ્મય છે. શ્રુતિ, અનુશ્રવ વેદ, નિગમ એવી એની સંજ્ઞાઓ છે.

સર્વ પ્રકારની ગમ જેમાં ભરેલ છે તે નિગમ છે. વિરાટ્ જગતના પ્રત્યેક સ્થૂલ પદાર્થોથી લઈ નજરે ન જણાતા સૂક્ષ્મ તત્વો સુધીનો પરિચય આપનાર એ એકજ સાહિત્ય છે. એથીજ એને નિગમ–વેદ કહેવાય છે. શરીર, મન, ઇન્દ્રિય, પ્રાણ, આત્મા પરમાત્મા, પરલોક, મુક્તિ વગેરે શું છે! શાંતિ, સુખ, સંતોષ કેમ મળે! વિલાસ, વિરોધ, વિષાદ કેમ ટળે? વિશ્વનો સર્વ વિધ વિકાસ કેમ સંભવે? સમાજ, રાજ્ય, વ્યવસ્થા કેવી અને કેમ ચાલે? સમ્પત્તિ શું અને કેમ મળે? વિપત્તિ શું અને કેમ ટળે? આત્મા ક્યાંથી આવ્યો? ક્યાં જશે? અને એ કેવો? એની જીવન રીત શી? આવી સમસ્ત ગમોનો એકજ સ્થાનમાંથી ઉદ્ગમ છે તેનુંજ નામ નિગમ છે.

એ વેદનો પ્રતિપાદ્ય વિષય **બ્રહ્મ**, આનંદ, **રસ**, વગેરે છે પણ એ નિરાકારને પામવો, સમજવો સર્વને મુશ્કેલ લાગ્યો; ત્યારે તેજ નિરાકાર **બ્રહ્મ**રસનું રસાકાર એવું નરાકાર સ્વરૂપ શ્રી કૃષ્ણ બન્યા અને શ્રીમદ્ ભાગવતમાં તેને વર્ણવ્યા. કેવલ વિશ્વને પ્રેમ, કર્તવ્ય અને આનંદ આપવા માટેજ એ નિરાકારે આકાર લીધો ત્યારે તેના અંગ ઉપર વેદ વિવિધ નામ રૂપે છવાયો. ઉપનિષદ્, સાંખ્ય, યોગ, મીમાંસા વગેરે વેદનાજ વિધવિધ અલંકારો બની ગયા અને શ્રી અંગે વસી ગયા.

નિરાકાર આનંદનો આકાર શ્રી કૃષ્ણ થયા ત્યારે એ કમલનયન શ્રીકૃષ્ણનો કિરીટ ઉપનિષદ્માંથી બની ઉત્તમાંગે બિરાજ્યો. કૃષ્ણ વદન સુધા રસ માધુરીની પિપાસાએ સાંખ્ય યોગ કુંડલ બન્યા, ને તત્વનિષ્ઠ કર્મનિષ્ઠ, ભક્તનિષ્ઠ તત્વો, કમનીય કૃષ્ણની અલકાવલીમાં આવીને વસ્યા. પણ સૌન્દર્યનિધિનું સૌન્દર્ય હૃદયંગમ તો ત્યારે બન્યુ કે જ્યારે શ્રીમદ્ભાગવત તે મુકુટનો શિખામણિ બન્યું ને જવાજલ્યમાન જ્યોત્સના હૃદયાંગણે સમરાંગણ સર્જ્યા વિના, વિના પ્રયાસે, સસ્નેહે મોહ તિમિર વિદારણશીલ બની. સર્વત્ર સર્વવિધ સુયોગ ક્યાંથી સુલભ! કલાને ચક્ષુ હોત, સંગીતને શ્રુતિ હોત, કવિતાને રસના હોત, તો આનંદ અવર્ણ્ય ન હોત? પણ વિધિની સનાતન આદત પલટો લે? વિધિનાં વિધાન મત : સમાધાનથી જ સંતોષ દે છે.

શી ક્ષતિ વિધિને આવતે, સુવર્ણમાં સુગંધ સ્થાપતાં સરસ્વતી સંપત્તિનો સંયોગ સાધતાં, સત્તાને સાન આપતાં, વિદ્યાને વિવેક આપતાં શક્તિ–બલને સૌજન્ય દેતાં પણ તે લાવે ક્યાંથી? તેણે ગુલાબને કાંટા બતાવ્યા, શીતલચંદનને સર્પે આવરી લીધું, બુદ્ધિમાનને અધન બનાવ્યો. સંભવ છે તે તેનાજ સ્વરૂપ સંરક્ષણ માટે હસે આની વિધિની નિર્દોષતા પૂરવાર થાય. પરંતુ વિધિથી માનવ સુધીની સમસ્ત કૃતિઓ ઉણપ ભરી રહેવાનીજ. પણ વિધિનું નિર્માણ કરનાર જો ક્રિયાશીલ બને, ને કલામય તત્વોનું સર્જન સમાજને અર્પે તો તે સર્વાંશમાં સર્વ દિશામાં પૂર્ણ નીવડે.

સમાધિ ભાષા શ્રીમદ્ ભાગવત તે કલાનિધિનું દ્વિતીય સ્વરૂપ, જો જીવન્ત જીવન જીવાડી શકનાર હૃદયને દિલાસો દેનાર હૃદયસ્પર્શી સાધન હોય તો શ્રીમદ્ ભાગવત. શાંત્વન સુધા સ્વર્ગમાં નથી. આશ્વાસન અને આશ્વાસક ઈશ્વરનાં પ્રતીક છે સામગ્રીના સમુદાયમાં વસતા માનવને પણ અસંતોષ રહેવાનો જ કારણ તેને વિધિના ખેલના પાત્ર બનીને નર્તનશીલ થવાનું છે. “સમ્પ્રાપ્તમાં અસંતોષ, ને અભિલષિતની અપ્રાપ્તિ એ જગતનો જુનો ધારો છે.” “સુયુક્તનું વિયોજન, અને અયોગ્યનું સંયોજન એ તો સ્રષ્ટાની માનિતી રમત છે. વિધાતાને વિસરે તે સદાય તેને સ્મરે એવા

આશયનું તે પરિણામ પણ હોય. પણ માનવનો ખોરાક આશ્વાસન છે. આશ્વાસન આત્માનંદ સુધી લઈ જઈ શકે છે. વિવેકશીલ અને વિચક્ષણને માટે તે સહજ છે. કરુણાનિધિ રામ, અને કલાનિધિ શ્યામ શ્રીકૃષ્ણ સમાજને આશ્વાસનનો, સંતોષનો, શાંતિનો ખજાનો દેવા ભૂતલે અવતર્યા. સ્વરૂપ સાક્ષાત્કારથી અવતાર અવસ્થામાં ને ચરિતસુધાથી અનવતારમાં સર્વને અમીરસ દીધા. અમરતા અર્પી. અમરત્વ મનને મન માન્યુ ન મળતાં ન મારવું, પણ તેને વિવેકથી વારવું તે છે. ભગવત્સ્વરૂપનો સ્વરૂપ સંયોગ થાય તો ઓછો આનંદ નહિ પણ તે સર્વ કાલ સુલભ શી રીતે? યોગ્યતા, પ્રારબ્ધ આ બધાં બાધક તત્વો સ્વરૂપ સંયોગ ન થવા દેને? ત્યારે ચરિત્રસુધા એ તો સુલભ ખરીને? આનંદને મેળવનાર જો એક વિવેક જાગૃત કરે તે સ્વાધીન સાધનોથી તેને મેળવવા પ્રયત્ન કરે તો નાસીપાસ ન નીવડે. અચેતન પદાર્થો–સ્થૂલ સંયોગ સાપેક્ષ છે. પણ માનસ સંયોગો તો નિરપેક્ષ છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, ચક્ષુર્ગમ્ય ન બને પણ મનોગમ્ય બની જાય તો નિત્ય સહવાસ ન ગણાય? નિત્ય સંયોગ ગુણ ચિંતનમાંથીજ થાય છે. રામાયણ એ છે પ્રેમરસાયન, ને સમાધિ ભાષા શ્રીમદ્ ભાગવત એ છે પ્રેમપ્રતિમા. એ બન્ને શોક સાગરમાં ડૂબતાને અશોક પુષ્પ વાટિકામાં લાવીને મુકે છે જીવનને સુવાસિત બનાવે છે ને આનંદિત કરે છે. વ્યવહાર, વ્યવસાયને વિસારે ના પાડતાં પરમાત્મા પ્રાપ્ત કરવાની કામના ક્યાંથી પૂરાય એ સમસ્યા ઉભી થતાં ઉકેલ તે ગ્રન્થોમાંથી મળ્યો. માનવતાની મોંઘી મૂડી પ્રેમ રસાયનમાંથી મળશે ને સમાધિ ભાષામાંથી મળશે. સાધનોની શ્રેણી અખૂટ અને અખંડ છે, પરંતુ દેશ અને કાલ શરીર અને સંયોગો તેને પ્રતિકૂલ છે. ધ્યેયને સિદ્ધ કરવું છે. આયાસ અલ્પ અને ફલ અનલ્પ–આનંદ સુખ એ છે લક્ષ્યબિંદુ, બુધ અને અબુધ બન્નેનું. મનોનિગ્રહ વિના તે જરાય શક્ય નથી. દુરિન દોષોથી ભરપૂર મન સદાય ચંચલ હોઈ અમલતા સિદ્ધ ક્યાંથી થવાની? ચિત્તમાં જાગેલી વિવિધ વિષયોની રૂચિ ક્યાંથી પોષાવાની ને પુરાવાની? રૂચિ વૈચિત્ર્ય એ સંસારની રોચકતાનું ને શોકાતુરતાનુ મૂલ જો **સર્વને સર્વ રૂચે, સર્વને એકજ રૂચે તો સંસાર સંસરણશીલ ન બને ને સ્રષ્ટાનું સર્જન વ્યર્થ બને** પરંતુ જો **એકમાં સર્વ વસે તો સર્વને એક રૂચે.** દૃષ્ટિને જે શોધે તે તેને જ્યાંથી જડે ત્યાં તેની મનોવૃત્તિ રમે. રમ્યતા મનોવૃત્તિના તરંગોમાં છે. મનોવૃત્તિમાં રમણીયતા આત્મામાંથી છે. આત્મા–શ્રીકૃષ્ણ–શ્રીમદ્ ભાગવત એ બધું એકજ તત્વ છે. આત્મામાં સર્વસ્વ છે તેથી જ તે સર્વનો પ્રિય છે. મેળવવાની વિધિ વિચારવી પડે છે મનુષ્યની સાથે સંપર્ક ધરાવતાં સુખદ સાધનોમાં ભાગવત અજોડ છે. કાલને, દેશને, શરીરને, સંયોગોને, સ્વભાવને તે સાનુકુલ છે.

स एष सर्वरस: શ્રુતિ વચન પ્રમાણે શ્રીકૃષ્ણ સર્વરસ છે. શ્રીમદ ભાગવત આનંદાત્મક શ્રીકૃષ્ણની લીલા હોવાથી, શ્રીકૃષ્ણનું નામ સ્વરુપ હોવાથી તે પણ સર્વરસાધાયક સર્વ રસ સંગ્રહ છે. માનવજીવનની મહત્તા રસિકતાથી જીવવામાં છે. તેની પૂર્તિ ભાગવતમાંથી અતિ સુલભ છે, બુદ્ધિ અને મન બધા વિલાસો માગી લે છે. વિલાસોમાં વિનાશ હશે પણ તે વિકાર પૂર્ણ વિષય વિલાસોમાં, વિદ્યા વિલાસોમાં નહિ. તે તો સર્વાંગીણ વિકાસનું સાધન છે. ચિતવૃતિના ચાંચલ્યના નિવારણ માટે, આત્માભિમુખ વારણ માટે, સર્વ વિધ સુખસાધારણ માટે, ને માયાપિશાચીમારણ માટે શાસ્ત્રવિલાસ સફલ શસ્ત્ર છે. પરંતુ સિધ્ધાન્તોના નિચોડ હોઈ, આકર તત્વોનો આદેશક હોઈ, મતિમાંદ્યમાં રુચવો ને પચવો મુશ્કેલ બન્યો. કલિની માનવતા ઔપચારિક ચમત્કૃતિમાં આવી વાસ્તવિક કૃતિ–ચમત્કૃતિથી દૂર–સુદૂર ગઈ. જો સિધ્ધાંત દૃષ્ટાંતમાં મઢવામાં આવે તો મધુર મંજીલ ન બને? જીવ–જગત જગદીશને જાણવા તો બધાજ સુજીજ્ઞાસિત છે પણ જીજ્ઞાસા સંપૂરક સામગ્રી ક્યાં છે? સિદ્ધાન્તના સમન્વયમાં તે બની જાય, ઉપનિષદ સાંખ્ય–યોગ–મીમાંસા–ન્યાય આદિ આગમ નિગમદર્શન સિદ્ધાન્તોથી ભરપૂર છે. પણ જો તે સિધ્દાન્તો દૃષ્ટાન્તોમાં વણવામાં આવે તો ઉપાદેયતા કેટલી શીઘ્ર બને.

પાતંજલની યૌગિક પ્રક્રિયાને અમૃત પ્રાપ્તિના પ્રસંગમાં સંસાર–સમુદ્ર મંથનને બહાને મુકવામાં, ને દેવ દૈત્ય સંગ્રામના સ્વરૂપે દેવાસુર સમ્પત્તિ કલહને વર્ણવામાં અસાધારણ સિધ્ધિ મેળવી છે. સાંખ્ય અને યોગના સિદ્ધાંતો તૃતીયમાં કપીલ ગીતામાં ચર્ચીને ધ્યાનની પદ્ધતિનો નિર્દેશ કરતી સંક્ષિપ્ત સાંખ્યની વિસ્તૃતિ તો ભાગવતમાંજ મળે છે. દેવોને આવાહન કરનારી સાત્વિક બુદ્ધિ દેવહૂતિ અને ઇન્દ્રિયોનું દમન કરવાને સમગ્ર ક્રિયાઓ કરનાર કર્દમને વર્ણવી સાંખ્યની ઉપાસનાને સરલ બનાવી આપી. અર્જુનગીતાની ત્રિવેણી મુકિતલીલા સ્કંધની એકાદશ ઉદ્ધવ ગીતામાં મુક્ત કંઠે વર્ણવી છે.

મીમાંસકની મીમાંસક વૃત્તિ યજ્ઞીય તત્વોના આલેખન પ્રકાર સાથે યજ્ઞ વરાહને વર્ણવતા તૃતીય સ્કંધમાં સ્પષ્ટ ભાસે છે.

યજ્ઞ એ વિષ્ણુ છે. વિષ્ણુજ વરાહ બન્યા છે. સર્વ અવતારોમાં પ્રથમ તેને સ્થાન છે. વરાહ અને યજ્ઞનો અભેદ સિદ્ધ થતાં પૃથ્વીનો ઉદ્ધાર યજ્ઞીય કર્મથી છે. હિરણ્યાક્ષ હિરણ્યકશિપુ નામની, સંગ્રહ–ભોગ–વૃત્તિથી દૂષિત થયેલ કર્મમાર્ગ બાધક છે. પણ તે બન્નેના નાશ પૂર્વકનો નિષ્કામ કર્મયોગ શ્રેયસ્‌સાધક છે એ પ્રતિપાદન કરી મીમાંસકને સંતોષ્યા છે.

ઉપનિષદ્‌ની રૂચાઓને તેમની મર્યાદા રક્ષણ પૂરતા શબ્દના પરિવર્તન સાથે **आत्मावास्यमिदं** વગેરે શ્લોકોમાં સંગ્રહિત કરીને, ને આરંભથી અંત સુધી સ્તુતિ રત્નોની હૃદયહારિણી હારાવલી ગુંથીને, તર્કધન, જ્ઞાન તત્વ રસ પિપાસુને આકંઠમગ્ન તૃપ્તિપર્યંતનો કે સૂત્ર ભાષ્યગત કર્ણ કર્કશ નહિ પણ શ્રુતિ સુખાવહ રસ સમર્પીને ઉપનિષદ્ ઉપાસકોની ભાવનાને આકર્ષી છે.

શાબ્દિકોની શબ્દ રસિક વૃત્તિ તો પદે પદે તરી આવે છે. **काणादं पाणिनीयं च सर्वशास्त्रोपकारम्** ન્યાય વ્યાકરણ શાસ્ત્રને સાહિત્યમાં પૂર્ણ ન્યાય મળેલ જોવાની તમન્ના ભાગવતમાં પૂરાશે. અલ્પ શબ્દોમાં અધિક કથન એ વ્યાકરણનો મુદ્રાલેખ સમાધિ ભાષામાંથી જોવા મળશે. **दितिर्दाक्षायणी तात**, એ તૃતીય સ્કંધના પ્રસંગમાં દક્ષના નામથી અપાતા દિતિ પરિચયમાં પિતાની હઠાગ્રહ વૃત્તિ વારસામાં દિતિમાં આવી છે એ દર્શાવતા શબ્દોનો પ્રયોગ ન કરતાં દાક્ષયણી પદથીજ સમજાવી દેવાની ખૂબી ખૂબ ખૂબ ભરી છે. ક્રિયાપદોનો આત્માનેપદ પરસ્મૈપદ, પ્રયોગ વિવેકથી વાપરનાર એક સિદ્ધ હસ્ત લેખકની કલા ક્યાંય અપ્રગટ નથી રહી. પૂતનાના દેહપતન પ્રસંગ–**पतमानः** અને **पतन्**, વર્તમાન કૃદન્તમાંનો કયો વધુ બંધ બેસતો લાગશે એ વિચાર અન્યત્ર નહિ મળે. જો મહર્ષિ વ્યાસ વૈયાકરણ ન હોંત તો સમાધિ ભાષા ૧૮ લાખ શ્લોકોમાં પણ ન સમાવી શક્યા હોત.

તર્કશીલતા એ તો એવી રોમાંચકતા લાવી છે કે માનવ મન મુગ્ધ થઈ જાય જ **गन्धवती पृथ्वी** એ પૃથ્વીના લક્ષણને સરલતાથી સમજવા

માટે મૃત્સ્નાભક્ષણ પ્રસંગમાં શ્રીકૃષ્ણને યશોદા પૂછે છે કે, માટી કેમ ખાધી ? ભગવાન કહે સાચી વાત નથી નિર્ણય કરો. ઉભયપક્ષ વાદ-નિર્ણયમાં તર્કશીલ નહિ હોય તો ન્યાય નહિ આપી શકે. ભગવાને મુદ્દો આપ્યો કે જો મેં માટી ખાધી હશે તો મુખમાં માટીની ગંધ આવશે. માટે માતાજી મારા મુખને જોઇ નિર્ણય કરો.

સાહિત્યની વિચારધારા અને રસધારા તો ઉભય તટવાહિની તરંગિણી સમી વહી છે. ધ્વનિ તો પદે પદે છે. શબ્દાલંકાર, ગુણ, રીતિ, મહાકાવ્યની દૃષ્ટિએ એટલાં વિકસ્યાં છે કે જેઓ ધાર્મિક વિચારની ભાવનાએ આધ્યાત્મિક વિચારની ભાવનાએ રસ ન લેતા, રસ લેવા ન ચાહતા હોય પરંતુ સાહિત્ય વૃત્તિની સંતોષ પ્રાપ્તિની દૃષ્ટિએ પ્રવૃત્ત થતાને તે તન્મય બનાવી આજીવન-ભર તેનો ઉપાસક બનાવી દેશે, અને નિષ્ફળ નીવડેલાં શાસ્ત્રોની નિષ્ફળતાને સફલતામાં લાવી મુકશે. **चकोरक्रौंचचक्राह्व भारद्वाजांश्च बर्हिणः** અને **मल्लानामशनिः**, વિગેરે શ્લોકોના વર્ણનમાં દસેદસ રસને સંગ્રહી લેવા એ સાહિત્યની અનોખી શૈલી ભાગવતમાંથી મળશે. મનોમોદ માત્ર માટે પણ પ્રવૃત્ત થનાર આત્મતોષ લઈનેજ શ્રીમદ્ ભાગવત સુધા સ્યંદિનીમાંથી બહાર નીકળવાનો. છન્દશાસ્ત્રનો વિનિયોગ કરવામાં તો અજબ ચમત્કૃતિ શમાવી છે. ધ્યાનના આવતા પ્રાયઃ પ્રત્યેક શ્લોકો મંદાક્રાન્તા છંદમાંજ મુકવા જેથી ધ્યાતાને ધ્યાન કરતાં, શુકઉચ્ચાર સમાન ઉચ્ચાર કરી જવાની આદતને પણ, યતિ–વિરામ, પ્રસંગને લઈને અટકતાં સ્વયં આગળના શબ્દ ઉપર વિચાર થાય એ લક્ષ્ય નથી ચુક્યા.

વળી સંગીત શાસ્ત્રના રાગો કેવા લેવા નિશામાં, નિશામુખમાં, પ્રાતઃકાલમાં કે મધ્યાહનમાં કેટલા તે બંધ બેસતા છે ને તે તાદાત્મ્ય કેટલું ધરાવે છે તેનો અસાધારણ ખ્યાલ તો અનેક સ્થળોએ મળશે. મધ્યાહન કાલે ગવાતો સારંગ રાગ વેણુ–યુગલ ગીતમાં જ્યારે યોજ્યો ત્યારે તો તેમની યોજના દષ્ટામાં પાગલતા લાવી મૂકે છે. યુગલગીત વેણુગીત, ગોપીગીત, શ્રુતિગીતા વગેરે કેવલ સંગીત પ્રિય કર્ણોને શબ્દ શ્રવણથીજ નાદ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારાં રસવાહી ઝરણાં છે. એ ગીતોના અર્થ રસિકોને તો રસેશનો અશેષ અનુભવ થાય છે. શ્રુતિગીતાના પ્રતિ ગીતો, કલ્યાણથી આરંભી ભરવીમાં પરિણમતાં સ્વરોથી સંકલિત કરવામાં વ્યાસજીના સામગાનના જ્ઞાનનો વિજય છે.

ધર્મશાસ્ત્રનો આરોગ્યશાસ્ત્ર સાથે સમન્વય સાધતાં ભૌતિક સુખથી લઈને આત્મિક સુખ પર્યંત લઇ જતાં, વ્રતો અને વ્રતાંગ નિયમોનું નિરૂપણ એ તો ભાગવતની ખાસીયત છે. પુંસવન વ્રત પયોવ્રત બુદ્ધિની શુદ્ધિ, કુટુંબની પ્રીતિ, સ્વભાવનું પરિવર્તન, વગરે આપે છે.

રાજધર્મ પ્રજાધર્મ પૃથુના આદર્શ ચરિત્રમાંથી મળશે. કન્યાની સમ્પત્તિનું સંવર્ધન કરી કન્યાને પાછી આપવા માટેજ પિતાને અનામત તરીકે રાખવાની છે. પ્રજાનો કર સંગ્રહ પ્રજાતીર્થમાં સમર્પી પ્રજાનો સર્વોદય સાધવા માટે છે. પૃથુની સર્વોદય યોજના ધ્યન ખેંચનારી છે. પૃથુની કન્યા પૃથિવી એ સિદ્ધાંત પૃથુરાજથી પ્રચલિત.થયો.

સમાજને ભાગવત સીધો બોધપાઠ આપશે, કાત્યાયની વ્રતનું આધ્યાત્મિક તત્વ બાજુ ઉપર મુકી દઈએ, આધિ દૈવિક સ્વરૂપ સમજી ન શકીએ તો પણ કુમારાવસ્થાથી પડતી કુટેવોના નિવારણમાં ને સમાજના ધોરણને ઉન્નત સંસ્કૃતિ પ્રચુર બનાવવામાં સારો ફાળો આપે છે. સમાજ નિયમોના ઉલ્લંઘનમાં વિષમ પરિણામો દેવયાની શર્મિષ્ઠાના પ્રસંગે પ્રકટ તરી આવે છે. આ બધું છતા ભાગવતમાં એક વિશેષ ખુબી છે કે તે સમન્વયાત્મક દૃષ્ટિએ આલેખાયેલ તત્વ છે. સ્વર્ગનું, વૈકુંઠનું, બ્રહ્મલોકનું વર્ણન કરીને મતૈક્ય પ્રતિપાદન કર્યું છે એમ કદાચ ન કહીએ તો પણ, સ્વમત પ્રતિપાદન સાથે સર્વમત સમન્વય અથવા પરમત સહિષ્ણુતા તો તરીજ આવે છે. તત્વવેત્તાઓની અસાધારણ આદત અન્યમતાસહિષ્ણુતા છે તેને ઠીક સમન્વય કરીને ભેદ ટાળવામાં ફાળો આપ્યો છે. સર્વ સિદ્ધાંત સાથે વિરોધ ન લાવતી, અને સર્વને રૂચતી “પ્રપન્તિ એ ભાગવતની ચરમ ભાવના છે. દૈન્ય, અને અનન્યતાના પ્રધાન અંગોથી પરિપુષ્ટ થતી તે પ્રત્યેક ચરિત્રમાં તરી આવે છે.

બુદ્ધિમાન વર્ગ ત્રણ વિભાગમાં વહેંચાયો છે વિજ્ઞાનવાદી ભૌતિક વિચારક, શ્રદ્ધાયાત્રિક લીલારસરસિક આધિદૈવિક, અને આધ્યાત્મતત્વ નિરૂપણ નિપુણ અધ્યાત્મવાદી શ્રીમદ્ ભાગવતમાંથી સર્વ લઈ જશે કોઇ પણ ક્ષેત્રનો અભ્યાસુ જે માગશે તેને ભાગવતમાંથી મળશે. How to live How to die. કેમ જીવવું અને કેમ મરવું એની ચાવી તો ભાગવતમાંથી જ મળશે. એક માનવીના જીવનના આરંભથી અંત સુધી પ્રત્યેક

કાર્યમાં પ્રેરણાદાયી, બોધદાયી, જીવનને સ્પર્શતા, અને જીવનની અણઉકલી ગુંથીને ઉકલતાં દૃષ્ટાન્તો મળી આવશે. માનવનું સળંગ જીવનદર્શ અવતારોમાં ગુંથાઈ જાય છે. તેનો ક્રમિક વિકાસ તેમાં દર્શાવ્યો છે. અધિકારથી આરંભી મોક્ષ પર્યન્તના આ નિરૂપણમાં એક કલાધરની દિવ્યકલાની ઝાંખી થાય છે. અનેક તત્વવેત્તાઓએ પોતાની વાણી ને લેખિની–સમાધિ ભાષાના આ મહદ્સાહિત્યને સેવીને કૃતાર્થ કર્યાં છે. શ્રુતિની નિરસતા, કર્મની જડતા, ઉપાસનાની કિલષ્ટતા, સાહિત્યની લૌકિક નાયક પરતા સર્વ સંગ્રહ શ્રીમદ્ ભાગવતમાં ઉપલબ્ધ નથી. સર્વ મહાનુભાવોએ સ્વરૂપે સમજાવવામાં ભગીરથ પ્રયાસ આદર્યો છે. પરંતુ આચાર્ય વર્યશ્રીમહાપ્રભુજીએ, આન્તર સ્વરૂપ ને બહુ સારો ન્યાય આપ્યો છે. દશમસ્કંધ હૃદય અને રાસ પંચાધ્યાયી આત્મા છે અનેકની ચર્ચાસ્પદ બની ચુકેલી તે રસ ધારા તો વાગધીશથી વિશદ થઇ અને ન્યાય મળ્યો. ઉપક્રમાદિછ અંગોની દૃષ્ટિએ ઘણો સારો સમન્વય ભાગવતાર્થ નિબંધમાંથી મળે છે. પ્રથમ સ્કંધ એ અધિકાર છે. જ્ઞાન પ્રાપ્તિ અનતાધિકારીને ન થાય. ગુરૂકુલમાં પ્રવેશતો છાત્ર વયકૃત અધિકાર આપેક્ષ છે.

અધિકાર વિના જ્ઞાન પ્રાપ્ત ન થાય. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને પ્રાણ એ ચતુષ્ટય સાધનવાળો, કોઇપણ શ્રવણેચ્છાવાન અધિકારી થઇ શકે છે. તેને સ્થૂલ–સુક્ષ્મ સ્વરૂપના જ્ઞાનનો વિચાર દ્વિતીય સ્કંધમાં કરવામાં આવ્યો. તત્વજ્ઞાન માટેજ જીવન છે. શ્રોતા–વક્તા, ગુરૂ–શિષ્યના મિલનમાં હૃદય પ્રસાદ એ જ્ઞાન ધારણ કરવામાં સહાય આપે. ચિત્તપ્રસન્નતાવસ્થા ઉપપત્તિને ઉત્પત્તિથી પદાર્થોને સમજી શકે. જ્ઞાન સંપાદન કરે તો ક્રિયા વિના બોજા રુપ લાગે.

સર્ગ–વિસર્ગ, તૃતીય ચતુર્થ સ્કંધમાં વર્ણવ્યા. જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારેજ મનાય કે જ્યારે ક્રિયામાં મુકાય. ક્રિયા એક હાથે ન થઇ શકે બે હાથની આવશ્યકતા પડે–સર્ગ–વિસર્ગ એ ભગવાનના બે હાથ છે. સર્ગમાં ૩૩, અધ્યાય છે સર્ગ બે પ્રકારનો છે સર્ગનો અર્થ સૃષ્ટિ પણ થાય છે. લૌકિક–સર્ગ–અલૌકિક સર્ગ. વૈદિક સિદ્ધાંત પ્રમાણે ૩૩ દેવોનો અલૌકિક સર્ગ, પરંતુ લૌકિક વિચાર અનુસાર, ૨ તત્વો, ૪ ભૂત બીજ અને એક કાલ, મળીને ૩૩ ભેદ છે. સૃષ્ટિમાં બંધન

શાથી, મુક્તિ શાથી, તે સ્પષ્ટતા, પૂર્વાંગમાં હિરણ્યાક્ષ નિરૂપણથી, ને, ઉત્તરાંગમાં શ્રી કપિલ પ્રાદુર્ભાવથી સ્પષ્ટ કરીને ચતુર્થ સ્કંધમાં વિસર્ગ વર્ણવ્યો બ્રહ્માની સૃષ્ટિ વિસર્ગ છે. ૩૧ અધ્યાયના ૪ પ્રકરણમાં ચતુર્વિધપુરૂષાર્થની સમાલોચના છે. ધર્મ યજ્ઞથી સમજાય. યજ્ઞ ૭ પ્રકારનો એટલે પ્રથમ પ્રકરણ ૭ અધ્યાયમાં. પરંતુ ભાગવત સિદ્ધાંત પ્રમાણે ધર્મ-અને અર્થ પૃથક પૃથક નથી તેમજ ધર્મથી અર્થ નથી. પરંતુ ધર્મ અર્થ માટે એ મતથી બન્નેને સાથે લીધેલ હોઈ ૧૨ અધ્યાયનું આદિત્ય પ્રથમ પ્રકરણ વર્ણવ્યું છે. સતી અને ધ્રુવજીએ ભગવત્પ્રાપ્તિ કરી. ભગવાનને મેળવવામાં સ્ત્રીઓને પ્રથમ સ્થાન મળે છે. નિઃસાધન દશાથી જન્મતું દૈત્ય અને પ્રાકૃતિક સ્વભાવ પ્રમાણે તેમનામાં વસેલી ભાવના, ને લાગણી પ્રધાનના એ તેમાં મુખ્ય હેતુ છે. ધ્રુવજી એ કુમારાવસ્થાથી પલટો મેળવી પ્રભુને મેળવ્યા પછીના બીજા પ્રકરણના ૧૧ અધ્યાયમાં પૃથુચરિત્ર છે તે કામ પ્રકરણ છે. વિષય સુખ ભોગેચ્છા કામ છે. અગીઆર ઇન્દ્રિયોનો તે લૌકિક વિષય નિવૃત્ત થઈ અલૌકિક બન્યો. ધર્મ—અર્થની દિવ્યતાથી અલૌકિક કામ થતાં પ્રકરણના ૮ અધ્યાયમાં મુક્તિ વર્ણવી. આઠ પદાર્થોની બનેલી પ્રકૃતિ માં અનાસક્તિ એ મુક્તિ છે. આમ બે સ્કંધમાં સર્ગ વિસર્ગ વર્ણવ્યા. નિશાળે જવા બાળક અધિકારી થયો, તેને ૨૪ સુધીમાં જ્ઞાન મેળવીને ક્રિયાઓ આરંભી એટલી વાત ચતુર્થ સ્કંધ સુધી આવી.

ક્રિયાથી સ્થિતિ મળી. સ્થિતિ બે પ્રકારની, સ્વરૂપસ્થિતિ દેશસ્થિતિ, સ્વરૂપમાં એટલે ઈશ્વરમાં દઢતા એ સ્થિતિનો અર્થ છે અથવા આત્મસ્વરૂપમાં નિજાનંદમાં સ્થિતિ પણ સ્વરૂપ સ્થિતિ છે તે મેળવવા દેહ, દેશની જરૂર પડે. પૃથ્વી લોકને માનવદેહ સર્વોત્તમ. પંચમ સ્કંધમાં, સ્વરૂપ

દેશ સ્થિતિના વિભાગ છે. પ્રથમ ૧૫ અધ્યાયમાં ભક્તિ યોગ, જ્ઞાન, એ ત્રણ સાધન દર્શાવી પાતાલ, ભુતલ, નભસ્તલ એ ત્રણ પ્રકારના દેશને દર્શાવી દેશ સ્વરૂપ સ્થિતિ સ્પષ્ટ કરી. ૨૫ વર્ષના યુવાને તે ક્રિયા આરંભ્યા બાદ ક્રિયા પ્રમાણે તેને સ્થાન મળ્યું. એટલે તે પુષ્ટ થયો તે પુષ્ટિ છઠ્ઠો સ્કંધ, ૧૯ અધ્યાયમાં વર્ણવ્યો. પુષ્ટિ ૩ રીતે મેળવાય. નામ આરાધનથી, ધ્યાનથી, સેવાથી એ ત્રણે સાધનો મનુષ્યને પુષ્ટ

કરે. તેને વિદ્યા, ધન, બલ ત્રણ પ્રાપ્ત થયાં. જો તે પુષ્ટ થયેલો દુષ્ટ થાય તો જીવનમાં કષ્ટ થાય, નીતિથી ભ્રષ્ટ થાય ને સ્વરૂપમાંથી નષ્ટ થાય. પરંતુ પુષ્ટ થતાં શિષ્ટ થાય તો શ્રેષ્ઠ થાય. પેલા સ્થિતિ સમ્પન્ન પુરૂષને ત્રણ પ્રકારની પુષ્ટિ વાસના થઇ.

સપ્તમ સ્કંધ તે ઊતિલીલા. કર્મની વાસનાઓ એજ ઊતિલીલા. ત્રણે પદાર્થથી પુષ્ટ થનાર, સદ્વાસના અસદ્વાસના, ને મિશ્રવાસનાના ભેદથી ત્રણ પ્રકારનો હોય છે. સદ્વાસના વિદ્યા, ધન બલનો સદ્ વિનિયોગ કરે. પ્રહલાદની સદ્વાસના. અસદ્વાસનાવાળો પરને પીડવામાં વાપરે ને ભોગમાં વાપરે. હિરણ્યકશિપુની અસદ વાસના. પણ મનુષ્ય મિશ્ર ધર્મથી બનેલો હોવાથી તેની મિશ્રવાસના ને પરાર્થ—સ્વાર્થ બન્ને ત્યાં ધનાદિનો વ્યય કરે. તે વાસનાઓને જીતવા માટે સદ્ધર્મ સાધન છે. અષ્ટમ સ્કંધ સંતોના ધર્મો છે. વાસના જીતવાનાં ૪ કાર્ય. આપત્તિમાં હરિ સ્મરણ, સમ્પત્તિમાં સર્વ દાન, કષ્ટમાં પણ કર્તવ્ય—વચન નિષ્ઠા ને પ્રપત્તિ એ છે સંતોના ધર્મો. વાસનાનું પડ તે ધર્મોથી કંઈક દૂર થયું. ૨૪ અધ્યાયમાં તે બતાવ્યું છતાંય વાસના વાસિત મનને વધુ નિર્મળ બનાવવાનું સાધન તે સચ્ચરિત્ર છે.

ઈશાનુકથાનો નવમ સ્કંધ એ સંતોનાં ચરિત્રો છે ત્યાગ, ક્ષમા, દયા ને લક્ષણોથી લક્ષિત કરી લક્ષમાં લેવાની કોશિષ કરતાં ત્યાગ, ક્ષમા, દયાના સાક્ષાત્સ્વરૂપોને ચરિત્રોથી અવલોકતાં હૃદયમાં આર્દ્રતા પ્રાપ્ત થતાં તે દિવ્ય ધર્મો સ્વતઃ સ્થિર થાય. ત્યાગને સમજવા કરતાં ત્યાગી રતિંદેવ સમજાય તો, ત્યાગ નૈસર્ગિ કરી તે દીલમાં આવી જાય. નવમ સ્કંધના સૂર્ય—ચંદ્ર વંશના સંતોના ચરિત્ર નિરૂપણમાં ને ભગવચ્ચરિત્ર નિરૂપણમાં તેજ ભાવ સમાયેલો છે. આ રીતે સચ્ચરિત્રોએ ચિત્તને ઇશ્વર, ઈશ્વર ધર્મનો પરિચય આપ્યો. ઉભય ધર્મથી સુપરિચિત થયેલ ઈશ્વરમાં સ્નેહ કરે તો પુનઃ ભ્રષ્ટ થવાની સંભાવના નહિજ બને.

દશમ સ્કંધ એ છે તિરોધલીલા. અંતઃકરણ ચતુષ્ટયનું ષડૈશ્વર્ય સમ્પન્ન ભગવાનમાં ઓતપ્રોત થવું અને તે રીતે ઓતપ્રોત થતાં પ્રપંચને વિસરી પ્રભુને સ્મરવા તે છે સંપૂર્ણ રહસ્ય. તેવી સિદ્ધિ મેળવવા માટે ચિત્તના

ત્રિધાદશાન: હિસાબે ભગવચ્ચરિત્ર લીલાઓ, ત્રણ પ્રકારની છે. તામ
રાજસ, સાત્વિક. જેની જે ધર્મોમાં વૃતિ હોય તેની તેમાં પ્રવૃત્તિ થાય
જ્ઞાન, પ્રેમ, કર્મને આવરી લેતાં દશમ સ્કંધનાં લીલા ચરિત્રો યોગ–યો
દુર્લભ નિરોધ કરી આપે ને ભગવત્સ્વરૂપમાં રસગ્રાહક બનાવી આપે.
મુક્તિનો અધિકારી થયો. નિરોધ વિના મુક્તિ નહિં.

એકાદશ સ્કંધ મુક્તિલીલા છે સ્વરૂપાનુસંધાન એ જ મુક્તિ
આરોપિત ધર્મોની નિર્વૃત્તિ તે મુક્તિ. ભગવચ્ચરિત્રોના શ્રવણથી હીનતા, દીનતા
નિવૃતિ થતાં હું આનંદનોજ અંશ છું, અગર આનંદ આત્મક છું, તે
ભાન કરાવ્યુ અને મુક્તિ મળી, એટલે આશ્રય મળ્યો. તે આશ્રય બારમ
સ્કંધમાં ભગવાનનો આશ્રય. ભાગવતનો આશ્રય એ છે સર્વોતમ આશ્રય
પરિણામે, અધિકારીને જ્ઞાન મળતાં ક્રિયાશીલ બનતાં તે સ્થિતિપાત્ર થયો ત્યાં
તેને વિવિધ પુષ્ટિ મળી ને તેમાંથી વાસના જાગ્રત થતાં તે વાસનાની
નિવૃત્તિ સંતોના ધર્મોથી શિથિલ કરી, સંતોના ચારિત્રથી વાસનાને નિર્મૂ
કરી, વિશુદ્ધ અન્તઃકરણને સ્વામીના ચરિત્રોમાં ઓતપ્રોત બનાવી, વિષયો
વિસારી પાડી, દઢ મનોનિરોધ કરી, સરલતાથી મુક્ત થઈ, ભગવતાશ્રીત–અ
આનંદનો અનુભવ કરવા લાગ્યો. એ છે શ્રીમદ્ ભાગવતની વિશિષ્ટત
સમાધિ–ભાષા ને લૌકિક ભાષાના સંગ્રહ સ્થાનરૂપ શ્રીમદ્ ભાગવતનું સ્વ
શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ કરી બતાવ્યું છે. અગાધ જલધિના ઉંડાણ શી ર
મપાય ? અગેયતત્વો શી રીતે ગવાય ? અતર્ક્ય લિંગો શી રીતે તર્કશીલ બ
ફક્ત માનવમતિ મતિ અનુરૂપ પ્રવૃત થાય અને તે મતિમાં પ્રભુ
જાગ્રત થાય. એજ પ્રભુચરણ કમલે પ્રાર્થના. નીરક્ષીર વિવેકી હંસલા
અરૂચિકર અને અસંગત બાબતોને આ ગ્રન્થમાંથી બાદ કરી હૃદયં
લાગે તેટલું અંગીકાર કરશે એવી અગાધ શ્રદ્ધા છે.

શ્રી સત્સંગમંડલ માર્ગશીર્ષ કૃષ્ણ ૯ સંવત ૨૦૧૮ શ્રી વિઠ્ઠલ જયંતિ–મહોત્સવ	કૃષ્ણશંકર દલસુખરામ શા શ્રી સત્સંગમંડલ નડિય

भजनानंद, ने प्रकार
करवी जोइए तथा

उद्धार परत्विराजी
णो धारणकरनारा,
मुनि हि



अधिकारविशुध्यर्थं चिन्तिताधिकदायके
[illegible]
चरणाचरणे नाथ हृदये धारयाम्यहम् ॥

—: શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય :—

★ 卐 ★

અધ્યાય ૬	અધ્યાય - ૪ સ્કંધપુરાણ
પદ્મપુરાણ-	વૈષ્ણવખંડ
શ્લોક – ૫૦૪	શ્લોક – ૧૯૯

વિષય – સમાધિભાષાનું મહત્વ. વકતા - શ્રોતા શ્રીસૂત - શૌનક અવતારક ભક્તિનારદ સનત્કુમાર નારદ.

—: વંદન :—

सच्चिदानंदरूपाय विश्वोत्पत्यादिहेतवे અનુષ્ટુપ છંદ ૩૨
तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः

૩૨

બત્રીસ અક્ષરના અનુષ્ટુપ છંદની વરણી, વૈદિકછંદાનુકરણ કરી વેદ તુલ્ય ગ્રન્થનું ગૌરવ દર્શાવે છે. સરલછંદ હોઈ સરલતાથી ભગવત્પ્રાપ્તિ સૂચવે છે. ને ૩૨ લક્ષણપૂર્ણ પૂર્ણપુરૂષના નિરૂપણ કાજે માત્ર ૩૨ અક્ષરો વંદનમાં મુકી, નિ:સાધન ગમ્ય પ્રભુ સામે નમસ્કારથી દૈન્ય વ્યકત કરે છે. બત્રીશ

—: વંદન :—

વંદન, વિનય, વિવેક, સેવા, એ વ્યક્તિમાત્રને, ને વિશ્વનિયંતાને વશ કરવાનાં સાધન છે. સંસારની સમગ્ર વિભૂતિઓથી એ અશકય તે કેવલ વંદનાદિ વિભૂતિઓથી સુશકય બને છે. પ્રભુનુ પ્રભુત્વ સર્વ સુગમ સર્વ સુલભ પદાર્થોથીજ પ્રસન્ન થવામાં સમાય 'પ્રભુ ચાહે' પ્રણામ જ્યાં સાધનોનો 'અહં નથી. પદાર્થથી રીઝે જીવાત્મા—પ્રણામથી રીઝે પરમાત્મા. પ્રારબ્ધ પરવશ પદાર્થો કેવલ પ્રયત્નશીલ સર્વેને સુલભ કયાંથી—પ્રણામ, પ્રતિમાનવ સુલભ છે. વસ્તુ જાત ગમે જીવને, વંદન માત્ર ગમે વિભુને.

જેમાં
વિભૂતિ
છે.

વંદન, કરસંપુટ, અને મસ્તકથી. વિનય, વાગ્ વ્યવહારથી. વિવેક, વસ્તુ-પ્રદાર્થના વિનિયોગથી. સેવા, સર્વસ્વ સમર્પણથી. એ સાધન ચતુષ્ટયમાં વંદન સર્વોત્તમ છે. વંદન નન્દનવન સમાન છે. જ્યાંની સૌરભ કદીએ ક્ષીણ નથી થતી. સંતોનુ સુખ સદન સમુ વંદન છે. વાણીનો વ્યવહાર વિદ્યાની પણ અપેક્ષા રાખે, વિવેક, વસ્તુઓ વિના ઉપયોગમાં ક્યાં આવે!

પદાર્થ—અગર વસ્તુ. પદાર્થનો યથાર્થ કે પરમાર્થ ઉપયોગ કરવે અન્તઃકરણને શાંતિ મળે, સમાધાન મળે, પદાર્થ તરીકે જગત્માં તેની કીંમત નથી, વ્યાપકાર્થે પદાર્થમાં સમગ્ર સામગ્રી સમાય. વિદ્યા ઐશ્વર્ય—સૌદર્ન્ય—સામર્થ્ય, આદિ સર્વ પદાર્થોજ ગણાય.

સંભવ છે ઇશ્વરને સમજાવી શકીશુ આંખના અશ્રુથી અનેક અપરાધોના એકરારથી ને ત્યાગથી, મુક્તિ મેળવી શકાશે જ્ઞાનથી. ક્ષમા મેળવી શકાશે માફીથી, સમાજ પાસેથી. પણ અન્તઃકરણનું સમાધાન સહજમાં નહિ સાંપડે. ઇશ્વરે ઇશ્વરનું **‘તટસ્થ’** દર્શન કરવા માનવ માનસનેજ મંદિર બનાવ્યું. તટસ્થ ઈશ્વર, યથાર્થવાદી ઇશ્વર, નિષ્પક્ષપાતી-ઇશ્વર—નિર્ભેદને નિર્મળ ઇશ્વર, અન્તઃકરણમાંથી મળશે. એ અન્તઃકરણ નિષ્ઠ ઇશ્વરતો ‘‘પદાથને’’—યથાર્થ ન વપરાતાં અવશ્ય અશરમે સ્પષ્ટ વદવાનો, પદાર્થનો યથાર્થ ઉપયોગ થતાંજ ઇશ્વર સેવા સિધ્ધ થઈ.

વંદને દૈન્ય આવ્યું, વિનયે વાઙ્ માધુર્ય આવ્યુ, વિવેકે પદાર્થ વિનિયોગની સમજ આપી, ને તન-મન-ધન એ પરંપરાએ વિશુદ્ધ બની, જગત-જગદીશની સેવામાં સમર્પિત થયુ. આમ વંદનથી સેવા પર્યન્તના વ્યવહારે વિશ્વનાં સમગ્ર પ્રાણી તોષ પામ્યાંને ‘‘પ્રાણી તોષે પ્રભુ સંતોષ થયો’’

જેઓની પાસે સામગ્રી હતી તેઓનું આ કર્તવ્ય સિધ્ધ થયુ જ્યાં નિઃસાધન દશા-રહી ત્યાં કેવલ વંદનજ સાધન થવાનું.

વંદન—ત્રણ પ્રકારે મન-વચન-કર્મથી ત્રિલોકીનાથને, ત્રિતય સ્વરૂપને. વંદનથી સર્વ કાર્ય મંગલાત્મક થાય. મંગલના ૩ પ્રકાર આશીર્વાદાત્મક, નમઃસ્કારાત્મક, ને વસ્તુનિર્દેશાત્મક. શ્રીમદ ભાગવત માહાત્મ્યમાં નમઃસ્કારાત્મક મંગલ છે. પદાર્થમાત્ર સમર્પણ કરતાં જેટલો ખ્યાલ ન આવે તે કરતાં વંદન દેતાં ખૂબ વિચારવું ‘‘વંદનનો ઉત્તરકાલ વંદન અસ્થાને દીધુ’’ નો પશ્ચાતાપ પેદા ન કરે કદાચ. મસ્તકથી મોટી કે મોંઘી અન્ય ચીજ નથી.

પરિચય વિનાનો પ્રણામ, વૈશિષ્ટ્ય વિનાનું વંદન, સુગંધ વિનાનું ચંદન, સૌજન્યવિનાનું નંદન, લોચન વિનાનુ વદન, લવણ વિનાનુ ભોજન, ભાવવિનાનુ ભજન, સર્વ વ્યર્થ કેવલ બોજારૂપ. ભગવત્પ્રતિમામાં, સાક્ષાત્ સ્વરૂપનો ભાવ છે તો વંદનની સાવધાનતા છે. પ્રતિમા રૂપે નહિ પણ પ્રત્યક્ષ સ્વરૂપે. વિભુ વંદનીય ત્રણ પ્રકારે (૧) સ્વરૂપ (૨) ક્રિયા (૩) સ્વભાવે.

સ્વરૂપ :—

સત—ચિત્ આનંદનો, કે સંયમ સાવધાનતા અને સમતાનો એકત્ર સમાવેશ તે ભગવાન કે બ્રહ્મ, મહાપુરૂષ કે પૂર્ણપુરૂષ.

સત્ એ નિત્ય નિયમિત છે. નિંયમનો વફાદાર નિયતિનો પણ નિયામક બની જાય. સૂર્યમાં નિત્ય ઉગવુ અને નિયમિત ઉગવુ એ સત્ છે, ત્રિલોક વિખ્યાત **ત્રિકાલા બાધિત** છે. માનવને સત્ની ઉપાસનામાંથી નિત્યનિયમિત થવાની શિક્ષા જીવનના સમગ્ર કાર્યમાં મળે.

ચિત્—ચેતના એ જાગૃતિનું રૂપ છે. સાવધાનતા જેની ક્રિયામાં ભાસે તે જાગૃત છે. સ્વરૂપ હાનિ, સમય હાનિ, શક્તિહાનિ, સમ્પત્ હાનિ, ને સંભાળનાર જાગૃત—સાવધાન છે. સૂર્ય સર્વ સાચવે છે.

આનંદ—ઉદયાસ્ત, ક્રિયાના છે, પરિણામના છે, કર્તાના નહિ એ દઢ નિષ્ઠામાંથી સમુપલબ્ધ તટસ્થવૃત્તિ, એ વૃત્તિનું અખંડ પણ

એજ આનંદકે—સમતોલપણુ. હ્રાસ-વિકાસ કર્તવ્યમાં શૈથિલ્ય કે તત્પરતા ન આપે, ને સહજ ક્રિયાશીલતા ભાસે ને પ્રફુલ્લ વદને રહે તેજ આનંદ-વૃન્દાવનવાસી શ્રીકૃષ્ણ-અને-વનયાત્રિક શ્રીરઘુનાથ ભગવાન છે. સંયમ સાવધાનતા ને સમતાનો સમસ્ત સમાવેશ ત્યાં છે.

પાંડવેના રાજસૂય મખમાં સૌ કોઈ કાર્યવ્યગ્ર છે જ્યાં અવ્યગ્ર એકજ વાસુદેવ સર્વત્ર દત્તાવધાન છે. વિપ્રો ભોજનથી નિવૃત્ત થયા. અન્ય પંક્તિ બેસવાને તૈયાર થઈ ભોજનની ચતુઃશાલમાં સાફ સુફી માટે પરસ્પરના સામુ નિરખે છે. ત્યાં દૈન્યાવતાર કૃપાનિકેતને ખ્યાલછે. કોઈપણુ કાર્ય માથે ન લેતા પ્રત્યેક કાર્યમાં સૂક્ષ્મ રીતે ઓત પ્રોત રહેતા તે દ્રુપદતનયાના બાંધવ બનેલાને ભોજનની પાતળ ઉપાડવામાં તેની નિષ્ઠા નિત્ય નિયમિતતા સાથે સાવધાનતાને અને પ્રસન્નતા ને સુચવે છે. જેમાંથી તે નિર્માન પૂરવાર થાયછે. દયાળ જાહેર થાયછે.

એ, એની સંધ્યા હતી. યુધિષ્ઠિરને પ્રયોજન પડયું કૃષ્ણનુ પૃછ્યુ કૃષ્ણ કયાં! ભીમસેન તે પ્રશ્ન સાંભળીને સેવકને પૂછે ને સેવકે શોધ કરી તો, શ્રીકૃષ્ણને ભોજનની ચતુઃશાલમાં કર્તવ્ય મગ્ન નીરખ તો સમીપમાં આવી સવંદન વદ્યો—નાથ! ધર્મરાજ આપને સ્મરેછે.

કહો કે કૃષ્ણ **સંદયો પાસનામાંછે.** અવિલંબે સાશ્ચર્ય ધર્મરાજ તે સેવક મુખથી શ્રીકૃષ્ણનો પ્રત્યુત્તર સાંભળી ભીમસેન સહ દોડી આવ્યા કે ભોજનાલયમાં સંધ્યાશી? પ્રવેશ કરી જોતાં તે કુન્તી નન્દન સાશ્રુ વદન બન્યા, વદ્યા, પ્રભો આશું ! એજ પ્રસન્નનેત્રામ્બુજ કેશવ વદ્યા, મોટાભાઇ ! કર્તવ્ય.

“આપ ઇશ્વરને આ ન શોભે ! યુધિષ્ઠિર બોલ્યા.

કૃષ્ણ કહે “સમયે સાવધ થઈ સાનંદ, સર્વકાર્ય સસ્નેહ ન સંભાળે તેને ભગવાન કોણ કહે?”

એ સચ્ચિદાનંદ ભગવાન, તેનું સ્વરૂપ જો અષ્ટભુજ ચતુર્ભુજ, દ્વિભુજ, શ્યામ ગૌર શુકલવર્ણ, પીતાંબર, નીલાંબર, દિગંબર, કે શ્વેતાંબરમાંથી માત્ર એકાદ નિર્ણીત થાય તો વિવાદનો વિષય બનશે ત્રિનેત્ર, અષ્ટનેત્ર, સહસ્રનેત્ર, કે પંચમુખ, ષણમુખ, સહસ્ત્રમુખ નક્કી કરતાં શૂંઢાગ્રધારી, લાંગૂલધારી, ત્રિશૂલ ચક્રલૂ કમંડલૂ તુલસી, રૂદ્રાક્ષ, સ્ફટિકમાલી વીણાધારી કે પદ્મધારી ગરૂડ, વૃષભ હંસવાહી કે મયૂર મૂષકવાહી, આવાં સ્વરૂપોમાંથી એકાદ સમાવેશ પામે તેવુ લક્ષણ કરવામાં અન્યમાં લક્ષણ નહિ સંભવે. અસંભવ અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ દોષ વર્જીત લક્ષણની વ્યાપકતા મનાય.

એથી ઇશ્વરનું સ્વરૂપ નક્કી કર્યુ “નિયતકાર્યમાં નિત્ય નિયમિત, સાવધ ને સજગ, સમવિષમ પરિણામમાં અખંડ પ્રસન્ન” તેજ સચ્ચિદાનંદ ઇશ્વર જયાં, સંયમ-સાવધને સમતાનો સાગરછે. કોઇના પણ અભીષ્ટઈશમાં આ લક્ષણ સમાવેશ પામશે ને આકૃતિ, વર્ણ, ઉપકરણ તો પ્રસંગ-કાલ-ક્રિયા-ને સેવકભાવનાને અનુરૂપ રહેશે જેનો અવિરોધ છે.

શ્રીમદ્-ભાગવતનો અધિષ્ઠાતા, સર્વમત સંમત લક્ષણ લક્ષિત મંગલના પ્રથમ ચરણના આઠ અક્ષરોમાં સ્વરૂપથી ગાયો-કે

सच्चिदानंदरूपाय ३२ अक्षर अनुष्टुभ छंद

ક્રિયા—ક્રિયામાં સર્જન-સંપાલન-ને સમાવર્તન સમસ્ત કાર્ય સમુદાયને શ્વાસક્રિયાવત્ સર્વને અનિવાર્ય છે. જીવઇશમાં એકજ અંતર. સ્વરૂપની વિસ્મૃતિમાં રહી જીવ ક્રિયા કરી વ્યથાને અનુભવે. સ્વરૂપ સ્થિત થઈ ઇશ્વરક્રિયા કરી કલ્યાણ પ્રથાને ક્રિયા કલાપથી વિસ્તારે. લગ્નમંડપ, સમાન જગત મંડપનો નિર્માતા નિર્માણ સંરક્ષણ કે સંભાળ જેટલા પ્રમોદ-પ્રોત્સાહથી કરે તેનો ઉપસંહાર તેજ ભૂમિમાં રહીને આદરે એ એની સ્વરૂપ રક્ષા સાથેની ક્રિયા.

૫૬ કોટિ યાદવ કુલસૃષ્ટા-પાલયિતા, પાંડવ, રક્ષણકાજ, ગાંધારીના શાપને પ્રસન્ન વદને ઝીલે. “ મારો બચતો એકેય તારાથી નાં સંખાયો! વદતી ભીની આંખલડીએ કૃષ્ણસામે ઉપાલંભપૂર્વક જોયુ ત્યાં પ્રત્યુત્તર વાળ્યો, ના, મા, માતૃભૂમિને ભક્તકુલને, કષ્ટદ કંટક ના બચાવાય. ત્યાં આવેશભરી સતી, વદે મૂજ કુલ વિનાશક કૃષ્ણ તુજ યદુકુલ નાશ થાવ. ભલે કહી ભગવાન હાથ જોડી શાપ માથે ચઢાવી કહે એમ કરતાં ય ભક્તાન્વયની ને માતૃભૂમિની તો રક્ષા થશેને? કથતા મન્દ સ્મિત મુકુન્દને નીરખી મુક્તિના આનંદ લેતી ગાંધારી વદી? નિત્યાનંદ! તને અભિવંદન ને અભિનંદન. મંગલનું, પ્રથમ ચરણના સમન્વય સાથે બીજુ ચરણ થયુ. “ **विश्वोत्पत्यादिहेतवे** ” ને ક્રિયા દર્શાવી. ૮ અક્ષર

સ્વભાવ—

સ્વરૂપ-સ્વભાવ માધુર્ય અને જ્ઞાન ક્રિયાનું સંપૂર્ણ મિશ્ર તત્ત્વ એ ઇશ્વર છે. ઔપચારિક માધુર્ય કે સૌન્દર્ય જીવમાં દેખાશે. જીવસ્વરૂપ મધુર છે. આકૃતિ અવલોકતાં આદર ઉપજે, કૃતિ નિરીક્ષણે ક્લેશ જાગે એ જીવ સ્વરૂપ. આકૃતિ અવલોકતાં આદર ન થાય, ત્હોય કૃતિનાં ભાને ભવ્યતાનાં દર્શન થતાં સમર્પણની વૃત્તિ થાય, એ સ્વભાવ મધુરતા. જ્યાં મત્સ્યાદિ અવતારોમાં સ્વરૂપ કરતાં સ્વભાવ શ્રેષ્ઠ છે. જ્યારે રામાદિ અવતારોમાં ઉભય મધુર છે. “અન્ય ક્લેશ નિવારણ, એ સ્વભાવ મધુરતા. ઇશ્વરને આવવુ વિપત્ કાલમાં રૂચે. રૂચિ રૂચિ અનુરૂપ સુખાનુભવમાં જીવના સામુ નહિ દેખે ને ભોગવવા દેશે. આપત્ મગ્નને જોતાં અવશ્ય ઓગળી જશે. **તાપ ત્રય નિવારણ એ એનું જીવનવ્રત**-દૈવિક, આત્મિક અને ભૌતિક ક્લેશો તે ત્રિલોકના હરે તેથીજ ત્રિલોકેશ બિરૂદ તેને દીપે. સદ્ભાવનાથી ભૌતિક, ચિદ્ જ્ઞાનથી આત્મસ્થ આધ્યાત્મિક આનંદાંશથી દૈવિક. એ ત્રણે તાપો હરે છે. આત્મદર્શન આપી તે આમૂલ તાપને દૂર કરે છે. તેથી જ ત્રીજું ચરણ **तापत्रय विनाशय**

૮ અક્ષર

નમસ્કાર-

કૃતિ સ્તુતિ નતિ ની ત્રિપુટીનો ઉપાસના ક્રમ. ત્રિવિક્રમને તૃપ્ત કરનારો, શક્ત્યનુકૂલ કૃતિથી પ્રયત્નશીલ થતો, તે કૃતિની ક્ષતિ સ્તુતિથી પૂરે છે. સ્તુતિ અજ્ઞ માનવ મુખની હોઇ, અથવા ઇશિવાણીથી પર હોઇ નતિથી તે ખામીને હરે. કૃતિનો કૃપણ, સ્તુતિનો આળસુ કેવલ, નતિનાં નાટને નટવરને ન નાથી શકે ને ઉન્નતિ ના સાધી શકે. સંસ્કાર, સત્કાર અને નમસ્કાર એ ત્રિવેણી સંગમ, આગમ નિગમ વેદ્ય ઈશ્વરને સુખ સંવેદ્ય બનાવે. સંસ્કાર અને સત્કાર એ બે છે માનવના અંગરક્ષક. નમઃસ્કાર મધ્યવર્તી પ્રાણ છે. નમઃસ્કારથી સંસ્કાર સત્કાર દીપે. નમઃસ્કાર કાલમાં પ્રતિમામાં પ્રત્યક્ષ ભાન રહે તોજ નમઃસ્કારની કીંમત. સ્વરૂપ સાક્ષાત્કારની ખાત્રી-નમઃસ્કાર કરતાં ઇશને રૂષ્ટ કે હૃષ્ટ જોયો? અનૌચિત્ય ભર્યા કાર્યે તું દર્શને ગયો હોઇશ, તો રોષ દૃષ્ટિથી જોશે, સમુચિત જીવની સમીપે ગયો હોઇશ, સંતુષ્ટ દૃષ્ટિએ દેખશે. ખફા ભરી કે રહમ ભરી નજરમાં પણ કલ્યાણ છે, દર્શન કાલે સાક્ષાત સ્વરૂપનોજ અનુભવ થવો જોઇએ તેથીજ **श्रीकृष्णाय वयं नुमः** વિપ્રયોગ સ્વરૂપ કૃષ્ણ. સંયોગસ્વરૂપ શ્રીકૃષ્ણ.

અક્ષર ૩૨ = ભાગવત નામ

શ્રી શુકવંદન

૧૪

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥

અનુબંધ ચતુષ્ટય દર્શાવી શ્રીશુકદેવને વંદન કર્યા. ભગવન્નમઃસ્કાર, ૩૨ અક્ષરમાં. શુકવંદના -૧૪ અક્ષરોના ૪ ચરણોમાં મળી ૫૬ અક્ષરમાં **यस्यदेवे परा भक्तिः यथादेवे तथा गुरौ** એ ન્યાયથી ગુરૂને અધિક રીતે પ્રણામ કર્યા.-૧૪લોકમાં બ્રહ્મ વ્યાપક રીતે વસે. જ્યારે સંતો ૧૪ લોકમાં પર્યટન કરી પીડાને હરે તે રૂણને અદા કરવા ૧૪ અક્ષરના ચરણથી પ્રણામ. ભગવાન માટે **व्रजन्तमव्याद्** અથવા **अथवा प्रातर्व्रजाद्व्रजत आविशतश्चसायम्** નો પ્રયોગ. કેવલ

વ્રજમાં સવારમાં પધારતા સાયંકાલે પુનરાગમન કરતા વ્રજેશથી અધિક ઉદાર શ્રીશુકાચાર્ય અને સમ્પ્રદાયાચાર્યો થયા. જેમના પર્યટનને પ્રવજ્યા અન્યહિત સાધવા પ્રયાણ આદરી બેઠા તે પાછા ફર્યાજ નહિ કારણ કે પ્રવ્રજન્તમ્–

૧૬ વર્ષ માતાના ઉદરમાં વસતા અપ્રસૂત સુતને પુછયું બેટા! બહાર ન આવો! શુકે પ્રત્યુત્તર વાળ્યો પિતાજી ભય લાગેછે કે આપ મને એકનો બનાવશો. **સત્પુરૂષો સમષ્ટિના થવા સ્વેચ્છાથી સેવા દેવા કાજે જન્મ લઇને આવે છે.** પિતાએ વચન આપ્યુ સર્વનો, ને પ્રગટી શુકદેવ વિયોગ મૂર્તિ વિવેકાત્મા વિપિને દોડયા. પુત્રેતિ? પોકાર પિતાએ કર્યો વૃક્ષો વધ્યાં. અમે શુક છીએ.–શ્રીશુક, શ્રીશુક પ્રાણી માત્રનું હૃદય છે. પરોપકારીને પરોપકારોપદેશનો, અધિકાર હોઇ, પુત્ર સ્વરૂપ ફલોને પરાર્થે દેતા વૃક્ષો વધ્યા મહર્ષિ! આપ પુત્રને જગતનો માનો ને જગતને ચરણે ધરો.

द्विर्गता आपो यस्मिन् तत् द्विपं तदयनं यस्य सः द्वैपायनः દ્વીપ બેટનું નામછે બે બાજુ પાણી છે માટે. કરૂણા મહાર્ણવમાં મહર્ષિ વ્યાસ વસેછે તેથી દ્વૈપાપન છે. જગતની પીડાએ જેની બે નયનમાં નીર નિરંતર વહેછે કે ઉપકારક શી રીતે બનું–એ અંતર વ્યથામાંથી શ્રીમદ્ ભાગવત અને પરમ ભાગવત સાંપડયા. ભાગવતમાં જીવમાત્રની જીવન શ્રેણી દર્શાવી ભગવાનને ગાયા. ને પરમ ભાગવત શુકદેવ દ્વારા ભાગવત પ્રચારે જગતને શોક મુકત કર્યું.

વચનબદ્ધ વ્યાસના હાથમાંથી જતા શુકને જોઇ લૌકિક આસકિતથી નથી દોડયા. હેતુ હતો કે બેટા! જગતના તો થશો પણ સેવાના સાધન વિનાના વેદના ના નિવારી શકશો. વેદો જાણો વેદો (તેનાથી વેદના નહિ ટળે મારી નથી ટળી. તેથી જગતની પીડા હરવા પુરૂષોત્તમની 'ગુણગાથા સુધા-સાથમાં લેતા જાવ, ને તપ્ત સંતપ્તને આ પ્રેમ પીયૂષ પાવ, કહી શ્રીભાગવત-પરમભાગવતને પઢાવ્યુને પ્રમોદભર્યે હૈયે દરેકના હિતાર્થ ભર્યૌવનમાં નાચતા એકલ

પુત્રને, વંશ રક્ષણની પણ પરવા કર્યા વિના સેવાના ૬૪ નિયમાનુસાર કૌમાર્ય વ્રત દીક્ષા દઇ શિક્ષા સાથે વિદાય દીધી–એ અજબ ત્યાગને હજારો વંદન.

અરણી–બ્રહ્મવિદ્યા. શુક–પરબ્રહ્મ. શ્રી વ્યાસ–બ્રહ્મચિંતક, પરબ્રહ્મના સમુપાસક. પરબ્રહ્મને ઉપનિષદ--વેદોમાં શબ્દતઃ અવગત કરી અર્થતઃ સર્વત્ર અવલોકને **सर्वंखलु** વાકયને સ્મરી, પ્રયાસ આદર્યો, તે તેમના પુત્રની પાછળની દોટ. નરકમાંથી બચાવે તે પુત્ર. **आत्मा वै पुत्र नामासि**. એ આત્મશોધકને વૃક્ષોમાંથી, સરિતામાંથી, પર્વતોમાંથી, પરોપકાર, માધુર્યને ધૈર્ય સ્વરૂપે, ભગવાન્ વ્યાપક જડયા અને 'પરોપકાર'ની દીક્ષા મેળવી. **वि+आ+अस्=व्यासः** એકાક્ષર પ્રણવને ગાયત્રીના, ગાયત્રીને વેદત્રયીના, વેદત્રયીને વિભક્તરૂપમાં, સમાજને ન સમજાતાં ઉપનિષદ, ને સૂત્રગ્રન્થમાં, ને સૂત્રોથી કૃતાર્થતા ન ભાસતાં સર્વ સામાન્ય મેધાગમ્ય-૧૭ પુરાણોમાં, પુરાણમાં વિવિધતા, વિપુલતા, થઇ જતાં, સારભૂત, સર્વસુલભ સર્વ સંગ્રહાત્મક, સમાધિ ભાષામાં, સ્થાપતા–વિદ્યાનું વિપુલીકરણ કરતા તેથી વ્યાસ કહેવાયા.

વ્યાસ

વિદ્યા અવિદ્યા, બે વસ્તુના

સંસારાસકત પોતાના સ્વાર્થે પોતાના પ્રપંચનો વિસ્તાર કરે; એકમાંથી બે, તેમાંથી સંતાન આદિ અનેક રૂપે, તદુત્તર ગૃહ–ક્ષેત્ર સ્વરૂપે અનેકશઃ અવિદ્યાનો ફેલાવો કરે; તે અવિદ્યાના આસકતને ભગવદનુરકત ભકત કરવા વિદ્યાનો વિસ્તાર કરે. ઉપનિષદો આદિના દિવ્ય મંથને બુધ્ધિ વિમર્શે. બ્રહ્મવિદ્યામાં–અરણીમાં વસતા **षोडशकलोऽयं पुरुषः** નામના ષોડશકલ બ્રહ્મને ૧૬ વર્ષની જ વયના સ્વરૂપમાં શ્રી શુકદેવને આત્મતત્વને સંપાદન કરે છે; ને તે સંપાદિતને સર્વની સન્મુખ મુકે. તે શુક–વ્યાસનો આધ્યાત્મિક અર્થ. તેજ શુક સાક્ષાત્ પરબ્રહ્મ રસ સ્વરૂપ. તે **रसो वै सः** ને ભાગવત દ્વારા જગતને પરિવેષણ કર્યું.

શુકઃ—

सवभूतहृदयम्-सर्वाणि भूतानि हरति-आत्मसात् करोति हरतिरत्र स्वीकारार्थः સર્વ ભૂતોને આત્મતુલ્ય કરે. આત્મતુલ્ય સમજી સમસુખ દુઃખી થઈ રહે, સર્વભૂતને અપનાવે. શૃંગી શપ્ત, ને તપ્ત પરીક્ષિત્‌ને અપનાવે અથવા **सर्वभूतानां हृदि अयत इति तम्** સર્વભૂતના હૃદયમાં પ્રવેશ કરીને રહેલ આત્માસ્વરૂપ. **सर्वेषां भूतानां हृत्** અંતરયામી, જેથી પરીક્ષિતના શ્રેયસ્કાજે પધાર્યા. આમંત્રણ વિના, અંતરયામી હોવાથી.

૧ બોધ્ય બોધકભાવ—જન્ય જનકભાવ સંબંધ. (૨) બ્રહ્માત્મૈક્ય વિષય (૩) અનર્થ નિવૃત્તિ પૂર્વક કૈવલ્ય અને સેવા—પરોપકાર પ્રયોજન (૪) જીજ્ઞાસુ અધિકારી.

નૈમિષારણ્ય.

નૈમિષારણ્ય વૈષ્ણવ ક્ષેત્ર છે. વનસ્પતિઓનો ખજાનો છે. વેદ વચનાનુસાર **वैष्णवा वै वनस्पतयः** દેશ, કાલ, સત્કર્મના પ્રધાન અંગ છે. એક હજાર દિવસ રોજ ત્રણ કલાક જે સ્થલમાં સત્કર્મનું અનુષ્ઠાન થાય તે પ્રદેશ તદ્દન સાત્વિક બની જાય ને તં નૈમિષારણ્ય ગણાય. વિષ્ણુ સહસ્રમાં **निमिशोऽनिमिषः स्रग्वी** શ્લોકમાં અનિમિષ અને નિમિષ એવાં બે વિષ્ણુનાં નામ આપ્યાં છે. **नेमिः शीर्यत इति नेमिशम्, नेमिश एव नैमिशम्**। બ્રહ્માએ દેવોને મનોમય ચક્ર આપ્યું. ધરી જ્યાં ખંડિત થાય ત્યાં ચિંતન યોગ્ય દેશ દર્શાવ્યો. મનશ્ચક્રની વિષય-ચિંતનશીલ વૃતિ સ્વયં વિરામ પામતી વાતાવરણથી, તેથી નૈમિષારણ્ય કહેતા. રજો ગુણથી ક્રિયા પરાયણ મનશ્ચક્ર—તીર્થ પુણ્ય ક્ષેત્રમાં ઉપરામ પામ્યું. સૂતના મુખમાંથી નિર્ નિમેષદૃષ્ટિથી કથા સુધા પાન થતું અનુભવી, ક્ષેત્રની નામથી અન્વર્થતા થઈ. ૮૮૦૦૦ હજાર ૠષિઓનું જ્ઞાન સત્ર હતું.

સૂતને સંબોધન **कोटिसूर्य समप्रभ!**, બે રીતે વ્યુત્પત્તિ કરવી પડે. **सूर्याणां कोटिरिति कोटिसूर्या तया समा प्रभा यस्य सः; कोटिश्च सूर्याश्च कोटिसूर्यास्तैः समा प्रभा यस्य सः सूर्यकोटिसमप्रभ** એ પાઠ સારો છે. **सूर्यस्य सूर्यकान्तमणेः कोटिरग्रभाग इतिकोटि सूर्यस्तेन समाप्रभा यस्य सः**, કુશાગ્ર બુદ્ધિ, તેજસ્વિની બુધ્ધિવાળા.

વૈષ્ણવ માર્ગથી ભગવત્પ્રાપ્તિ

વ્યાપાર, વ્યવહાર, વ્યવસાયના સહયોગમાં પણ સૌમ્ય જીવન જીવીને, ઇશ્વરને સમ્પાદન કરવાનો માર્ગ, વૈષ્ણવ માર્ગ. વ્યાપાર ધર્માંગ રૂપે; વ્યવહાર, ભગવાનનાં જ સર્વ સ્વરૂપો સમજી સર્વને સેવીને; વ્યવસાય, ભગવાનને ભાર રૂપ ન થતાં સ્વાશ્રય સેવનથી શ્રીહરિને રાજી કરીને. આમ ત્રણેમાં રહેતાં ને તટસ્થ જીવન જીવતાં પ્રભુના બનાય, નિર્દોષ—ને, પ્રેમમય જીવાય એ માર્ગ ભાગવત માર્ગ.

પ્રાપ્તવ્યઃ—

વિવેક, ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્યના સમન્વયથી. સમજ, **સ્નેહ, સેવાની ત્રિવેણી બનાવી, સમ્પાદિત વસ્તુ જાતને વ્યક્તિ માત્રના હિતમાં વિનિયુક્ત કરતાં જીવવું એ વિવેકની વ્યાખ્યા.** માયા—મોહ ઉપર વિજયનું અમોઘ અસ્ત્ર વિવેક.
શ્રીમદ્ ભાગવતની બક્ષીસ વિવેક.

શૌનકના ૭ પ્રશ્નોઃ—

(૧) રસાયન કથાસાર કહો (૨) વિવેક શી રીતે મળે. (૩) માયા મોહ શી રીતે ટળે (૪) ક્લેશ સંશોધનનો ઉપાય (૫) પરમશ્રેયસ્ શું (૬) પરમ પવિત્ર વસ્તુ કઈ (૭) શ્રીકૃષ્ણ પ્રાપ્તિનું અબાધિત સાધન.—ભગવાનનાં છ અંગોના છ પ્રશ્નો પૂર્વમાં, ૭ મો અંગીને સ્પર્શતો પ્રશ્ન.

ભાગવતનો વક્તા વિમર્શશીલ, ચારિત્ર્યશીલ, ને અનુગ્રહશીલ જોઇએ. ભાગવતનો શ્રોતા પ્રીતિ—શ્રધ્ધા ને સાવધાનતા સંયુત હોવો જોઇએ.—સાત પ્રશ્નોના સમાધાન માટે શ્રીમદ્ ભાગવત પર્યાપ્ત છે.

કાલ વ્યાલ છેઃ—

કાલને વ્યાઘ્ર, સિંહ આદિ ક્રૂરતા પ્રદર્શક અન્ય વિશેષણ ન આપતાં વ્યાલ આપવાનું પ્રયોજન? કાલનાં બે પ્રતીક. સંસાર વિપિન છે, તો કાલ સર્પ છે. સંસાર સરોવર છે, તો કાલ મઘર છે. ગજેન્દ્ર—ગાફલ માનવને મઘર અને અસાવધ પરીક્ષિતને તક્ષક સર્પ કરડે. કાલનું ત્રીજુ પ્રતીક મુશળ **कालाहिवित्रस्तधियां कृताऽभयम्, प्रमत्तमुच्चैरितिकृत्य० अहिरिवाखुमन्तकः' 'सर्पोदशत्पदास्पृष्टःकृपणां कालनोदित' संसार सर्प संदष्टं विष्णुरातममूमुचत्**

વિગેરે વાકયોમાં કાલને સર્પશબ્દથી સમજાવ્યા છે, અથવા સરખાવ્યો છે. વાઘ, સિંહ, આવે ખબર પડે. કાલ કીડનની, ખબર ન પડે. પ્રતિવાર્ષિક જન્મતિથિનો ઉત્સવ પ્રમાદનું સૂચન. પરાર્થ--પરમાર્થ ચિંતને ચિત્ત-વિત્ત-વપુ વ્યયે તો હર્ષ હોય જ્યાં ઉત્કર્ષ છે-પણ વિષય સેવનમાં કાલથી વ્યયિત અને વ્યથિત થવુ ઘટે; પણ ક્ષીણ થતો આયુઃક્ષયથી વૃધ્ધિંગત સમજે છે. શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના ૪ થા અધ્યાયમાં ભાગવત સંબધી પ્રશ્નના પ્રત્યુત્તરમાં **कालेनाऽव्यक्तरंहसा** વેગવાન કાલ છતાં વ્યકત ગતિ માલુમ પડતોજ નથી. શીઘ્ર ગતિ સર્પ, વિના અવાજે આવે. ત્યાં તેની ગતિનો ખ્યાલ કયાંથી આવે ?—ત્યાં ભાગવત તેને જાગૃત કરે

શૈશવ યૌવન ને વાર્ધકય, કાલનાં વિષમ ત્રણ મુખ છે. ત્રિમુખ તક્ષક ત્રિકાલ સંધ્યારતને ન ગળી શકે. મહા ભારત લખે **फलदर्भोदकं नाम प्रतिग्राहयितुं नृपम्** પર્વ-૧-૩૮-૨૪. તક્ષક, નાગોને રૂષિઓના રૂપે રાજાની પાસે ફલ, દર્ભ અને જલ લેવડાવવા મોકલે છે. **फलम् निगमकल्पतरोर्गलितं फलम्** ભાગવત; **दर्भा**: ત્યાગ, દીક્ષા, સાત્વિકતા, **अथ समित्पाणिः** હાથમાં સમિધ લઈ શિષ્ય ગુરૂસમીપમાં જાય. **उदकम् गंगाजलम्** ગંગાનો કિનારો.

વિકરાલ કાલ મુખના ત્રણ કોળીઆ (૧) એક થાળીમાંનો, જે બાલ્યાવસ્થામાં છે. (૨) બીજો હાથમાંનો કે જે યૌવનમાં, ને (૩) ત્રીજો મુખમાંનો જે આખર સ્થિતિમાં છે. થાળી અને હાથમાંના બચશે. મુશ્કેલી મુખમાં છે. તેને માટે છે. તે ન આવે તેથી યૌવનકાલમાં જ સાવધ કરે છે. યુવાનોની સંજીવિની શ્રીમદ્ ભાગવત.

દીર્ઘજીવન કે દિવ્યજીવન ?

દેવોનાં અમૃત દીર્ઘજીવન આપે. પરીક્ષિત--પરિ-ચોતરફ નજર કરતા ને, આત્મનિરીક્ષણ કરવે ઉપેક્ષા સેવતાને અન્તરિક્ષ (અન્તર્મુખ) બનાવ્યો. સ્વાર્થપરાયણ સુદીર્ઘ જીવન કરતાં, પ્રમત્ત પુષ્કલ જીવે તે કરતાં, પરાર્થ અલ્પ પણ જીવન અમૂલ્ય છે.

શ્રદ્ધામય અને તદૈકતાન (ભગવાનમાં ઓતપ્રોત) અધિકારી હોવો જોઇએ. તત્ત્વજિજ્ઞાસા અને ભકિત વિરહિત વકતા, વકતવ્યમાં આદર જન્મવા નહિ દે. કારણકે તત્વ જિજ્ઞાસુને જીવનની કીંમત છે. નિતાન્ત શાન્ત, એકાન્ત એવા કલ્યાણમય ગંગાતટે સ્વસ્તિકાસન લગાવી, દર્ભાસન ઉપર રૂજુકાય અને એક સપાટીમાં મસ્તક, ગ્રીવા બનાવી દઇ (ટટાર) બેઠેલ, શ્રવણોન્મુખ પરીક્ષિત પ્રત્યે, કીર્તન તત્પર કૃપાવતાર, શ્રીશુકાચાર્ય કીર્તન આરંભતાં.

હરિજન મારા હીરાની ગાંઠડી, ગરજ વિના મત ખોલ,
કોઇ મળશે હીરાનો પારખુ, લેશે મોંઘે મોલ.

એ પ્રકારની સદ્-ઉક્તિ અંતરમાં સ્મરે છે. સત્તા, સમ્પતિ, સામર્થ્ય એ શ્રવણાંગ સાધન નથી. શીલ ને શુશ્રૂષા શ્રવણનાં અંગ મનાય. તપોનિષ્ઠ શ્રી શુક, ઉપેક્ષાના અનાદરે શ્રી ભાગવતનું અવમાન ન થાય તેની કાળજી સેવે છે. વિચક્ષણ વિદ્યાર્થીની પરીક્ષા લેતાં સૌમ્ય સ્વભાવ શ્રીશુકને ક્ષોભ થાય. "ભાગવત શ્રવણ માટે યોગ્ય છે?" એમ પૂછતાં પરીક્ષિતનું દિલ દુભાય તેનું દુઃખ છે, ને અનાતુરને અર્પતાં અનાદર શ્રી ભગવત્સ્વરૂપનો કે ભાગવતનો થાય તેની ભીતિ છે. ત્યાં માર્ગ મોકળો પ્રભુએ કર્યો. અમૃત કલશ સહ અમરાવતી પતિ, ઇન્દ્ર, આવ્યા ને પીયૂષ પીવા કાજ દીધું. ત્યાં પૂછ્યું પરીક્ષિતે, "અમૃત પીવે શું મળે?" "રાજન્, દીર્ઘજીવન," સુરેશ બોલ્યા. "પ્રભો! શ્રીમદ્ ભાગવત પાને શું મળે?" પરીક્ષિતે શુકદેવજીને પૂછ્યું અને પ્રત્યુત્તર મળ્યો, "દિવ્ય જીવન." સનમ્ર, સપ્રણતિ પાયે પડ્યા અને કહ્યું, "નાથ! કુમતિને હરી સુમતિ દેતા, વિષ હરતા ભાગવત પીયૂષને નહિ અર્પો?" અને શ્રી શુકે પ્રફુલ્લ વદને ભાગવત ગાવું પ્રારંભ્યું.

બ્રહ્માજીની તુલા

સત્ય લોકમાં બ્રહ્માનું તોલન. સમાજના સામુદાયિક શ્રેયસ્, સાધક સાધનોમાં સૌકર્ય, સારલ્ય સૌલભ્ય પૂર્વક સર્વસાર પ્રચુરતાનું નિપુણ ને તટસ્થ મતિએ સત્ય અવલોકન કર્યું. સત્ય–

નિષ્કપટ રીતે લોક, આલોકન પરીક્ષણ. મેધાની સમત્વભરી નિર્ણાયક દંડીમાં મુકેલ વિમર્શનાં ઉભય પલ્લામાં, સંક્ષેપત સારગ્રાહિતા–ને સર્વ શાસ્ત્રપૂર્તિ શ્રીમદ્ ભાગવત સાહિત્યમાં જોઇ. કારણકે વેદોથી પ્રતિપાદ્ય બ્રહ્મનું આ અક્ષર સ્વરૂપ છે.

વિષ્ણુમૂર્તિ શ્રીમદ્‌ભાગવત

पादौ तु प्रथमकन्धो द्वितीयो जानुनी स्मृतः
तृतीयो सक्तिथनी ज्ञेयश्चतुर्थः कटिरुच्यते
नाभिं तु पञ्चमं विद्याद् हृदयं षष्ठ ईरितः
सप्तमस्तु उरः प्रोक्तमष्टमः कंठ उच्यते
स्कन्धौ तु नवमः स्कन्धो दशमो मुखमीरितम
कर्णाक्षिनासिकायुक्तं सर्वार्थपरिपूरितम्
एकादशस्तूत्तमाङ्गं द्वादशोब्रह्मरंध्रकम्
एवं भागवतं शास्त्रं विष्णुमूर्तिः प्रकीर्तितम्

વિશાલા ભૂમિઃ—માત્ર સંપત્તિનો જ સામુદાયિક હિતાર્થ વ્યય એજ આર્ય સંસ્કૃતિની ત્યાગ પરાકાષ્ઠા ન હતી. પરંતુ તેના જીવનની અપવર્ગ સાધક દૈવિક સમ્પતિનો પણ સર્વ શ્રેયસ્‌માં વિનેયોગ થતો. **વિશાલાનું નામકરણઃ** બદરીકાશ્રમમાં રાજર્ષિ વિશાલે તપ આદર્યું. પ્રસાદાભિમુખ પરમાત્માએ પૂછ્યુ, "રાજન્ અભીષ્ટ વર માગશો ?" વિશાલે વિનવણી કરી, "નાથ ! આપવામાં આપને ક્ષોભ તો નહિ થાય ને !" પરમોદારને પણ સંકોચ થાય છે યાચતાં. કૃપાળુએ વચન આપ્યું, ને રાજાએ યાચ્યું, "જો મારા તપથી આપ પ્રસન્ન થયા હો તો મને મળવે આપે જેટલો વિલંબ કર્યો તેટલો અન્ય તાપસને કાજ ન કરશો, કરૂણાનિધિ ! તિતિક્ષાની વેદીનાં તપ દોહ્યલાં છે, દેવ ! ધૈર્યનો ધરનાર કાં તો ગિરિ કે ગિરિધારી; ધરણી કે ધરણીધર; માનવ તો મિત શાકત." વચને હરિનું હૃદય પીગળાવ્યું, ને કહ્યું, "રાજન, તારૂં નામ ?" પ્રત્યુત્તર વાળ્યો, "ભગવન, મારૂં નામ વિશાલ." "ધન્ય અન્વર્થ નામધેય સુતને દેતી તુજ જનનીને ને તુજ નૃપતિએ ધરાને. રાજન્ તારી પાસે હું કંઇક યાચુ ? તારૂ પુણ્યશ્લોક નામ આ પુણ્યદેશને આપી શકુ ? મને સંમતિ છે ?" દયાનિધિના દૈન્યે રાજા અવાક્ બન્યો ને બદરીનાથની તળેટીનો દેશ વિશાલાના નામથી વિખ્યાત થયો. આજે પણ બદરી યાત્રિક બદરી આરોહણે શ્રાન્ત થતો, ને વદતો, "બદરી વિશાલ કી જય," ને તે જયનાદે જોમ આવતું ને જીગર આવતું.

નારદ સનત્કુમાર મિલન

બ્રહ્મ ચિંત્વન એકાકીના શ્રેયઃ કાજ ને ભગવદ્–ગુણાનુગાન સર્વ હિત માટે. "યોગી તરે કદિ એકલો હરિજન તારે સૌ સંગી." બ્રહ્મલોકમાં સત્સંગ નથી. ચાર સનત્ કુમાર પૃથ્વીમાં વિશાલામાં સત્સંગે આવ્યા. બ્રહ્મલોક કરતાં ભૂતલનો મહિમા અપાર છે. બ્રહ્મચિંતન એકાંત માગે. સત્સંગ સમુદાયમાં થાય. એ હેતુએ સનત્ કુમારો બદરીકાશ્રમમાં આવ્યા ને વરદાનની સત્યતા ભાળી. અવિલંબે સત્સંગ માટે નારદનું મિલન, અને નારદની ચિંતાના નિવારણ માટે સનત્ કુમારોની પ્રાપ્તિ એ ભગવદ્–વચનની સત્યતાનું પ્રમાણ.

સાધુના મુખે ઔદાસીન્ય ન શોભે. ૨૪ કલાકમાં એક પણ ક્ષણ ઔદાસીન્યમાં ન જાય, ને એક પણ (પૈસો) કમાર્ગે ન જાય તે સાધુ. **साध्नोति परकार्यं स्वप्राण व्ययेनापि स साधुः** શત્રુના પણ કામને સ્વભોગે સાધે તે સાધુ.

નારદજીના મુખની ઉદાસીનતાથી સનત્કુમારોએ પૂછ્યુ **कथं ब्रह्मन् दीनमुखः !**

कुतश्चिन्तातुरो भवान् ? त्वरितं गम्यते कुत्र ?..........

મુકતનો મહિમાઃ—(૧) પ્રફુલ્લવદન (૨) નિશ્ચિંત (૩) અવિહ્‌વલ (૪) સ્વસ્થ ચિત્ત–એ ચતુષ્ટયીથી સાધુ દીપે. સંગ્રહી ઉદાસીન સંભવે. નિગ્રહી–નિત્યાનંદમાં રહે. નિગ્રહ અને

આનંદને નિત્ય સંબંધ છે. મુશ્કેલીની મૂડી મુકુન્દનાં દર્શન કરાવે, કોઈવાર મહોરોની મૂડીમાંથી ભગવાન્ અદૃશ્ય થઈ જાય. નિજ જીવનમાં અસંગ્રહ ને અનાગ્રહના પરિણામે, પ્રપંચ વિમુખતા હોવાથી “ચિંતાજન્ય, નિરાશાજન્ય શૂન્યતા ના ભાસે પણ આત્મવત્-સર્વભૂતની ભાવનાથી, સમાજના દુઃખે દુઃખ ભાસે.” શુક, વ્યાસ અને નારદ એ હતા સમાજના હમદર્દીઓ. નારદ ક્રાન્તદર્શી હતા. નિપુણ નજરે “સમાજનો અખંડ બ્રહ્મચર્યવ્રતે અભ્યાસ કર્યો.” સેવા ને સંશોધન કાર્યના ઉપાસકને, આ જીવન (૧) કૌમાર્ય (૨) લવણ શર્કરાત્યાગ (૩) ભૂમિશયન (૪) અગૃહવાસ–નિયમો પાળવા પડે.”

નારદે કલિને પારખ્યો અને પ્રતીકાર કર્યો.

કલિના અઠ્ઠાવીશ અપરાધો. સમાજની પરિસ્થિતિનું ખ્યાન. ક્રાન્તદર્શી નારદના પૃથ્વિી પર્યટનમાં અવલોકન.

૧. સત્યનો અભાવ--સત્ય એટલે સમત્વ સમદર્શિત્વનો અભાવ.
૨. તપનો અભાવ--દૈવોપલબ્ધકષ્ટ સહિષ્ણુતાનો અભાવ
૩. શૌચનો અભાવ--આચાર વિચારની વિમલતાનો અભાવ.
૪. દયાનો અભાવ--પ્રાણીમાત્રની લાગણીનો અભાવ.
૫. દાનનો અભાવ--ત્યાગભાવનાનો અભાવ.
૬. ઉદરભરણ--ઉદરપૂર્તિ પુરતોજ પુરૂષાર્થ.
૭. વરાકસ્વભાવ--અતિતુચ્છ વૃતિ.
૮. કૂટ ભાષણ--મિથ્યાલાપ.
૯. મન્દ--બુદ્ધિવિહીન.
૧૦. સુમન્દમતિ--ધારણા શકિત વિનાના.
૧૧. મન્દભાગ્ય--વૃથાઉદ્યમી, નિષ્ફળ પ્રયત્ન.
૧૨. ઉપદ્રુત–રોગગ્રસ્ત.
૧૩. પાખંડ પરાયણ.

૧૪. વિરકત સપરિગ્રહ.
૧૫. તરૂણીપ્રમુખતા
૧૬. શ્યાલકબુદ્ધિથી ગૃહસંચાલન
૧૭. કન્યાવિક્રય
૧૮. દામ્પત્યકલહ
૧૯. આશ્રમધર્મ નાશ.
૨૦ દેવમંદિરમાં અનાચાર
૨૧. યોગીનો અભાવ.
૨૨. સિદ્ધનો અભાવ.
૨૩. જ્ઞાનીનો અભાવ.
૨૪. સત્કર્મનાશ.
૨૫. સાધન નાશ.
૨૬. અન્નવિક્રય.
૨૭. વેદવિક્રય.
૨૮. ચારિત્ર્યહાનિ.

૨૮, સંસારની અસાધારણ વ્યથાનાં કારણો. સમાજનો ઉત્કર્ષ અવરૂદ્ધ થયો જે કારણોથી.

સજ્જનનું નિત્યધ્યાન:-

(૧) જગત દુઃખી શાથી.
(૨) જગતનું દુઃખ દૂર થાય શાથી.
(૩) જગત્‌ના દુઃખનિવારણમાં મારો કેટલો ફાળો.

જગતથી મને શો ફાયદો, એ સંસારીનો સ્વભાવ. મારાથી જગતને શો લાભ? એ સત્સ્વભાવ. દેશનો ઉત્કર્ષ કે ઉદય માપવાનું માપકયંત્ર ઓછામાં ઓછાં ઔષધાલય, અલ્પ ન્યાયાલય, અને અધિક વિદ્યાલય તન, અને મન, તંદુરસ્તીનાં તે અસાધારણ પ્રમાણપત્રો છે. “આરોગ્યની ખાત્રી અલ્પ ઔષધાલયથી થાય. સંયમથી આરોગ્ય મળે. ઔદાર્યને ચારિત્ર્યની ખાત્રી અલ્પન્યાયાલયથી થાય. સમાજનું નૈતિક કલેવર સુદૃઢ ને સબલ છે ને, તે સંતોષ-સમજથી મળે.- આવી ભૂમિ માટે જરૂરી સમજને સંતોષ, વિદ્યાલયોને જ્ઞાન સત્રોથી સંભવી શકે. ને તેવાં વિદ્યાક્ષેત્રો-જ્ઞાન પ્રપાઓ અતિ સુલભ થતાં વાતાવરણ કલ્યાણમય સ્થાપી શકાય.--“ન્યાય સાંઘો ને વિદ્યા અવિક્રયથી આ બાલ, વૃદ્ધ, સમૃદ્ધ, દરિદ્રને મળે, એ માર્ગના શોધક, સ્થાપક ને પ્રચારકનું પૃથ્વીમાં પર્યટન થતું જે આર્યોના આચાર્યતરણિઓની

તપસ્યા ગણાતી, રૂષિ, રાજર્ષિ, ને દેવર્ષિ તેના સંપ્રવર્તકો થતા. પ્રિયવ્રત, વિશ્વામિત્ર, નારદ, શ્રી શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય, મહાત્માજી, ને વિનોબા એનાં જ્વલંત દષ્ટાન્તો છે.

યમુના કિનારો–અને નારદને મળેલ માર્ગદર્શન. પરાભક્તિનું પ્રતીક શ્રી યમુનાજી. સાધનિત્મિકા, અને ફલાત્મિકા બે પ્રકારની ભક્તિ છે. યમુનાનો કિનારોજ પ્રેરક છે સેવા માર્ગમાં, અને સમષ્ટિના કલેશ નિવારણમાં આત્માની જાગૃતિ, ને પ્રેરણા ભક્તિની આર્દ્ર ભૂમિકામાંથી મળે છે. સકામભાવથી, કે યશઃ આદિના અવ્યક્ત **હેતુથી થતી** સેવા સાધન ભક્તિમાં જાય. અને ભગવત્પ્રીત્યર્થ થતી પણ ભક્તિનો સમાવેશ કામ્ય ભક્તિમાંજ થાય. જ્યારે સર્વ ભગવાન છે સર્વમાં ભગવાન છે, સર્વ ભગવાનનાં છે એ વિમલ વિચારે, પોતાની ને સર્વ સામગ્રીની સાર્થકતા સમજીને સમર્પણ ભાવના, કે કૃતકૃત્યતા એ પુષ્ટિ ભક્તિ.

ભક્તિનો પરિચય:—ભક્તિ સમ્રાજ્ઞી. કૃષ્ણ સમ્રાટ્. **જ્ઞાન, વૈરાગ્ય બે સંતાન, મુક્તિદાસી, ધર્મ ક્ષેત્રાદિ દેવતાનો પરિવાર ને ઉપાસક નારદ.**

ભક્તિ, અકારણ કરૂણ, અખંડ સેવાવ્રતિની, દિવ્યવૃત્તિ.

જ્ઞાન -વૈરાગ્ય–ભક્તિના બે અંગો. વામ દક્ષિણ હાથ, જ્ઞાન મને પ્રતિકૂલ પડતું, અન્યને પણ પીડનારૂ જ લાગે એ સમજ. અને એ સમજને કારણે તેવી ક્રિયાનો ત્યાગ.

વૈરાગ્ય—ઇશ્વર નિમિત્ત, અનાસક્તિપૂર્વક ત્યાગ, અન્યને આવશ્યક લાગતાં સ્વયં અનાસક્ત થઇ સસ્નેહ સામાને અર્પે એ વૈરાગ્ય. પિતાની સમ્પત્તિના વિભાગમાં નાનો, કે મોટો કોઇપણ ભાઇ, ઔદાર્યપૂર્વક વહેંચણી કરતાં, કોઇ એકાદ વસ્તુના બે વિભાગ ન થઇ શકે તેમ લાગતાં, જેને વધુ જરૂરી લાગે તેને તે અર્પણ કરતાં હૃદયમાં પ્રથમ સમજને સ્થાન આપે. મોટો દેનાર હોય તો માને

હું પિતાને સ્થાને છું અને નાનો પુત્રવત્ કે તેથી તેને જ અપાય. મેં ખૂબ ભોગવ્યું એમ સમજે, તે જ્ઞાન. સમજને કારણે તેને અર્પે તે વૈરાગ્ય, અને તેવી સમજ, અને ત્યાગનો અમલ કરાવતી ''પ્રેમાળ પ્રેરણાવૃત્તિ'' એ ભક્તિ. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મોને તે લાગણીભરી, સ્નેહાળવૃત્તિથી ક્રિયામાં લઇ જાય. તે ત્યાગનાં પાત્રોમાં ક્વચિત્ નાનો ભાઇ પણ આવે સમાજનાં દ્વૈત અંગોમાં, પિતાપુત્ર, ભાઈભાઇ,'નણંદભોજાઇ, દેરાણીજેઠ, કે સાસુ પૂત્ર વધૂ. આમ કૌટુંબિકથી લઇ સામાજીક, રાજકીય ઔદ્યોગિક, વ્યાવહારિક દરેક ક્ષેત્રમાં' **''સ્નેહ સમજ ને સમર્પણ''ની ત્રિપુટીથી સર્વને સંતોષવા એ ઇશ્વરારાધના–ને તેવી ઇશ્વરારાધનાના સંપ્રવર્તક સંધારક, નારદ–એ–પરમ કોમલ મનઃ ને તે ત્રિપુટીના આચરણે સર્વને સુલભ થયેલ** આનંદ એ શ્રીકૃષ્ણ–સંક્ષેપમાં સ્નેહ એ ભક્તિ. સમજ એ છે જ્ઞાન, ને સમર્પણ એ છે વૈરાગ્ય. ભૌતિક ભૂમિકાથી લઇ આધ્યાત્મિક, અને આધિદૈવિક કક્ષામાં લઇ જનાર પરસ્પરનો સહકાર કેળવતી તે ત્રિવેણી.

તીર્થ ક્ષેત્ર–ઉપાસના, સર્વની ઉપાસના આરાધનાનો આશય–ધ્યેય એ ત્રિપુટીથી શક્ય બનતાં સર્વ સાધનોનું–સાધનમાગનું સ્વતંત્ર આરાધન ન થતાં–એકજ આરાધનમાં સર્વનો સમાવેશ થઈ જાય.

ભક્તિ–પ્રીતિ સ્નેહનો અમલ વિરામ પામે તે ભક્તિનું વાર્ધક્ય ને સ્વાર્થવૃત્તિ તેની પ્રતિબંધિકા. (૧) જ્ઞાન સમજ–જ્ઞાનનો વિચારોમાંજ સમાવેશ થતાં, જ્ઞાનનો અમલ ન થાય તે જ્ઞાનની વૃધ્ધાવસ્થા. લોભ તેનો પ્રતિબંધક. વૈરાગ્ય–સમર્પણ–ત્યાગ ભાવનો અભાવ. માત્ર કીર્તિ રતો, કે ભય પૂરતો પરિમિત ત્યાગ તે વૈરાગ્યની વૃધ્ધાવસ્થા ભોગ તેનો પ્રતિરોધક.

સમાજ પ્રત્યેક અંગોમાંથી સ્વાર્થ--લોભ--ને ભોગના સામ્રાજ્યે ''હમદર્દી ખોવાઈ જતાં, પ્રત્યેક માટે ખપી જવાનું

ખમીર ખૂટ્યું, ને પરિણામને--પ્રતિકૂલ પરિણામને વેઠવાનું ધૈર્ય ખૂટ્યું. એ ભક્તિના સામ્રાજ્યનો હ્રાસ થયો.

સમાજનું સુલેહમાંથી કલહમાં પરિવર્તન એ કલિ સામ્રાજ્યની સ્થાપના. ભક્તિ–ઉભય અંગોને સુલેહમાં લઇ જાય ત્યાં ન્યાયાધીશ ન્યાયાલય, કેં વકીલની જરૂર ન પડે. માત્ર ભક્તિ બધાં લવાદ બની સર્વમાં જ્ઞાન--વૈરાગ્ય,--સંતોષ--ત્યાગને સ્થાપી ને નવું યૌવન આપે. પુનરૂત્થાન જગત્ બધા જ અંગોનું કરે એવી અસામાન્ય શક્તિ.

સાધુ--સંત ને તબીબનો વધુ વખત લેવો નહિ. સમય પુન: મળતો નથી, દર્દીને તપાસ્યા બાદ, અને મનનું સમાધાન મેળવ્યા બાદ, વૈદ્ય--ડોકટર ને સંત--સાધુને શીઘ્ર વિદાય દેવી, એઓની પાસેથી પણ શીઘ્ર નિવૃત્ત થવું. તે સર્વના તન--મનના હિતાર્થ કાજ જીવે છે. એ ભક્તિનો વિવેક છે. **भो भो साधो क्षणं तिष्ठ** કહ્યું **चिरं तिष्ठ'** ન કહ્યું.

શ્રી ભક્તિ નારદ મિલન:—જ્યારે વિવેકથી ભક્તિએ વિનંતિ કરી, ત્યારે નારદે અભય આપ્યું ને કહ્યું **वद देवि सविस्तारं स्वस्य दुःखस्य कारणम्**. શોકાર્ત–રોગાર્તની વીતક સાંભળતાં વ્યથા અડધી વિનાશ પામે છે ને વિશ્વાસ આવે છે. **तदानाहँ हरे र्दासः** એ અભય ને વચન દાન થયું. **लोकेत्वां न प्रवर्तये** એ વાક્યથી પરાર્થ ભાવના છતાં સાત્વિક 'અહં' દેખાયો જેથી આકાશવાણીએ પણ સ્પષ્ટ સૂચન કર્યું નહિ.' અંત:કરણનો અવાજ--આકાશવાણી છે નિરભિમાન અન્તરમાંથી જ તે સમાધાનકારક અવાજ મળે છે. **सत्कर्म त्वं समाचर** સત્કર્મનો આદેશ કર્યો પણ સતકર્મ વિષય સૂચવ્યો નહિ ને બદરીકાશ્રમમાં જવું પડ્યું.

ભક્તિનો ઇતિહાસ—"**उत्पन्ना द्रविडे देशे** દ્રવિડ દેશમાં પ્રકટ્યાં. ભક્તિ સંપ્રદાય પ્રવર્તક, આચાર્ય, અને ભક્તિમાર્ગ પ્રાદુર્ભાવ દક્ષિણમાંથી થયો. જ્ઞાનનિપુણ શ્રી શંકરાચાર્ય પણ

ભગવતીક્ષમાપરાધન, અને અમ્બાષ્ટક આદિ સ્તોત્રોમાં અલૌકિક ભક્તિનું ભાન કરાવે છે. તેઓ તેમજ જગદુધ્ધારક પુષ્ટિસ્થ પરિવેષક શ્રી મહાપ્રભુજી અને શ્રી રામાનુજાચાર્ય આદિ આચાર્યવરો, એનો અમલ કરનારા ભકતવરોનો પ્રાદુર્ભાવ દક્ષિણમાં થયો જેથી કહે કે "**उत्पन्ना द्रविडे देशे**"

કર્ણાટકમાં ભક્તિનો પ્રચાર થયો. ભકતોને પંડિતોના સહવાસથી અને ત્યાગમય--જીવનથી. મહારાષ્ટ્રમાં છૂટીછવાઇ ભક્તિ થઈ. સંત તુકારામ જ્ઞાનદેવ આદિના સહકારે.

ગૂજરાતમાં જીર્ણ થઇ. વ્યાપાર વિલાસે સમર્પણ ભાવના ને સેવાવ્રતને સંકુચિત બનાવ્યાં--જ્ઞાન પ્રચારના અભાવે. સમાજની લક્ષ્યવૃત્તિ અર્થપ્રધાન બનતાં ત્યાગની સંસ્કૃતિ હ્રાસ પામે. એક સમય ગૂજરાતમાં જ્ઞાન દૌર્બલ્યનો આવ્યો. સમયનાં વહન પલટાયાં ને ગૂજરાતમાં ભકતોના--યોગીઓના પ્રાદુર્ભાવે ભક્તિનો પ્રચાર થયો.

પાખંડ પ્રીતિનાં અંગ ઉપાંગોનું ખંડન કરે

શ્રવણમાં—કીર્તિ, પુણ્ય લિપ્સાએ શ્રોતવ્યને જીવનગત કરતાં શૈથિલ્ય અર્પ્યું.

કીર્તનમાં—કીર્તિ, કંચનની વાસના પ્રવેશી ને કીર્તકમાંથી કર્તવ્યવૃત્તિ હરી લીધી.

સ્મરણમાં—કામ ચિંતનથી સ્મરણ સિદ્ધ ન થયું. સકામ ભાવથી નામસ્મરણ નીરસ લાગ્યું.

પાદસેવન—પ્રમાદ ને વિલાસભોગે આસક્ત થતાં ચરણસેવા ન સંભવી.

અર્ચન—ઉપભોગમાં વૈભવો વપરાતાં અર્ચનભક્તિ અટકી. અર્ચન આશાથી નષ્ટ થાય.

વંદન—નિષ્કપટ ન હતો, નિરર્થક ગયો. અહંભાવે વંદન ન કરવા દીધું.

દાસ્ય—દૈન્યનો હ્રાસ થતાં દૈન્ય ન સાંપડયું, ન શોભ્યું, ને સેવ્વે ન સ્વીકાર્યું.

સખ્ય—સ્વાર્થભાવે સખ્ય ગયું. કુભાવે સખ્ય ન ટકવા દીધું.

આત્મનિવેદન—પ્રેમ વિના આત્મનિવેદન ન સિદ્ધ થયું.

સેવા એ ભકિતની ક્રિયા છે. વિલાસીથી સેવા નહિ થાય--સ્નેહ નહિ થાય--સમર્પણ નહિ થાય--ભકિતની એ ત્રણ ક્રિયાઓ છે. સેવા શરીરથી થશે, સ્નેહ મન અને બુદ્ધિથી થશે, સમર્પણ સમ્પત્તિથી થશે.

વૃદાવન સંયોગ ને ભકિતનું
તારૂણ્ય--જ્ઞાન, વૈરાગ્યનું વાર્ધકય- જાણવું પણ ન જીવવુ એ 'જરઠપણ'

स्वर्ग पदाद् गुरु सत्यं सत्यादपि गुरुतरं तु वैकुंठम्
वैकुंठादपि गुरुतरमवनौ धन्यं वृन्दावनं मन्ये

કર્મ ફલનો વ્યકિતગત ભોગ સ્વર્ગમાં છે. ભગવત્સ્વરૂપ સેવા વૈકુંઠમાં છે, અને ધરણી ઉપર ભગવદીય સેવા, નારાયણ--દરિદ્ર નારાયણ સેવા હોઈ સર્વશ્રેષ્ઠ અવનીમાં વૃન્દાવન છે. જ્યાં ભગવાન સર્વ ઐશ્વર્યો સાથે સર્વને સુલભ છે. જેથી પ્રેમની સંવૃદ્ધિ વૃદાવનમાંથી મળે છે.

બુદ્ધિના જડતાએ આત્મજ્ઞાનની ધારણા ન સંભવી, ને બુદ્ધિમાનોની બુદ્ધિ શ્રદ્ધાના સહકાર વિનાની થઇ. સ્વાર્થ પરાયણ થઇ જેથી વિવેકનો ઉદય ન થયો, પરિણામે ત્યાગ અમલમાં ના આવ્યો ને જ્ઞાન--વૈરાગ્ય વૃદ્ધ થયાં.

તપ, યોગ, સમાધિની ત્રિપુટી કાલ સાપેક્ષ થઈ સર્વને સહાયક બને, ને શુદ્ધિ સાધી શકે. જ્યારે શ્રવણ--કીર્તન સર્વ કાલમાં ને નિરપેક્ષ રીતે કાર્યસાધક થઈ શકે છે. અનેક અવગુણોની રાશિમાંથી એકાદ ઉત્કૃષ્ટ ગુણાવલોકન થતાં તેનો અંગીકાર કરતાં ઇશ્વર પ્રસન્ન થાય છે. 'ગુણપૂજન પ્રભુ ભજન છે.'

एकाकारं कलिं द्रष्ट्वा—એક સદ્‌ગુણવાળા કલિયુગને જોઇને,' એટલે અનેક ક્ષતિઓ હોવા છતાં કોઇ એક ગુણ તો હોઇ શકેજ. બ્રહ્મની વ્યાપકતા ત્યારેજ સિદ્ધ થાય જ્યારે વિષમાંથી અમૃત નીપજે. **आकारस्तु गुणे मूर्तौ**—આકાર શબ્દ ગુણમાં અને મૂર્તિમાં વપરાય છે. કેવલ કેશવ કીર્તનથી કલ્યાણ સાધનાર, અથવા કૃષ્ણની સમાન સર્વત્ર વ્યાપક થઈ વસનાર એ બે અર્થ થયા.

એકાકાર—કલિ, એક શ્રી કૃષ્ણનું નામ વિષ્ણુ સહસ્રમાં **'एकोनैकः सवः'** આવે છે. એકની સમાન સર્વત્ર વ્યાપક અથવા એક આકારવાળો શ્રેષ્ઠ ગુણવાળો. કીર્તનથી મુકિત આપનાર.

વ્યકિતને લક્ષી કથા થતાં કથાનું મહત્વ ગયું.

તીર્થસાર તીર્થ નાયકોના તપોનાશ ને, નાસ્તિકતાથી થયો.

ક્રોધાવેશે—કામાવેશે લોભાવેશે, તપોનાશ થયો.

દંભથી ધ્યાન નિષ્ફળ થયું. અનભ્યાસે શાસ્ત્ર જ્ઞાન ગયું.

ખેદ—અને ભેદનો વિનાશ કરે તે ભકિત. ચિત્તમાં ખેદ, વિત્તમાં ભેદ વસે' ભગવત્સ્મરણ, કર્તવ્યમાર્ગાનુંસરણ અચિંત બનાવે અને અચિન્ત્ય શકિત આપે.

જાગૃત ચેતન ભકિતને સ્થાપી શકે. શબ્દ સ્વરૂપ ભકિતને સક્રિય અવસ્થામાં મુકવાથી ભકિતની પ્રતિમાનું નિર્માણ થાય. દ્રૌપદીનું સ્વરૂપ એ ભકિતની પ્રતિમા.

ભકિત એ તો પ્રીતિને સંજીવિની છે. જ્ઞાન--વૈરાગ્ય એનાં નેત્રો છે. પ્રેમનાં ઓજસ્ પૂરવાથી તે કાર્ય ક્ષમ થઇ શકે. **नेत्रैरनवलोकन्तौ** મહાત્મ્ય ૨–૨૮.

अनवलोकन्तौ જ્ઞાનની આંખમાં અભેદ છે ભકિત તેમા આદર પૂરે અને પીડિતને સેવે પંડિતને પૂજે. વૈરાગ્યની આંખમાં ત્યાગ છે ભક્તિ તેમાં ગુણાનુરાગ પૂરે, અને સામગ્રીનું સમર્પણ કરે.

जृम्भन्तौ જ્ઞાનમાં અક્કલ છે, ભક્તિ ઉમંગ પૂરે છે ને આલસ્ય હરે છે.

सालसावुभौ વૈરાગ્યમાં ઉપેક્ષા છે. ભકિત માનવ રક્ષાનાં જલ સિંચે અને સેવામાં દોરે.

बकवत्पलितौ જ્ઞાનમાં તત્વ વિમર્શ છે, પણ દંભ છે. ભકિત દંભ હરે ને અન્ય દુઃખ વિમર્શ માટે પ્રેરે. વૈરાગ્યમાં તપસ્યા છે, પણ દંભ છે, કાયાને પીડે, ભકિત પરકાયાની ભીડે તપસ્યાને દોરે.

शुष्ककाष्ठसमांगकौ જ્ઞાન વિચારમાં વિરમે, ભકિત આચારમાં લાવી મુકે. શુષ્કતામાંથી આર્દ્રતા પ્રકટાવે. વૈરાગ્ય વનમાં જવા તૈયાર થાય ભકિત ભવ રણમાં સરવર નિર્માણ કરાવી દગ્ધ માનવ દિલને દિવ્યોદ્યાન સમાન સરસ બનાવે.

ભકિત એટલે પ્રેમની પરાકાષ્ઠા અને જ્ઞાન-વૈરાગ્યની પોષિકા પરબ.

क्षुत्क्षामौ જ્ઞાનને નૂતન તત્વ જિજ્ઞાસા ને સંગ્રહવૃત્તિ--ભકિતએ, અમલમાં મુકવા પ્રેર્યાં ને સંતોષનાં વિતરણ કર્યાં અને જ્ઞાન ક્ષુધા દૂર કરી. વૈરાગ્યને પર્યટનની ભૂખ લાગી ભકિતએ પરિરક્ષણે ધ્યાન દોર્યાં અને પ્રત્યેકમાં ભળી જવામાં જીવનની સાર્થકતા બતાવી. અને લોકોત્તર લાભોની ભૂખ હરી

पुनःस्वाप परायणौ જ્ઞાની જાણીને વિરમતો ભકિતએ જીવવાનો મંત્ર આપ્યો. વૈરાગ્ય ત્યાગીને વિરમતુ ભકિત અર્પીને વિરમવા વિનવ્યું.

આકાશ વાણી:— નારદને આકાશ વાણી મળી, અમલ અન્તઃકરણનો અવાજ આકાશ વાણી. ઇશ્વરથી બીજા નંબરનું વ્યાપક તત્વ આકાશ. એક સ્થળે એક હજાર દિવસ મૌન પાળી રોજના-૧૦૮ વિષ્ણુ સહસ્રના પાઠ કરી, સાત્વિક આહારે સમય ગૂજારે તો એક હજારને એક દિવસે આન્તર્નાદ થાય. અને અંતર્ચક્ષુ ખૂલે. સંતો અનેક જન્મ સિધ્ધ હોઈ સંકલ્પમાત્રથી આકાશ વાણી સંપાદન કરે. વિદ્વાનને પોતાની વિદ્યાથી, સમાધાન ન થાય કોઈ સંતનો આશ્રય લેવો પડે.

વૈદ્ય ડોક્ટરને વકીલને પણ અન્યની સલાહથી મત પુષ્ટિ

થાય. આત્મમાં 'અપ્રત્યય' અવિશ્વાસનું એ ફળ. સાચું જ્ઞાન આત્મ-પ્રત્યય આવે ત્યારે થયું મનાય. આત્મ પ્રત્યય પોતાની શકિતમાં અખૂટ વિશ્વાસનું પ્રતિબિંબ છે.

ततश्चिन्तातुरः सोऽथ वदरीवनमागतः

'અથ' શબ્દ (૧) આરંભે વપરાય. (૨) મંગલ વાચક પણ વપરાય. (૩) પ્રકરણ ભેદાર્થ પણ યોજાય.

નારદજીને આકાશ વાણીના આદેશમાં સ્પષ્ટતા ન મળતાં ક્ષોભ થયો અને મુખદર્શનમાં સલજ્જ થયા. સજ્જન આરબ્ધ કાર્ય પાર ન ઉતારે તો આત્મલજ્જ બને. "અથ" શબ્દ લજ્જાર્થમાં યોજ્યો.

નારદ–સનત્કુમાર મિલન.-- પરાર્થ ચિંતક ભકત જ્યારે સમાધાન ક્યાંથી ન મેળવી શકે, અને સાધનબળ છૂટે ત્યારે આત્મબલ જાગૃત થાય. સનત્કુમારોનું મિલન એ છે અન્તઃકરણ ચતુષ્ટયનું એક તંત્ર થઇ પરસ્પરના સહકારક થવું. મન, બુધ્ધિ અહંકાર–ચિત્ત એક વિષયક થતાં સંદેહમાં સ્વતઃસમાધાન મળે છે.

તન–મન–ધન શુધ્ધિ સાધક સત્કર્મ એ યજ્ઞ.

યજ્ઞ ૫ પ્રકારના:–

૧ દ્રવ્ય યજ્ઞઃ– પુરોડાશ આદિથી થતા અગ્નિહોત્રાદિ દ્રવ્યયજ્ઞ.

૨ તપોયજ્ઞઃ– કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર, પરાક, સાંતપન, ચાંદ્રાયણ વિગેરે.

૩ યોગયજ્ઞઃ– ચિત્તસંશોધક ધ્યાન સમાધિ આદિ યોગ પ્રક્રિયા સાધ્ય કર્મ.

૪ સ્વાધ્યાય યજ્ઞઃ– વ્યવસાય અને અધ્યાત્મ જ્ઞાનને સ્પર્શતા વાઙ્મયનો સતત અભ્યાસ.

૫ જ્ઞાન યજ્ઞઃ– આત્મ–અનાત્મ તત્વ વિચાર.

શ્રીમદ્ ભાગવતમાં પાંચ યજ્ઞોનું પ્રાસવ્ય સમાવી દીધું છે.

ગંગા કિનારો અને આનંદાશ્રમ.

સમજણ–સન્મતિ ગંગા નદી છે. મૌન–મધુર વચનના બે તટમાં, સમાધાન અને સદ્‌ભાવ નામના બે તટમાં, અદોષ દર્શિત્વ-સ્વદોષ દર્શિત્વ નામના બે તટમાં સર્વદા સમજનાં–મહામૂલાં વારિ જીવન ક્ષેત્રમાં વહેતાં, જીવન તીર્થક્ષેત્ર બને છે. તે સમજ–સરિતાને કિનારે નિવાસ, એ આનંદાશ્રમ, જ્યાં નિર્વૈરભાવ યોગ સધાય છે. પ્રેમભાવનો પાવન પવન વહે છે.

પ્રેમ પયઃસ્વિનીના પુણ્ય પુલિને વસતાં ગૃહસ્થાશ્રમ આનંદાશ્રમ બની જાય એ ભાગવતની સિદ્ધિ છે. માનવ માનવનું જીવન આનંદમય બને એ એનુ ધ્યેય છે. ગંગાદ્વાર એટલે હરદ્વાર ને કિનારે આનંદાશ્રમ આવ્યો. હર એટલે 'સંયમ-સમજ-સ્નેહ ને સંતોષનો એકત્ર સમન્વય.' એ ચાર વસે, ત્યાં આચાર કોમલ અને વિચાર સરલ ને વિમલ આવે. વિરોધ થાયનહિ ને વિનોદ જાયનહિ.

આનન્દાશ્રમનો શ્રોતૃગણ.

વૈષ્ણવ વિશ્વને માટે શ્વાસ લઇ, વિશ્વાસ દઇ, વિશ્વના થઇ જીવી જાય તેજ વૈષ્ણવ. એ પ્રથમાધિકારી શ્રોતા ભૃગુ--વસિષ્ઠ ચ્યવન, ગૌતમ, એ ચાર પ્રસિદ્ધ ચાર વેદોના પ્રતીક સમાન. મેધાતિથિ વૈશ્વદેવ–બલિ કરી પ્રતીક્ષા કરતાં આવેલ અતિથિમાં ઇશ્વર મેધાથી જોનાર ને સત્કાર કરનાર. દેવલ–હૂહૂગન્ધર્વને શાપ આપનાર. દેવરાત-યાજ્ઞવલ્કયમુનિ. રામ–પરશુરામ. અત્રિજ–દત્તાત્રેય. યોગેશ્વર-વામદેવ. "યોગીશ્વરૌ" પાઠ હોય તો યાજ્ઞવલ્કય–જેગીષવ્ય. સ્ત્રી-પુત્ર-શિષ્ય સહિત કથામાં આગમન પરિવારને સંસ્કાર માટે.

अतिप्रणयेन युक्ताः- વિનય-પ્રણય શ્રવણનાં પ્રધાન અંગો. વિનયથી પાત્રતા આવે, પ્રણયથી રસનિષ્ઠા આવે. અતિ પ્રણય આમંત્રણ-નિમંત્રણ ન માગે, આદરપણ ના માગે, ને સહજ તત્પરતાથી દોડી આવે.

વેદાન્તાનિ .... દશ, અષ્ટોતર શતાદિ સાહિત્ય.
જીવ, જગત, જગદીશ, અથવા શરીર--આત્મસ્વરૂપની મીમાંસા.
વેદાઃ.. સર્વ જ્ઞાન સંગ્રહ. રૂગ, યજુ, અથર્વ, સામ અને ઉપવેદ.
મંત્રાઃ.... સંજીવિની વિગેરે. જીવન પછીનુ કર્તવ્ય જાણવા
'जीवस्य तत्त्व जिज्ञासा'
તંત્રાણિઃ.... રાવણાદિ કૃત ડામર તંત્ર. મંત્રની પ્રકિયાનું નિદર્શન
પુરાણાનિ .... ૧૭ પુરાણ.

ષટ્ શાસ્ત્રાણિ .... ગૌતમ-કણાદ કપિલ,-પતંજલિ-વ્યાસ-જૈમિનિ રચિત ષટ્ શાસ્ત્ર

પૂર્ણપુરૂષોત્તમનાં ૧૬ સ્વરૂપ

(૧) પ્રણવ--ઓંકાર (૨) ગાયત્રી (૩) પુરૂષ સૂકત (૪) વેદત્રયી (૫) દ્વાદશાક્ષર મંત્ર (૬) દ્વાદશવિધ સૂર્ય (૭) પ્રયાગરાજ (૮) સંવત્સરકાલ (૯) બ્રાહ્મણ (૧૦) અગ્નિ હોત્ર (૧૧) કામધેનુ (૧૨) દ્વાદશી--વિષ્ણુતિથિ--અતિથિ સત્કાર તિથિ (૧૩) તુલસી (૧૪) વસન્ત (૧૫) પૂર્ણપુરૂષોત્તમ (૧૬) શ્રીમદ્ ભાગવત-ષોડશ વસ્તુ એકજ રૂપે છે, અગર એકાર્થ વાચક છે.

શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણની વાઙ્મયી મૂર્તિ (૧) સેવન (૨) શ્રવણ (૩) પઠન (૪). દર્શન ચાર પ્રકારની આરાધના અન્તઃકરણ દર્પણનું માર્જન કરે.

સેવનઃ—સિંહાસનમાં પધરાવી શ્રીનાથજી સ્વરૂપે અર્ચા. ભોગ-સામગ્રી, જલ ઝારીજી,-શયન, ઉત્થાપનાદિ કરવાથી સેવન થાય. સેવન એટલે જીવનમાં ગુથવું વણવુ. ૨

શ્રવણઃ- વિધિ પૂર્વક સપ્તાહ અને નિત્ય શ્રવણ. શ્રવણ એટલે જીવવાના નિશ્ચયનું જ્ઞાન.

પઠનઃ-બ્રહ્મચર્યાદિ નિયમોના પાલન પૂર્વક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક-વાર્ષિક, ને એક દૈનિક સંકલ્પથી મધ્યમ સ્વરે કે ઉપાંશુ જપ (૧)

પઠનઃ–એટલે નિર્દિષ્ટ તત્વનું વિચારણ–અવલોકન (૨)

દર્શનઃ–ભગવત્સ્વરૂપની આદરે ઝાંખી (૧); દિલમાં ઉતારવુ. (૨)

ભક્તિપુત્રોનું તારૂણ્યઃ–કલિધર્મો ઉપર વિજય થવો અને મુખમાંથી નીકળતા જ્ઞાન, ત્યાગના વિચારોનું જીવનમાં અમલી સ્વરૂપ જોતાં સમાજમાં આવેલી સાત્વિકતા, અદાંભિકતા, અને પ્રત્યેકની ફરજ પ્રત્યેની વફાદારી--એ સપ્તાહની સફલતા

સમાજની આંતર કાયાનો પલટો એ ભાગવત સપ્તાહની સિધ્ધિ. વાનપ્રસ્થ અને વૃધ્ધમાં અદમ્ય ઉત્સાહ અને યુવાનમાં અપૂર્વ શીલ અને સેવા એ સપ્તાહની પ્રત્યક્ષ મુક્તિ.

—ભક્તિની સ્થાપના ને ભગવત્પ્રવેશ—

માનવતાની જાગૃતિ એ ભક્તિની સ્થાપના. માનવતાનો અમલ એ ભગવત્પ્રવેશ.

ભગવાનનાં ૧૫ વિશેષણ–વિશિષ્ટ સમસ્ત સદ્‌ગુણોનો એકત્ર સમાવેશ એ ઇશ્વરનું સ્વરૂપ. ને તેમાંથી શક્ય ગુણોનું સંપાદન ઇશ્વરની આરાધના. એક વિશેષ્ય–૧૪ વિશેષણ. ભગવાન વિશેષ્ય છે. બાકીના વિશેષણો. સ્વરૂપ, ધર્મ ને ક્રિયાની ત્રિપુટીની અલૌકિતા ને પરાર્થતા ને નિર્વિકારિતા એજ ભગવત્-તત્વ.

વિશેષણોઃ– (૧) ભક્તવત્સલ–આશ્રિત દોષ નિવારણ–ગુણ સંવર્ધન ને સ્નેહ સંપોષણનો સમન્વય એ વાત્સલ્ય બને. ભક્ત-પુત્ર સેવક–છાત્ર, આદિવર્ગ સાથે વડીલોથી તે સાંપડે. તુચ્છકારીને ન સુધારતાં સત્કારીને સુધાર; ને, સ્નેહ પોષણ એ વાત્સલ્યની કસોટી. અક્રૂરના મણિચોર્યમાં શ્રીકૃષ્ણની અને કામાસક્ત સુગ્રીવમાં શ્રી રામની પ્રીતિ એ ભક્તવત્સલતા.

(૨) વનમાલી **आपादलंबिनी माला वनमाला निगद्यते** ચરણયુગલને ચૂમતી માલા વનમાલા. વાત્સલ્યધર્મે પોષતા--ને પાવન થતા ભક્તવરોની સાથે સંકડાયેલી ભગવત્કીર્તિ શ્રેણી--એ વનમાલા. અમ્લાનલક્ષ્મી જેની કાંતિ-ને કીર્તિ ન કરમાય.

(૩) ઘનશ્યામ–કૃપામેઘથી, કાલ સમ ક્રૂર પર પણ વરસે તેને કીર્તિવરે. અપક્ષપાત કૃપાલુ, અકારણ કૃપાળુ.

(૪) પીતવાસા–જ્ઞાન પીતાંબર ધારી. કૃપા વર્ષણમાં જ્ઞાનની આવશ્યકતા હોય છે. અપાત્રે વ્યય ન થાય અને કૃતકૃપા પાત્રમાં આસક્તિ ન થાય એ જ્ઞાનનિષ્ઠા.

(૫) મનોહર–રૂપથી ચક્ષુ હરે; ગુણથી-દયાથી જ્ઞાનથી દિલને હરે. પીતવાસસ્‌થી જ્ઞાની થયા; પણ મનોહરતા તો દયાના દાનથી, ને જ્ઞાનના આચરણથી.

(૬) કાંચી કલાપ રૂચિરઃ કંકણ, કટિસૂત્ર–નૂપુરની કિંકીણીના શબ્દથી પ્રિયંકર. દાન કાલે કર કંકણ કિંકીણીનો ધ્વનિ ત્યાગ મધુર લાગે (૧) પરપીડા નિવારણે દોડી જતાં ચરણ–કટિસૂત્ર ઘંટિકા નાદ કૃપા મધુર લાગે. (૨)

(૭) લસન્મુકુટ કુંડલઃ મુકુટ ઉપનિષદ જ્ઞાનથી, કુંડલ સાંખ્ય યોગ જ્ઞાનથી શોભાયમાન.

(૮) ત્રિભંગ લલિતઃ ત્રિવલીથી સુંદર. ત્રિવલી આરોગ્ય–યોગ નિષ્ઠાનું સૂચન કરે છે એથી પૂર્ણ યોગીત્વ દર્શાવ્યુ. કામ–ક્રોધ, લોભનો લાલિત્યથી ભંગ કરનારા.

(૯) ચારૂ કૌસ્તુભેન વિરાજિતઃ જ્ઞાનક્રિયામાં સમતોલપણે કે ઐકયપણે વર્તનારા (ગીતાજીમાં)

(૧૦) કોટિમન્મથ લાવણ્યઃ સૌંદર્યની ચરમ સીમા. સૌંદર્ય એટલે ચારિત્ર્ય સંયમની સંમિશ્ર મૂર્તિ.

(૧૧) હરિચન્દન ચર્ચિતઃ સજ્જનોથી પૂજાતા. સંયમપરિમલથી સુગંધિત. પીડિત પીડા નિવારણ ક્રિયાની સુખદ સુખડથી શોભાયમાન મંગલકાય.

(૧૨) પરમાનંદ ચિન્મૂર્તિઃ નિત્ય પ્રસન્ન ને નિત્ય સ્ફૂર્તિમાન્

૧૩) મધુર: સર્વના પ્રિયંકર

(૧૪) મુરલીધર: વાઙ્મયમાંથી પ્રેમામૃત-જ્ઞાનામૃત વહાવનારા.

પાપનું સર્જન સંયોગો, અનારોગ્ય અને અજ્ઞાનમાંથી થાય છે. અને સ્વભાવ પરિવર્તનને સત્સંગથી તેનું નિવારણ થાય. ભાગવતમાં એના નિવારણમાં સામર્થ્ય છે.

પઞ્ચ-ઉગ્રપાપ.

ब्रह्मघ्नश्चैव गोघ्नश्च स्वर्णस्तेयी च मद्यपः
तत्संसर्गी पञ्चमश्च ह्युग्रपापाः प्रकीर्तिताः

બ્રહ્મ હત્યા (૧) ગોવધ (૨) સુવર્ણચૌર્ય (૩) મદ્યપાન (૪) ચારેનો સોબતી (૫)

છલ-ઓછાવત્તાપણામાં વસ્તુનું પ્રદર્શન. ગુણ અલ્પ બતાવવા, દોષ વધુ દર્શાવવા, એ છલ; અથવા અન્યથા પ્રદર્શન, ગુણોને દોષો તરીકે દર્શાવવા.

છદ્મ-કપટ

આત્મદેવનો ઇતિહાસ

આત્મદેવ અને તુંગભદ્રા-પુણ્યકર્મ શ્રેણી=તુંગભદ્રા. પુણ્ય માર્ગાનુયાયી માનવ આત્મદેવ, પુણ્યમયી નદી. અનેક સુકૃત પરંપરા અનેક જન્મમાં સિદ્ધ થાય ત્યારે માનવ કાયા મળે.

दुर्लभो मानुषोदेहो देहिनाम्; बडेभाग मानुष तनुपावा.

पत्तनम्-અનુપમ નગર; મનુષ્ય શરીર.

आत्मदेव- आत्मना दीव्यतीत्यात्मदेवः આત્મ રમણ કરનાર તત્વાન્વેષક જીવ. જીવમાત્ર બ્રાહ્મણ છે, એટલે બ્રહ્મનો અંશ છે. બ્રાહ્મણવંશમાં આવેલ એક બ્રાહ્મણ; બીજો બ્રહ્મત્વ સંપાદન કરનાર. બ્રહ્મ સાનંદની પરિભાષા થઇ. સહજ ગતિ જીવાત્માની આનંદ અભિમુખ હોઈ શકે. વૈયકિતક, ને વૈષયિક સુખ તરફથી નિવૃત્તિ

લઇ સામુદાયિક, ને નૈસર્ગિક સુખ તરફનું પ્રયાણ કરનાર આત્મદેવ. **मनसा-बुद्धया-ज्ञानेन भगवता चैतन्येन साकं क्रीडतीत्यात्मदेवः।** આત્મારામ, સ્થિતપ્રજ્ઞ-મેધાવી, જ્ઞાની, ભક્ત, કે યોગી ભૂમિનો પથિક.

द्वितीय इव भास्करः સૂર્યનું પ્રતીક પ્રતિબિંબ એટલે મહા પ્રકાશનોજ અંશ. **સૂર્ય એટલે સંયત-નિયત-સંશિતવ્રત-નિષ્કલંક ને નિરાલસ.** સંક્ષેપમાં 'સાવધાન' કે ધ્યાનસ્થ.

तत्प्रियाधुंधुलीस्मृता માનવની દ્વિધા પ્રકૃતિ. ત્યાગમયી, ભોગમયી.

सुमति कुमति सबके उर रहहीं-તુલસી કૃત

આસક્તિ રત મનીષા-એ ધુંધુલી આસકિતમાંથી ભકિતમાં તેનો પલટો કરવો એ ભાગવતનું લક્ષ્ય.

બુધ્ધિના નવ દોષોનું પરિવર્તન કરી નવ ગુણોનું-નવધા ભકિતનું ઉદ્‌ભાવન એ ભાગવતની સિધ્ધિ.

ધુંધુલી:-**वदति घर्घ रावात्** પ્રાકૃતિક ખામીઓનું નિરૂપણ કરી સંસ્કારોના સ્થાપનમાં તાત્પર્ય.

માનવનો સ્વભાવ (૧) **स्व वाक्यस्थापिका नित्यं** હઠીલી, દુરાગ્રહિણી મતિ; પોતાનો કક્કો ખરો કરનારી, ઝક્કી. પકડેલી પકડ પ્રતિકૂલ હોવા છતાં ન છોડનાર.

સમાજનાં બે સ્વાભાવિક દુઃખો:

(૧) પરિગ્રહ (૨) દુરાગ્રહ. સમ્પતિ-સામગ્રીમાંથી પરિગ્રહ, અને સ્વભાવમાંથી દુરાગ્રહ, હઠાગ્રહ દૂર થાય તો સૃષ્ટિ મુક્તિનું ધામ છે. પરિગ્રહ, દુરાગ્રહમાંથી છૂટે તે પુણ્યાત્મા કે પરમાત્મા.

(૨) **सुंदरी**-સ્વરૂપ વતી, બહુરૂપી, દેશ તેવો વેશ લેનારી.

(૩) **सुकुलोद्भवा**- કુલીન. માનવની મતિ હોઇને સાત્વિકતા સ્વાભાવિક રાખી શકે. ગન્ધર્વ કિન્નરાદિથી શ્રેષ્ઠ. ત્યાગમાં ઢળી શકવાની યોગ્યતાવાળી.

(૪) **लोकवार्तारता** –બહિર્મુખ સ્વભાવવાળી, નિન્દાશીલ, પ્રપંચવાર્તા રત.

(૫) **क्रूरा** –અદય સ્વભાવવાળી.

(૬) **बहुजल्पिका** –બહુ બોલી, મિથ્યાવાદિની, કચકચ કરનારી.

(૭) **शूरा चे गृहकृत्येषु**–માત્ર સંસાર કાર્યાસકત.

(૮) **कृपणा**–કંજૂસ અથવા અજીતેન્દ્રિય, અજ્ઞાન.

(૯) **कलहप्रिया** –કલેશ પ્રિયા, કંકાસશીલ, કલહરત.

નવપ્રકારના દોષમાંથી નવ પ્રકારની ગુણીયલ બનાવવી. (૧) સરલા (૨) નિશ્ચયમતી (૩) કુલવતી–આત્મગામિની (૪) ગુણવાદિની (૫) સદયા (૬) મિત મિષ્ટ ભાષિણી (૭) આત્મકાર્ય નિપુણ (૮) ઉદાર (૯) સમાધાનશીલ. સંતાન લિપ્સા–વ્યાવહારિક રીતે પુત્રાભિલાષા; આધ્યાત્મિક રીતે વિવેક પુત્રની ઇચ્છા. સકામ–દાન, તપ–જપ–યાગાદિથી ફલપ્રાપ્તિ સ્વર્ગાદિ પ્રાપ્તિ થતી; પરંતુ મનઃ શાન્તિ ન મળતી. આત્મનિષ્ઠા કે આધ્યાત્મિક નિષ્ઠાથી જ મનઃ પ્રસન્નતા પ્રાપ્ત થાય.

મધ્યાહ્ને તૃષા–યૌવન, સન્માન, સમ્પત્તિનો ઉત્કર્ષ મધ્યાહ્ન કાલ છે. એમાં તૃપ્તિ ન થતાં અધિકાધિક પ્રાપ્તિ ને ભોગ વૃત્તિ યૌવનની તૃષ્ણા થઈ. એનો અંત માત્ર સત્સંગથી આવે; સમ્પાદન સંગ્રહમાંથી નહિ; નિગ્રહ અને ત્યાગથી શાંતિ આવે.

યતિ સમાગમ–જેને જોતાં કુમતિ પલટે, સુમતિ બને અને ભગવદ્ગુણ-સેવારતિ ઉલટે, અને પ્રેમ રસ પ્રકટે એનું નામ યતિ.

ફલ પ્રદાન—સત્સંગનો સદુપદેશ એ ફલ છે. જ્ઞાનમાં પણ સંગ્રહભાવ છે. જીવનમાં અવતરણ નથી. ઉપદેશનો અમલ એ ફલ લક્ષણ–જીવને ગમે છે, બુદ્ધિને નથી ગમતુ.

ધુંધુલીએ ફલ ના ખાધુ. શ્રવણનો જીવન સાથે સમન્વય ન સાધ્યો. જ્ઞાનનો ક્રિયામાં અમલ ન થયો. પરિણામમાં પુત્ર ન થયો. પ્રબોધ--વિવેકનો પ્રાદુર્ભાવ ન થયો.

માહાત્મ્યના ૪ થા અધ્યાયમાં ૪૪ શ્લોકથી ૪૯ સુધી કુમતિનું પ્રદર્શન કર્યું છે.

નનાન્દા (નણંદ) લે અમાપ પણ સુખ પર પ્રસન્નતા વ્યક્ત ન થવા દે અલ્પ માત્ર, એવી લૌકિકોકિતને દૂર કરતી ને ન લેતી પણ પ્રસન્ન વદને રહેતી, મધુર વદતી-ભાઈ ભાભીમાંથી દૂરતાને દૂર કરતી ને દિલના છેડા સાંધતી, દયા દાક્ષિણ્ય અને દિવ્યતાની મૂર્તિ એટલે નણંદ. 'ભર્તૃભગિની' વ્યાસજીને અભિમત છે. જે સંસારમાં દામ્પત્ય સુખમાં મદદનીશ પ્રિયસખી બની રહે.

ધુંધુલી–કુમતિ, અને તેની સગી બહેન કુત્સિત સલાહ જે કુસંગમાંથી આવે, મતલબ કુમતિ કુસંગતિના સમ્પર્કમાંથી ધુંધુકારી જન્મે. જેમાં **धुं धुं शब्दं करोतीति धुंधुकारी** પરદારા, પરધન પરાયણતા સ્પષ્ટ ભાસે.

ગોકર્ણ—સુમતિ, સુસંગતિમાંથી ગોકર્ણ પ્રકટે. સુમતિ સુસંગતિના દેશમાં જાય. ત્યાંથી તેને વાસ્તવિકતાનો સંદેશ મળે. ગાયના જેવા, હિત શ્રવણ માટે સદા તત્પર કર્ણ હોય તે ગોકર્ણ, કે ઉપનિષદાદિના શ્રવણમાં જેના કાન હોય તે ગોકર્ણ.

આત્મદેવના બે પુત્રો—જીવના બે સ્વભાવ--ગુણમય, દોષમય. ગુણમય ગોકર્ણ, દોષમય ધુંધુકારી. એક નરક અપાવે, અન્ય મુક્તિ કરતલે લાવે ને વૈકુંઠ ઘરે આવે.

परप्रियाधनं हर्तुं यतो धुंधुं करोत्यसौ ।
धुंधुकारीति लोकेऽस्मिन्सर्वत्र ख्यातिमागतः॥

ગોકર્ણનો ઉપદેશ અને આત્મદેવની મુક્તિ.

દશમ સ્કંધની ભગવલ્લીલા સ્મરવાથી મનો નિગ્રહ થયો. સત્કાર્ય દ્વારા થતો મનો નિગ્રહ મુકિતનું સ્વરૂપ છે. સેવા-રસ, કથા રસથી મોક્ષ. દ્રવ્ય-દેહાદિમાં અનાસકિત અને સમર્પણનો પ્રાદુર્ભાવ સત્સંગ ને સેવાથી જ થવાનાં ને થયો.

ગોકર્ણનું તીર્થયાત્રામાંથી પરાવર્તન-ધુંધુકારીની અસદ્ ગતિ--પ્રેતયોનિની પ્રાપ્તિ. ચિત્તની અપ્રસન્નતા ને વિહ્વલતાને પરિણામે દેહનું, પિંડનું પીડાવું અને પાપેપ્સાપૂરતા અપમાનિત થઇ ભટકવું એ જ પ્રેતત્વ. તેમાંથી સન્માર્ગ સુઝતાં નિવૃત્તિ થઈ એ મુકિત. ગયાશ્રાદ્ધ કરી ભ્રાતાને, પૂર્વજોને અંજલિ આપી ગૃહેપરાવર્તન થયું. જન્મભૂમિનું મહત્વ.

જન્મભૂમિ સર્વશ્રેષ્ઠ તીર્થ

जन्मभूमिः परं तीर्थमित्यायान्ति हि साधवः
जननी जन्मभूमिश्च जाह्नवी च जनार्दनः
जनकः पञ्चमश्चैव जकाराः पञ्च પ્રેતયોનિ. **दुर्लभाः चाणक्यः**

भूतः क्रियाविहीनः स्यात् प्रेतस्तु महतो ह्ययात्
पिशाचः सूतिकास्पर्शी राक्षसो जीवहिंसकः॥

(૧) નિત્ય, નૈમિત્તિક–ને સત્કર્મ છોડે તે ભૂત (૨) પંચમહાપાપમાંથી એકાદ પાપ કરે તે પ્રેત (૩) પ્રસૂતિકાનો સ્પર્શ કરનાર પિશાચ થાય (૪) જીવ હિંસા અનેક હિંસા કરનાર રાક્ષસ બને છે. **संज्ञामात्रं चकार ह–अज्ञातार्था तु या वाणी संज्ञामात्रं तदुच्यते।** અસ્પષ્ટ અર્થવાળી વાણી 'સંજ્ઞામાત્ર' શબ્દથી ઓળખાય. ધુંધુકારીએ સંજ્ઞાથી પીડા બતાવી અને ગોકર્ણે મંત્રિત જલ સિંચન કરી વાણી અપાવી. બંધુ તરીકે મુકિતની યાચના ધુંધુકારીએ કરી.

(૧) હિતમાં યોજે તે બંધુ (૨) પોષણ કરે તે પિતા (૩) જેમાં વિશ્વાસ તે મિત્ર (૪) જ્યાં જીવાય, આજીવિકા મળે તે દેશ **सप्तग्रन्थियुतं तत्रापश्यत्**–સાત ગાંઠ વાળા વાંસડામાં પ્રેતે બેસી કથા સાંભળી. અને પ્રત્યેક દિવસે એક એક ગાંઠ ફાટી. કથા શ્રવણમાં સ્થિર આસન હોવું જોઇએ. અને વકતાનું પણ સ્થિર આસન જોઇએ. સાત પ્રકારની ગાંઠનું નિરૂપણ સ્કંધ-૫, અધ્યાય૫, શ્લોક૮માં દર્શાવ્યુછે.

पुंसः स्त्रिया मिथुनीभावमेतं तयोर्मिथः हृदयग्रन्थिमाहुः।
(૧)દેહ (૨) દામ્પત્ય (૩) ગૃહ (૪) ક્ષેત્ર (૫) સુત (૬) આપ્ત (૭) વિત્ત

એ ૭ પ્રકારની ગ્રન્થિનું વિમોચન સાધન છે–શ્રીમદ્ ભાગવત. ગ્રન્થિ–બે વસ્તુનો સંયોગ. દેહમાં આસકિત–અધ્યાસ થવાથી દેહાભિમાની થઈ અયુકતાચરણ કરે; માટે પ્રથમ, દેહાસકિતનું નિવારણ. ૭ દિવસના શ્રવણથી સપ્ત પદાર્થના અધ્યાસમાંથી છુટવું. સાત પ્રકારની આસકિત ત્યજી સેવાનુરકિતમાં પ્રવૃત્તિ એજ પિંડની ને દ્રવ્યની ગ્રન્થીનું ભેદન.

प्रथम स्कन्धतः–સાત દિવસમાં ૭ પ્રસંગે વિરામ લઇ સપ્તાહની સમાપ્તિમાં પણ રહસ્ય છે તેમજ પ્રથમ સ્કંધથી સ્પષ્ટ આખ્યાન કર્યું-એ વાકયના તાત્પર્યમાં

'पाठस्तु प्रथमं कार्यो व्याख्यान तदनन्तरम्, ।
इतिनियमस्तु सप्ताहे व्याख्यानेन विखंडित :-'॥

કથામાં એટલે નિત્ય પુરાણ પ્રવચનમાં પ્રતિશ્લોકના પાઠ પૂર્વક વ્યાખ્યાન થવું જોઇએ. જ્યારે સપ્તાહમાં ભાગવત સંહિતાના પાઠની રક્ષા માટે પૃથક-વિદ્વાનદ્વારા અક્ષરશઃ પારાયણ કરવું. કારણ કે **परीक्षिते कथां वक्तुं सभायां संस्थिते शुके,** એ વાકયમાં 'કથા' શબ્દ છે, 'પાઠ' શબ્દ નથી. તેમજ **सप्ताहे वाचनं कुरु'** ત્યાં વાચન-પ્રવચનનું વિધાન છે, પઠનનું નહિ. તેથી ભાગવત સપ્તાહમાં અન્ય પંડિત દ્વારા પારાયણ અનિવાર્ય છે. વકતાને ભાગવતાર્થ બોધ કરાવવાનો હોવાથી પાઠ શકય નથી.

સપ્તાહના સપ્ત વિરામ.

પ્રથમ દિવસે વરાહ ચરિત્રની સમાપ્તિ;
દ્વિતીય દિવસે શ્રી ભરતાખ્યાન;
તૃતીય દિવસે શ્રી નૃસિંહ ચરિત;
ચતુર્થ દિવસે વંશ વર્ણન પર્યન્ત;
પંચમે દિવસે ગુરૂલીલા પર્યન્ત;
છઠ્ઠે દિવસે નિરોધ લીલાની સમાપ્તિ;
સાતમે દિવસે શુકગમન પૂજન સુધી.

અથવા

પ્રથમ દિવસે હિરણ્યાક્ષ વધ સુધી,
દ્વિતીય દિવસે ભરત ચરિત,
તૃતીય દિવસે કૂર્માવતાર પર્યન્ત (સમુદ્રમંથન),
ચતુર્થ દિવસે શ્રી કૃષ્ણ જયંતી,
પાંચમે દિવસે રૂકિમણી હરણ પર્યન્ત,
છઠ્ઠે દિવસે ઉદ્ધવ સંવાદ,
સપ્તમ દિવસે સમાપ્તિ પર્યન્ત.

વેદનું સુકર સ્વરૂપ શ્રીમદ્ ભાગવત. શ્રીમદ્ ભાગવતના સપ્તાહ ક્રમે માનવનો ક્રમ વિકાસ દર્શાવ્યો. મીમાંસાના બે વિભાગ. યજ્ઞીય કર્મદ્વારા દેહ સંસ્કાર અને દ્રવ્ય સંસ્કાર. એ ભગવાન્ વરાહે-વરાહચરિત્રથી પૃથ્વીનો સમુદ્ધાર કરી દેહાધ્યાસ–દેહાભિમાન નામની ગ્રન્થી ઉકેલી પ્રથમદિને. દ્વિતીય દિવસે-યોગાધિકારી થયેલ દેહ યોગોપાસના દ્વારા આત્મ જાગૃતિ થઇ, ને પરિણામે મનઃસંયમ આવ્યો. **परो हि योगो मनसः समाधिः।** મનની એકાગ્રતા ભરત ચરિતે બીજા દિવસે થઇ. મન-ઇન્દ્રિય વિશુદ્ધિ થતાં બીજી ગ્રન્થી ઉકલી.

તૃતીય દિવસે નૃસિંહોપાખ્યાને ભકિત સિદ્ધ કરી. ઉપાસનામાં આર્દ્રાવસ્થા લાવીને મુકી; ને સંસારાભિમુખની સર્વ પ્રવૃત્તિ પ્રભુ સન્મુખ થઈ પ્રવાહ ભકિત બની.

ચતુર્થ દિવસે મર્યાદાભકિત પરિપુષ્ટ થવા પામતાં સમર્પણ ભાવ સહજ રીતે પ્રાપ્ત થયો; અને ચતુર્થ ગ્રન્થી છૂટી.

પંચમ દિવસે પુષ્ટિ ભકિતમાં પ્રવેશ થયો. વૈદિક કર્મોની પણ ફલાસકિત નિવૃત્ત થઇ; અને નિષ્કામ પ્રેમલક્ષણા ભકિતની સિધ્ધિ થઈ. સર્વમાં-શત્રુ, મિત્ર, ઉદાસીનમાં-કૃષ્ણ દર્શન થયું.

છઠ્ઠે દિવસે-ભકિતમાં જ્ઞાને પ્રવેશ કર્યો. જ્ઞાને ભેદ દૂર કર્યો. છઠ્ઠી ગાંઠ છૂટી

સાતમે દિવસે ભકિતમાં ત્યાગ-વૈરાગ્યે પ્રવેશ કર્યો. વૈરાગ્યે મોહ દૂર કર્યો. સાતમી ગાંઠ છૂટી.

શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યના સિધ્ધાન્તે ૭ દિવસમાં ભકિતનું સામ્રાજ્ય પ્રવર્તિત થયું અને સમાજમાં પ્રેમનો સંચાર થવા પામ્યો. જ્ઞાન, વૈરાગ્ય તેના સક્રિય સંતાનો થયા.

યોગની પ્રક્રિયાનુસાર ધારણા* એ સાતમી ભૂમિકા છે. તેમાં લાવીને શ્રવણે મુકયો. અને જે યોગાનુષ્ઠાનથી ચક્ર ભેદન થતું, તે સપ્તચક્ર વિભેદન શ્રવણથી થતાં, સહજ સમાધિ મળતાં, ધુંધુકારીની પ્રવાહપતિત જિવની મુક્તિ થઇ. સ્વરૂપનિષ્ઠા સંપાદન કરી. ભક્તિની પ્રક્રિયાનુસાર, નવધા ભકિતમાંથી સપ્તધા, જિવ સાધ્ય ભકિત શ્રવણથી સિદ્ધ થતાં સખ્ય–પાદસેવનની અનુમતિ ભગવત્કૃપા દ્વારા મળી અને જિવ સેવારત થતાં મુકત થયો.

ભાગવતી મુકિત—

અન્યથા ધર્મોની નિવૃત્તિ, પ્રાકૃતિક ધર્મોનો વિલય, આત્મનિષ્ઠાની પ્રાપ્તિ, સ્વરૂપ જાગૃતિ, અને નિર્દોષ-નિરપેક્ષ-ને સાવધ જીવનનો સદેહે અનુભવ, ને પ્રતિક્ષણ અનુભવ એનું નામ ભાગવતી મુકિત. ભાગવત રસ-પાનથી, પીતાંબર, ઘનશ્યામ, કિરીટી, કુંડલી શ્રોતૃસમાજ બન્યો.

श्रोतृनन्यान्घनश्यामान् पीतकौशेयवाससः।
किरीटिनः कुण्डलिन स्तथाचक्रेहरिः क्षणात्॥

પીતાંબરી એટલે વેદનિષ્પન્ન. ઘનશ્યામ એટલે કૂટસ્થ, નિર્વિકાર, અથવા માત્ર 'રસૈકરૂપ'. એને સ્થૂલરસોમાં અભિ નિવેશ ભાગવત રસથી ન રહ્યો. કિરીટી, એટલે જ્ઞાનનિષ્ઠ, અને કુંડલી એટલે કર્મયોગનો સમુપાસક બન્યો. જીવ-ધર્મોથી મુકત થઇ આત્મધર્મમાં માનવ ગયો. પરંતુ સાધન બળથી નહિ, કેવલ કૃપાબલથી. ક્રિયોત્તરભાવિ કૃપાબલે નિષ્ક્રિય જીવીને નહિ.

ભાગવતનાં સૂત્રો—વ્યર્થ આઠ વસ્તુઓ
૧ શિથિલ જ્ઞાન ૨ પ્રમત્ત શ્રવણ ૩ સંદિગ્ધ મંત્ર
૪ અસ્થિરચિત્તનોજપ ૫ વૈષ્ણવ વર્જિત દેશ ૬ કુપાત્રે શ્રાધ્ધભોજન
૭ અશ્રોત્રિયને દાન ૮ અનાચારરત કુલ.

એ આઠ વસ્તુ વ્યર્થ છે

૧ જ્ઞાનનું શૈથિલ્ય–માત્ર જીભમાં, જીવનમાં નહિ.
૨ પ્રમત્ત શ્રવણ–આદતથી શ્રવણ; આદરથી નહિ, સમજથી નહિ.
૩ સંદિગ્ધ મંત્ર-ગુરૂપરંપરા વિનાનો મંત્ર
૪ અસ્થિર ચિત્ત જપ-વિચારાન્તર સાથેનો જપ
૫ વૈષ્ણવ વર્જિત દેશ-સજ્જન સંગતિ રહિત પ્રદેશ
૬ કુપાત્રે શ્રાદ્ધભોજન-શીલાદિ રહિતને ભોજન
૭ અશ્રોત્રિય દાન-અબ્રહ્મનિષ્ઠને દાન
૮ અનાચારરત કુલ-આચાર ભ્રષ્ટ વંશ

એ આઠે આઠ વસ્તુ જો દર્શાવેલ દોષાન્વિત છે તો સફલ નથી.

સપ્તાહ પ્રસંગ ને વિધિ.

गत्वा स्नानं प्रकर्तव्यं गत्वा पृच्छेच्छुभाशुभम्
समाहूय तु यः पृच्छेत्तदर्धफलदं भवेत्

તીર્થ ઉપર જઈ સ્નાન કરવું, તીર્થજલ ઘરે લાવીને નહિ; જ્યોતિર્વિદને ઘેર જઈ મુહૂર્ત પૂછવું, ઘરે બોલાવીને નહિ; એવાં વચન હોવા છતાં 'સપ્તાહ માટે તો શક્યતા સંભવે તો' જ્યોતિર્વિદને ઘરે પધરાવવા એ વિશેષ વિધાન છે. લૌકિક હેતુ, જિજ્ઞાસા પૂર્તિ માટે, જ્યોતિર્વિદને ઘરે જઈ 'સપ્રશ્રય સદક્ષિણાક-સાદર, પ્રશ્ન પૂછવો; પરંતુ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારમાર્થિક પ્રસંગ હોવાથી દૈવજ્ઞને નિજ નિવાસે પધરાવી શુભ મંગલારંભ કરવો.

અષ્ટવિપ્રોથી કાર્ય લેવુ–પ્રકૃતિના અષ્ટાંગ વિજય માટે અષ્ટ-વિપ્રો લેવા. યોગ ને જ્ઞાનનો સમન્વય શ્રીમદ્ ભાગવત છે. યોગ અષ્ટાંગ છે, અને આઠ વિપ્રો આઠ અંગના પ્રતીક છે. માટે આઠનું વરણ કરવું.

भौमार्कि वर्जितावारा:-ભૌમ, શનિવાર નિષિધ્ધ છે; પરંતુ સકામ ઉપાસનામાં. અષાઢ, શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક, માર્ગશીર્ષ મોક્ષ સૂચક ગણ્યા છે. દક્ષિણાયન ભગવત્પ્રપન્ન થયો, અને પ્રપન્નનો મહિમા વધી ગયો. સત્ર માટે, જ્ઞાન શ્રવણ માટે, નિવૃત્તિકાલ મહત્વનો ગણાય.

सर्वथा वाचयेद्-गाथां पारायणमृते विधिम् સપ્તાહ વાચન સર્વથા થઈ શકે. **मासानां विप्र हेयानि** માસોમાં વર્જ્ય.-વ્રતીને સર્વથા વ્રતકાલમાં વર્જ્ય છે. શ્રાવણમાં શાક, ભાદ્રપદમાં દહીં, આશ્વિનમાં દુધ, કાર્તિકમાં કઠોળ, માર્ગશીર્ષમાં કંદ, પોષમાસમાં ગાજર, રતાળૂ-મૂળા મહામાસમાં, જંબીર ફાલ્ગુનમાં, ચિત્રા નક્ષત્રમાં થતાં અન્ન ચૈત્રમાં, કૂષ્માંડ, અને પંડોળાનું શાક વૈશાખમાં, પાન તામ્બૂલ જ્યેષ્ઠમાં. તુરીયાં કુલિત્થ આષાઢ માસમાં ન લેવાં.

પત્રિકા–પ્રત્યેક પ્રદેશમાં પ્રયત્ન કરી મોકલવી. જ્ઞાન, શોક-મોહ સંતરણ, દુખાર્ણવ પારાયણ, રસાયણ છે. વિશાલતાથી એનું વિતરણ વિશ્વની ઉપાસના-સેવા છે.

વકતા—

ષડ-ઐશ્વર્યનું પ્રતીક હોઇ, વકતા છગુણયુકત જોઇએ; અને વિપ્ર હોવો જોઇએ. ૧ વિરકત, ૨ ભકત, ૩ વિદ્વાન, ૪ દૃષ્ટાન્ત દાનદક્ષ, ૫ ધીરપ્રશાન્ત, ૬ અતિનિ:સ્પૃહ (ધનમાન નિરપેક્ષ)

નિત્યક્રમ:–સંધ્યા વંદન તર્પણ આદિનો ક્રમઅતિ સંક્ષેપમાં કરવો.

સ્થાપન:—ગણેશ, પિતૃઅર્ચન, ને શ્રી લક્ષ્મીનારાયણનું સંસ્થાપન, સર્વતોભદ્ર મંડલ ઉપર કરવુ. સર્વનું ભદ્ર થવાની ભવ્ય-વેદી ઉપર ભગવાન,-આનંદ–બીરાજે છે. શ્રી લક્ષ્મીજી સર્વના ભદ્ર માટે વપરાય તો વિશ્વનું ભદ્ર થાય.

શ્રીમદ્ ભાગવત પ્રાર્થના,

श्रीमद्-भागवताख्योऽयं प्रत्यक्ष:कृष्ण एव हि
स्वीकृतोऽसि मया नाथ मुक्त्यर्थं भवसागरे ॥

શુક સ્તુતિ,

शुकरूप प्रबोधज्ञ सर्वशास्त्रविशारद
एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय॥

શ્રી ભાગવતના પારાયણકર્તા આઠ સંખ્યામાં, અને જપ કરનારા પાંચ મળી ૧૩ની સંખ્યા લેવાની પાછળનો હેતુ દ્વાદશાંગ ભગવાન, **અને ધર્મ** ૧૩ મા. તેથી તેરની સંખ્યા લીધી.

શ્રોતા વકતાના નિયમો:-

બ્રહ્મચર્ય અને ભૂમિશયન; અને પતરાળીમાં ભોજન. બુધ્ધિ-બલ, આરોગ્ય સંવર્ધન, સંરક્ષક એવું ઔષધ, બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યનું પોષક ભૂમિશયન અને સાત્વિક અશન. અશન-વસનની સાત્વિકતા વાસના વિજય કરાવે.

આહાર—

હવિષ્યાન્ન સાત્વિક ભોજનમાં મનાય; ફ્લાહાર પણ સાત્વિક, દૂધ પણ હવિષ્યમાં મનાય. વૃત્તિઓને ઉત્તેજિત કરનારાં ભોજન-પાન-ધ્યાનનો ત્યાગ એ શ્રવણ સિદ્ધિનું પ્રધાન અંગ. એકવાર સાયંકાલે ભોજન લેવુ, ઉપવાસ કરતાં અધિક શ્રેષ્ઠ. શ્રવણનાં સાધક વ્રતો કામનાં. કથા પ્રધાન છે. અન્ય નિયમો તદંગભૂત છે. નિયમો પ્રધાનાંગ થાય અને કથા ગૌણ થાય તો શ્રવણહેતુ ન સચવાય. પંડોળાં ખાવાથી બુધ્ધિ ન વધે, મૂલા ખાવાથી બલહાનિ થાય, બિલ્વફળ ખાવાથી કલંક આવે, આવા આરોગ્યના સમગ્ર નિયમોને લીધે સર્વ વ્રતવિધાનો વિચારિત શ્રેણીમાંથી સર્જન પામ્યાં છે.

ઉદ્યાપન:- વૃત્તિઓને ઉત્કૃષ્ટ ક્રિયા વિચારમાં લઈ જવાને ઉદ્યાપન કહેવાય. ભાગવતની સમાપ્તિમાં ઉદ્યાપન એથીજ દર્શાવ્યું. ઉદ્યાપનને કર્મકાણ્ડની પધ્ધતિ આપી અને એનું મૂર્ત સ્વરૂપ દર્શાવ્યું.

ગીતાપાઠ:—વિરક્ત શ્રોતા સમાપ્તિમાં ગીતાપાઠ કરે. જ્ઞાનમાં પર્યવસાન થાય એ ગીતાના પાઠનું પરિણામ છે.

હોમ:—ગૃહસ્થે હોમવિધિ આચરવો. શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધનો પાયસથી હોમ કરવો. અથવા ગાયત્રી મંત્રથી હોમ કરવો. શ્રીમદ્ ભાગવત ગાયત્રીનો વિસ્તાર છે, માટે **દાન:**- હોમ ન સંભવે તો ત્યાગ. માનવની આસકિતની નિવૃત્તિ કરી, વિનિયોગ સમર્પણમાં લઇ જવા માટે હુત દ્રવ્યનો વિપ્ર ભોજનમાં વિનિયોગ કરવો.

દ્રવ્ય, દેહ, દિલ શુધ્ધિનાં બે પ્રધાન અંગ હોમ અને શ્રવણ. કર્મની રીતથી તન, મન, ધનનો વિહિત ઉપયોગ થાય, વિનિયોગ સિધ્ધ થાય. હોમે પૂર્વાંગ શુદ્ધ કર્યું. શ્રવણથી ચિત્ત લય થાય ને આત્મયોગ સિદ્ધ થાય. કર્મ જ્ઞાનનો સમુચ્ચય પ્રત્યેકનો હિતવર્ધક ને સાધક બની જાય.

વિષ્ણુસહસ્રપાઠ—શ્રીમદ્ ભાગવત ભગવન્નામ સ્વરૂપ છે. શ્રવણોત્તર કાલમાં “નામ પ્રીતિ” સિદ્ધ થવી જોઈએ. કલિમાં “નામાયન” એ કૃષ્ણ રસાયન અને રામ રસાયન કરતાં વધુ સુલભ અને સાનુકૂલ છે. ભાગવતની સમાપ્તિમાં માટે જ વિષ્ણુ સહસ્રનામ જાપ વિધાન કર્યું.

કૃતિ, સ્તુતિ અને નતિ, ત્રણ એક એકની સંપૂર્તિ કરે. કૃતિમાં કલા અને સામગ્રીની ક્ષતિ રહે; સ્તુતિમાં જ્ઞાન, બુદ્ધિ અને વૈભવની ઉણપ રહે; એ બન્નેની પૂર્તિ નમસ્કારથી થઈ જાય.

શુભ શકુન—કાર્ય પ્રારંભે, કાર્ય સમાપ્તિમાં, અકસ્માત્ પુણ્ય અતિથિનું આગમન શુકન રૂપ છે. પ્રારંભે સંત આગમને કાર્ય પ્રભુ સ્વીકારશે. અન્તે સન્ત પધરામણીએ કાર્ય પ્રભુએ સ્વિકાર્યું છે, એ સૂચન થાય. સન્ત પુરૂષો ભગવત્ તનુઓ છે. સંતદર્શને ઉત્સાહ વધે. ઉત્સાહ સફળતાનો પ્રાણ છે.

શ્રી શુકદેવજીનું આગમન:—જ્ઞાનનું મૂર્તસ્વરૂપ એ જ શુકદેવજીનો આકાર. અખંડ તારૂણ્ય એટલે ઉત્સાહશકિત. ષોડશવર્ષ એટલે પૂર્ણત્વ. વ્યાસાત્મજ-એટલે નિગમસાર. ચન્દ્રની ઉપમાથી શીતલસ્વભાવ, પ્રસન્ન ને વરદાનદક્ષ દર્શાવ્યાં-તેથી જ ગાયું

तत्राययौ षोडशवार्षिको मुदा.

ભગવદ્ પ્રાદુર્ભાવ:— શ્રી શુકદેવજી જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યની મૂર્તિ હોવાથી-અથવા પ્રાણીમાત્રમાં તે ત્રિપુટીના પ્રવર્તક હોવાથી સમષ્ટિમાં અને વ્યકિતમાં પ્રમોદ-મંગલ આવે, એ ભગવદ્ પ્રાદુર્ભાવ. ભાગવત સમાપ્તિમાં પ્રાપ્તવ્ય ભગવાન-આનંદ. માટે જ

मध्ये सभायां हरिराविरासीत्

લીલા દર્શન:—નિજલોકમાં નિત્યલીલાનો અનુભવ થાય. લીલા દર્શન કાલમાં કથાનો તિરોભાવજ હોય. પ્રભુ દર્શનના પૂર્વકાલમાં સ્તુતિ હોય–ગુણગાન હોય. દર્શન થતાં સમાધિ-આનંદનો ઉદ્રેક એટલે ક્રિયાનો વિરામ. તેથીજ ભાગવતરસ લીલા-સ્થલીઓમાં સુલભ નથી. સ્વર્ગમાં વિલાસ–ભોગ લીલા, વૈકુંઠમાં રાસલીલા, કૈલાસમાં તાંડવનર્તનલીલા, સત્ય લોકમાં બ્રહ્મચિંતનલીલા, હોઈ માત્ર ભકતોના સહવાસમાં પી શકાતી ગુણકથન સુધા કેવલ વસુધામાં સુલભ છે. લીલા દર્શનમાં સ્વતૃપ્તિ, ગુણાનુવાદ પાનમાં સર્વ તૃપ્તિ. લીલા માનસ દ્રશ્ય છે; જ્યારે રસ પેય છે. રસપાન સર્વાંગને પુષ્ટિ આપે, માટે **स्वर्गे सत्ये च कैलासे**……..કહ્યું.

છ અંગો સહિત રસ:—ભગવદ રસ, છ ધર્મો અને ધર્મી સાથે વર્ણવ્યો. કીર્તન રસ સાક્ષાત્ શુકદેવજી છે. દશે પ્રકારના રસના એ પરિવેષ્ટા છે. રસ સર્વત્ર ગામી છતાં કૌમાર, અવિવાહિત છે. બ્રહ્મચર્યથી રસ અનુભવાય. ઉર્ધ્વ રેતસ્ એ એક જ સહજ-આનંદ અનુભવી શકે. તેથી શુકદેવ બ્રહ્મચારી છે. પ્રહલાદે તાલ બજાવી, કારણ એનું અંગ સ્ફુર્તીલું હતું. ઉદ્ધવે કાંસીજોડા વગાડ્યાં **कांस्यतालादिकं घनम्** એટલે તાલનો અર્થ તાલીઓ પણ થાય અને ઝાલર પણ થાય; અને સ્વર–સંગીત નારદે પૂર્યાં; ગાન મધુર કંઠ હોઈ અર્જુને કર્યું. હાથનો દેવતા ઇન્દ્ર હોવાથી મૃદંગ બજાવી. હર્ષાવેશ માટે જય શબ્દ–જાગૃતિ માટે જયધ્વનિ જિતેન્દ્રિય સનત્ કુમારોએ કર્યું–ભાવ નિરૂપણ રસમૂર્તિ શુકાચાર્યે કર્યું. કથામાં ભાવ, પ્રધાન વસ્તુ છે.

શ્રીમદ ભાગવત પ્રચાર:—(૧) ભગવત્તિરોધાન પછી ૩૦ વર્ષ થયાં અને ભાદ્રશુકલ, નવમીથી પૂર્ણિમા પર્યંત શુકદેવ-પરીક્ષિત દ્વારા સપ્તાહનો પ્રારંભ થયો. (૨) પરીક્ષિત મોક્ષ પછી અસો વર્ષના અંતે ગોકર્ણ–ધુંધુકારી પ્રસંગ થયો. એ પ્રસંગ

અષાઢ સુદ નવમીથી પૂર્ણિમા. (૩) ત્રીજો પ્રસંગ કાર્તક સુદ નવમીથી પૂર્ણિમાનો–નારદ–સનત્કુમારોનો થયો. જે વિસ્તૃત મહાધિવેશનોના સ્વરૂપમાં એટલે સત્રની શ્રેણીમાં થયા.

શ્રોતા માટે:—

कृष्णप्रियं सकलकल्मषनाशनं च मुक्त्येकहेतु मिह भक्तिविलासकारि
सन्तः कथानकमिदं पिबतादरेण लोके हि तीर्थपरिशीलनसेवया किम्

આદરના પાત્રમાં પાન કરતાં આનંદનો અનુભવ થાય.

હે સત્પુરૂષો ! શ્રીકૃષ્ણને પ્રિય, સકલ દોષોને નાશ કરનાર, મુક્તિના કારણરૂપ, આ લોકમાં ભક્તિનો વિલાસ કરાવનારી, આ કથાનું આદરથી તમે પાન કરો. લૌકિક હિતકારી વિષયોના વિચારથી ને સેવનથી શું લાભ થશે?–શ્રોતાને ઉદ્દેશીને વિધાન કર્યું.

असारे संसारे विषयविषसंगाकुलधियः
क्षणार्धं क्षेमार्थं पिबत शुकगाथाऽतुलसुधाम्।
किमर्थं व्यर्थं भो व्रजत कुपथे कुत्सितकपथे
परीक्षित्साक्षी यच्छ्रवणगतमुक्त्युक्तिकथने ॥

एतां यो नियततया श्रृणोति भक्त्या यश्चैनां कथयति शुद्ध वैष्णवाग्रे
तौ सम्यग्–विधिकरणात्फलं लभेते याथार्थ्यान्न हि भुवने किमप्यसाध्यम्

નિવૃત્તિની પળો માનવનો નાશ કરે છે, જ્યાં વૃત્તિઓનો એક સામટો હુમલો છે. માટે એક અથવા અડધી ક્ષણનું શ્રવણ ક્ષેમ સંરક્ષણ કરશે. કાલ વ્યસન–વાસના ભક્ષણમાંથી બચાવશે.

કોઈપણ મનુષ્ય નિયમમાં રહી ભકિતથી આ કથા સાંભળે છે, તથા જે શુદ્ધ વૈષ્ણવ આ કથા કહે છે તે બન્ને ઉત્તમ વિધિ કરવાથી યથાર્થ રીતે ફળ મેળવે છે. ત્રણ લોકમાં એને કંઇ પણ અસાધ્ય હોતું નથી.

મહિમા–એટલે મનની નિષ્ઠા વધારનારી પ્રભુના ગુણોની પ્રતિષ્ઠા.

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય સંપૂર્ણ.

* * *

વિશ્વસુહૃદ શ્રીમદ્ ભાગવત્

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्-वासः कनककपिशं वैजयन्तीञ्च मालाम्
रन्ध्रान्वेणारेधर सुधया पूरयन् गोपवृन्दै
वृन्दारण्यं स्वपदरमणं प्राविशद् गीतकीर्तिः

वंशीविभूषितकरान्नवनीरदाभात्पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात्
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात्कृष्णात्परंकिमपितत्त्वमहनजान

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ

અધ્યાય સંખ્યા ૧૯, શ્લોક સંખ્યા ૮૦૯, ઉવાચ સંખ્યા-૭૨
પ્રથમ સ્કંધ-અધિકાર લીલા.

શ્રી નાથજી ભગવાનનો દક્ષિણ ચરણ કમલ.

પ્રથમ સ્કંધમાં ૩ પ્રકરણ અને તેના બે પ્રકાર.
૧. સાધારણ, અસાધારણ, ગુણાતીત
૨. હીનપ્રકરણ, મધ્યમપ્રકરણ, ઉત્તમપ્રકરણ

૧. સાધારણ પ્રકરણ.

સાધારણ પ્રકરણના ૯ અધ્યાય અને તેના ૩ પ્રકારે વિભાગઃ-

(૧) જિજ્ઞાસા, શ્રવણમાં આદર, મત્સરનો અભાવ. એ પ્રથમના ૩ અધ્યાયમાં.

(૨) ત્રિવિધ ભગવદીયત્વ. ભગવદ અંશથી ભગવદીય, ભગવદ્-અવતારથી ભગવદીય, અને ભગવદ્ ભક્ત તરીકે ભગવદીય. એ ૪-૫-૬ અધ્યાયોમાં.

(૩) ત્રિવિધ-શુધ્ધિ,-માતૃશુદ્ધિ. પિતૃશુદ્ધિ, પોષક અન્ન શુદ્ધિ. માતૃશુદ્ધિમાં માતા, માતામહી અને પ્રમાતામહી-ઉત્તરા, દ્રૌપદી કુન્તીમાતાની સ્તુતિથી માતૃશુદ્ધિ મળી. પિતા, પિતામહ, પ્રપિતામહ-અભિમન્યુ, અર્જુન, પાંડુ-વિદુર આદિની શુદ્ધિ પણ સ્તુતિઆદિથી સ્પષ્ટ થઇ. ભીષ્મસ્તુતિથી પોષકાન્નની શુદ્ધિ દર્શાવી. એ ૭, ૮, ૯ અધ્યાયોમાં.

૨. અસાધારણ પ્રકરણ.

નવ અધ્યાયથી વહેંચાય છે. ૧૦-૧૧-૧૨ અધ્યાયોમાં, ત્રિવિધ સુખસિદ્ધિ-સ્વસુખ, સ્વકીય સુખ, ભગવત્સુખના ત્રણ પ્રકારો છે. ૧૩, ૧૪, ૧૫ અધ્યાયોમાં પિતા, પિતામહ, પ્રપિતામહની મુક્તિ, એટલે ત્રણ પૂર્વજોની મુકિત. ૧૬, ૧૭, ૧૮ અધ્યાયોમાં ત્રિવિધ ઉન્નતિ-સર્વોન્નતિ, આત્મોન્નતિ, અને ધર્મોન્નતિ.

૩. ગુણાતીત પ્રકરણ.

એક અધ્યાયમાં. 'ભગવદ્દેકતાન' પણું ઉત્તમાધિકારીનો ધર્મ છે. ૯૯ વૈરાગ્યમૂલક તે ધર્મ બની શકે.


અધિકાર
૯ (અધ્યાય)
સાધારણ
૯ (અ.)
અસાધારણ
૧ (અ.)
ગુણાતીત
૩ (અ.)
૩ (અ.)
૩ (અ.)
૩ (અ.)
૩ (અ.)
૩ (અ.)
જિજ્ઞાસુ ભગવદ્દંશ માતૃશુદ્ધિ સ્વસુખ પિતૃમુકિત સર્વોન્નતિ
શ્રવણાદૃત ભગવદવતાર પિતૃશુદ્ધિ સ્વકીયસુખ પિતામહમુકિત આત્મોન્નતિ
અમત્સર ભગવદીય અન્નશુદ્ધિ ભગવત્સુખ પ્રપિતામહમુક્તિ ધર્મોન્નતિ

ઉદ્દેશ:—વિનિયોગ, સમસ્ત સમસ્યાઓનો ઉકેલ છે, તપશ્ચર્યાનું ફલ છે, યોગનું બલ છે, જ્ઞાન–ભકિત કર્મનું મૂલ છે. વિદ્યાનો વિજય વિનિયોગથી છે. વાસનાઓનો ઉપાસનામાં અને આસકિતનો ભકિતમાં પલટો વિનિયોગનો મહિમા છે. જીવનમાં મૂળભૂત પરિવર્તન અને દૈનિક થતા દૈહિક, બૌદ્ધિક, ને આર્થિક વ્યવહારમાં વાસ્તવિકપણુ, વિનિયોગનું નિશાનછે. ઉદાસીનતાને ઉત્સાહમાં, નિરાશાને કર્મણ્યતામાં, કૃપણતાને ઔદાર્યમાં, કાપટયને સારલ્યમાં, ચિંતાને ચિંતનમાં, ચાપલ્યને ચાતુર્યમાં, સહજ રીતે ને સ્વલ્પ પ્રયાસે પલટવાં, ને 'જીવન સંશોધન' કરી, જીવનનો નૈસર્ગિક આનંદ લેવો, ને આનંદ દેવો, એ વિનિયોગનું ધ્યેય છે. વિભુ અને વિશ્વની પ્રસન્નતા કેવળ વિનિયોગથી શકય છે. શકિતના વિપુલ સલિલને વ્યકિત વ્યકિતના જીવન કયારામાં સિંચન કાજ વાળીને ને, સર્વનિયંતાના સ્વરૂપને નિહાળી, ભકિતના ભાથાથી જીવન મુસાફરી અવિઘ્ને સફળ કરી એક વિશ્વ–પિતાની અમી નજર સામે નિર્મલ નિર્દોષ–નિર્લેપ સ્વરૂપે ઉભા રહી તેની નજરમાંથી નિર્બાધ વહેતાં નીર–કૃપાનીર માનવને પાવાં એ એકજ વિનિયોગનો અભિલાષ છે.

શકિતમાં સંયમ, સમ્પતિમાં સેવા, સૌંદર્યમાં શીલ, શ્રદ્ધામાં બુદ્ધિ, વિદ્યામાં વિવેક, લક્ષ્મીમાં લક્ષણ, સેવામાં સ્નેહ, સ્નેહમાં સિદ્ધાન્ત, બાલ્યમાં અચાંચલ્ય, યૌવનમાં અનુન્માદ, વાર્ધકયમાં ચિત્ત પ્રસાદ, તપશ્ચર્યામાં દયાને વસાવી માનવતાને વિકસાવવાં, એ વિનિયોગની સિદ્ધિઓ છે. એક વિવેક માત્ર વિનિયોગને લાવી સ્થાપી શકશે.

ક્રમશ: ક્રિયાશીલ થતા માનવે ઉદયગિરિને શિખરે પહોંચવું, પૂર્ણ સ્વરૂપે પ્રકાશવું અને રાચવું. ક્રમિક રીતે થતો મન્દ પણ મજબૂત વિકાસ વધુ સ્થિર અને સત્ય સ્વરૂપ પકડશે. જીવનધ્યેય સિધ્ધિનું પ્રથમ પગથિયું અધિકાર.

યોગ્યતા અથવા અધિકાર પ્રત્યેક ક્રિયારંભનુ ખાત મુહૂર્ત છે. તે ઉપર અમૂલ્ય ઇમારત રચી શકાય. ક્રિયાને અનુરૂપ કાયા, બુધ્ધિ, ઇન્દ્રિયોનું ઘડતર સાધકનો પ્રથમ પુરૂષાર્થ છે. સ્વભાવની કેળવણી ક્રિયા પરાયણને અતિમહત્વની છે. કોઇપણ કાર્ય માટે કાર્ય ક્ષમ થવા "શ્રવણ" પ્રથમ સાધન બને. શ્રવણ અધિકારના પ્રત્યેક અંગોને અનુરૂપ અને અનુકૂળ બનાવી દેશે.

પરંતુ શ્રોતાના સ્વરૂપની યોગ્યતા આદર, જિજ્ઞાસા, ગુણગ્રાહિતા વિગેરે અનિવાર્ય સૌમ્ય ગુણોથી સહજ સિદ્ધ થશે. વકતા-શ્રોતા બન્ને શ્રીમદ્ ભાગવતના શ્રોતાછેજ. ઉભયમાં ઉપરોકત ગુણો મહત્વના ગણાય. દૈન્ય ગુણ પ્રધાન સહાયક થઈ રહે. કૃપાપાત્રત્વ, દૈન્ય ગુણનાજ મોટા સહકારથી.

પ્રાથમિક ભૂમિકામાં અધિકાર સંપાદન કરી ચુકેલ "જ્ઞાન પ્રાપ્તિ" માટે યોગ્ય બનશે. અધિકાર પ્રથમ સંસ્કાર અથવા પ્રથમ પગલું. જ્ઞાન બીજો સંસ્કાર. પ્રથમ સ્કંધમાં અધિકાર ત્રણ પ્રકારે વર્ણવ્યો છે. ૧૯, તેના અવાંતર ભેદો છે. સામાન્ય, અસામાન્ય, અને ગુણાતીત-એ મુખ્ય ત્રણ વિભાગ. કેવલ જ્ઞાન પ્રધાન નિરૂપક અને શ્રોતા તત્વ ગ્રાહિ અને દક્ષ હોય છે; પરંતુ ભાવ ગૌણ હોઇ સાધારણની કોટિમાં મુકાય. સૂત–શૌનક, સાધારણ કક્ષામાં. **मन्ये त्वां विषये वाचां**

स्नातमन्यत्र छान्दसात् આપને વેદાતિરિક્ત સાહિત્યમાં નિષ્ણાત માનું છું એવા સૂત પ્રત્યેના નિર્દેશમાં, શ્રી શૌનકે, અન્તર્ગર્ભિત પોતાનું વૈશિષ્ટ્ય બતાવ્યું. વકતા તરફ તેથી આદરનું કમીપણું ભાસ્યું 'આદર માનવના ઉત્કર્ષનો ઉર્ધ્વગતિ–સાધક દાદર છે.' તે ન મળ્યો. સૂતમહર્ષિને વકતૃત્વ શૈલી ને નિરૂપણ ચાતુર્યનું સ્મરણ રહેતું જે ભગવદ્–ભકિતભાવમાં અવરોધક થતું. યશો ભાવનાથી ગુણગાન પણ એક રીતે ચિત્ત પ્રસાદક નથી થતું. સર્વોત્તમ ફલ ચિત્તપ્રસાદ છે.

શ્રી વ્યાસ મહર્ષિ અને દેવર્ષિનારદજી, અનેક કાર્યમાં પ્રવૃત્ત હોઇ ચિત્તસ્થૈર્ય ન સમ્પાદન કરી શકયા; તો પણ જ્ઞાન–ભકિત સરખાં હોવાના કારણે, કક્ષા શ્રેષ્ઠ ભાસી. અને અસાધારણ વકતા શ્રોતા ગણાયા.

પરંતુ કેવલ રસૈકપૂર્ણ અને ભાવ સમાધિ મગ્ન, પરિક્ષિત અને શુકદેવજી હોવાથી ઉત્તમ કક્ષ, શ્રોતા વકતા માન્યા. પ્રથમ સ્કંધમાં ઉત્તમ કક્ષાના વકતા શુકદેવજીનું વ્યાખ્યાન શરૂ નથી થયું, તો પણ તેમના આગમનથી સમાજના તેઓ પ્રત્યેના અભ્યુત્થાને, સન્માને તેઓશ્રીનું સર્વોત્તમત્વ સિદ્ધ કર્યું અને ગુણાતીત વકતા ગણાયા. ધન, માન, યશઃથી પર કેવલ ભાવ સમાધિરત વકતા હતા. જ્યારે કોઇપણ સંભળાવનારનો નિર્ણય કર્યા વિના કેવલ ભગવત્ તત્પર થઈ, ભાગીરથીનો સમાશ્રય સેવતા પરીક્ષિતની કેવલ ભગવન્નિષ્ઠા સિધ્ધ કરી અને દઢવૈરાગ્ય અને દઢ ભાવે ઉત્તમશ્રોતાના ગુણને દર્શાવ્યો. દક્ષિણ ચરણરૂપ, પ્રથમ સ્કંધથી અધિકાર સિધ્ધ થયો. પ્રભુના દક્ષિણ ચરણને સ્પર્શ કરતાં યોગ્યતા મેળવાય. અનેક પ્રયત્નોથી દુર્લભ યોગ્યતા કેવલ નમસ્કારથી ને ચરણ સ્પર્શથી મળે. **विना महत्पादरजोऽभिषेकम्** સહજ રીતે જ નમઃસ્કારથી દૈન્ય આવે છે. તેમાં જ્ઞાન પ્રવેશી શકે છે.

દ્વિતીય સ્કંધ વામચરણથી જ્ઞાન મળ્યુ. પ્રમાણિકતા-ને હોશિયારી ક્રિયાનાં અંગો છે. પ્રણામથી પ્રમાણિકતા આવી. અને જ્ઞાનવિદ્યામાંથી હોશિઆરી સંપાદન કરી શકાય. જ્ઞાન સમ્પાદન કરી જીવન ઉત્કર્ષમાં એક પગલું આગળ વધ્યો; અને સહજ જ્ઞાનમાંથી સંસ્કાર

જાગ્યો, '**कुर्याम्**' હું કંઇ પણ કરૂં. પ્રમાદમાંથી જાગૃત કરતાં ક્રિયાની ખૂબ ભૂખ લાગી. તેની ક્ષુધા પોષક, માફક, વર્ધક પદાર્થોમાંથી થવી જોઇએ. તે માટે 'તૃતીય સ્કંધમાં' સર્ગ–રચના દર્શાવી.

તૃતીય સ્કંધથી સર્જન આરંભ્યું. જ્ઞાનમાં કર્મે અને કર્મમાં જ્ઞાને સહકાર મેળવ્યો. રચનાઓ અનેક પ્રકારની થવા લાગી; અને પ્રત્યેક રચનામાં રહી જતી કોઇપણ અપૂર્ણતા અને ક્ષતિ, ક્રમશઃ શોધવાં ચાલુ રાખ્યાં. ચિંતનના પરિણામે અને અબાધ પરિશ્રમની તપસ્યાએ સામગ્રીઓની રચના સાથે સદુપયોગ કરશે એવી આશાને સફળતા આપતી છેલ્લી રચનામાં મનુ–શતરૂપા બન્યાં. મનનશીલ મનુ બન્યા; અને સૃષ્ટિ માધુર્ય–સૌંદર્ય–ચાતુર્યરૂપે શતરૂપા થયાં. તાત્પર્યમાં સ્ત્રી–પુરૂષની અનુપમ સૃષ્ટિ મુકી. તેમાં તેત્રીસ દેવોને સ્થાપ્યા અને તૃતીય સ્કંધ બન્યો, જે પ્રભુનો દક્ષિણ કર થયો. ક્રિયા કરવાની વધુ હાથને, અને સાથ પગનો; માટે પ્રથમ દ્વિતીય સ્કંધ રૂપી દક્ષિણ વામચરણ સમીપ,-'આજાનુબાહુ'-ચરણ પર્યન્ત દીર્ઘ એવા બે હસ્ત દર્શાવ્યા. ક્રિયા કરવાની હાથથી માટે તૃતીય સ્કંધ દક્ષિણ કર. એક હાથથી ક્રિયા ન થાય. દ્વિતીય હાથની જરૂર પડે. જેથી ચતુર્થ સ્કંધની રચના કરી, જે વામ કરકમલ થયો.

ચતુર્થ સ્કંધ–વિસર્ગ લીલા. ભગવાનની કરેલી સૃષ્ટિ એ સર્ગલીલા-ચેતન, જડ, સ્ત્રી,પુરૂષ વિભાગ; પરંતુ બ્રહ્માની સૃષ્ટિ વિસર્ગ. સ્ત્રીપુરૂષના સામાન્ય ધર્મથી આગળ વધીને વિશેષ નામ, ક્રિયા સંબંધ યુક્ત સૃષ્ટિ બનાવી જેથી વ્યવહાર ક્ષમતા બની શકી. સેવા, શ્રધ્ધા, સમર્પણ, વિવેક એ ચાર ચતુર્થ સ્કંધના સ્તંભ-સૃષ્ટિની દઢતાના પાયા. સમાજ એ ચાર ક્રિયાના આધારે સફળ યાત્રિક બને. તે યાત્રિકને-ક્રિયાશીલને સ્થાન જોઇએ. સ્થાન એટલે આધાર અથવા ક્ષેત્ર.

પંચમ સ્કંધ સ્થાન અથવા ક્ષેત્ર છે. ક્ષેત્ર અને મિત્ર એ બે વિજયનાં અવલંબનો. પંચમ સ્કંધ સ્થાન છે. ભગવાનનો દક્ષિણ સાથળ છે. ક્રિયાશીલ થવા ત્રણ આધાર બતાવ્યા. સ્વભાવ ત્રણ

પ્રકારનો, તેના પ્રભાવે ક્રિયા ત્રણ પ્રકારની. ક્રિયા પ્રમાણે પરિણામ. ભૂમિ, ત્રણે પ્રદેશમાં અનુકૂલ દેશ છે. પાતાલ, ખગોલ, ભૂતલમાં. ઉભય લોકના ભૂતલને ચાહે છે. સેવોપયોગી વૃત્તિ-પ્રવૃત્તિ માટે, અનુકૂલ દેશ પૃથિવી છે. ક્ષેત્ર અનુકૂલ થતાં કર્તવ્યને જય મળ્યો. ત્યાં સહાયક ઉદ્યોગ, જ્ઞાન, સ્નેહ મિત્રો થયા. મિત્રના ક્ષેત્રના સહકારે પૂર્ણ વિજય થયો. વિજય સંપાદન કરનારે પોષણ મેળવ્યું.

ષષ્ઠ સ્કંધ, પુષ્ટિ-પરમાત્માનો વામ સાથળ. એકજ સાથળમાં સુખ રીતે ન બેસી શકાય. કર્તવ્યને ક્ષેત્ર નામનો આધાર મળ્યા બાદ તેના કાર્ય ઉપર, ઉપરી અધિકારીની, નિરીક્ષકની અમીદષ્ટિ,—અનુગ્રહ દષ્ટિ વધુ પોષણ-પ્રેરણા આપે. પ્રેરકના પ્રકાણ્ડ બળે આગળ વધે. બુ. ધને પરિશ્રમને કૃપાસિંધુ બિંદુનું પ્રોત્સાહન મળતાં પ્રફુલ્લિત બની કાર્ય કરે અને પરિશ્રમનો અનુભવ પણ ન થાય. પ્રતિક્ષણ પ્રફુલ્લ અને પ્રસન્ન તે લાગે. પરંતુ જીવનપથમાં તે ક્ષણે કંઈક પ્રતિબંધો આવે. તેનું સ્વરૂપ વાસના.

સપ્તમ સ્કંધ ઊતિ અથવા વાસના-શ્રીવાસુદેવનો શ્રીનાથજીનો કટિ ઉપર મુકેલ દક્ષિણ હસ્ત—ઉપાસનાને અવરોધનાર વાસના. પૂર્વમાં ભોગવેલાં કર્મોની સૂક્ષ્મ આસક્તિ કર્તવ્યક્ષેત્રમાં તેનાં ફલો સન્મુખ થતાં તે સર્વ પ્રબલ બને. સ્થિતપ્રજ્ઞ માત્ર ન ડગે. અસ્થિર મતિ ધ્યેય ચુકે અને ભોગ અભિમુખ થતાં વિલંબ ન લાગે. વિવેક કવચિત્ કવચિત તેને વારે, પણ તેને જીવન ઓવારે પૂર્ણ સહકાર ધર્મનો મળી રહેતાં માર્ગ મોકળો થાય. વાસનાના વાદળને ધર્મ—સૂર્ય દૂર કરી દે.

અષ્ટમ સ્કંધ રૂપી ઉત્કર્ષનું પગથિયું, તે ભગવાનનો દક્ષિણ સ્તન છે. તેમાંથી તેને તે વાસનાનાં વર્તુલોમાંથી બહાર નીકળવાની રીતિઓ બતાવે છે; જે રીતોથી તે સ્વયં સ્થિરમતિ, કર્તવ્ય પથ પર પુનઃ આરૂઢ થાય અને આવેલ માનસ શૈથિલ્યને ફરી દઢ કરે. મતિ દેશમાં, કાર્ય રતિ તરફની મમતા જ દઢતમ થાય. ફલ તરફ માંડેલી મીટ, પાછી વાળી અફલાકાંક્ષી થવાના નિર્ણય તરફ દોરે. ત્યાં તેને સંદિગ્ધ અવસ્થા અથવા દ્વિધા સ્વભાવ વિષમ સંયોગોને લીધે મુંઝવે. ફલ વિના કેમ ચાલે? મુશ્કેલીઓ કેમ ઉકલે? વિઘ્નો કેમ દૂર થઇ શકે? આવી શિથિલતામાં સર્જન જીવની વધુ ને વધુ વિચારોની સંશોધન સંજિવિની બને, તેમજ ક્રિયાની શુદ્ધિ કરનારી પણ બને. વિશ્વાસ આવતો જાય. કેવલ સેવાવ્રતી થવાનો 'મનોરથ' એના જીવનનો આદર્શ થઇ જાય. પછી તેને નૈસર્ગિક કરી તેજ ઇન્દ્રિય ઉપર મનોરાજ્ય ઉપર પ્રભુત્વ મળે. એ પ્રભુત્વમાં રસિકપણુ લાવવા-બનાવવા પ્રેમરસનો સ્વયં સ્ફુરિત સ્રોતસ્ પ્રસવ પામે; જે તેનો નિરોધ કરે.

નિરોધ દશમ સ્કંધ, જીંદગીનો જવલંત વિજય, કે સાફલ્ય રસાત્મ શ્રીકૃષ્ણનું હૃદય સ્થલ. માનવ--માનસ તે હૃદયમાં પ્રવેશે, અગર માનવના હૃદયમાં તે પ્રેમપીયૂષને વસાવે કે જ્યાં, સહજ રીતે સમાધાન, સંતોષ તેને મળ્યા જ કરે. જ્ઞાનને ભાન સાથે, અને પુણ્યશ્લોકના ગુણગાન સાથે, કર્મને પરોપકારના વર્મ (કવચ) સાથે, અને દુઃખમર્મના અનુભવ સાથે, ભકિતને વિરકિતના ભાથા સાથે, અને પ્રતિક્ષણે સેવાની અનુરક્તિ સાથે, પ્રવાસ કર્યે જ જવાનું મન થાય. એ માટે ભગવચ્ચરિત્રોમાં પૂરતો રસ, સામગ્રી, વિગેરે મળ્યાં કરે. ભગવાનના હૃદયમાં એ પ્રકારે તેને નિવાસ મળી જતાં, પુષ્પના પરિમલની માફક તેનો સુવાસ પ્રસરે. તેને મુકિત ગણી. ફલોનું વિભુને—વિશ્વને સમર્પણ એ મુકિત.

મુકિત—એકાદશ સ્કંધ—પાંથના જીવનનું અગીઆરમું પગલું. જે ભગવાનનો મંગલ લલાટદેશ, અથવા મુખારવિંદ પ્રદેશ. મોહ, શોક, પ્રમાદ, ભ્રમ આદિની નિવૃત્તિ કેવલ મુખાવલોકન માત્રથી. જ્ઞાન, કર્મ, ઉપાસનાનાં ને સાધનોનાં અમોઘ બલોના પણ ઉદ્યોગથી એ અધિક સફલતા દેનાર, અને ઉદ્વેગને હરનાર કેવલ 'મંગલ મુખદર્શન' છે. અનેક પ્રકારના સંશયોનું સમાધાન દર્શનમાં છે. સમસ્ત દર્શનશાસ્ત્રોના 'સારતત્ત્વ'નું દર્શન તે મુખદર્શન. જીવનમાં દર્શનોને જીવી, મુખે બતાવ્યાં તેથીજ મુખદર્શન મુખ્ય ગણ્યું. મુકતને આશ્રય મળે.

આશ્રય-દ્વાદશ સ્કંધ-પથિકનું તે વિશ્રામ ધામ. જે ભગવાનનો

અભય–વરદ વામ હસ્ત. તેના આશ્રયમાં બેઠેલ પાંથ સર્વથા નિર્ભય છે. જગતમાંથી કર્તવ્ય લઈ, ફળ માત્ર ભગવાનનાં ચરણમાં મુકી દઇ, આચરણમાં અનન્ય શરણ લઇ આવેલાને મરણ ધર્મમાંથી મુક્તિ મળી, અને સ્વરૂપ સ્થિતિનો અનુભવ મળ્યો. ફલો માટે, લાભો માટે, પરિતઃ ચારે બાજુ–ઇક્ષણ–અવલોકન કરવાનું મૂકી દઇ આત્મનિરીક્ષણ કરતો માનવ અસાધારણ આત્મ વિજય પ્રાપ્ત કરી ચૂકયો. જેથી જીવનની કૃતકૃત્યતા થઇ ચૂકી. એ શ્રીમદ્ ભાગવતના ૧૨ સ્કંધ મનુષ્યના જીવનના બાર વિભાગો થયા, જે સમાધિભાષા રૂપે શ્રીમદ્ ભાગવત, પ્રપન્ન બાળકની પીયૂષ વાહિની માતા છે.

પ્રપત્તિ

પ્રપત્તિના પાયા ઉપરની રચેલી ઇમારત શ્રીમદ્ ભાગવત છે. સર્વ શાસ્ત્ર–સાધનોના જ્ઞાન મહાસાગરના મંથનમાંથી અનુભવ મથનદંડે મથિત કરી 'તત્વસાર' ભાગે મુકેલ માખણ એટલે પ્રપત્તિ. યોગ્યતા સમ્પાદન કરેલ, જ્ઞાનના સંપૂર્ણ સમ્પાદને જીવનક્ષેત્રમાં ક્રિયા આરંભ કરી ને તે ક્રિયામાં ચાતુરી ભરીને કોઈ ઉન્નત પદવીએ પહોંચેલ અને કૃપાપાત્ર સુપુત્ર પુણ્યમયી માતાના ચરણે અભિવંદને આવતાં માતાએ વંદન કરતા સુપુત્રને બન્ને કોમલ કરકમલે ઉભા કરવાનો પ્રયત્ન કરતાં ન સફળ બની. વિશ્વના ભારથી અધિક વંદનનો ને વિશ્વાસનો ભાર છે. આખરે શિથિલગાત્ર માતા નીચે બેસી પુત્રને ઉત્સંગમાં લેવા લાગી.

માતાના ઉત્સંગમાં આવતાં જ બાળકને સ્તન પાન વાસના જાગી. દક્ષિણ હસ્તની ઝોળીમાં લઇ, માતાએ સ્તન્ય માટે દક્ષિણ તરફનો સ્તન આપ્યો. શીલ તેમાંથી પાયું; અને વામ પડખે તેને લઇ તેને વામ વિભાગના સ્તનમાંથી, સ્નેહનાં સુધાપાન કરાવ્યાં. સ્તન પાન કરાવતાં હૃદય પીગળ્યું. બાળકને જોતાં–યોગ્ય અને દીન બાળકને જોતાં, હૃદય દેશમાં શમાવી લીધો. ઉરથી આલિંગન આપ્યું. ત્યાં બાળકની અને માતાની નજર મળી. એક નજરમાં વાત્સલ્ય, બીજામાં ભકિત. ઉભયનાં નયનેથી નીર વહ્યાં, અને જીવન મુક્તિ સાંપડી. પુત્ર વદ્યો, "મા ! રૂણી છું. દેહ-ગુણ-વિદ્યા એ સર્વ તારી મુડી છે. સેવા–પ્રપત્તિ એ કેવલ મારાં વ્યાજ છે. તું અવ્યાજ કરૂણ છે. મારી સેવાનો સ્વીકાર કરી કૃતાર્થ કર."

માતાએ ઉત્તર વાળ્યો, "ચિંતા ન કર, હું તારી છું." ભકતને સંતોષ થયો અને શાંતિ રૂપ સમાધિ લાધી. પ્રપત્તિનું સ્વરૂપ સિદ્ધ થયું. એવા પ્રપન્નના જીવને જગત્ સમૃધ્ધ થયું અને પ્રપન્નનું જીવન, ધન, જ્ઞાન, સેવન, યૌવન, સર્વ શુધ્ધ થયું. એ શ્રીમદ્ ભાગવત પ્રભુ નામ સ્વરૂપ.

ભગવાનનાં બે સ્વરૂપ:

અર્ચાસ્વરૂપ અને વાગ્ સ્વરૂપ. સામગ્રીથી સેવાય, તદ્રૂપ થવાય જીવનની દિવ્યતા સમ્પાદન કરી લેવાય તેવું સાકાર સ્વરૂપ તે અર્ચા સ્વરૂપ. પરંતુ શ્રવણથી પેય, જ્ઞેય અને ધ્યેય બનતું તેમજ માર્ગદર્શન જેમાંથી સુલભ રીતે મેળવી શકાતું, તે શબ્દ સ્વરૂપ અથવા નામ સ્વરૂપ. શ્રીમદ્ ભાગવત નામસ્વરૂપ છે. પરંતુ તેમાં પ્રતિપાદન બંને સ્વરૂપનું છે.

મંગલાચરણ

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः
तेजो वारि मृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥

શ્લોકાર્થ:-

अर्थेषु સમસ્ત કાર્યોમાં. **अन्वयादितरतः** અન્વય અને વ્યતિરેકથી (જેની સત્તા છે) તેથીજ **अस्य** આ જગતના. **जन्मादि**, ઉત્પતિ, સ્થિતિ, પ્રલય. **यतः**, જેનાથી થાય છે. (ततः તેથીજ) **यः** જે ભગવાન **अभिज्ञः** સર્વજ્ઞ છે. (તેમજ) **स्वराट्** સ્વયં પ્રકાશ છે. **यत्–यस्मिन्** જે ઇશ્વરના વિષયમાં અથવા બ્રહ્મમાં. **सूरयः** વિદ્વાનો, દેવો **मुह्यन्ति** મોહ પામે છે જેને. **मनसा** હૃદયથી. **आदिकवये** બ્રહ્માજીને. **ब्रह्म**

વેદોનું **तेने** જ્ઞાન આપ્યું. **यथा** જેમ. **तेजो वारि मृदां विनिमयः** તેજ, જલ, મૃત્તિકામાં એક બીજાનું ભાન થાય છે. (તે ભ્રાન્તિ છે) **यत्र** જે પરમાત્મામાં, બ્રહ્મમાં. **त्रिसर्गः** માયાગુણ સર્ગ (સત્વ, રજસ તમસનાં કાર્ય–પંચભૂત, ઇન્દ્રિય, દેવતા રૂપ સર્ગ) **अमृषा** કારણના સત્યથી સત્ય લાગે છે. **स्वेन**, પોતાના. **धाम्ना**, તેજસથી. **सदा**, સર્વદા. **निरस्तकुहकं**, અજ્ઞાન દૂર કર્યું છે. (**तम्**) તે. **सत्यं परं** પરમ સત્ય, પરમેશ્વરનું **धीमहि** ધ્યાન કરીએ છીએ.

यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्मविस्तरः
वृत्रासुरवधश्चापि यत्तद्भागवतं विदुः॥ मत्स्य पुराणम्।
ग्रन्थोऽष्टादशसाहस्रो द्वादशस्कन्धसम्मितः
हयग्रीवब्रह्मविद्या यत्र वृत्रवधस्तथा
गायत्र्या च समारम्भो यत्र भागवतं विदुः॥ स्कन्द पुराणम्।

શ્રીમદ્ ભાગવતનું લક્ષણ

ગાયત્રીના અર્થને લક્ષમાં લઈ, વૃત્રાસુરવધ પ્રસંગ વર્ણન સાથે, ધર્મ વિસ્તાર, વ્યવસ્થિત રીતે, બાર વિભાગમાં, અઢાર હજાર શ્લોકમાં વર્ણવાય તે શ્રીમદ્ ભાગવતનું અંતરંગ રૂપ.

ગાયત્રી શબ્દથી અને અર્થથી વેદોમાં. શ્રીમદ્ ભાગવતમાં વિસ્તૃત રીતે કાવ્યમાં ગાવાની હોવાથી અર્થથી દર્શાવી, ભાગવત ગાયત્રીનું ભાષ્ય હોવાથી.

सवितुः પદનો અર્થ **जन्माद्यस्य यतः** એ પદોમાં સમાવ્યો. **सूते प्रसूते इति सविता** પ્રસવ કરે. પ્રસવ શબ્દથી પાલન, ઉપસંહાર પણ લઈ લીધાં. સૂર્યોદય થતાં કર્મ માર્ગનો આરંભ, દિવસભર સંભાળ અને સાયંકાલે વિરામ.

परम्-इतिपदेन, वरेण्य पदस्यार्थः 'परं' એ પદથી વરેણ્ય પદનો પણ અર્થ સંગ્રહિત કર્યો. **परम्** અને **वरेण्यम्** બન્નેનો અર્થ શ્રેષ્ઠ એવો થાય છે.

सत्यम् इति पदेन भर्गपदस्यार्थः ભર્ગનો અર્થ સત્ય થાય. બ્રહ્મ એજ સત્ય છે, અન્ય સર્વ અસત્ છે.

तत्, पदस्यार्थः विशेषणतया न स्वतंत्रः, તત્ પદ વિશેષણ હોવાથી તેનો સ્વતંત્ર અર્થ નથી લેવાનો; અથવા **तत्** તે પ્રસિદ્ધ બ્રહ્મતત્ત્વ, સૂર્ય અથવા નારાયણ, કૃષ્ણ, પ્રેમ, આનંદ.

स्वराड् इति पदेन देवपदस्यार्थः दीव्यति स्वतः प्रकाशते इति देवः स्वराट् જે સ્વયં પ્રકાશે તે દેવ. દેવ શબ્દનો અર્થ સ્વતઃપ્રકાશ અને **स्वराट्** શબ્દનો અર્થ સ્વતઃ પ્રકાશ થાય.

तेने ब्रह्म हृदा य आदिकवये એ પાંચ પદોથી **धियो यो नः प्रचोदयात्** એ પાંચ પદનો અર્થ બતાવ્યો. બ્રહ્માની માફક સર્વ જીવોની વૃત્તિના બુદ્ધિના પ્રેરક તરીકે વર્ણવ્યા.

धीमहि એ તો ઉભય સ્થલે એકજ સરખું છે.

'**तत्सवितुः**' **सवितृ** શબ્દનો અર્થ **जन्माद्यस्य यतः** વાક્યથી વર્ણવ્યો; અને **यतः** પદથી **तत्** શબ્દાર્થનું પણ સૂચન થઈ શકે.

सूरयः પદથી વરેણ્ય શબ્દાર્થ દર્શાવ્યો. **वरैर्नेयं वरेण्यं तु वरा ध्यातार ईरिताः** વર એટલે શ્રેષ્ઠ પુરૂષોથી પ્રાપ્ય વરેણ્ય મનાય. વર એટલે ધ્યાન કરનાર. ધ્યાન કરનાર, 'સૂરિ' વિદ્વાન સંભવી શકે. **तेने ब्रह्म** એ પદોથી

स्वराडित्यनेन देव शब्दार्थः—

द्योतनः, सर्वभावानां द्योतमानः स्वयं सदा।
अज्ञानमखिलं-घ्नन् देवशब्दार्थ ईरितः॥

સર્વનો પ્રકાશક અને સ્વયં પ્રકાશ, તેમજ અખિલ અજ્ઞાનનો ખંડન કરનાર. **ब्रह्म** એટલે વેદનો અને દેવનો એકજ અર્થ થયો. વેદ સ્વયં પ્રકાશ, સર્વ પ્રકાશ અને અપૌરૂષેય છે.

धाम्ना इत्यादिना भर्ग शब्दार्थः। भर्गस्तेजः समाख्यातं भर्जयत्यखिलं कष्टम् સ્વતેજથી સદા સમસ્ત અંધકાર–કપટને નાશ કરનાર એટલો અર્થ **धाम्ना स्वेन** એ પદોથી મળે છે. તેજ અર્થ 'ભર્ગ' શબ્દમાંથી મળ્યો. **स्वराट्**, સ્વતંત્ર. પ્રેરક તરીકે સ્વતંત્ર બન્યા. **धियो यो नः**

प्रचोदयात् એ ચાર પદોનો અર્થ કેવલ સ્વરાટ્ શબ્દમાંજ મળી આવશે. સર્વના પ્રેરક, સ્વયં સ્વતંત્ર, સૂર્ય હમારી બુધ્ધિને પ્રેરણા આપો. **धीमहि** એ બંને સ્થળે શબ્દથી મળે છે.

આશીર્વાદ, નમઃસ્કાર, વસ્તુનિર્દેશ એ મંગલના ત્રણ પ્રકાર. ધીમહિ ક્રિયાપદથી માનસિક નમઃસ્કાર થયો. ધ્યાન મનોધર્મ હોવાથી મનની એકાગ્રતા કરવી રહી અને એજ નમઃસ્કાર થયો. એ રીતે નમઃસ્કારાત્મક મંગલ પણ છે. જ્યારે 'બ્રહ્મસૂત્ર'ના ચારે અધ્યાયોના ષોડશ પાદોનો અર્થ એકજ શ્લોકમાં સંગ્રહિત થતો હોઇ વસ્તુ નિર્દેશાત્મક પણ મંગલાચરણ સંભવી શકે છે.

પ્રથમાધ્યાય સમન્વયાર્થક અધ્યાય છે. **जन्माद्यस्य** થી આરંભી **आदिकवये** એ દ્વિતીય ચરણના પદ સુધીના પ્રતિપાદનમાં સમન્વયાર્થ અધ્યાયનો સમાવેશ થાય છે.

मुह्यन्ति यत्सूरयः થી આરંભી **विनिमयः** એટલા વકતવ્યમાં દ્વિતીયાર્થનો સમાવેશ કરી, વસ્તુ નિર્દેશ કર્યો. **सूरयः** અને **विनिमयः** એ બે પદોએ અનેક રીતે બીજા અધ્યાયના પ્રત્યેક પાદોના અર્થો દર્શાવ્યા. બ્રહ્મ વિચારમાં શ્રી કપિલ, હિરણ્યગર્ભ, કણભક્ષ, અક્ષપાદ, ક્ષપણક, પશુપત આદિ સિદ્ધાન્તવાદીઓ, બ્રહ્મ–પ્રકૃતિના ઉપાદાન નિમિત્ત કારણમાં અનેકવિધ મન્તવ્યોથી મોહ પામે છે; અને જેઓ ઈશ્વિરના જગત પ્રત્યેના કારણવાદમાં નિર્ણયે નથી આવી શકતા. **यत्र त्रिसर्गो मृषा** પદથી **धाम्ना स्वेन सदा निरस्तं कुहकं** સુધીના પદોના અર્થોમાં ત્રીજા અધ્યાયના પાદ અધિકરણોના પૃથક્ પૃથક વિષયોનો સમાવેશ કર્યો. તૃતીયાધ્યાયના પ્રથમ પાદમાં પ્રકૃતિ પુરૂષગત દોષોના પરિહાર પૂર્વક જીવગતદોષ કીર્તન પર, વિષયને, **त्रिसर्गो मृषा** એ પદાર્થમાં સમાવ્યો. **सत्यम् परं** એ પદોમાં ઉભયલિંગ પાદાર્થનો સમાવેશ કર્યો. ગુણોપસંહાર પાદનો પણ સમાવેશ **धाम्ना निरस्त कुहकं** પદોમાં થઈ જાય છે. **धीमहि** ક્રિયાપદમાં ઉપાસન અનેક સાધન સાપેક્ષ છે, એવો અર્ગું પાદાર્થ પણ સમાવિષ્ટ કર્યો; અને અધ્યાહૃત એવા બ્રહ્મ શબ્દાર્થમાં ચતુર્થાધ્યાયની વસ્તુનું પણ નિરૂપણ કરી દીધું.

શ્રી કૃષ્ણ પરક અર્થઃ—

सत्यं परं धीमहि।

सत्ये प्रतिष्ठितः कृष्णः सत्यमत्र प्रतिष्ठितम्
सत्यात्सत्यं च गोविन्दस्तस्मात् सत्यो हि नामतः।

સત્ય શબ્દનો અર્થ શ્રીકૃષ્ણ. સત્યનું, સત્યની લીલાઓનું ધ્યાન કરીએ છીએ. **स्वेन धाम्ना निरस्त कुहकम्** સ્વસ્વરૂપથી અને મથુરા ધામથી માયા કાર્યનું નિવર્તન કરનાર સત્યાત્મ શ્રીકૃષ્ણનું ચિંત્વન કરીએ છીએ.

मथ्यते तु जगत्सर्वं ब्रह्मज्ञानेन येन वा
तत्सारभूतं यद्यस्यां मथुरा सा निगद्यते

आद्यस्य નિત્ય, શ્રી નન્દનંદન, વસુદેવ તનય સ્વરૂપે મથુરા, દ્વારકા, ગોકુલમાં વિરાજમાન આદ્ય શ્રીકૃષ્ણનો, **यतः आनकदुन्दुभिगृहात् जन्म** વસુદેવજીના ગૃહથી પ્રાદુર્ભૂત થઇ અને **इतरतश्च अन्वयात्** અન્યત્ર નન્દનિકેતને પુત્રસ્વરૂપે પધાર્યા. **अर्थेषु** કંસવધ, વંચન, સંધિ, વિગ્રહ, અઘ બક વધ, કાલીય મોચન કાર્યોમાં, **अभिज्ञः** કાર્યશૈલીના જાણકાર. (સર્વનું હિત થાય તે રીતે કાર્ય કરનાર). **स्वराट्स्वैर्गोकुलवासिभिर्वा मथुरा द्वारका हस्तिनापुर निवासिभिः सह राजते इति स्वराट्** સ્વજનોથી શોભતા અથવા સ્વ સંબંધથી શોભાવતા. **य आदि कवये** ब्रह्म તેને વત્સાપહરણ લીલામાં બ્રહ્માજીને સ્વસ્વરૂપનો વૈભવ દર્શાવનાર. **अनन्त मूर्तिः सर्वात्मा जंगमस्थावराकृतिः** અનંત મૂર્તિ અને આનંદ મૂર્તિનો પણ અનુભવ કરાવનાર. **यतः तेजोवारि मृदां विनिमयः** તેજ, જલ, મૃત્તિકાના ધર્મોનું પરિવર્તન કરનાર; પોતાના શ્રીમુખ તેજથી ચન્દ્રને નિસ્તેજ બતાવનાર, અને નિસ્તેજ પદાર્થોને પોતાના સામીપ્યથી તેજસ્વી બનાવનાર; જલ, પર્વતને શ્રી વેણુનાદથી વિપરીત ધર્મમાં લાવી મૂકનાર; જલના દ્રવને સ્થિર, કઠિન ધર્મયુકત કરનાર; પર્વતને પ્રવાહ કરનાર; જગતના ચંચલ મનને સ્થિર કરનાર અને જડ

બુદ્ધિને સચેતન અને સુચેતસ બનાવનાર. **यत्र त्रिसर्गः अमृषा** જે શ્રીકૃષ્ણમાં મથુરા, ગોકુલ, દ્વારકા લીલા એ **अमृषा** સદા સત્ય સ્વરૂપે છે.

વિશુદ્ધ રસાર્થ પરકશ્લોક:

વિશુદ્ધ રસ એટલે વિપ્રયોગાત્મક શૃંગાર. અદ્વૈત, અભેદની ભૂમિકાના સાધક કરૂણ અને શૃંગાર બે રસો છે. યોગીઓનો, જ્ઞાનીઓનો જે શાન્તરસ, ભકતોનો તેજ ભકિતરસ છે. **शृंग शिखर ऋच्छति गच्छति स शृंगारः।**

अन्वयात्-इतरत: श्रीकृष्णात् श्रीराधिकातश्च, आद्यस्य शृंगाररसस्य जन्म अनु एति गच्छति, इत्यन्वयः निजपरानन्दशक्तिरूपायां तस्यां श्रीराधिकायामासक्तो भवतीति अन्वयः श्रीकृष्णः।

શ્રીકૃષ્ણ અને સ્વામિનીજીથી આદ્યરસનો પ્રાદુર્ભાવ થયો. **अर्थेषु अभिज्ञः** વિલાસ કલાપોમાં કુશલ, સર્વકલા કુશલ. **स्वराट्** સ્વકીય સ્વતંત્ર લીલાથી સર્વનો પ્રકાશ કરનાર. **आदि कवये, ब्रह्मणे; व्यासाय, भरताय वा.** બ્રહ્માજીને વેદતત્ત્વનો, શ્રી વ્યાસ મહર્ષિને સમાધિ ભાષાત્મક શ્રીમદ્ ભાગવત ગત સમગ્ર લીલા રસનો, ભરતને નાટયશાસ્ત્રના પ્રાણભૂત અલૌકિક શૃંગાર રસ સામગ્રીનો. **तेजोवारि मृदां यथा विनिमयः**, ઉભય ચરણ, કરકમલ, નખચન્દ્રથી આકાશ ચન્દ્રની કાન્તિને ફીક્કી કરી મૃત્તિકાની માફક નિસ્તેજ બનાવનાર. **त्रिसर्ग**-ગોકુલ, મથુરા, દ્વારકા; અથવા બાલ, કિશોર, પ્રૌઢ લીલા; અથવા સુહૃદ, મિત્ર, ઉદાસીન વ્યવહાર; અથવા સ્વકીય, પરકીય, સાધારણ ગોપીજન રાસ લીલા. **अमृषा** સત્યરૂપે છે. જેના સત્યત્વથી સત્ય છે.

आदि कवये સ્વકુલના આદિ પુરૂષ સત્યવ્રત મનુને મત્સ્યાવતારના અંશથી બ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરાવનાર.

मदीयं महिमानं च परं ब्रह्मेति शब्दितं
वेत्स्यस्यनुगृहीतं मे संप्रश्नैर्विवृतं हृदि।

अर्थेषु-चतुःषष्टि कलादि रसोपयोगि सर्व वस्तुषु अभिज्ञः રસોપયોગી ૬૪ કલાઓમાં કુશલ. વિશ્વનો ઉત્કર્ષ કલાઓથી અને કલાઓ દ્વારા વિશ્વોદ્ધરણ દક્ષ.

यत्र त्रिसर्गः त्रयाणां वाच्यलक्ष्य व्यङ्ग्यानां अर्थानां, अथवा ध्वनिगुणालंकाराणां, लौकिक नायकेषु मृषात्वं मिथ्यात्वं कृष्णे रसेशेऽमृषा वास्तविकत्वम् શબ્દોના ત્રણે પ્રકારના અર્થો, અને કાવ્યના ધ્વનિ, ગુણ, અલંકારો અન્યત્ર આરોપિત છે, જ્યારે સર્વરસરૂપમાં તે સર્વ સંગત થવાથી સત્ય છે.

निरस्त कुहकम्—રસનો અંગીકાર ન કરનારને માધુર્ય રસાસ્વાદન ચમત્કારથી સર્વ મીમાંસકોને પણ કબૂલ કરાવનાર. **निरस्ताः कुहकाः येन तम्। अन्वयात्-इतरतः, इतरा गोपकन्यकाः कान्ता वा ताः परित्यज्य, अनु रासेश्वरीमनु अयात्। कस्याः पदानि चैतानि या ताया नन्दसूनुना।** એ વાકયો પ્રતિપાદન કરે છે કે ભગવાન રસેશ સ્વશક્તિ સ્વરૂપા આલ્હાદિની શક્તિની પાછળ ગયા. **अर्थेषु अभिज्ञः** સ્વામિનીજીની પ્રસન્નતા માટે, પુષ્પ અવચય કરી, પુષ્પો વીણી વેણી બનાવી, માટે ધીર, લલિત આદિ રસમય કાર્યોમાં કુશલ.

स्वराट् स्वेनैव कान्तेन राजते इति स्वराट् પોતાને આધીન શ્રી કૃષ્ણ છે. સ્વાધીન કાન્તા, શ્રી સ્વામિનીજી સ્વરાટ્ છે. **आदिकवये श्री शुकाय ब्रह्म रासपंचाध्याय्या रहस्यं तेने आदितः कवये तत्वज्ञाय विरक्ताय वा।** જન્મથી જ આરંભીને વિરકત, તત્વજ્ઞ, આદિ કવિ શુકદેવજીને રાસલીલાના અંતરંગ રહસ્યના બોધક.

ભકિત પ્રધાન શ્લોકાર્થ:

सत्यं परं धीमहि। सत्यव्रत, શ્લોકમાં દર્શાવેલ **सत्यं धीमहि** એ અર્થ થશે. પરંતુ **सत्यं सद्भ्यो हितं सत्यं परम कल्याण गुणमयं भक्तियोगं धीमहि!** "**तदेव सत्यं तदु हैव मंगलं यदुत्तमश्लोक यशोऽनुगीयते**" એ બારમા સ્કંધમાં ઉત્તમશ્લોક ભગવચ્ચરિત્ર એટલે ભકિત યોગને જ 'સત્ય' શબ્દથી કહેલ હોઇ, ભકિત યોગ પરક

અર્થ પણ સંભવી શકે. **यतो भक्तियोगाद् आद्यस्य भगवतो जन्म तद् तद् भक्तषु सगुण निर्गुणेषु सगुण निर्गुण स्वरूपेण प्रादुर्भावः।** ભક્તિ યોગના પ્રભાવથી ઉપાસક–સગુણ, નિર્ગુણ–ભક્તોના હૃદયાકાશમાં થતો સાક્ષાત્કાર–અનુભવ એ જ પ્રભુનો પ્રાદુર્ભાવ.

यतः मर्यादाभक्तिपुष्टिभक्तिभ्यां मथुराव्रजयोः प्रादुर्भावः મર્યાદા, પુષ્ટિ, ઉભય સ્વરૂપે શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રાદુર્ભાવ.

यतः श्रीकृष्णादाद्यस्य रतिभावस्य जन्म प्रादुर्भावः।
रतिर्हासश्च शोकश्च क्रोधोत्साहो भयं तथा।
जुगुप्सा विस्मयश्चेति स्थायिभावाः प्रकीर्तिताः॥

સર્વ પ્રાણીમાં રતિ એજ ભગવત્સ્વભાવ; અને શ્રીકૃષ્ણ ભગવાનથી જલચર, સ્થલચર, નભચર સર્વમાં રતિસ્નેહનો પ્રાદુર્ભાવ થયો. **त्रैलोक्य सौभगमिदं च निरीक्ष्य रूपं यद्गोद्विजद्रुम मृगाः पुलकान्यबिभ्रन्।** ત્રણ લોકમાં સુંદર એવું ભગવત્સ્વરૂપ નીરખી ગાય, પક્ષી, હરણ વિગેરેને પણ રોમાંચ થયાં. **सन्निकर्ष विप्रकर्षाभ्यां जायमानो रतिभावः स्थायी तद्विषयः श्रीकृष्णो भक्तिरसावलम्बनं विभावः इत्यर्थः**

जन्माद्यस्य यतः સર્ગ, વિસર્ગ, સ્થિતિ લીલા. **जन्माद्यस्य** એ વાક્યમાં દશ લક્ષણ લક્ષિત શ્રીમદ્ ભાગવતની તૃતીય, ચતુર્થ, પંચમ સ્કંધની લીલાનો સમાવેશ કર્યો. સર્ગ, વિસર્ગ 'જન્મ' શબ્દાર્થમાં આવી જાય. 'આદિ' શબ્દાર્થમાં સ્થિતિ, સંરક્ષણ લીલા આવે છે. અષ્ટમ, નવમ સ્કંધની મન્વંતર લીલા અને ઇશાનુકથાઓ પણ 'સ્થિતિ' શબ્દાર્થમાંજ સમાવેશ પામે છે.

तेने ब्रह्म हृदा य आदिकवये બ્રહ્માના ઉપર જ્ઞાનાનુગ્રહ કર્યો. એ પદમાં ષષ્ઠ સ્કંધની અનુગ્રહ લીલાનો સમાવેશ થશે.

मुह्यन्ति यत्सूरयः વિદ્વાનો પણ મોહ પામે છે. એ વાક્યમાં **ऊतिलीलाः** વાસના પ્રકરણ સપ્તમ સ્કંધ આવ્યો. વાસનાઓજ મોહ પમાડનારી છે.

तेजोवारिमृदां यथा विनिमयो-એ વાક્યમાં દશમ સ્કંધ નિરોધ લીલા આવી જશે.

धाम्ना स्वेन सदा निरस्त कुहकम्–અજ્ઞાનનું નિવારણ જ્ઞાનથી મુક્તિ લીલામાં. એકાદશ સ્કંધાર્થ માટે આ પદોથી ઉપલબ્ધ થયો.

सत्यं परम्–દ્વાદશ સ્કંધ, આશ્રય લીલા. પરં સત્ય આશ્રયનો વિષય ગણાય.

धीमहि–आत्मनेपद बहु वचनम्–અધિકાર લીલા પ્રથમ સ્કંધ એ ક્રિયાપદમાં આવે છે. ધ્યાનનું ઉપલક્ષણ અથવા અંગભૂત જ્ઞાન હોઇ દ્વિતીય સ્કંધ જ્ઞાન લીલાનો પણ તેમાંજ અન્તર્ભાવ થશે.

श्रुति स्मृति उभे नेत्रे पुराणं हृदयं स्मृतम्–હારીત સ્મૃતિ. પુરાણ ભગવાનનું હૃદય છે. ભગવાને બ્રહ્માજીને હૃદયથી પુરાણનો બોધ કર્યો.

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम्।
श्रीमद् भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात्॥

अत्र श्रीमद् भागवते શ્રીમદ્ ભાગવતમાં, **प्रोज्झित कैतवः** ફલાસક્તિ રહિત **परमः** પુરુષોત્તમનું નિરુપણ કરતો **धर्मः** ધર્મ વર્ણવ્યો છે. **अत्र**–આ ગ્રન્થમાં **निर्मत्सराणाम्** મત્સર દોષ વિનાના (બીજાની ઉન્નતિ સહન ન થઇ શકે એ મત્સર દોષ). **सताम्** સજ્જન પુરુષોનું **तापत्रयोन्मूलनम्** ત્રણ પ્રકારના (ભૌતિક, દૈવિક, આત્મિક) તાપને ઉખેડનાર, **शिवदं** કલ્યાણ આપનાર, **वास्तवम्** ભગવત્સ્વરૂપ, **वस्तु** વસ્તુ **वेद्यम्** જાણવાનું છે. **महामुनिकृते** મહામુનિ વ્યાસ કૃત (જો) **श्रीमद् भागवते** શ્રીમદ્ ભાગવત (ગ્રન્થ વિરાજે છે તો) **किं वा परैः** અન્ય સાધનોથી શું (પ્રયોજન છે)? **अत्र कृतिभिः** આ શ્રીમદ્ ભાગવતમાં કૃતકૃત્ય (પ્રયત્નશીલ) **शुश्रूषुभिः** શ્રોતાઓથી **तत्क्षणात्** સાંભળવાનાજ ક્ષણથી સદ્ય અવિલંબે **ईश्वरः** પરમેશ્વર **हृदि** હૃદયમાં **अवरूध्यते** સ્થપાય છે.

उज्झित कैतव એટલે સ્વર્ગાદિ અભિલાષા વિનાનો. **प्रोज्झित कैतव** એટલે મોક્ષાભિલાષા રહિત. મુકિત અને સેવા બંને પ્રકારના ધર્મમાં વ્યકિતહિત અને વિશ્વહિતના ફલભેદનો તફાવત છે. સેવા વિશ્વહિત સાધશે; મુકિત અંગત હિત અર્પશે.

શ્રીમદ્ ભાગવતમાં નિષ્કપટ ભગવત્સાક્ષાત્કાર કરાવનાર ધર્મ વર્ણવ્યો છે. શ્રીમદ્ ભાગવત નિર્મત્સર સત્પુરુષોનેજ સમજાશે. ત્રણે પ્રકારના તાપોને નિર્મૂલ કરનાર, કલ્યાણને આપનાર વાસ્તવિક વસ્તુ તત્ત્વ વેદ્ય છે. શ્રી મહામુનિ વ્યાસ મહર્ષિનું રચેલ જો શ્રીમદ્ ભાગવત વિદ્યમાન છે તો અન્ય સાધનોની આવશ્યકતા શી? કૃતજ્ઞ શ્રોતાઓથી અવિલંબે હૃદયમાં ભગવાનનો નિરોધ (સ્થાપન) કરી શકાય છે.

કર્તાથી શ્રેષ્ઠતા બતાવવા માટે-**महामुनिकृते**-વ્યાસ મહર્ષિએ પોતાનેજ 'મહામુનિ' વિશેષણ આપ્યું. પોતાની પ્રશંસા માટે નહિ, પરંતુ ગ્રન્થ, જ્ઞાનથી, તત્વથી અને કર્તાથી પણ ગૌરવ પામે છે. શ્રીમદ્ ભાગવતના કર્તા ભગવદ્દવતાર રૂપે અને સર્વજ્ઞ રૂપે હોવાથી પણ અલૌકિક છે.

અધિકારીથી મહત્વ દર્શાવવા-**निर्मत्सराणां सताम्** સંતોના અનાદર માટે નહિ, પરંતુ સંતોના મહત્વ માટે; અને અધિકારીનું વૈશિષ્ટ્ય પણ હોવું જોઇએ; માટેજ ઉપરનું પદ દર્શાવ્યું.

વસ્તુતત્ત્વથી ગૌરવ-**धर्मः प्रोज्झित कैतवः** પદનો પ્રયોગ કરી વસ્તુ તત્વ પણ અતિ શ્રેષ્ઠ છે એમ દર્શાવ્યું.

सद्यः પદથી શીઘ્ર ઇષ્ટાર્થ સાધકત્વ બતાવ્યું.

शुश्रूषुभिः પદથી નિઃસાધન માટે સુલભ સાધનરૂપ શ્રીમદ્ ભાગવત છે એમ પણ ગાયું.

પ્રસ્તુત શ્લોકમાં પાંચ પદાર્થ વર્ણવ્યા છેઃ—

उपास्यरूपं तदुपासकस्य च कृपाफलं भक्तिरसस्ततः परम्
विरोधिनोरूपमथैतदाप्तेर्ज्ञेया इमेर्था अपि पंचसाधुभिः

પાંચ પ્રકારઃ ઉપાસ્યનું સ્વરૂપ, ઉપાસકનું સ્વરૂપ, કૃપાનું ફલ, ભકિત રસ, અને ભાગવત ધર્મમાં, ફલ પ્રાપ્તિમાં વિરોધીઓ. એ તત્વ પંચકનું નિરૂપણ બીજા શ્લોકે કર્યું.

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम्
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः॥

निगमकल्पतरोः વેદરૂપી કલ્પવૃક્ષનું **गलितं** ગળેલું, પરિપકવ **फलं** ફલ, **शुकमुखात्** શ્રીશુકદેવજીના મુખારવિંદથી, **अमृतद्रव संयुतम** અમૃત રસથી સંયુકત બનેલ **भागवतम्** શ્રીમદ્ ભાગવત **रसं** રસને, **मुहुः** વારંવાર **अहो हे भावुकाः रसिकाः** ભાવવાળા અને રસવાળા એવા સાધુપુરૂષો, **भुवि** પૃથ્વી ઉપર **आलयं** તૃપ્તિ પર્યન્ત **पिबत** પાન કરો.

પ્રથમ શ્લોકે બીજ-ભાવનું નિરૂપણ કર્યું. દ્વિતીય શ્લોકમાં નારાયણાવતાર વ્યાસ મહર્ષિને વર્ણવી મધ્ય ભાવ દર્શાવ્યો, અને કલ્પદ્રુમત્વ સમજાવ્યું. તૃતીય શ્લોકમાં ફલ-વર્ણન કરશે, જ્યારે બીજા શ્લોકમાં ભગવચ્છ્રવણ, ભગવદ્ જ્ઞાન, અને ભગવદ્ દર્શન ભાગવતનું સર્વદાન ફલ છે. પરિણામે શ્રીમદ્ ભાગવત સર્વોત્કૃષ્ટ વસ્તુ છે, એવું વસ્તુ નિરૂપણ કર્યું.

શ્રીમદ્ ભાગવત નિગમકલ્પતરૂનું ફલ છે. ત્વચા, બીજ, અને રસ એ ત્રણેય વસ્તુ રસાત્મક શ્રીકૃષ્ણ જ છે. તેથી શ્રીમદ્ ભાગવતમાંનો કોઇ પણ અંશ વર્જ્ય નથી. પ્રેમ, વિવેક, અભય, અશોક, અલૌકિક આમ્રતરૂની ઉપરની ટોચ શ્રી નારાયણથી પરિપકવ બની ગળેલું; અને ત્યાંથી અવ્યક્તાક્ષર બ્રહ્મ-શાખામાં આવી

રહેલું; ત્યાંથી વ્યક્તાક્ષર નારદ શાખામાં આવી વસેલ; અને ત્યાંથી શ્રી રસાક્ષર વ્યાસ શાખામાં વિરમેલ; બાદ શ્રી શુકમુખદ્રવથી રસપૂર થઇ રહેલ શ્રીમદ્ ભાગવત રસાત્મ ફલ છે.

सर्व भोग प्रदायत्र पादपाः कल्पपादपाः
गन्धरूपं स्वादुरूपं द्रव्यं पुष्पादिकंचयत्
हेयांशानामभावाश्च रसरूपं भवेच्चतत्

रसिकाः, भावुकाः, मुहुः—એ ત્રણ શબ્દોથી વ્યાસ મહર્ષિની શ્રીમદ્ ભાગવત રસ પાન કરાવવાની આતુરતા દૃષ્ટિગત થઈ. બહુ વચનથી અધિક જન સમાજ જો પ્રવૃત્ત થાય તો જ રસાવેશ અને રસાભિનિવેશ થાય; તેમજ રસતત્ત્વને રસિક અવશ્ય પીવાના; તો પણ "**મુહુઃ**" વારંવાર પીઓ. એ વિધાનથી 'પાનારની' ઉત્સુકતા દર્શાવી અને જીવો તરફની દયાલુતા વ્યક્ત કરી. **रसिक** શબ્દથી તત્ત્વરસિક, શબ્દ રસિક, અર્થ રસિક કેવલ ન આવી જાય; પરંતુ સેવા રસિક સમાજ બને. તર્કશીલ ન બને માટે, ભાવુક રસિકને પાન સૂચવ્યું.

શ્રીમદ્ ભાગવત અને ભાષા.

ભાવ અને રસ આ બે તત્ત્વો પ્રતિપદે, અક્ષરે સ્ફુરે. પ્રત્યેક વાક્ય અસંદિગ્ધ અર્થથી ભરપુર. એકજ વિષયને ઇતિહાસની નજરે, સમાજશાસ્ત્રની દૃષ્ટિએ, અર્થતત્ત્વની સમીક્ષાએ અંગત જીવન અને સમૂહ જીવનની દૃષ્ટિએ, શ્રદ્ધાર્પ્ય ઇશ્વરના સગુણ સ્વરૂપના વિચારે, તર્કાગમ્ય નિર્ગુણ સ્વરૂપના નિરૂપણે વિવિધાર્થ પ્રતિપાદનમાં સંપૂર્ણ ન્યાય અને રસમયતા જાળવી, એક લોકોત્તર સાહિત્ય પીરસાયું છે.

સમાધિ ભાષા, લૌકિક ભાષા અને પરમત ભાષાના એકત્ર સંકલનમાં કલાની ઝાંખી કરાવી છે. કોઇ પણ સૂક્ષ્મ અભ્યાસુ એ ત્રણે ભાષાના સમન્વયને બુદ્ધિચખથી નીરખી, અંતરથી મુગ્ધ થાય.

(૧) સમાધિ ભાષાઃ–એટલે વર્તમાન કાલની રજૂઆત, ભૂતકાલના ઇતિહાસના હિત–અહિત પરિણામોના અવલોકન ગળણામાંથી ગાળી, આવતી કાલના સર્જનને સંપૂર્ણ સંગત નીવડે એ બાબત સંપૂર્ણ સંભાળી, રજૂ કરવામાં આવી. તે રજૂઆત કેવલ અન્તર્મુખ અવસ્થામાંથી જન્મી. તેમાં તપશ્ચર્યાથી સંશોધિત અંતઃકરણ, અનુભવોથી નિર્ણીત બુધ્ધિ, ઇશ્વર દર્શન, હૃદય કારૂણ્ય અને વિપ્રોચિત સૌહાર્દ–એ પાંચ તત્ત્વોનો સંગમ સધાયો છે; અને તેથીજ પ્રાસાદિક ભાષામાં વ્યાસ મહર્ષિ લખી તો શકયા, પરંતુ સર્વભોગ્ય અને સર્વ સ્વીકાર્ય રીતે અર્પી ગયા.

મહર્ષિ વ્યાસના અપાર કરૂણ હૃદયમાં પ્રતિબિંબિત પામેલ, અકારણ કરૂણ પરમાત્માનાજ શ્રીમુખમાંનોજ સ્રોતસ્ પામેલો રસપ્રવાહ શ્રીમદ્ ભાગવત છે. જ્યાં આયાસજન્ય કોઇ વાકય, પદ, અક્ષર નથી; છે માત્ર "સહજ વહન," રસમય કવન. ત્રિકાલ દર્શન, એ કાવ્યનો પ્રાણ છે. ક્ષણભરના અવલોકને પરસ્પરના વિરોધ પૂર્વકની જોવામાં આવતી રજૂઆત 'સમાધિ ભાષા'ના જ્ઞાને સંગત લાગે. પરીક્ષિત રાજાની ઉત્પત્તિની પૂર્વમાં, પરીક્ષિત શ્રીશુક સંવાદ પ્રસંગની પણ પૂર્વમાં, સૂત–શૌનક કથા પ્રસંગ પૂર્વમાં, અને શ્રીશુકથી સૂતના શ્રવણ પ્રસંગ પૂર્વમાં, કેવલ ભાવિદર્શન જે મહર્ષિને થયું, તે '**અનાગત કથા**' રૂપે સમાજ સામે આત્મદર્શન રૂપે મૂકયું. સમાધિ ભાષા એટલે ભાવિ પ્રસંગનું પૂર્વતઃ સંકથન. સમાધિ ભાષા એટલે અન્તર્મુખ સ્થિતિમાં વર્ણવેલ આત્મસ્વરૂપ અથવા રસદર્શન.

(૨) લૌકિક ભાષાઃ–લોક પ્રસિદ્ધ વસ્તુનું સ્વાભાવિક ભાષામાં વર્ણન એ લૌકિક ભાષા છે. સમાધિ ભાષા શ્રીમદ્ ભાગવતના પ્રત્યેક અંશમાં છે, તો પણ અનેક સ્થલે લૌકિકોક્તિ પણ મળશે.

स्त्रियश्च संवीक्ष्य मिथोऽतिसौहृदस्मितामलापांगदृशोऽभिरेभिरे स्तनैः स्तनान् कुङ्कुमपङ्करूषितान् निहत्यदोर्भिः प्रणयाश्रुलोचनाः

(૩) **પરમત ભાષા:** અનુવાદ કથા નિરૂપણ અને કલ્પાન્તર પ્રસંગ કથન, મતાન્તર ભાષાનું સ્વરૂપ છે. સપ્તમ સ્કંધ, ક્ષેપક પ્રસંગ, શ્રી રૂક્મિણી સમુદ્વાહ પ્રસંગો, પરસ્પરની સાથે વિરોધ ધરાવતાં એકજ ચરિત્રો એ પરમત ભાષાથી સમાધાન પામશે.

નૈમિષારણ્ય.

ॐ नैमिषेऽनिमिषक्षेत्रे ऋषयः शौनकादयः।
सत्रं स्वर्गाय लोकाय सहस्रसममासत ॥

ॐ કારથી ગ્રન્થનો આરંભ કર્યો. કારણ કે શંખશબ્દ, ઑંકાર, અને અથ શબ્દ મંગલ વાચક છે.

ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा
कण्ठं भित्वा विनिर्यातौ तस्मान्माङ्गलिकाविमौ ॥

नैमिषारण्य અથવા **नैमिशारण्य** એવા બે પાઠ છે.

एतन्मनोमयं चक्रं मया सृष्टं विसृज्यते
यत्रास्य शीर्यते नेमिः स देशः तपसः शुभः

प्रययुस्तस्य चक्रस्य यत्र नेमिर्व्यशीर्यत
तद्वनं तेन विख्यातं नैमिशं मुनिपूजितम्

शीर्यते ક્રિયાપદને અનુલક્ષી વ્યુત્પત્તિ સિદ્ધ થતો "નૈમિશ" શબ્દ સતત ગતિ શીલ એવા મનની, સ્થલ પ્રભાવથી સ્વયં સ્થિર શાંત થતાં નૈમિશ સંજ્ઞા થાય. સત્કર્મ, શીલ અને સ્નેહાશ્રુથી સિદ્ધ ગતિ થતું સ્થળ નૈમિશ ક્ષેત્ર બને છે. એકજ આસને, અખંડ, એકજ સ્થલે, રોજના એક વિષ્ણુ સહસ્ર પાઠ, અથવા ૧૧ ગાયત્રીમાળા કે ૧૨ અધ્યાયના શ્રીમદ્ ભાગવતજીના પાઠના અનુષ્ઠાનથી એક હજાર દિવસ થાય, તે સ્થળ નૈમિશારણ્ય–સાત્વિક ભૂમિ–બની જાય; અને 'સહજ' મનોનિગ્રહ કરે.

નૈમિશ–(૧) પ્રથમ અર્થ–મનોમય ચક્રની નેમિ જ્યાં કુંઠિત થતી, એટલે મન સ્થિર થતું, તે પ્રદેશ નૈમિશ.

બીજો અર્થ:

एवं कृत्वा ततो देवो मुनिं गौरमुखं तदा
उवाच निमिषेणेदं निहतं दानवं बलम्॥ વરાહ પુરાણ.
"चित्रकृन्निमिषो नेमिश्चचुलोऽथा युगच्छदः"

એ અમરકોષની દૃષ્ટિએ, ઋષિઓને લાયક વૃક્ષોનું નામ '**निमिषा वृक्षविशेषाः**' નિમિષ અને એવા બીજાં વૃક્ષોનું વન નૈમિષ; અથવા નિમિષ નામના ઋષિએ જ્યાં તપ આદર્યું તે વન નૈમિષ. શ્રીમદાચાર્યચરણ તેનો સારભૂત અર્થ કરે છે–પુણ્યાધિકય પ્રદેશ.

स्वर्गाय लोकाय–स्वर् इति विष्णुः तं गमयति प्रकाशयति इति स्वर्गः ज्ञानम्, अथवा स्वर् इतोगतः स्वर् विष्णुस्तेन इतोगतोलोको वैकुंठः तस्मै लोकाय। તાત્પર્ય. "સ્વર્ગાય" વૈકુંઠ લોક માટે, અથવા **स्वर्गाय विष्णवे लोकाय आश्रयाय**, શ્રી વિષ્ણુ માટે, આશ્રય માટે મુક્તિ પછીની આશ્રય લીલા નિર્દિષ્ટ આશ્રય માટે. **स्वर्गाय लोकाय**, **स्वर्ग** એટલે વિષ્ણુ માટે, અને **लोक** એટલે **लुक् प्रकाशने**, ધાતુના અર્થ પ્રમાણે પ્રકાશ માટે, સત્રનો આરંભ કર્યો.

सहस्रसममासत– એક હજાર વર્ષનું સત્ર અથવા એક હજાર દિવસનું સત્ર. **समशब्दस्यार्थः** વર્ષ, અને દિવસ એ બે પ્રકારનો થાય. અનુષ્ઠાન ત્રણ વર્ષનું થયું. પુરાણ સત્ર માટે એટલો કાળ પુરતો મનાય.

सत्रम्–सतः सुजनान् त्रायत इति सत्रम् સુજનોનું સંરક્ષણ કરે તે સત્ર. **सतो ब्रह्मणस्त्राणमस्येति सत्रम्** વેદ તત્ત્વનું કે બ્રહ્મતત્ત્વનું પ્રવચન, નિરૂપણ કરી કરાતું સંરક્ષણ તે સત્ર; અથવા પ્રશંસાપાત્ર સર્વ કાર્યોમાં શ્રેષ્ઠ કર્મ.

હોમ પ્રધાન અને એક વ્યકિત પ્રધાન, કર્તૃસંકલ્પાનુગામી ફલ-પ્રદાન કરતું 'સત્કર્મ' એ યજ્ઞ; અને સર્વ સમાન ફલ ભાગી, શ્રવણ પ્રધાન ક્રિયા જ્યાં થાય તે સત્ર. શીઘ્ર સર્વ વૃત્તિઓનું ત્રાણ એટલે રક્ષણ આપનાર શિક્ષણ–શાળા તે સત્ર. આબાલ વૃદ્ધ સર્વ સમાજ જિવન ઘડતર સંસ્થા તે સત્ર. લક્ષણ દેતી લાયકાતની બાગાયત.

શ્રીમદ્ ભાગવતના ત્રણ વકતા શ્રોતા:– (૧) સૂત–શૌનક. (૨) બ્રહ્મા–નારદ. (૩) શુક–પરીક્ષિત. આ ત્રણ અનુક્રમે વકતા અને શ્રોતા છે.

વકતાનાં સર્વ સામાન્ય ૪ લક્ષણો:-(૧) યોગ્યતા સમ્પન્ન (૨) સર્વજ્ઞ. (૩) પરંપરાથી ભાગવત ભણેલ અને શ્રવણ કરેલ, અને (૪) ભગવદ્ ભકત. આ ચારે લક્ષણ ઉપરાંત સર્વોત્કૃષ્ટ એક ધર્મ–દૃઢ વિરકત, દૃઢ વૈરાગ્ય સમ્પન્ન.

શ્રોતાનાં સર્વ સામાન્ય ૪ લક્ષણો:-(૧) સત્સંગથી શુધ્ધ (૨) સેવા–યજનથી શુદ્ધ (૩) તીર્થાટન શુદ્ધ (૪) પ્રયત્ન પૂર્વક પ્રશ્ન કરનાર.

(૧) સૂત–શૌનક.

સૂત મહર્ષિ શ્રેષ્ઠ પુરુષ છતાં વકતૃત્વાભિમાન હોવાથી અને સહજ વૈરાગ્ય ન હોવાથી ત્રીજી શ્રેણીમાં મૂકાયા. જયારે શૌનક શ્રોતા હતા, પરંતુ વકતાથી વધુ જ્ઞાન ધરાવું છું એવી, અથવા એથી વધુ અન્ય કારણોથી શ્રેષ્ઠ છું, એવી સમજને લીધે, શ્રવણનો સહજ રસ સિદ્ધ ન થયો. **मन्ये त्वां विषये वाचां स्नातमन्यत्र छान्दसात्** એ વાકય પ્રશ્નકાલે સૂત માટે વાપર્યું; તેથીજ તેમની કક્ષા ત્રીજી ભૂમિકાની થઇ. વળી શ્રી સૂતજીને શબ્દતઃ જ્ઞાન હતું.

(૨) બ્રહ્મા–નારદજી.

બન્ને ભગવદીય છે, ભગવદવતાર છે; પરંતુ દૃઢ વૈરાગ્ય ઉભયમાં ન હતો. અનેક કાર્ય–પ્રવૃત્તિ વૈરાગ્ય–સિદ્ધિમાં બાધક છે, નારદ–બ્રહ્માજી બન્ને પ્રવૃત્તિ પરાયણ હતા. સૃષ્ટિ નિર્માણે બ્રહ્માજીને, અને પર્યટને નારદજીને સંપૂર્ણ રસજ્ઞ ન થવા દીધા. જો કે અર્થતઃ જ્ઞાન, નારદ–બ્રહ્માજીને હોવાથી દ્વિતીય કક્ષામાં આવી શકયા.

(૩) શુક–પરીક્ષિત.

જ્યારે દૃઢ વૈરાગ્ય પૂર્વકનું જ્ઞાન જ ભગવદ્ રસ સર્જન કરી શકે, માટેજ શ્રોતા વકતા ઉભયને તરુણ વર્ણવ્યા. તારુણ્ય એટલે 'ઉત્સાહ–સમર્પણ શકિતનો નિર્મિત પિંડ;' અને તેમાં વૈરાગ્ય, વિવેકનો સંચાર થતાંજ તે દિવ્યતાને ધારણ કરે. જેથી શુકદેવજીને **'तत्राययौ षोडशवार्षिको मुदा'** વિશેષણથી વર્ણવી યુવાન બતાવ્યા; અને **युवैषतोत्स्रष्टुमहो सहासुभिः (युवा ऐषत)**–યુવાન છતાં પ્રાણ સાથે દેહ છોડવા કેમ ઇચ્છયું? [**ऐच्छत्** થવું જોઇએ, પણ આત્મને-પદ આર્ષ પ્રયોગ છે]. વકતા શ્રોતા તરુણ હોવા જોઇએ, એટલે ધારણ કરી તત્કાલ અમલ કરનાર જોઇએ.

શ્રીમદ્ ભાગવત સંજિવિની મરેલાને જીવાડવા માટે નથી; પણ મનના મરેલાને જીવાડે છે. તેને, હરેક ક્ષેત્રના ક્ષેત્રીમાં, અને પ્રત્યેક અવસ્થામાં અને વ્યવસાયમાં, પ્રત્યેકને તત્પરતાનું અમી પાન કરાવી ઓજસ્વી, વર્ચસ્વી અને ફલ–માન નિસ્પૃહ માનવને ઘડવો છે.

શ્રીમદ્ ભાગવતનાં પાંચ ફળ:—

(૧) નિર્ભયતા (૨) નિ:સંદેહ (૩) હૃદયમાં પ્રભુનો સાક્ષાત્ પ્રવેશ (૪) સર્વમાં ભગવદ્ દર્શન અને (૫) પરમ પ્રેમ. એ પાંચ પ્રકારની સિદ્ધિ શ્રીમદ્ ભાગવતથી થશે, જે માનવ માટે અનિવાર્ય છે.

(૧) નિર્ભયતા

तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम्॥ ૨-૧-૫

અભયની અભિલાષાને સેવનારે શ્રીમદ્ ભાગવતનું સેવન કરવું. એ વકતાના વિધાનમાંથીજ પ્રથમ ફલ મળે છે. ઉપક્રમમાં ઔષધની પ્રતિષ્ઠા વૈદ્ય વર્ણવે, અને પરિણામમાં દર્દી કબૂલે. શ્રીમદ્ ભાગવતના બારમા સ્કંધમાં ઉપસંહારમાં શ્રોતાએ સ્વીકાર્યું **'मृत्युभ्यो न बिभेम्यहम्'** આપે મને શ્રીમદ્ ભાગવતનું દાન કરી મૃત્યુઓથી નિર્ભય બનાવ્યો.' **शतं वै मृत्यवः इति श्रुतेः**—એવા શ્રુતિ–વાકયથી સામાન્ય મૃત્યુ સો પ્રકારના છે, અને એકસો ને એકમો મહામૃત્યુ છે. મૃત્યુ એટલે મોહ, શોક અને પ્રમાદ. પ્રેમ, ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાનથી તેનું નિવારણ થાય. પ્રતિ–પ્રકરણમાં અને પ્રસંગમાં પ્રેમ અને વૈરાગ્યજ વર્ણવ્યાં અને મનુષ્યને નિર્ભય બનાવ્યો.

(૨) નિ:સંદેહ:—સ્નેહ અને શાસ્ત્ર સંદેહનું નિવારણ કરે. હિત વસ્તુનું વર્ણન, સ્નેહના પથ ઉપરથી કથવું એજ શાસ્ત્ર વિજય, જે ભાગવત–શાસ્ત્રમાં સહજ સિધ્ધ છે.

(૩) હૃદયમાં પ્રભુનો સાક્ષાત્ પ્રવેશ:—શ્રવણ હૃદયને આર્દ્ર અને આર્ત બનાવે. આર્દ્ર દિલમાંથી વાસનાનાં બીજ મૂલ શિથિલ થઈ સહજ ઉખડી જાય. આર્ત અવસ્થા અંતઃકરણમાં આર્તિનો અગ્નિ પ્રકટ કરે, જેના પરિણામે મલ કે વાસના-જળ બળી જતાં પ્રભુ-નિવાસ યોગ્ય હૃદય દેશ બનાવે.

"કૃપા ભઈ તબ જાનીએ, જબ દીખે અપનો દોષ" એ સદુક્તિ પ્રમાણે ભાગવત શ્રવણ તટસ્થ રીતે ચરિત્ર નિરુપણ કરી હૃદયગત દોષ, અને અપરાધોનું દર્શન કરાવે અને નિવારણનું બળ આપે. 'નિજ દોષ દર્શન કરાવે, તેજ દર્શન શાસ્ત્ર અને તેજ તેજસ્વી ભગવદ્ દર્શન.'

(૪) સર્વમાં ભગવદ્ દર્શન:—ભગવત્પ્રવેશ હૃદયમાં થતાં અન્તર્મુખ વૃત્તિ બને અને શ્રોતા તદીય બને. તદીય બનતાં તેને સર્વમાં સદ્ગુણોજ દેખાય, ને સર્વમાં નિજ નેત્ર પ્રતિબિંબિત નિર્દોષ સ્વરૂપ શ્રીકૃષ્ણનીજ ઝાંખી થાય. ભાગવત તેને એ રીતે શ્રવણથી તાદૃશી વૈષ્ણવ બનાવે, ને સર્વમાં પ્રભુદર્શન કરાવે.

તાદૃશી જન તેને જાણીએ જેમાં એવા ગુણ હોય,
નિંદા સ્તુતિ કોઇની નવ કરે સઘળું સમદૃષ્ટિ જોય. તાદૃશી
સકળ સચરાચરને વિષે વસ્યા દેખે ભગવાન,
શુભ ઈચ્છે સર્વ જગતનું લેશ નહિ અભિમાન. તાદૃશી
નટવર ઝળકે નેણમાં કાંતિ કરુણામય હોય,
શાંત સ્વભાવ, સંતોષ બહુ, દોષ કોઇનો નહિ જોય. તાદૃશી

(૫) પરમ પ્રેમ:—સેવાનું પ્રેરક અને પોષક પીયૂષ એટલે પરમ પ્રેમ. રૂચતામાં અનાસકિતએ સેવાથી સમર્પણ તે પ્રેમ, અને વિરોધી અને દ્વેષીમાં પણ ઋષિવત્ સદ્ભાવે, સ્નેહે સેવે તે પરમ પ્રેમ. તક્ષકમાં પણ શિક્ષક ભાવના. સમીક્ષાવૃત્તિ તક્ષકથી શિખવા મળી માટે તેનામાં પણ સદ્ભાવ અને શુદ્ધભાવ. એજ પરમ પ્રેમની કસોટી છે.

સમાજની પરિસ્થિતિ:

મંદ, મંદમતિ, મંદભાગ્ય, ઉપદ્રવ–આ બધાં નિજ ઉત્કર્ષના અવરોધક છે. હિતમાર્ગમાં ઉપેક્ષા એ મંદતા. હિતશ્રવણમાં બુદ્ધિની ગ્રાહક શક્તિની જડતા એ મંદમતિ. હિતશ્રવણના પ્રસંગોની દુર્લભતા એ મંદભાગ્ય. ઉપલબ્ધ થયેલ પ્રસંગમાં પ્રતિબંધ એ ઉપદ્રવ. વકતાનું ચાતુર્ય એ ચારનો વિચાર કરી તેને 'પચતા આચાર અને વિચાર' આપે, તેજ સરસ્વતીની અનુકમ્પા.

શ્રોતાની તત્પરતા:—

त एकदा तु मुनयः प्रातर्हुतहुताग्नयः "મુનિઓ પ્રાતઃકાલમાં હવન કરી આવ્યા" એટલુંજ કહેવું જોઇએ; પરંતુ **हुतहुताग्नयः** માં બે વખત **हुत** શબ્દ લઈ, સાયંકાલ સમયનો હોમ પ્રાતઃકાલમાંજ અપકર્ષન્યાયથી સમાપ્ત કર્યો; જેથી શ્રવણમાં બેઠા બાદ કાર્યાન્તર પ્રવૃત્તિ રસ ભંગ ન કરે.

શ્રીમદ્ ભાગવતમાં છ પ્રશ્નો:—

ઐશ્વર્ય છ પ્રકારનાં. ઐશ્વર્યનું કથન કે નિરુપણ એજ ભાગવત નિરુપણ. 'ભગ' શબ્દનો અર્થ ઐશ્વર્ય. ભગવાન્ એટલે ઐશ્વર્યવાન, અને ભાગવત એટલે ઐશ્વર્યનો પરિચય. પરિચય અને સંચય સતત વિચારીને કરવા. પરિચય-સંચય પરિમિત અને પુનિત કરવા, તો સર્વહિત સાધક બનશે. છ પ્રશ્નોમાંજ વિશ્વની સમસ્યાઓને ઉકેલ દેતા ઉત્તરો આવશે, જેમાં સર્વ કલ્યાણ સંકેલી લીધું.

(૧) **પ્રથમ પ્રશ્ન**: પ્રથમાધ્યાયમાં શ્લોક ૯.

तत्र तत्रांजसाऽऽयुष्मन् भवता यद्विनिश्चितम् ।
पुंसामेकान्ततः श्रेयस्तन्नः शंसितुमर्हसि ॥

तत्र-तत्र, ધર્મશાસ્ત્ર, પુરાણ, ન્યાય, મીમાંસા, નીતિ, સમાજશાસ્ત્ર વિગેરે શાસ્ત્રોમાંથી અનુભવાત્મક અવલોકનથી સમ્પાદન કરેલ સાર કહો.

अंजसा–ગ્રન્થના મૂલભૂત આશયનો અનાયાસે અર્થ મેળવીને; વકતાના સ્વતંત્ર વિચારોને અનુસરી ગ્રન્થના શબ્દોમાંથી બલાત્કારે ખેંચેલ અર્થ નહિ.

आयुष्मन्–શ્રી સૂત મહર્ષિને વિપ્રર્ષિઓ તરફથી આશીર્વાદ અર્પી અભય બનાવવા માટે. વૃદ્ધ અને તપઃસ્વી શ્રોતાઓના શુભાશીર્વાદથી વકતા આરોગ્ય સહ દીર્ઘજીવી બને છે.

पुंसामेकान्ततः श्रेय:–અનેક વિધ પુરુષાર્થ દક્ષ, અને સ્વતંત્ર વિચાર ધરાવતા વિચક્ષણ પુરુષોને, સર્વ સંમત થાય એવું અનુપમ કલ્યાણ શું? તાત્પર્ય કે વિચારશીલ અને ક્રિયાશીલ પુરુષોને પણ માર્ગદર્શન દેતું કથન આપ કહો. અર્થાત્ પ્રથમ પ્રશ્ન એ છે–**માનવ માત્રનું પરમકલ્યાણ શું? કલ્યાણનું સ્વરૂપ અથવા લક્ષણ શું?**

દ્વિતીય પ્રશ્ન : ૧૦ શ્લોકથી ૧૧ા શ્લોક સુધી.

ब्रूहि नः श्रद्दधानानां येनात्मा संप्रसीदति

બીજો પ્રશ્ન : **કલ્યાણ મેળવવાનું સર્વોત્તમ સાધન શું?**

પ્રથમ પ્રશ્ન સાધ્ય અથવા લક્ષ્ય વિષયક; અને બીજો પ્રશ્ન સાધન વિષયક.

(૩) **તૃતીય પ્રશ્ન** : શ્લોક ૧૨.

सूत जानासि भद्रं ते भगवान् सात्वतां पतिः ।
देवक्यां वसुदेवस्य जातो यस्य चिकीर्षया ॥

ભદ્ર એ હમારી ભેટ છે. **रिक्तपाणिर्न न पश्येत**. પત્ની, પુત્ર, પ્રભુ, પ્રભુજન, અને ગુરુજનને ખાલી હાથે ન મળવું, એ નીતિ વિધાને આપના ચરણે ભદ્ર હમારી ભેટ છે.

ત્રીજો પ્રશ્ન : **ભગવાન વાસુદેવ કયા હેતુથી શ્રી વસુદેવને ત્યાં શ્રી દેવકીજીમાં પ્રગટયા?**

(૪) **ચતુર્થ પ્રશ્ન** : શ્લોક ૧૭.

तस्य कर्माण्युदाराणि परिगीतानि सूरिभिः ।
ब्रूहि नः श्रद्दधानानां लीलया दधतः कलाः ॥

તે ભગવાનનાં પરમોદાર ચરિત્ર હમને કહો. ચિત્તની વિચિત્રતાની શુદ્ધિ કરનાર ચૂર્ણ, ચરિત, અને સુચરિત ચરણ રજ, એ બે સાધન છે.

(૫) **પંચમ પ્રશ્ન**:— શ્લોક ૧૮.

अथाख्याहि हरेर्धीमन्नवतारकथाः शुभाः

ભગવાનના કેટલા અવતારો, અને અવતારોની કથાઓ તે કહો.

धीमन् સંબોધનનો હેતુ: (૧) અવતાર શા માટે? (૨) કોનો અવતાર? (૩) કયાં થયો? અને (૪) રહસ્ય? આ ચાર વસ્તુઓ લક્ષમાં રાખીને વદનાર વકતાનેજ બુદ્ધિમાન કહી શકાય. **धीमन्** સંબોધન, સંક્ષેપમાં અને સારભૂત તત્ત્વ કહી શકવામાં સામર્થ્ય ધરાવતા હોવાથી કર્યું.

शुभाः શુભા વિશેષણ શા માટે? વકતા, શ્રોતા અને કથા પ્રવર્તકને ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારે પ્રકારનાં ફલ આપનારી તો કથા હોય છેજ. પરંતુ શ્રવણ માત્રથી સ્વયં ફલરૂપેજ બનતી કથાઓને **शुभाः** એવું વિશેષણ આપી શકાય છે.

(૬) **છઠ્ઠો પ્રશ્ન**:— શ્લોક ૨૩

स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः

ભગવાને આસુર વ્યામોહ લીલા કરી, બાદ ધર્મ કોને શરણે ગયો?

છ પ્રશ્નોમાં એકજ આત્મતત્ત્વનો વિચાર, ચાર અને બે પ્રશ્નોના વિભાગમાં વિચક્ષણતાથી કર્યો, માટે છ પ્રશ્ન. સગુણ, નિર્ગુણ બ્રહ્મ વિચારનો સાર પ્રશ્નમાં સમાયેલ છે.

પ્રથમ દ્વિતીય પ્રશ્નમાં 'શ્રેયસ્'ને સ્પર્શતો અને સાધનને સ્પર્શતો પ્રશ્ન નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ પૂછેછે. જ્યારે ત્રીજો અને

ચોથા પ્રશ્નમાં શ્રી કૃષ્ણ અને ચરિત્ર સંબંધી જિજ્ઞાસા, સગુણ તત્ત્વ અને નિર્ગુણ તત્ત્વના અભેદને અથવા બન્નેની એકાર્થતા છે, એવીજ સમજથી પૂછેછે. પાંચમા પ્રશ્નનો આરંભ **अथाख्याहि** શ્લોકમાં **अथ** શબ્દથી કરી પ્રકરણ ભેદ કરે છે. પ્રથમ ચારે પ્રશ્નો પૂર્ણ બ્રહ્મને લગતા છે, અને અંશાવતારોની કથા પાંચમા પ્રશ્નમાં છે, તેથી **अथ** શબ્દથી પ્રકરણ ભેદ કર્યો; અથવા **अथ** અવ્યયનો 'સમગ્ર, સંપૂર્ણ' એવો અર્થ પણ થાય. જેથી બધા અવતારોની કથાઓની જિજ્ઞાસાથી 'અથ' શબ્દ વાપર્યો.

કલિયુગની ઉપકારિતા અને અન્ય કાર્યો માટે નિરુપયોગિતા દર્શાવી કે કર્તા, મંત્ર, આદિ છ પ્રકારની પૂર્ણ શુધ્ધિ સાધન રૂપે ન મળતાં, શ્રવણ એકજ સાધન વધુ સંગત છે; તેથી જ સાધન બળ વિનાના સત્સંગને ભાથે જીવવા માટે 'વૈષ્ણવ ક્ષેત્રમાં—નૈમિષારણ્યમાં' આવ્યા છીએ.

ભકત કવિવર્ય દયારામ કહે છેઃ—

કલિ રૂપી આ શૌચમાં, કોઇ કર્મનો નહિ અધિકાર;
અડે ના સુતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર;
ઉચ્ચાર માત્ર અભયપદ આપે, સકળ પાપ સંતાપને કાપે;
વેદ શાસ્ત્ર સહુ પુરાણ પુકારે,
તો હરિ હરિ તું શેં ના ઉચ્ચારે—સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

દ્વિતીયાધ્યાય

બીજા અને ત્રીજા અધ્યાયમાં છ પ્રશ્નોનો પ્રત્યુત્તર આપશે. બીજામાં ચાર પ્રશ્નોનો અને ત્રીજામાં બે પ્રશ્નોનો; અથવા ત્રણ ત્રણ પ્રશ્નોનો પ્રત્યુત્તર બે અધ્યાયોમાં આપ્યા છે. બીજા અધ્યાયમાં ૩૪ શ્લોક છે.

પ્રથમ પ્રકારઃ બે અધ્યાયોથી ત્રણ ત્રણ પ્રશ્નોનો ઉત્તરઃ—

દ્વિતીય, તૃતીય અધ્યાયમાં છ પ્રશ્નોના પ્રત્યુત્તર છે. 'કલ્યાણનુ સ્વરૂપ અને પ્રાપ્તિ સાધન' એમ બે પ્રશ્નો એક સાથે કર્યા. તેનો પ્રત્યુત્તર બીજા અધ્યાયે ૬ થી ૨૨ શ્લોકમાં ભેગો આપ્યો. ૨૩ થી ૨૯ શ્લોકોમાં નિર્ણય દર્શાવ્યો કે કયા સ્વરૂપ અને નામની ઉપાસના કરવી. **तस्य कर्माणि**... એ ચોથા પ્રશ્નમાં શ્રીકૃષ્ણ ચરિત્રો પૂછયાં અને પ્રત્યુત્તર ૩૦ થી ૩૪ શ્લોકમાં આપ્યો છે.

ત્રીજા અધ્યાયમાં 'અવતારો કેટલા' એ પાંચમા પ્રશ્નનો ઉત્તર છે. ૧ થી ૨૬ શ્લોકો અવતારો માટે પ્રારંભે ચર્ચ્યા. છઠ્ઠો પ્રશ્ન **धर्मः कं शरणं गतः** પૂછયો; તેનો ઉત્તર ૪૩મા શ્લોકથી આપ્યો.

પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં, જ્યારે તૃતીય, પંચમ અને ષષ્ઠના પ્રત્યુત્તર ત્રીજા અધ્યાયમાં છે.

(૨) **દ્વિતીય પ્રકારઃ** બીજા અધ્યાયમાં ૪ પ્રશ્નો, ત્રીજા અધ્યાયમાં ૨ પ્રશ્નો.

બીજા અધ્યાયમાં	શ્લોક ૬ થી ૨૨માં શ્રેયસનું સ્વરૂપ; શ્રેયસ સમ્પાદનનું સાધન—રીત. શ્લોક ૨૩ થી ૨૯ માં કૃષ્ણાવતાર સંબંધી. ત્રીજા પ્રશ્નનું સમાધાન શ્લોક ૩૦ થી ૩૪ માં ભગવચ્ચરિતોનું સૂત્રાત્મક નિરૂપણ.
ત્રીજા અધ્યાયમાં	શ્લોક ૧ થી ૪૨ સુધીમાં અવતારોનો સંગ્રહ. શ્લોક ૪૩ માં છઠ્ઠા પ્રશ્નનો પ્રત્યુત્તર.

व्यास उवाच શ્રીમદ્ ભાગવતમાં બે સ્થળે આવશે. બીજા અધ્યાયના અને ચોથા અધ્યાયના પ્રારંભમાં. વકતા શ્રોતાના પરિચય માટે અને વર્તમાનમાં ઉપલબ્ધ શ્રીમદ્ ભાગવત સમાધિ ભાષાનું પરિવેષણ-પ્રચાર કાર્ય-શૌનક સૂતના નિમિત્તે કરવાનું વિચારેલ હોઇ બીજા અને ચોથા અધ્યાયના આરંભમાં આવ્યું. વકતૃ પરિચય બીજામાં અને શ્રોતૃ પરિચય ચોથામાં.

આ દ્વિતીય અધ્યાયમાં શ્લોક ૧, ૨, ૩, ૪ માં ઉપક્રમ અને સ્તુતિ છે. પ્રથમ શ્લોકમાં વકતાનો પરિચય અને વકતાનો ઉત્સાહ; બીજા અને ત્રીજા શ્લોકમાં શુકવંદન અને ગ્રન્થ ગૌરવ દર્શન; ચોથા શ્લોકમાં ગ્રન્થારંભે કર્તા, સ્રષ્ટા, સરસ્વતી અને સાધક નરને નમઃસ્કાર પૂર્વકની અનુમતિ.

શ્રુતિના આધારે પ્રજાપતિ ૧૭ રૂપ વાળા વર્ણવ્યા–૧૭ પ્રકારમાં પાંચ પ્રકારના સત્કર્મથી અને ૧૨ અંગવાળા ઈશ્વરનું દ્વાદશાંગ જ્ઞાનથી નિરૂપણ છે. માટેજ પ્રથમ દ્વિતીય પ્રશ્નના પ્રત્યુત્તરમાં બીજા અધ્યાયે ૧૭ શ્લોકો–૬ થી ૨૨ સુધી–લીધા. એજ કારણે **स वै पुंसां परो धर्मः** શ્લોકમાં ધર્મનું ગ્રહણ કરીને જે સમાધાન કર્યું, તે કર્મનું નિરૂપણ કરવા માટે છે. **तत्त्व जिज्ञासा** શબ્દ ૧૦મા શ્લોકમાં લીધો અને ૨૨ મા શ્લોક સુધી તત્ત્વ વિચારે જ્ઞાન ચર્ચા કરી. આ રીતે ૧૭ શ્લોકથી બે પ્રશ્નોનો પ્રકાશ પાડયો.

૨૭ થી ૨૯ શ્લોકોમાં અવતાર ચર્ચા કરી છે; જે ત્રીજો પ્રશ્ન "શ્રી કૃષ્ણનો વસુદેવથી દેવકીજીમાં અવતાર કેમ?" તેના સમાધાનને લગતો છે. જ્યારે ૩૦ થી ૩૪ શ્લોકોથી ચોથા પ્રશ્નમાં ભગવચ્ચરિત્ર સંબંધી પૃચ્છા કરી, તેનો પણ ખુલાસો સાથેજ મળ્યો.

શ્રી સુતનો પરિચય:-

વિપ્રો જ્ઞાનના નિધિ છે. વિશ્વભરનાં રોમાંચ જાગ્રત કરનારા કોઈથી પ્રભાવિત ન બને; પરંતુ શ્રી સૂત મહર્ષિથી તેઓ સુપુલકિત બન્યા અને રોમહર્ષ અનુભવીને સૂતને "**રોમહર્ષણ**" પદવી આપી. માટેજ **विप्राणां रौम हर्षणिः** બીજું નામ ઉગ્રશ્રવા:–

रोमाणि हर्षयां चक्रे श्रोतृणां यः स्वभाषणैः
कर्मणा प्रथितस्तेन रोमहर्षणसंज्ञया

આ શ્લોકમાં **श्रोतृणाम्** તો છે; પરંતુ વિશેષ તો **विप्राणां हर्षयांचक्रे** માં કહ્યું. જ્ઞાનમાં પ્રેમ આવે ત્યારેજ રોમાંચ થાય. જ્ઞાન તો શીતલ ધર્મ. રોમહર્ષણના પુત્ર રૌમહર્ષણિ. ઉગ્રશ્રવા:–નૃસિંહ તાપનીય ઉપનિષદમાં દર્શાવેલ "ઉગ્રવસ્તુનું શ્રવણ જેમનાથી છે તે ઉગ્રશ્રવા:" શ્રવ: એટલે શ્રવણ, યશસ્ અને શ્રવણેન્દ્રિય જેઓમાં ઉત્કૃષ્ટ છે.

શ્રીમદ્ ભાગવતના વકતાની વિશિષ્ટતા

द्वैपायन–द्विर्गता आपो यस्य सः द्वीपः બન્ને બાજુ જલ અને મધ્યમાં સ્થલ તે દ્વીપ. પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસાની ઉભય વિચાર જલધારામાં આચારની "**સેવા**" ભૂમિનો અધિવાસ.

ત્યાગ, યોગ, ભોગની એક બાજૂની પ્રવૃત્તિના નિર્ણયમાં તૃણવત્ ખેંચાતા મનોમુસાફરનું "**વિનિયોગ**" માં અધિષ્ઠાન.

વિષમતા અને મમતાની ખેંચતાણમાં "**સમતા**" ની વેદી ઉપરનો વસવાટ.

પ્રવાહ મર્યાદાના, આસકિત સ્વર્ગાસકિતની બન્ને પ્રકારની પ્રલોભન ભૂમિમાંથી "પુષ્ટિ"ના પ્રેમગઢ ઉપરનો આશ્રય.

દુઃખ સુખના દ્વન્દ્વના વિકૃત અનુભવમાંથી મુકત કરતા "ભગવદ્–ઈચ્છા" નામના દિવ્ય આશ્વાસનમાં આવાસ.

આસકિત, અનાસકિતના પ્રવાહમાંથી "ગુણાનુરકિત" નાં નિર્મલ ધર્મમાં સ્નેહ.

મૌન–બહુ ભાષણમાંથી મિત–હિત વચનના સિધ્ધાન્તમાં જીવન.

સંક્ષેપમાં "તટસ્થવૃત્તિ, સ્થિતપ્રજ્ઞા, નિષ્પક્ષપાત ભૂમિના" એકજ અવલંબને સમાજના પ્રશ્નોનું માર્ગદર્શન; અને સર્વ શાસ્ત્રોના સાકાર–નિરાકાર, અગુણ–સગુણ, વચનોના નિર્ણય જલમાં મુઝાતી માનવ મેધાને સમન્વયાત્મક અભ્યાસ કરી "ભગવદ્ ગુણાનુવાદ" એકજ સાર અગર રહસ્યના વિશ્રામઘાટે વિસામો આપ્યો.

સર્વહૃદય સ્પર્શી કથન, બુધ્ધિ ગ્રાહ્ય નિરુપણ અને જડને પણ તત્ત્વ બોધન એ યોગ્યતા વકતાની **सर्वभूत हृदयम्** વિશેષણમાં જણાવી. **हृद् अयते योगबलेन** જડ વૃક્ષોમાં પ્રવેશ કરી શકે, તો માનવમાં અવશ્ય પ્રવેશી શકે. **मुनिम्**-મૌન અને મનનમાં વાણીનું તપોબલ વધે છે.

પિતાએ પુત્રને સંસ્કારો આપવા અને તેને મોક્ષ યોગ્ય બનાવવો જોઇએ. તેથીજ **पुत्र** એમ સંબોધન કર્યું. "સંસ્કારોની સમ્પત્તિ સમાજ માટે લઈ જા" એ ભાવથી પુત્ર કહી પોકાર્યું. **पुत्र इति**-પ્લુત ભાવ થાય તો સંધિ ન થાય; પરંતુ પ્રેમાતિરેકમાં **पुत्रेति** સંધિ કરી વ્યાસ મહર્ષિ બોલ્યા, કારણ કે પ્રેમમાં સંધિજ હોય, વિગ્રહ નહિ.

યજ્ઞોપવીત આપી, કર્મથી અન્તઃકરણ શુદ્ધ કરી, જ્ઞાનથી મોક્ષ આપવાની ઇચ્છા વ્યાસજીની હતી. પરંતુ વિષ્ણુના, શિવના જ સ્વરૂપે શુકાવતાર હોવાથી સંસ્કૃત છે. સંસ્કારો અપેક્ષિત નથી. ઉપવીતની જરૂરિયાત જ ક્યાં રહી? **वनस्पतयः वै विष्णुः** વૃક્ષો વિષ્ણુનું સ્વરૂપ છે. વિશ્વ માટે વપરાય તે વૈષ્ણવ અને વિશ્વ માટે જાય તે વિરકત વૈષ્ણવ. શુકદેવજી વિરકત વૈષ્ણવ છે. એ રીતે વૃક્ષો અને શુકદેવજીમાં અભેદ છે; જેથી **पुत्र** શબ્દના પોકારમાં વૃક્ષોએજ પ્રત્યુ-તર આપ્યો અને જ્ઞાની વ્યાસને વિનવ્યા. "હમારી કોટિના આપના પુત્રને હમને આપો કે હમને પુત્ર તરીકે અપનાવો." અથવા બ્રહ્મભૂત શુકદેવજીને બ્રહ્મની માફક **अपाणि पादो जवनो** હોવાથી વાણી જ ક્યાંથી સંભવે ? જો વૃક્ષોને વાણી હોય તો શુકદેવજીને હોય!

आनतोऽस्मि-आ समन्तात् नतोऽस्मि સર્વમાં પ્રવેશીને રહેલ શ્રી શુકદેવજીને સર્વ સ્વરૂપે હું નમું છું.

प्रव्रजन्तम्—સ્વજનના મટી સર્વજનના થવા જતા. સન્યાસ સ્વસુખ સર્વસ્વનો સર્વજન દુઃખ વિનાશ માટે સર્વથા ન્યાસ; સ્વકીય પુણ્ય, જ્ઞાન, પ્રેમ, અનુભવ, ઐશ્વર્યનો સર્વના હિતમાં વિનિયોગ તે સન્યાસ.

अनुपेतम्-एकाकिनम्. એકલા **निकटमप्यप्राप्तम्.** પ્રસવ પછી પિતૃ ઉત્સંગમાં પણ સંગ આપ્યા વિના અવિલંબે વિદાય લેતા. વાત્સલ્યનો વેદ દુર્લભ સુખદ સ્પર્શ સંગ પણ પિતૃ અંકને આપ્યા વિના, પૃથ્વી માતાને પાદ સ્પર્શ સુખ અને વાઙ્મય સુખ આપવા, વિભુ અને વિવેક વિમુખ જીવોના દુઃખને ફેડવા માટે, અભિમુખ ઉન્મુખ અને સન્મુખ થવા ક્રિયોન્મુખ થતા શુકદેવજીને **अनुपेतम्** શબ્દથી ઓળખાવ્યા. બાપનો, માનો ખોળો ન ખુંદ્યો, પણ પૃથ્વીની પીડાને વિદારવા પૃથ્વીમાતાની ગોદે પ્રભુનો આનંદ દેવા દોડ્યા.

पुत्रेति आजुहाव-મોહમય પિતાજીનું પુત્રને આવાહન ન હતું. પરંતુ **तन्मयतया** શબ્દથી તે "પરમ વિવેક" નું પુણ્ય પ્રતીક હોવાથી, પિતૃચરણ તેમાં મુગ્ધ ન હતા, પરંતુ સ્નિગ્ધ હતા.

येनार्चितो हरिस्तेन तर्पितानि जगन्त्यपि ।
रज्यन्ति जन्तवस्तत्र स्थावरा जंगमा अपि ॥

જેણે ઇશ્વરની આરાધના આદરી, તેણે ત્રણ જગતને તર્પ્યાં. જ્યાં સ્થાવર, પર્વત અને જડ વૃક્ષો પણ અનુરાગી બને છે, ચેતન જીવોની કથની શી કથવી? જો માર્ગે જતા મામુલીને પણ શુકસ્વરૂપમાં સ્નેહ થતો, તો પિતાને થાય, તેમાં આશ્ચર્ય શું ?

રસ-શૃંગાર અને સ્નેહ-સિધ્ધાન્તમાં-ઉપનિષદમાં પ્રવેશ્યા; અને જ્યારે ઉપાસકોને અસુલભ લાગ્યા, ત્યારે 'શુકદેવ સ્વરૂપે' વ્યાસ મહર્ષિએ મનોબુદ્ધિ મંથન કરી નવનીતપ્રિયાજીના ગાન માટે નવનીત-તત્ત્વ રૂપે જગતને આપ્યા; અથવા વૃક્ષોમાં પ્રવેશ કરી પ્રત્યુત્તર દક્ષ દિવ્ય પુત્રને, પિતાએ વિચાર્યું કે "પુત્ર! મારા હૃદયમાં પ્રવેશ કરીને મારા મુખેથી ગુણગાન વિશ્વકાનને તૃપ્ત કરવા, કરાવો એમ વિનવું. લેખક બની લેખની કૃતાર્થ કરી; હવે વાણીને કૃતાર્થ કરૂં". પિતા સંદેશો દેવા પાછળ દોડ્યા.

“ अंधकारे प्रवेष्टव्यं दीपोयत्नेन धार्यताम् ”

વિશ્વના સૂચિભેદ્ય તિમિરમાં પ્રવેશ કરવાનો છે, માટે આ “સમાધિભાષા” દીપક સાથમાં લઇ જા અને માતાનો કુખ-કુલ દીપક બની પૃથ્વીમાતાનો પ્રેમ પાત્ર થઈ જા. “**येन पुत्रो न पाठितः**” એ અપવાદથી પિતાને બચાવી જા.

यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतां तमोऽन्धम्।
संसारिणां करूणयाह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरूं मुनीनाम्॥ ૩ શ્લોક

यः જે **अन्ध** ઘોર-જટિલ **तमः** અંધકાર-મોહને **अतितितीर्षतां** તરી જવાને ચાહતાં **ससारिणां** સંસારીઓને **करूणया** કૃપાથી **एकं** એકજ, કેવલ, **अखिलश्रुतिसारम्** સમસ્ત વેદોનો સાર. **अध्यात्मदीपं** આત્મવિદ્યાના પ્રકાશક **स्वानुभावं** વિલક્ષણ પ્રભાવશાલી **पुराणगुह्यं** ગૂઢાર્થ પુરાણને **आह** આપ્યું **तं** તે **मुनीनां** મુનિઓના **गुरुं** ગુરૂ **व्याससूनुं** શ્રી વ્યાસપુત્ર શુકદેવજીને **उपयामि** શરણે જાઉં છું. (૩)

બીજા અધ્યાયના પ્રારંભના ચાર શ્લોક:—

પ્રથમ શ્લોકે વકતા પરિચય એટલે સૂત મહાત્માનો પરિચય. બીજા અને ત્રીજા શ્લોકમાં શુક સ્વરૂપ નિરૂપણને નમસ્કાર. ચતુર્થ શ્લોકમાં ગ્રન્થારંભે નમસ્કાર્થ સર્વ તત્ત્વોનો સંગ્રહ.

બીજા અને ત્રીજા શ્લોકમાં ત્રણ તત્ત્વો પ્રધાન છે-જ્ઞાન, વૈરાગ્ય અને ભકિત. જાણે શ્રી શુક એક વિવેકનું સ્વરૂપ હોય અને પ્રતિપાદ્ય ભાગવતનું પણ વિવેક જ હોય ને! માહાત્મ્યે **विवेको वर्धते कथम्** પ્રશ્ન પૂછયો; અને ભકિત, જ્ઞાન અને વિરાગથી મેળવાતો વિવેક—એમ વિશેષ આગ્રહ રાખ્યો. તેના પ્રત્યુત્તરમાં ભાગવતનો નિર્દેશ કર્યો.

ભાગવતના પ્રથમાધ્યાયે પણ પ્રશ્નોથી વિરામ લીધો; અને દ્વિતીયે વ્યવસ્થિત રીતે ઉત્તર અથવા ભાગવતનો આરંભ કીધો. નિર્વિઘ્ન સમાપ્તિ, અથવા જગતને શાંતિ—એજ મહર્ષિવર્યનું લક્ષ્ય બિંદુ છે. શ્રધ્ધાળુ દિલ સર્વારંભ “મંગલથી” કરે. મંગલમાં વંદન, ગુણ સ્મરણ, અને ગ્રન્થસાર સંક્ષેપ સંગ્રહ એ ત્રણ સમાવિષ્ટ થાય એ ન્યાયે ચારે શ્લોકમાં ત્રણે વસ્તુ સંકલિત કરી.

બીજા શ્લોકમાં જ્ઞાનાત્મક અને વિરાગાત્મક શુકદેવજીના સ્વરૂપનો ખ્યાલ આપી, ભાગવત સાથે શુકદેવજીનો અભેદ બતાવ્યો; અને ત્રીજા શ્લોકમાં ભકિત દર્શાવી.

સંગતિની દૃષ્ટિએ પ્રથમ, વ્યાસ મહર્ષિ પુત્રની પાછળ આર્ત થઇને ગયા. શુકદેવ અન્તર્હિત થયા. સર્વહિત માટે રચેલ રત્ન ભાગવતને ત્યાગ-જ્ઞાન રત્ન પુત્રને આપવા પાછળ ગયેલા, નિરાશ થઇ પરત થયા. પ્રપત્તિ-ભકિત એટલે પ્રેમાસકિત વિનાના જ્ઞાની વિરકતને પણ અધિકારી ન જોયા, ત્યારે વ્યાસ મહર્ષિએ વિચાર્યું કે “જ્યારે સ્વયં ભકત થઇને આવશે, ત્યારે આપીશ.” અને શુકદેવજી પિતાજીને ચરણે પ્રપન્ન થઇને આવ્યા. એના અનુસંધાનમાં આ શ્લોક છે. તાત્પર્ય, ભકિતનું નિરૂપણ આ ત્રીજા શ્લોકમાં છે. જ્ઞાન-વૈરાગ્ય દૃઢ થયા પછીથી ભકિત સિદ્ધ થાય. શ્રી શુકદેવે એકાન્ત વાસ કર્યો, ને ચિરકાલ મનન કર્યું; અને તેના પરિણામે ભગવદ્ ભકિત રસાવેશ થયો; અને પિતાજી પાસે આવ્યા. જિજ્ઞાસુ પુત્રને **શ્રીમદ્** ભાગવત આપ્યું.

ભાગવતની વિશેષતા ચાર પ્રકારની છે. (૧) પ્રમેય (૨) પ્રમાણ (૩) અસાધારણ અને (૪) સાધનોત્તમતા.

(૧) **स्वानुभावम्** પ્રમેય સ્વરૂપથી શ્રીમદ્ ભાગવત શ્રેષ્ઠ છે. ભગવાન અને ભાગવત બન્ને એકજ છે. ભગવાન જેમ પોતાનો ‘સાનુભાવ’ પોતાના સેવકને-ભકતોને જતાવે છે, તેજ પ્રકારે ભાગવત પોતાનો ‘સાનુભાવ’ પોતાના ચિંતકોને જતાવે છે. ‘સાનુભાવ’ શબ્દ સમ્પ્રદાય રૂપે છે. સ્વરૂપ સેવામાં તદ્રૂપ થતા સેવકને ભગવાન પોતાનું

અભીષ્ટ માગી લે છે; અથવા તેના હૃદયમાં પ્રેરણા કરીને લે છે; તેજ પ્રકારે શ્રીમદ્ ભાગવત પોતાનો 'ગૂઢાર્થ' તેના નિત્ય ચિંતકને દર્શાવે છે. સેવકને અભિલાષ અને ચિંતકને ગુહ્યાર્થ–એમ બે અર્થ અનુભાવ શબ્દના થાય.

(૨) **अखिलश्रुतिसारम्** પ્રમાણ સ્વરૂપે ભાગવતની મહત્તા. વેદો પ્રમાણ રૂપે ગણાય; અને શ્રીમદ્ ભાગવત નિગમકલ્પતરૂનું ફલ હોવાથી પ્રમાણરૂપે પણ શ્રેષ્ઠ છે.

(૩) **एकम्** એટલે અસાધારણ. જેમ બ્રહ્મ અદ્વિતીય છે, તેમ શ્રીમદ્ ભાગવત પણ એકજ ગ્રન્થ છે. બીજો તેવો ગ્રન્થ નથી.

(૪) **अध्यात्मदीपम्** શ્રીમદ્ ભાગવતનો પ્રકાશ શ્રીમદ્ ભાગવતમાંથી મળશે. ટીકા અને ગુરુજનોથી પણ અજ્ઞાત અર્થ અંદરથી આપોઆપ સ્ફુરે છે.

શ્રીમદ્ ભાગવતના અનેક શ્લોકો સાથે સમન્વય સાધતા ત્રીજા શ્લોકથી ભાગવત સ્વરૂપને દર્શાવતાં મુનિઓના ગુરૂ રૂપે શ્રી શુકદેવજીને પ્રણામ કર્યા.

किं वा पररीश्वरः વાક્ય મંગલાચરણના બીજા શ્લોકમાં આપ્યું અને તેથીજ અસાધારણપણું ભાગવતનું દર્શાવ્યું. શુકદેવજીના વંદનમાં **एकम्** પદ લીધું; તેનો પણ અર્થ અસાધારણ એવો જ થાય.

निगमकल्पतरोर्गलितं फलम् પદનો અર્થ **अखिल श्रुतिसारम्** એમાં મળ્યો.

निम्नगानां यथा गंगा, मह्यं पुत्राय शान्ताय परं गुह्यमिदं जगौ એમ ભાગવતને ગુહ્ય કહ્યું. તેજ ગુહ્ય શબ્દ **पुराणगुह्य** પદથી લીધો.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ ૨-૪.

नारायणं નારાયણને **चैव** અને **नरोत्तमम्** સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ **नरं** નરને **सरस्वतीं** સરસ્વતી **देवीं** દેવીને **व्यासं** વ્યાસ મહર્ષિને **नमस्कृत्य** નમસ્કાર કરીને **ततः** અનન્તર **जयं** ગ્રન્થને **उदीरयेत्** આરંભવો.

આ ચતુર્થ શ્લોકમાં ગ્રન્થનાં બીજ, ઋષિ, દેવતા વિગેરેનો નિર્દેશ કરે છે. શ્રી નરનારાયણ સ્થાનાધિષ્ઠાતૃ દેવ તરીકે છે. શ્રી કૃષ્ણ ભગવાનનું ગ્રહણ **च** અવ્યયથી કરવું. ભાગવત શાસ્ત્રાધિષ્ઠાતૃ દેવ શ્રી કૃષ્ણ. શ્રી સરસ્વતીજી શ્રીમદ્ ભાગવત માલામંત્રની શકિત છે. વ્યાસજી રૂષિ છે. પ્રણવ બીજ **च** અવ્યયથી લેવું. ગાયત્રી છંદ છે.

अस्य श्रीमद् भागवच्छास्त्रस्य नरनारायणौ स्थानाधिष्ठातृ देवते, चकारात् श्री कृष्णोऽस्य देवता, सरस्वती शक्तिः चकारात्प्रणवो बीजं श्री व्यासः ऋषिः गायत्री छन्दः, रसप्राप्तये बिनियोगः।

નરનારાયણને વંદન કરી આચાર્ય અને શિષ્યનો સંગ્રહ કર્યો. નારાયણ–આચાર્ય અને નર-શિષ્ય; બદરીકાશ્રમમાં તપ કરી વિશ્વને અધ્યાત્મ સુખ આપી રહેલ છે, તેમજ નારદ વિગેરે દ્વારા સર્વત્ર જગતમાં અધ્યાત્મ સંદેશ પાઠવી રહ્યા છે, એટલે 'પરમ ગુરૂ' નારાયણને પ્રણામ. 'પરમોત્કૃષ્ટ' શિષ્ય નારદને પ્રણામ.

દેવી સરસ્વતીના વંદનમાં 'દેવી' શબ્દ વિશેષણ આપ્યું. દેવી શબ્દની **देवस्य चतुर्मुखस्य स्त्री देवी** એવી વ્યુત્પત્તિ કરી. સરસ્વતીજીને આપેલ 'દેવી' વિશેષણથી બ્રહ્માજીને નમસ્કાર કર્યા. ચતુર્મુખે ચતુઃશ્લોકી નારદજીને અર્પેલી અને તેમાંથી શ્રીમદ્ ભાગવતનો વિસ્તાર થયો. અનિરૂદ્ધદેવ પાસેથી ચતુઃશ્લોકી ભાગવત મળ્યું અને તે નારદજીને ઉપદેશમાં આપ્યું; માટે અનિરૂદ્ધજીને પણ નમસ્કાર.

નમસ્કારના ક્રમમાં શ્રી શુકદેવ, વ્યાસ મહર્ષિ, નારદજી, સરસ્વતીજી, બ્રહ્માજી, અનિરૂદ્ધ, નર અને નારાયણ––આઠની

સંખ્યા આવી. ચતુર્થ શ્લોકમાં સાતને નમસ્કાર અને શુકદેવજીને દ્વિતીય, તૃતીયમાં સ્વતંત્ર નમસ્કાર.

'નર' શબ્દથી શેષનું ગ્રહણ થાય. નરોત્તમ શબ્દથી વાયુદેવનું ગ્રહણ થાય. 'નર'ની વ્યુત્પત્તિમાં **नृणाति नयोपदेशेन शिष्यं संसाराद्धारयतीति नरः** નીતિના ઉપદેશથી શિષ્યનો સંસારમાંથી–આસક્તિમાંથી ઉદ્ધાર કરે તે ગુરૂ કરી શકે, માટે નર એટલે ગુરૂને નમસ્કાર. **नरा उत्तमा येन**, નરો જેનાથી ઉત્તમ છે, તે નરોત્તમ વાયુ. ઉપનિષદમાં પ્રાણ-ઇન્દ્રિયોના સંવાદમાં પ્રાણનો ઉત્કર્ષ દર્શાવ્યો. પ્રાણ વિનાનો દેહ અસ્પૃશ્ય ગણ્યો. વક્તાને શરીર સ્વાસ્થ્યમાં, અને શ્રોતાને પણ તેજ રીતે શરીર સ્વાસ્થ્યમાં વાયુનીજ પ્રધાનતા છે. વેદે પણ ॐ **नमो ब्रह्मणे, नमस्ते वायो, त्वमेव प्रत्यक्षं ब्रह्मासि, अवतु माम् अवतु वक्तारम्.** વાયુનેજ રક્ષણ માટે પ્રાર્થના કરી, જેથી નરોત્તમ વાયુને નમસ્કાર.

શ્રીમદ્ ભાગવતમાં પરમ ધર્મ.

અર્થ પર્યન્ત ગતિ ધરાવે તે ધર્મ. પ્રેમ, ઈશ્વર, અપવર્ગ પર્યન્ત લઈ જાય તે પરમ ધર્મ. અર્થ શબ્દના અર્થ કોશમાં પાંચ કર્યા છે. (૧) અભિધેય, (૨) ધન, (૩) વસ્તુ, (૪) પ્રયોજન અને (૫) નિવૃત્તિ–એવા પાંચ અર્થો અર્થ શબ્દના થાય છે. અભિધેય એટલે નામ (Noun) સંજ્ઞા.

धर्मस्य ह्यापवर्गस्य नार्थोऽर्थायोपकल्पते એ શ્લોકમાં ધર્મનું પ્રયોજન ધન નથી પરંતુ અપવર્ગ–મોક્ષ છે. ધર્મનું ફલ ધન–પ્રાપ્તિ નહિ, પરંતુ ધનોપાર્જન ધર્મપૂર્વક.

आधी अरू लुखी भली, सारी सो संताप
जो चाहेगा चोपडी, वहोत करेगा पाप.

अकृत्वा परसंतापमगत्वा खलमन्दिरम्।
अक्लेशयित्वा चात्मानं यदल्पमपि तद् बहु॥

વાસ્તવિક સમજપૂર્વકનું ધર્માચરણ સમાજને નૈસર્ગિક અને સાર્વત્રિક સુખ તરફ લઈ જાય.

વિશ્વની પ્રતિષ્ઠા, શાંતિનું સંરક્ષક, અને સમ્પાદક સાધન એ ધર્મ છે. શમ, દમ, તપ, વ્રત, દાન, યજન, સેવન, એ સર્વ ધર્મનાંજ સ્વરૂપો છે.

नार्थस्य धर्मैकान्तस्य कामो लाभाय हि स्मृतः

સંપત્તિ અથવા દ્રવ્યનો ઉપયોગ કેવલ ધાર્મિક રીતિએ જ થવો જોઈએ. પરંતુ ભૌતિક સુખ એ સંપત્તિનો ફાયદો નથી. **या देवी सर्व भूतेषु लक्ष्मीरुपेण संस्थिता** એ રૂષિપ્રવર વાક્યોથી લક્ષ્મીજી માતાને સ્થાને છે પોષણ, પ્રીણન, પાલન એ માતૃધર્મ છે. સંપત્તિનો ઉપયોગ જગતના પશુ પક્ષીથી આરંભી પિતૃ, માનવ, દેવ પર્યન્તના પોષણ, પ્રીણન અને પાલનમાં થવો જોઈએ.

कामस्य नेन्द्रियप्रीतिर्लाभो जीवेत यावता

ઇન્દ્રિયોની પ્રસન્નતા કામ પુરુષાર્થનું ધ્યેય નથી; પરંતુ જીવન ઘડવા માટે છે. માનવનો અનિવાર્ય વિચાર, "ઇન્દ્રિયોને રાજી રાખવા ન ભોગવો, પરંતુ સાજી રાખવા ભોગવો." સાજી રાખવી એટલે જીવનની અંતિમ ક્ષણ સુધી કાયાની કાર્યક્ષમતા રહેવી જોઈએ. "ખાનપાનને ખાતર જીંદગી નથી, પરંતુ જીંદગીને ખાતર ખાનપાન છે.

जीवस्य तत्वजिज्ञासा नार्थो यश्चेह कर्मभिः

તત્ત્વજ્ઞાન માટેજ જિવન. જીવવાનું પ્રયોજન કેવલ તત્ત્વજ્ઞાન. કેવલ જડતાથી કર્મ કરવાનો કોઈપણ અર્થ નથી. જીંદગીની હર

કોઇ ક્ષણ, વિદ્વાન અગર અવિદ્વાનની સત્ય અને પ્રેમનાજ વિચારમાં જવી જોઇએ. બ્રહ્મ, ભગવાન, પરમાત્મા એ ત્રણે તત્ત્વ શબ્દના અર્થ થાય. જ્ઞાનીઓ બ્રહ્મ કહે છે; ભકતો ભગવાન કહે છે; અને સ્મૃતિકારો પરમાત્મા કહે છે. તત્ત્વ વિજ્ઞાન હૃદયની ગાંઠોને ઉકેલે. અર્થગ્રંથી અને અંતઃકરણ ગ્રંથીને ઉકેલે, એનું નામ જ તત્ત્વજ્ઞાન. અર્થગ્રંથી ઉકલતાંજ ત્યાગ આવે, અને અંતઃકરણની ગ્રંથી ઉકલતાં પ્રેમ આવે.

ત્યાગ અને પ્રેમનાજ સ્થાપન માટે ભગવદવતારો થયા. સર્વ સાધનો અને ઉપાસનાઓ સાત્વિક રૂપમાંજ પરિણમવી જોઇએ. વાસુદેવ સાત્વિક સ્વરૂપ છે. સર્વનું હિત સાધે અને શાંતિ સ્થાપે તે સાત્વિક સ્વરૂપ. વેદો વાસુદેવને વર્ણવે છે. જ્ઞાનતત્ત્વનું નિરૂપણ એજ વાસુદેવનું નિરૂપણ છે. યજ્ઞો વાસુદેવની આરાધના કરે છે. પ્રત્યેક યજ્ઞમાં “અગ્નિ” પ્રધાન છે. હોમ તેમાં થતો હોવાથી હોમનું પરિણામ વિશ્વશાંતિ અને વિશ્વતૃપ્તિ. તીર્થસ્નાન વિગેરે ક્રિયાઓ પણ વાસુદેવ માટે, એટલે ચિત્તશુદ્ધિ અને શાંતિ માટેજ. યોગો વાસુદેવ માટે, એટલે વૃત્તિ શુધ્ધિ અને મનની એકાગ્રતા માટે. જ્ઞાન પણ વાસુદેવનેજ ઓળખાવે. પ્રત્યેકનો આત્મા વાસુદેવ. તપ, શરીર ધર્મ કષ્ટ માટે નહિ, સ્થૂલ આશા માટે નહિ, પરંતુ આત્મ સંયમ અને દેહ શુધ્ધિ માટે. દાન વિગેરે ધર્મ વાસુદેવ માટે, અને ગતિ એટલે કર્મનું ફલ પણ વાસુદેવ માટે, વિશ્વપ્રીત્યર્થ.

ઉપરનાં સર્વ કાર્ય સાધવા માટે ઇશ્વરના અવતારો છે. અવતારના પ્રકારો (૧) ગુણાવતાર, (૨) લીલાવતાર, (૩) જ્ઞાનાવતાર અને (૪) ક્રિયાવતાર.

ગુણાવતાર–બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર, અથવા શુકલ, રકત, પીત, કૃષ્ણ તેમાં ચાર પ્રકાર–(૧) આવેશ, (૨) પ્રભાવ, (૩) વૈભવ અને (૪) પરાવસ્થ.

(૧) આવેશાવતાર–સનતકુમાર, નારદ, હરિ, વિષ્ણુ, પૃથુ.
(૨) પ્રભાવાતાર–મોહિની, ધન્વન્તરિ, રૂષભ, વ્યાસ, દત્ત, શુકદેવ.
(૩) વૈભવાતાર–મત્સ્ય, કૂર્મ, નરનારાયણ, વરાહ, હયગ્રીવ પૃશ્નિગર્ભ, બલદેવ, યજ્ઞ.

(૪) પરાવસ્થાવતાર સર્વોત્કૃષ્ટ, ઉત્તરોત્તર શ્રેષ્ઠ–નૃસિંહ, રામ, શ્રીકૃષ્ણ

શ્રીકૃષ્ણનાં ચાર લીલા સ્થળ–વ્રજ, મધુપુરી, દ્વારકા, ગોલોકધામ.
શ્રી દ્વારકામાં કૃષ્ણાવતાર–પ્રદ્યુમ્ન, અનિરૂધ્ધ પરિવાર સહિત પૂર્ણાવતાર;

મથુરાજીમાં પૂર્ણતર અવતાર;
વ્રજમાં સપરિવાર બલદેવ સહિત પૂર્ણતમ અવતાર;
ગોલોકમાં વૃન્દાવનની સમાન લીલાવાળો હોવાથી, પૂર્ણાવતાર જેવો હોવા છતાં પણ પૂર્ણતમ અવતાર.

માધુર્ય અને ઐશ્વર્ય નામના બે ધર્મો પ્રભુના મુખ્ય છે. વ્રજ, મથુરા, દ્વારકા લીલામાં ક્રમે ક્રમે માધુર્ય રસનું સંગોપન કરીને, ઐશ્વર્યનું પ્રાધાન્ય વધતું જાય, તેથી માધુર્ય પરિમિત લાગે. માધુર્યરસ પ્રધાન વ્રજ–કુંજ–નિકુંજલીલા; ઐશ્વર્યપ્રધાન મથુરા દ્વારકા લીલા.

અધ્યાય ૩ જો

અવતાર પ્રકાર–અવાન્તર

विष्णोस्तु त्रीणि रुपाणि पुरुषाख्यान्यतो विदुः

વિષ્ણુનાં ત્રણ સ્વરૂપ. (૧) વિષ્ણુ સ્વરૂપ. (૨) બ્રહ્માંડ સ્વરૂપ; અને (૩) અવતાર સ્વરૂપ.

ત્રીજા અધ્યાયમાં પંચમ પ્રશ્નનો પ્રત્યુત્તર છે. **अथाख्याहि हरेः** એ પંચમ પ્રશ્ન–ભગવદવતારોની કથા કહો; અને એનાજ ઉત્તર માટે ત્રીજો અધ્યાય. પુરુષાવતાર; ગુણાવતાર અને લીલાવતાર.

(૧) સમાન તત્ત્વોમાં અને પૂર્ણ વિશુધ્ધ સ્વરૂપોમાં પૂર્ણતત્ત્વે આવશ્યક ગુણોથી પ્રવેશવું અને કાર્યથી સર્વનું હિત સાધવું એનું નામ અવતાર. એ એક પધ્ધતિ.

(૨) આનંદ, ચેતન અને સત્ એવા પૂર્ણતત્ત્વે આકાર, આચાર, અંગ અને ઇન્દ્રિયો સ્વરૂપે બની આવવું, એ પૂર્ણાવતાર.

पुरि वसतीति पुरुषः; पुरमुषतीति पुरुषः; पुरा आस्ते (व्यत्ययो बहुलम्) इति पुरुषः પ્રથમ વ્યુત્પત્તિ પ્રમાણે પુરુષ એટલે જીવ; બીજી અને ત્રીજી વ્યુત્પત્તિ પ્રમાણે ભગવાન, એવો અર્થ થાય.

૧ થી ૬ શ્લોકોમાં પુરૂષાવતાર નિરૂપણ.

૭ મા શ્લોકથી લીલાવતાર કથન.

સનત્ કુમાર............	સંયમ, બ્રહ્મચર્ય	કામ વિજય
વરાહ....................	સંતોષ, ઉદ્યોગ, વેદ	લોભ વિજય
નારદ....................	સેવા, ભક્તિ	મનો વિજય
નર નારાયણ............	સ્નેહ	ક્રોધ વિજય
કપિલ....................	સદ્વિચાર, જ્ઞાન	આત્મ જય
દત્તાત્રેય................	સત્કર્મ; યોગ	પ્રાણ જય

છ બ્રાહ્મણ અવતાર, છ પ્રકારનાં બ્રાહ્મણ–કર્મ હોવાથી.

ત્રીજા અધ્યાયમાં ૨૨ અવતારોનો સંગ્રહ છે. વિપ્ર ક્ષત્રિય, વૈશ્યના મળી ૧૩ અવતાર દર્શાવ્યા. ૧૪ મો નૃસિંહાવતાર–પુષ્ટિ અવતાર. છ વિપ્રના અવતાર, ત્રણ ક્ષત્રિયના અવતાર અને ચાર વૈશ્યના અવતાર. બ્રાહ્મણના છ કર્મ માટે પ્રત્યેક ધર્મના એક એક મૂર્ત આકારે પ્રત્યક્ષ થઇ વિપ્રોને માર્ગદર્શન કર્યું.

છ અવતારોની સંગતિમાં બ્રહ્મચર્ય, સંયમ અથવા ઉર્ધ્વરેતસ્ થયા વિના વેદાધ્યયન માટે યોગ્ય ન બનાય. વરાહ એ શ્રુતિત્રયનું–વેદનું પ્રતીક છે. માટેજ બીજો અવતાર વરાહનો દર્શાવ્યો. વિદ્યા અથવા જ્ઞાન દ્વારા વિશ્વની સેવા સંભવે. તન, ધન, વિશ્વ સેવન સાધન. તપશ્ચર્યા બ્રહ્મચર્યથી સેવોપયોગી તન, જ્ઞાનથી–વિદ્યાથી ધન–વિજ્ઞાન સામગ્રી સંપાદન કરી સેવોપયોગી થવાય, માટે ત્રીજો અવતાર નારદજીનો; અને નારદજી એટલે સેવા. નર નારાયણ એટલે સ્નેહ.

સેવામાં શીલ-દૈન્ય પ્રધાન અંગ. બ્રહ્મચર્યથી શીલ આવે, ભક્તિથી દૈન્ય આવે; પરંતુ સ્નેહ વિના આનંદ નહિ, માટે નરનારાયણ સ્નેહ. ભક્તિમાં, સ્નેહમાં વિવેક જોઇએ, તે કપિલથી સદ્વિચાર અથવા આત્મજ્ઞાનથી; અને જ્ઞાન વાચિક ન શોભે પરંતુ ક્રિયાયુક્ત ઘટે, એટલે દત્તાત્રેય યોગનું સ્વરૂપ. ઉપરોક્ત છ ગુણો થતાં વિપ્ર વધુમાં વધુ દેનાર એવો સાચો વિપ્ર બન્યો. જેમ ભગવાનના છ ઐશ્વર્ય, તેમજ વિપ્રના છ ગુણો. એ રીતે બન્ને સમાન માટેજ ગણ્યા.

કુમાર **कुत्सितो मारः कुमारः** ક્ષુધા અગ્નિ છે. અગ્નિ પ્રકટ થતાં અવશ્ય અન્નની તૃપ્તિ માગે, અને એ અન્ન જલરૂપે બનીને ક્ષુધાને શાંત કરે. એજ પ્રકારે કામાગ્નિ છે. તે પણ સ્ત્રી-દર્શન વિગેરેથી તૃપ્તિ પામે. પરંતુ જો બ્રહ્મચર્ય રૂપી બીજભાવ કાયમ રાખે, અને તેના ઉપર યદિ જલસિંચન કરવામાં ન આવે તો યૌવન ન આવે. તો વાર્ધક્ય પણ ન આવે. નિત્ય બીજ ભાવ અવિકાર–આકાર અથવા નિર્વિકારાવસ્થા જ કાયમ રહે ત્યારે કામદેવ તે કુમારો સામે કદરૂપો લાગે.

વરાહ યજ્ઞાત્મક છે, માટે બીજો અવતાર વરાહ, પુરુષાવતાર નથી પરંતુ ધર્મ સ્વરૂપ અવતાર છે. રૂપાવતાર નહિ, પરંતુ ગુણાવતાર.

નારદજી રૂષિ છે, માટે ત્રીજો અવતાર. યજ્ઞમાં મંત્ર, દેવતા, પદ્ધતિ, કાલ, કર્મ વિગેરેનું જ્ઞાન આવશ્યક છે, અને રૂષિઓ મંત્ર દ્રષ્ટાઓ હોય છે.

નરનારાયણનો ચોથો અવતાર–ચતુર્થ પરિવ્રાજકનો આશ્રમ. તેના ધર્મોના પ્રવર્તન માટે ચોથો અવતાર.

કપિલનો પાંચમો અવતાર: સાંખ્ય વેદ પછી સંભવે. કર્મકાંડથી શ્રાન્ત થયેલને પછીથી જ્ઞાનમાં આદર થવાનો.

યોગ છઠ્ઠો હોવાથી દત્તાત્રેયનો છઠ્ઠો અવતાર.

ततः सप्तम आकूत्याम्। ततः અવ્યય, પ્રથમના છ પ્રકારોથી જુદો પ્રકાર દર્શાવવા માટેજ **ततः** અવ્યયથી સાતમો અવતાર શરૂ કર્યો.

શત્રુજય, ધર્મનિષ્ઠા, પ્રજાપાલન એ ત્રણ ક્ષત્રિયનાં કર્તવ્ય. **યજ્ઞ** એટલે સુયજ્ઞથી શત્રુઓ જીતાય. શારીરિક શત્રુ સંયમ યજ્ઞથી; માનસિક શત્રુ જપ યજ્ઞથી; સાંસારિક શત્રુ ભૌતિક દ્રવ્ય યજ્ઞથી અને આત્મિક શત્રુ જ્ઞાન યજ્ઞથી.

જ્યાં સુધી દેશ, કાલ સ્વસ્થ ન હોય, ત્યાં સુધી યજ્ઞ કેમ થાય? માટે **ઉરુક્રમ** એટલે મહાન પરાક્રમવાળો ઋષભ અવતાર. જો કે ક્રમની દૃષ્ટિએ સુયજ્ઞ પછી પૃથુ અને ઋષભ એ રીતે આવે; પરંતુ અર્થક્રમ પ્રધાન હોવાથી ઋષભ પ્રથમ લીધા અને પછીથી નવમા પૃથુ રાજા ગણાવ્યા.

ચાર વૈશ્યના અવતાર.

મત્સ્ય, કૂર્મ, ધનવંતરિ, મોહિની એ ચાર વૈશ્યાવતાર. "વચન એજ દસ્તાવેજ. વચનમાં વંચન નહિ, વચનમાં વિશ્વાસઘાત નહિ"—આર્યાવર્તનું એ વૈશ્ય સ્વરૂપ. સ્વરૂપથી તે સમ્પન્ન ન લાગે, પરંતુ વચનમાં દગો નહિ. મત્સ્ય કે કૂર્મના સ્વરૂપથી પૃથ્વી નૌકાનું ખેંચવું અને પર્વતનું ધારણ કરવું શકય ન લાગે, પરંતુ "વચન" આપેલ તે પ્રમાણે અવશ્ય આચર્યું, માટે વૈશ્યાવતાર કહ્યો.

મત્સ્યાવતારનો પ્રલય માયિક નથી. માર્કંડેય રૂષિને દર્શાવેલ પ્રલયને મૂલ પ્રસંગમાંજ માયિક વર્ણવ્યો છે. ચૌદ મન્વંતરમાં પાંચ રાજસ છે, પાંચ તામસ છે અને ચાર સાત્વિક છે ચૌદની ગણનામાં પ્રત્યેકની ચૌદમી સંખ્યા થાય. જે પ્રલય પ્રારંભમાં મુખ્ય હોય તેનાથી ગણતાં, પ્રથમ મન્વંતર પણ ચૌદમો થાય; અથવા પ્રત્યેક પ્રલયને અંતે અવાન્તર પ્રલય થાય છે.

द्वादशे मातीति द्वादशमः બારમા અવતારમાં આયુર્વેદ શાસ્ત્રને કહેનાર ધન્વંતરિ થયા; અને તેજ અવતારમાં મોહિની સ્વરૂપે દેખાયા, અથવા તેજ મોહિની રૂપ બન્યા. એક અવતારમાં બે અવતાર-કાર્ય કર્યાં. કારણ કે એકજ શ્લોકમાં બે અવતારો સાથે લખ્યા. સ્વતંત્ર મોહિની બન્યા નથી. દેવોને ભગવત્ સ્વરૂપે અને અસુરોને મોહિની સ્ત્રી સ્વરૂપે દેખાયા.

ચૌદમો **નૃસિંહ** અવતાર. શ્રીકૃષ્ણમાં બે વિરૂદ્ધ ધર્મો હતા. નૃસિંહમાં બે વિરૂદ્ધ રૂપ અને ધર્મ સ્પષ્ટ હતાં સિંહ અને નર બન્ને મળી નરસિંહ બન્યા. વિપ્ર, ક્ષત્રિય અને વૈશ્ય સ્વ સ્વધર્મ નિષ્ઠ થવાથી સર્વ ઉદ્યોગશીલ, ઉદ્યમશીલ બની નૃસિંહ બને છે. નૃસિંહ એટલે સ્વાશ્રય. કેવલ પ્રહ્લાદ માટે પ્રાદુર્ભાવ કૃપાથી કર્યો, તેથી પુષ્ટિ અવતાર.

પંદરમો અવતાર **વામન. दुष्टानां मर्दं वामनयति अतः वामनः** દુષ્ટોના મદને ઉતારે.

નૃસિંહથી લઇ કલ્કિ સુધી ભકિત માર્ગના અવતારો છે. નૃસિંહ મૂલ સ્વરૂપ; વામન, પરશુરામ, વ્યાસ મહર્ષિ ત્રણ બ્રાહ્મણ સ્વરૂપ. રઘુનાથ, સંકર્ષણ, શ્રીકૃષ્ણ ક્ષત્રિય સ્વરૂપ. બુદ્ધ વૈશ્ય રૂપ, કલ્કિ મૂલ સ્વરૂપ. આ પ્રમાણે ભક્તિ માર્ગના નવ અવતાર અને તેર પૂર્વના મળીને બાવીસ થયા.

કદાચ અવતારોનું સ્વરૂપ, ગુણ રહસ્ય ન સમજાય પરંતુ માત્ર અવતારોનું રટણ કરે, તો પણ દુ:ખ સમુદાયમાંથી મુક્ત થાય છે. કૃષ્ણાવતારનું તત્ત્વ ગુહ્ય હોવાથી માત્ર નામથી અવતાર વર્ણવ્યો.

એકથી ઓગણત્રીસ શ્લોકોમાં પુરુષાવતાર, અંશાવતાર અને બ્રહ્માંડ અથવા વિરાટ સ્વરૂપનો વિચાર કર્યો. હવે પાંચ શ્લોકથી ફરીથી તેની સંગતિ વિચારે છે.

पतद्रूपं भगवतो ह्यरूपस्य चिदात्मनः
मायागुणै विरचितं महदादिभिरात्मनि ॥३०॥

हि ખરેખર **एतद्** આ **अरूपस्य** (પ્રાકૃત) રૂપ વિનાના **चिदात्मनः** ચૈતન્ય સ્વરૂપ **भगवतः** ભગવાનનું **रूपं** રૂપ **मायागुणैः** માયાના ગુણોથી **महदादिभिः** મહદ્ અહંકારાદિથી **आत्मनि** આત્મામાં રચ્યું છે.

ખરેખર ચૈતન્ય રૂપ ભગવાન કે જે પ્રાકૃત રૂપ રહિત છે, તેનું મહદ્ વિગેરે માયા ગુણોથી પોતાના આત્મામાં (ગોળામાં રહેલ અગ્નિની માફક) રૂપ રચેલું છે.

શ્લોકનું તાત્પર્ય—

આ બ્રહ્માંડ ભગવાનનું સ્વરૂપ છે. તેના તરફ તિરસ્કાર નજરે અથવા પાપ દૃષ્ટિએ ન જોવાય. માયા એ તો આધિદૈવિક ઇશ્વરની શક્તિ છે. તે ભગવદ્ શક્તિના ત્રણ ગુણોથીજ જગત રચાયું છે. બ્રહ્માંડમાં ભગવાન રહેલ છે, અને તેને જ ભજવો જોઈએ. માટેજ કાષ્ઠમાંથી પ્રહલાદની ભાવના સિધ્ધિ માટે પ્રભુનું પાકટ્ય માન્યું. ભક્તને જગત જડ નથી લાગતું. પ્રત્યેક કણમાં, અણુમાં, અને પણ (પૈસો)માં પ્રભુને જોતો હોવાથી, તે અન્યાય કે અનાદર નથી કરતો. ત્યારેજ તે જડવાદી નથી થતો. પૃથ્વી પર પગલું મુકતાં પણ તેને ક્ષોભ થાય છે. તપેલા ગોળામાં અગ્નિની માફક જગતમાં બ્રહ્માંડમાં—ભગવાન સમાયેલ છે.

यथा नभसि मेघौघो रेणुर्वा पार्थिवोऽनिले
एवं द्रष्टरि दृश्यत्वमारोपितमबुद्धिभिः ॥३१॥

यथा જેમ, **नभसि** આકાશમાં **मेघौघो** મેઘનો સમુદાય, **वा** અથવા, **अनिले** વાયુમાં, **पार्थिवः** પૃથ્વીની રેણુઃ રજ, **एवं** એ રીતે **अबुद्धिभिः** મંદ બુદ્ધિવાળાઓએ **द्रष्टरि** દ્રષ્ટામાં **दृश्यत्वम्** દૃશ્યપણું (જડ પદાર્થના ધર્મ) **आरोपितं** આરોપિત કર્યું છે.

જેમ આકાશ અરૂપ છે, તેમાં મેઘ, અને વાયુમાં પૃથ્વીની રજ દેખાય છે; તેજ રીતે મંદબુધ્ધિઓએ દૃષ્ટા ભગવાનમાં દૃશ્યનો આરોપ કરેલો છે.

તાત્પર્ય:—

જડ રૂપમાં બ્રહ્મ—ચૈતન્ય રૂપની કેમ ખાત્રી થઈ શકે, કે સ્વીકૃતિ થઇ શકે? જો તેમાં બ્રહ્મની પ્રતીતિ મનાય, તો પછી ચેતનનો અનુભવ થવો જોઇએ ને? પરંતુ જડ, તેમજ દૃશ્ય એવા બે ધર્મો જગતમાં જોવામાં આવે છે જ, તો પછી ભગવદ્ આવેશ તેમાં હોય જ કેમ? તો આ બ્રહ્માંડ કેવી રીતે ભગવાનનું સ્વરૂપ? તેના સમાધાનમાં:—

બ્રહ્માંડ માત્રમાં ભગવાન છે, અને અણુ અણુમાં. તેમજ ભગવાન દૃષ્ટા છે, તે પણ સત્ય છે. જો જગત દૃશ્યમાં ભગવાનનો આવેશ થાય, તો ભગવાન દૃશ્ય બની જાય, એમ માનવું છે. તેના ખુલાસા બે પ્રકારે—જોનારની નજર પ્રમાણે બે પ્રકાર બન્યા.

એક મનુષ્ય લોખંડના તપેલા ગોળાનેજ અગ્નિ સમજે છે. બીજો વિવેકી તપેલા ગોળામાં અલગ રીતે અગ્નિ તેમજ લોખંડને સમજે છે. તેજ રીતે જગતમાં પણ જોવાની બે નજર છે. વિવેકી સુખડમાં શૈત્ય, ગંધ, આદિ ગુણ સ્વરૂપે ભગવાનને સમજે છે. એકની જોવાની તેટલી સૂક્ષ્મ નજર ન હોવાથી દૃશ્ય રૂપે જૂએ છે. આકાશ આંખે ન દેખાય, અને વાયુ નજરે ન નિરખાય, પરંતુ મેઘને આકાશમાં સમજે છે અને બોલે છે, "આકાશ કેવો ઘેરો કાળો છે!" જે ન દેખાય તેને રંગ કેવો? વળી વાયુમાં પૃથ્વીની રજને જૂએ છે, અને કહે છે, "કેવો મોટો વંટોળીઓ આવે છે!" તેમાં આકાશ અને મેઘ જૂદા છે, વાયુ અને રજ જૂદાં છે. તેવીજ રીતે બ્રહ્માંડમાં ભગવાનને વિવેકથી સમજવા.

अतः परं यदव्यक्तमव्यूढगुणव्यूहितम् (बृंहितम्)
अदृष्टाश्रुतवस्तुत्वात् स जीवो यत्पुनर्भवः ॥३२॥

अतः આથી, **परं** નિરાળું, **यत्** જે, **अदृष्टाश्रुत वस्तुत्वात्** નહિ જોયેલ અને નહિ સાંભળેલ વસ્તુવાળું, **अव्यूढगुणव्यूहितम्** પરિણામ

(આકાર) ન પામેલા ગુણોથી વ્યાપેલું **अव्यक्त** અસ્પષ્ટ, **सः** તે, **जीवः** જીવનું સ્વરૂપ છે. **यत् पुनर्भवः** જેનો પુનર્જન્મ છે.

આથી બીજું જે નિરાળું, નહિ જોયેલ અને નહિ સાંભળેલ વસ્તુવાળું, અને હાથ પગ વિગેરે આકાર નહિ પામેલ ગુણોથી વૃદ્ધિ પામેલ જે અસ્પષ્ટ સ્વરૂપ છે, તે પુનર્જન્મને ધારણ કરનાર એવા જીવનું સ્વરૂપ છે.

તાત્પર્ય—

એક અત્યંત મહત્વની દૃષ્ટિ ઉપરના શ્લોકે આપી. પ્રપંચમાં જડત્વનો ભાવ ન કરવો, પરંતુ ભગવાનનો ભાવ કરવો. તેથી પાપ, કપટ કરતાં ડર લાગે. અરે! રસ્તામાં થૂંકતાં પણ સંકોચ થાય; અને એ રીતે ટી. બી. ના જંતુઓથી બીજાઓને પણ બચાવાય. હવે જીવમાં પણ ભગવાનની બુદ્ધિ કરવી. તેથી જીવમાં તિરસ્કાર અગર દોષદૃષ્ટિ કરતાં સંકોચ થાય. માટે જીવના સ્વરૂપનો વિચાર કર્યો.

બ્રહ્માંડથી અલગ એક સૂક્ષ્મ સ્વરૂપ તે જીવ. જીવ ઇન્દ્રિયોનો વિષય નથી. હાથ, પગ વિગેરેના આકારે તે પરિણત બનેલ પણ નથી; તેમજ પુનર્જન્મવાળું અને ચેતન સ્વરૂપ છે તે જીવ છે. પૂર્વમાં તે દેવ સ્વરૂપેજ હતો. પછી તે જીવ સ્વરૂપે બન્યો. તાત્પર્ય ઔદાર્ય, ત્યાગ, સત્ય, શીલ વિગેરે તેનામાં નૈસર્ગિક છે, જ્યારે દોષો આગન્તુક છે, માટે સહજ નિવારી શકાય તેમ છે. એટલે આદર નજરે જુઓ, તિરસ્કારની નજરે નહિ.

यत्रेमे सदसद्रूपे प्रतिषिद्धे स्वसंविदा
अविद्ययात्मनि कृते इति तद् ब्रह्मदर्शनम् ॥३३॥

यत्र જેમાં (ભગવાનમાં), **इमे** આ બે, **अविद्यया** અજ્ઞાને, **आत्मनि** આત્મામાં **कृते** કરેલ, **सदसद्रूपे** સત્ અને અસત્ રૂપો **स्वसंविदा** આત્મજ્ઞાનથી, **प्रतिषिद्धे** દૂર કરાય, **इति** એ પ્રમાણે, **तत्** તે, **ब्रह्मदर्शनम्** બ્રહ્મદર્શન છે.

જીવ અને જડ એ સત્, અસત્ સ્વરૂપ અજ્ઞાનથી દૂર કરાય; ત્યારે બ્રહ્મદર્શન થાય છે, કારણ કે એ બે સ્વરૂપ અવિદ્યાથી આત્મામાં કલ્પેલાં છે.

તાત્પર્ય—

વાસ્તવિક રીતે જડ અથવા બ્રહ્માંડ અને સૂક્ષ્મ એટલે જીવ એ બન્ને તત્ત્વો પણ ભગવાન જ છે. કેવલ અવિદ્યાને કારણે અલગ પ્રતીતિ થાય છે. આત્મામાં આરોપેલ બ્રહ્માંડ અને જીવ એવી બન્ને સંજ્ઞા નિવૃત્ત થાય ત્યારે આત્મદર્શન કહેવાય. જડ અને જીવ–ઉભય–આત્મામાં–પરમાત્મામાં કલ્પિત દેખાય છે, તે અણસમજથી છે. જ્યારે સમજ (વિદ્યા) આવે, ત્યારે જીવ અને જડ પ્રતીતિ સ્વયં ચાલી જાય, અને આત્મદર્શન સિદ્ધ થયું મનાય.

यद्येषोपरता देवी माया वैशारदी मतिः
सम्पन्न एवेति विदुर्महिम्नि स्वे महीयते ॥३४॥

यदि જો, **एषा** આ, **देवी** દેદીપ્યમાન, **वैशारदी** સર્વજ્ઞ (ભગવાનની) **माया** માયા, **मतिः** બુદ્ધિપૂર્વક **उपरता** નિવૃત્ત થાય, **स्वे** પોતાના **महिम्नि** મહિમામાં **सम्पन्न एव** સ્વરૂપને પ્રાપ્ત કરી ચૂકેલો, **महीयते** સ્વારાજ્યને કરે છે.

જ્યારે વિશેષ ચતુર ભગવાનની માયા મતિ રૂપે રહેલી વિરમે છે. ત્યારે જીવ સ્વરૂપ પ્રાપ્ત કરીને આનંદ રૂપ થાય છે.

તાત્પર્ય—

આત્મદર્શનનું શું ફલ? અને અનાત્મપ્રતીતિ ક્યારે જાય? એ બે પ્રશ્નોના પ્રત્યુત્તરમાં કહે છેઃ—

વિશારદ એવા ભગવાનની માયા કાર્યમાંથી ઉપરત (ક્રિયા રહિત) થાય છે; પરંતુ સર્વથા ક્રિયાસ્વભાવ શૂન્ય તો નથીજ થતી. એ પ્રવૃત્તિ રૂપા રહે ત્યાં સુધી તેની માયા સંજ્ઞા બને; જ્યારે તે નિવૃત્તિરૂપા બને ત્યારે તે મતિ કહેવાય. એ મતિરૂપા બને, ત્યારે જીવ સ્વરૂપ સમ્પન્ન બને, સ્વારાજ્યમાં મહાલે.

પાંચ શ્લોકથી સમષ્ટિ, વ્યષ્ટિ, વિરાટ એ સર્વ પુરુષ રૂપજ છે, હરિ રૂપજ છે એ દર્શાવ્યું.

શ્લોક ૪૦ **इदं भागवत नाम पुराणं ब्रह्मसंमितम्** શ્રીમદ્ ભાગવત પુરાણ બ્રહ્મ તુલ્ય છે. બ્રહ્મતુલ્ય એટલે બ્રહ્મ વેદ સંમિત-સમાન છે. વેદમાં જ્ઞાન કર્મ વિભાગ છે; ભાગવતમાં ઉભયનો સમાવેશ છે. મંત્ર અને ગદ્ય વિભાગ વેદમાં છે. માટેજ પંચમ સ્કંધ, ષષ્ઠ સ્કંધ અને દ્વાદશ સ્કંધમાં ગદ્ય ભાગ છે.

ब्रह्मतुल्यः- ब्रह्म परं ब्रह्म तत्सम्यक् ईयतेऽनेन ब्रह्म संमितम् પર બ્રહ્મને બુદ્ધિનું વિષય કરનાર. **ब्रह्म सम्यग् इतं अनेन** અથવા બ્રહ્મને વ્યવસ્થિત રીતે સાકાર સ્વરૂપે સાક્ષાત્કાર કરાવનાર.

છઠ્ઠા પ્રશ્નનો પ્રત્યુત્તરઃ ધર્મ કોને શરણે ગયો?

कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः। (શ્લોક ૪૪)

પુરાણનો અર્ક, સર્વ પુરાતન તત્ત્વોનો એકત્ર સાર, અથવા પુરાણોમાં સૂર્ય સમાન સર્વ પ્રકાશક શ્રીમદ્ભાગવતને શરણે ધર્મ ગયો.

મધ્યમ પ્રકરણ — ચતુર્થ અધ્યાય.

ચારથી છ અધ્યાયમાં મધ્યમ પ્રકરણ છે. શ્રોતા વ્યાસમહર્ષિ અને વકતા શ્રી નારદજી છે. બન્નેનો મધ્યમ અધિકાર સિદ્ધ છે.

મહત્પુરુષોની ચિંતામાંથી ચિંતન મળે. મહત્પુરુષોના નિર્વેદમાંથી વેદ મળે. ચતુર્થ અધ્યાયમાં મહર્ષિ વ્યાસજીની ચિંતા છે. તેમાંથીજ શ્રીમદ્ ભાગવત જન્મ્યું છે.

व्यास उवाच બીજીવાર આવ્યું. શ્રીમદ્ ભાગવતના સંપૂર્ણ શ્રોતા શૌનક મહર્ષિનો પરિચય વ્યાસજી આપે છે માટે **व्यास उवाच** ચતુર્થ અધ્યાયના આરંભે આવ્યું. સંપૂર્ણ ગ્રન્થમાં માત્ર બેજ વખત **व्यास उवाच** આવ્યું છે. સમાધિ ભાષા રૂપ શ્રીમદ્ ભાગવતના દ્રષ્ટા વ્યાસ મહર્ષિ છે, અને ભાવિમાં શૌનક-સૂત દ્વારા ભાગવત વધુ પ્રચલિત થશે. એ વસ્તુ દૃષ્ટિમાં રાખી સૂત-શૌનકની યોગ્યતાનો નિર્દેશ કરવા, બીજા અને ચોથા અધ્યાયના પ્રારંભમાં **व्यास उवाच** આવેલ છે,

इति ब्रुवाणं संस्तूय-બોલતા સૂતને વચમાંજ સ્તુતિ કરી પૂછ્યું. સામાન્ય નિયમ એ છે કે વકતા બોલી વિરમે, ત્યારે પૂછાય; પરંતુ શ્રવણ કરતાં રસાવેશ થયો, ઉત્કંઠાને રોકી ન શક્યા અને શૌનકે પૂછવાનો આરંભ કર્યો. એ સમજવા **ब्रुवाणम्** બોલતા એવા, બોલીને વિરામ પામેલા નહિ તેવા સૂતને પૂછ્યું.

संस्तूय- વકતાએ સૂતની સ્તુતિ કરી છે ખરી, પરંતુ ગ્રન્થની અંદર તે નથી નોંધી.

શ્રોતાની યોગ્યતા, મુનિવૃદ્ધ, કુલપતિ અને ઇંગ્વેદી ત્રણ પ્રકારની દર્શાવી છે. વૃદ્ધ એટલે જ્ઞાની અને મુનિ એટલે વિચારશીલ અને આવશ્યક ભાષી. કુલપતિ એટલે કુલાચાર્ય.

एको-दशसहस्राणि योऽन्नदानादिना भरेत्
स वै कुलपतिः प्रोक्तः …………

એકજ વ્યકિત હજારોની સંખ્યાને અન્નાદિ આપી પોષે અને જ્ઞાનદાન કરે તે કુલપતિ. શૌનક અનેક સંખ્ય સમાજને નિમંત્રતા અને સત્રમાં અન્ન-જ્ઞાનની લ્હાણી કરતા.

सूत—सुवति प्रेरयति शुभे कर्मणि लोकान् कथया-લોકોને પ્રવચનથી પુણ્ય માર્ગે પ્રેરે તે સૂત. સન્માર્ગ પ્રેરક.

ચતુર્થ અધ્યાયમાં ચાર પ્રશ્નો:—

ભાગવત વિષયનો, કર્તા વિષયનો, વકતા વિષયનો, અને શ્રોતા સંબંધી. આ ચાર પ્રશ્નો છે.

કાલ, દેશ અને હેતુ આ ત્રણ ગ્રન્થના સ્વરૂપને વધુ સ્પર્શે છે તેમાં કાલ, દેશ ધર્મોની અસર હોય છે. વ્યગ્રતા સ્વરૂપ નાશક હોય છે. બ્રાહ્મ મુહૂર્તનો કાલ ધ્યાન, કાવ્ય રચના, સ્વાધ્યાય, ઉપાસના માટેનો સ્થિર અને શાંત હોય છે. તેજ રીતે યુગધર્મની પણ અસર હોય છે. તીર્થ પ્રદેશ, લતાકુંજ, એકાન્ત, પુણ્યવન પણ ગ્રન્થાલેખનમાં ઉપકારક હોય છે. હેતુ પણ વિચાર આવેશમાં પક્ષકાર તરીકેના આ લેખનમાં પણ તથ્ય ને પથ્ય ન આવે. માટેજ ભાગવતને લગતા ચાર પ્રશ્નો ચોથા અધ્યાયમાં કર્યા.

બીજા શ્લોકમાં ગ્રન્થ સંબંધી પ્રથમ પ્રશ્નનો વિચાર. વકતામાં આદરને લીધે બે વખત સંબોધન કર્યું. **सूत सूत महाभाग** શબ્દથી કહ્યું, "હમો વિપ્રો છીએ. આપે તો શ્રીમદ્ ભાગવત હમને લખીને પૂજન કરીને દાનમાં આપવું જોઇએ. તેને બદલે વ્યાખ્યાનથી આપવાનું છે, એ આપનું સૌભાગ્ય છે. તો ભાગવત હમને સંભળાવો, જે શ્રી શુકે સંભળાવ્યું."

હેતુ: कस्मिन् युगे प्रवृत्तेयं स्थाने वा केन हेतुना (શ્લોક ૩) કર્તા સંબંધી બીજા પ્રશ્નનો વિચાર.

ભાગવત કેમ રચ્યું? કયાં રચ્યું? કયારે રચ્યું? કોની પ્રેરણાથી રચ્યું: વિશ્વ કલ્યાણ માટે અને સમાજ શુદ્ધિ માટે ભાગવત રચ્યું. "બુદ્ધિ હ્રાસ, શકિત હ્રાસ, ભકિત હ્રાસ, આયુષ્ય હ્રાસ, શીલ હ્રાસ, સમૃદ્ધિ હ્રાસ"—એ સમાજનાં કલેવરનાં અંગોનો ક્ષય ગણાય; અને તે ક્ષય નિવારણ "રસાયન કેન્દ્ર" શ્રીમદ્ ભાગવત છે. વિશ્વનો સર્વતોમુખ વિકાસ કેમ બને–એ એકજ હેતુ. કારણ કે **શ્રીમદ્ ભાગવત** વિશ્વ સંસ્કૃતિ છે, કેવળ ભારતની નહિ.

કાલ: ત્રીજો દ્વાપર યુગ ભાગવત રચના કાલ. ચાર યુગોના એક આવર્તનને (ફેરાને) પર્યાય કહેવાય. એવા ત્રીજા પર્યાયના (ફેરાના) દ્વાપરમાં ભાગવત રચ્યું. પ્રથમ યુગ પર્યાય જ્ઞાનનો કાલ હતો. બીજો યુગ પર્યાય કર્મનો હતો. અને ત્રીજો યુગ પર્યાય જ્ઞાન-કર્મના સમ્પૂર્ણ સાર સાથે ભકિતનો હતો.

કર્તા: પરાશર રૂષિના, પરમ ભકતના અને વાસવી માતાના કુલાવતંસ ભગવદવતાર **શ્રી કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મહર્ષિએ** ભાગવત રચ્યું. ત્રીસ વ્યાસ થયા છે. તેમાંના આ એક છે. વ્યાસ તો અટક છે.

સ્થલ: પ્રાચી સરસ્વતીના કિનારે એટલે બ્રહ્મવિદ્યાના ઓવારે બેસીને ભાગવત રચ્યું. બ્રાહ્મ મુહૂર્તના ચિંતનમાંથી અને શ્રીનારદજીના સત્સંગમાંથી જન્મ્યું. તીર્થ, એકાન્ત, બ્રાહ્મમુહૂર્ત એ મહત્વનાં અંગો લેખકનાં હતાં. તીર્થે બુદ્ધિ શુદ્ધિ આપી. એકાન્તે સ્થિરતા આપી. બ્રાહ્મમુહૂર્તે પ્રેરણા, પ્રસન્નતા અને શાંતિ આપ્યાં. એમાંથી શ્રીમદ્ ભાગવતનો પ્રસાદ પ્રસવ્યો. ભૌતિક, આધ્યાત્મિક અને આધિ દૈવિક દોષ રહિત એવી સ્થિતિમાં રચના કરી. શમ્યાપ્રાસ આશ્રમમાં ભાગવત રચ્યું.

ચોથા શ્લોકથી આઠમા શ્લોક સુધી ત્રીજો પ્રશ્ન વિચારાશે કે શ્રીમદ્ ભાગવતના શુક દેવજી કેમ વકતા બન્યા?

तस्य पुत्रो महायोगी समदृङ्निर्विकल्पकः ।
एकान्तमतिरुन्निद्रो गूढो मूढ इवेयते ॥४॥

મહાયોગી–સદાય સમાધિમાં રહે, તે ભાગવત કથા કેવી રીતે કરે?

સમદૃક્–બ્રહ્મવેત્તા, એકજ સરખી દૃષ્ટિ, એમાં અનેક રસયુકત ચરિત્રોનું કથન કેમ સંભવે?

નિર્વિકલ્પક–મારા તારા, વકતા શ્રોતાના ભેદ વિનાના. પછી વકતા કેમ થાય?

એકાન્તમતિ–એકાન્તસેવી, વિરકત. એમને લોકસંસદ્ કેમ ગમે?

ઉન્નિદ્ર–જાગ્રત. જાતે જીવનાર, જગતને કહેનાર નહિ, તે કેમ કથા કરે?

ગૂઢ—ગુપ્ત રહેનાર. સંગથી ડરનાર, ભસ્મથી દેહ આચ્છાદિત કરેલ, તે કેમ ઓળખાય?

મૂઢ ઈવ–જોવામાં જડ જેવાજ લાગે, તો ઉચ્ચ આસને કોણ સ્થાપે?

વળી બહિર્મુખતા વિના કથા ન સંભવે. અન્તર્મુખ અવસ્થામાં રહેવા છતાં અલ્પાંશમાં વ્યવહારનું, સમાજનું, શ્રોતાનું, સમયનું અનુસંધાન તો જોઈએજ, ત્યારેજ પ્રવચન થઈ શકે.

વિવિકત દૃષ્ટિ: (શ્લોક ૫) અન્તર્મુખ અવસ્થા, અથવા અસમ્પ્રજ્ઞાત સમાધિ. વ્યવહારમાં વિચરે તો પણ વ્યવહારવૃત્તિ વિનાના.

ઉપરોકત આઠ ગુણો આત્મજ્ઞાનીની ઉત્તમ કક્ષામાં આવે છે. તેવા જ્ઞાનીઓ કદી બહિર્મુખ દશામાં ન મુકાય; છતાં વક્તા કેવી રીતે થયા?

હસ્તિનાપુર વાસીઓને શુકદેવજીનો સંગમ શી રીતે?

એક તો હાથી સમાન, માન, ધન, યૌવનમદ મદાન્ધ માનવો હોય, ઉપરાંત પુરવાસીઓ એટલે સ્વાભાવિક રીતે નગરમાં રહેનારની બુદ્ધિ વક્ર–અપંથગામિની–કુટિલ બને છે, તો **कथमालक्षितः पौरैः** એ વાકયથી પ્રશ્ન પૂછયો કે આવા મનુષ્યોને શુકદેવનો સત્સંગ કયાંથી?

गोदोहन मात्रमवेक्षते (શ્લોક ૮)—સંતો અને ગાય સરખાં હોય છે. ગાય પગે બંધાઈને દૂધ આપે છે; ત્યાગી–પરમહંસો એક સ્થળે કદી ન બેસે, તો પણ કૃપાળુ સ્વભાવથી ગૃહસ્થાશ્રમીઓને ત્યાં પગે બંધાઈ, જ્ઞાન–દૂધ આપે છે. આસક્તિ ન થાય તે માટે "ગોદોહનકાલ"થી વધુ સમય નથી રહેતા.

તાત્પર્ય–શ્રી શુકદેવજી વક્તા તરીકે વિદ્વતા–ભક્તિ વિગેરે ધર્મો પૂર્ણ હોવા છતાં કેવલ તેઓની અન્તર્મુખ સ્થિતિ, અને તે સ્થિતિ અંગે ઉન્મત, મૂક અને જડની માફક વિચરે, તે કથા શી રીતે કરે?

શ્રોતા પરીક્ષિત :

अभिमन्युसुतं सूत प्राहुर्भागवतोत्तमम्
तस्य जन्म महाश्चर्य कर्माणि च गृणीहि नः ॥९॥

अभिमन्युसुतं—અભિમન્યુ **अभितः मन्युः न तु अन्तर्मन्युः** ક્રોધ અને મન્યુનો તફાવત. હૃદયમાં ગુપ્ત રીતે જે વસતો ક્રોધ, જે વૈરમૂલક હોય તેને મન્યુ કહેવાય, ક્રોધ કેવલ અપરાધીને શિક્ષા પૂરતો જ હોય છે, તે આન્તર–એટલે હૃદ્ગત નથી હોતો. તેવા અભિમન્યુ–પુણ્યશીલ પિતાના પુત્ર હોવાથીજ તેને ત્યાં પરીક્ષિત જેવો અક્રોધ પુત્ર હોય, તો તો તેવા પરીક્ષિતનું–જન્મ, કર્મ અને દેહવિલય, એ ત્રણે કહો.

જન્મ માટે, માતાનાજ ઉદરમાં મરેલ પામેલ અને પુનર્જીવીત થયા તે આશ્ચર્ય.

કર્મ ,, કલિયુગ ઉપર અનુગ્રહ–નિગ્રહ બે પરસ્પર વિરૂદ્ધ કાર્યકર્તા થયા તે આશ્ચર્ય.

વિલય ,, શ્રી શુકદેવ સમાન તત્ત્વયોગીની નજરમાં મુક્ત થયા, તે અતિ આશ્ચર્ય.

વૈષ્ણવને અન્તઃકરણમાં ક્રોધ કદી ન હોય. તેમજ વૈષ્ણવથી આમરણાંત ઉપવાસ ન થઈ શકે. વૈષ્ણવનું સર્વસ્વ વિશ્વનું હોય છે, તો જીવન પણ વિશ્વનુંજ. તે કેમ ત્યજાય ? વૈષ્ણવને મોક્ષધર્મ અને વિશ્વસેવન, એમાંથી મોક્ષધર્મ રતિ ગૌણ છે.

સંતોનું જીવન—પરાશ્રય માટે. **परैः आश्रयणीयम्** બીજાઓને, અને શત્રુઓને પણ સેવવું ગમે તેવું. ત્રણ કાર્ય સાધે. શિવ, ભવ અને ભૂતિ એ ત્રણ જેમાં તે વિશ્વ વિભૂતિ, અગર વૈષ્ણવ.
शिवाय लोकस्य भवाय भूतये (શ્લોક ૧૨)

શિવ—**शिवाय मंगलाय सुखाय** દર્શન, વચન, સ્પર્શન, એ ત્રણેથી મંગલ કરનારા. દર્શનથી સલિલની માફક શીતલતા આપે, વચનથી સુધા સમાન તૃપ્તિ આપે, અને સ્પર્શથી પાપ કાપે.

ભવ—**भवाय समृद्धये-उत्तरोत्तरोदयाय.** ક્રમે કરી ઉદય સાધી આપે. સંયોગ પછી પ્રતિ પળે જીવનમાં પલટો લાવે, તેથી ઉદય પણ સાધે.

ભૂતિ—**भूतये ऐश्वर्याय-श्रियै** ઐશ્વર્ય આપવા માટે.
આટલી યોગ્યતાવાળાજ શ્રોતાને લીધે શ્રીમદ્ ભાગવત પ્રકટે.
શૌનકની ત્રીજા પ્રકારના શ્રોતઃ તરીકે ગણનાનો હેતુ–વક્તામાં આદરની અલ્પતા અને પોતાની વિશિષ્ટતાનું ભાન. **स्नातमन्यत्र छान्दसात्** (શ્લોક ૧૩). "આપ વેદ સિવાય અન્ય વાણીમાં નિષ્ણાત છો." એ કથનથી સૂતમાં સહજ અનાદર જેવું સૂચવ્યું.

ચતુર્થ અધ્યાયમાં વક્તા, કર્તા, શ્રોતા અને ગ્રન્થને સ્પર્શતા પ્રશ્નો ચર્ચ્યા. તેમાં વ્યાસજી શ્રીમદ્ ભાગવતના સ્મર્તાને ઉદ્દેશી પ્રશ્ન વિચાર્યો. શ્રી વ્યાસજીની ચિંતા ચિંતન બની, ઉદ્વેગ વેદ બન્યો.

મહા પુરુષોની ચિંતાના સર્જક ભગવાન હોય છે, એટલે નિવારક પણ ભગવાન હોય છે. ચૌદમા શ્લોકથી અધ્યાય સમાપ્તિ સુધીમાં કેવલ "આત્મનિરીક્ષણ"–વિપ્ર તરીકે સર્વ ઉપયોગી કેમ થવાય, અને વિશ્વને શાન્તસુખ કેમ મળે તેટલું દર્શાવ્યું ને અધ્યાય સમાપ્ત કર્યો.

સરસ્વતીનો કિનારો, વ્યાસજી અને વેદો.

પ્રથમ વેદ તો એકજ હતો. પરંતુ પરંપરા સાચવવા માટે તેના ચાર વિભાગો કર્યા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

સરસ્વતીજી તીર્થ સ્વરૂપે, અને આધિદૈવિક વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સ્વરૂપે એમ બે સ્વરૂપે. **सरस्वत्या जलं शुचि** કહેવાથી પાપકર્મોનો સરસ્વતીના જલને સ્પર્શ થતો નથી. સરસ્વતી ત્રણમાં ફળે એકલાપણામાં, એકાન્તમાં ને બ્રાહ્મમુહૂર્તમાં. કર્મ અને જ્ઞાન દ્વારા સમાજ હિત વિચાર્યું.

चातुर्होत्रं कर्म शुद्धम् (શ્લોક ૧૯) ચાર હોતાઓ જેમાં છે એવું એક વૈદિક કર્મ તેનું નામ ચાતુર્હોત્રમ્. અધ્વર્યું, ઉદ્ગાતા, હોતા અને બ્રહ્મા. જો કે એ ચારે હોમ કરનાર નથી હોતા, પરંતુ કર્મમાં તેઓ મહત્ત્વના છે, તેથી હોતા કહ્યા.

ચાતુર્હોત્રનો બીજો અર્થ થાય છે. યજ્ઞ કર્મમાં ચાર હોતાનાં મંડલ છે, અને તેમાં દશ હોતાનું એક, ચાર હોતાનું એક, પાંચ હોતાનું એક, અને છ હોતાનું એક–એમ મળી ચાર મંડલથી સાધ્ય કર્મ, તેનું નામ ચાતુર્હોત્રમ્. અગ્નિ હોત્રાદિ પાંચ કર્મોને ચાતુર્હોત્ર કર્મ કહેવાય છે, અને તે આ ચાર મંડલથી સાધ્ય છે.

હોતા ઋગ્વેદથી કામ કરે, અને તેને ઋગ્વેદ જાણવો પડે. અધ્વર્યુ યજુર્વેદથી કર્મ કરે. ઉદ્ગાતા સામવેદી હોવા જોઈએ. બ્રહ્મા અથર્વવેદથી યજ્ઞીય કર્મ કરે.

तत्रर्ग्वेदधरः पैलः सामगो जैमिनिः कविः।
वैशम्पायन एवैको निष्णातो यजुषामुत ॥२१॥
अथर्वाङ्गिरसामासीत् सुमन्तुर्दारुणो मुनिः।

રૂગ્વેદના જાણકાર પૈલ મુનિ હતા. સામવેદને જાણનાર જૈમિનિ રૂષિ હતા અને તે કવિ પણ હતા. યજુર્વેદના જાણનાર કેવલ વૈશંપાયન હતા. અથર્વવેદમાં સુમન્તુરૂષિ હતા. સુમન્તુરૂષિ અભિચાર કરતા તેથી દારૂણ કહ્યા, અથવા તો સ્વભાવે ઉગ્ર હતા માટે દારૂણ કહ્યા છે.

कृष्णस्य नारदोऽभ्यागात्–કૃષ્ણ શબ્દનો અર્થ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી એવો થાય; અથવા વ્યાસ મહર્ષિમાં લોકના ક્લેશાવેશ રૂપે ભગવાન શ્રીકૃષ્ણેજ પ્રવેશ કર્યો છે. તેવા વ્યાસજી અવતાર રૂપ હતા, તેમને અવતાર સ્વરૂપ નારદજી મળ્યા.

અધ્યાય ૫મો.

સંત મિલન અને શંકા નિવારણ:

ચતુર્થ અધ્યાયને અંતે વ્યાસજીની અસાધારણ વ્યથાની શાંતિ માટે નારદજી મળ્યા. અને માર્ગદર્શન પાંચમા અધ્યાયમાં કર્યું. સંતના વચને અને ચરિતે સર્વ શાંતિ મળે. વચનમાંથી શાસ્ત્ર મળે, અને ચરિત્રમાંથી ભગવાન મળે.

દેવર્ષિ—વિપ્રર્ષિ–બંને સમાન કોટિના વક્તા અને શ્રોતા દેવર્ષિ તરીકે નારદજી, અને વિપર્ષિ વ્યાસ મહર્ષિ.

अथ तं सुखमासीन उपासीनं बृहच्छ्रवाः।
देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ॥१॥

अथ–અવ્યય, મંગલાચરણ સ્વરૂપે. **सुखमासीनः** ઉપદેશ, અધ્યાપન સ્થિરાસને અને બેસીને કરવું, કારણ કે એકાગ્રતા આસન સિધ્ધિ ઉપર આધાર રાખે. **उपासीनम्** સમીપમાં બેઠેલા, અથવા **उपासनां कुर्वन्तम्** પુષ્પ, ગંધ, જલ આદિથી અર્ઘ આપતા. નારદજીનાં ત્રણ વિશેષણ. **बृहच्छ्रवाः**, **देवर्षिः**, **वीणापाणिः** એ ત્રણ ક્રમવાર ગુણો છે. કીર્તિમાન, મંત્રજ્ઞાની અને મધુરવાણી એ ત્રણ શબ્દોનો ભાવ છે.

શ્લોક ૨ માં નારદજીએ **पाराशर्य, महाभाग** બે સંબોધન વ્યાસજીને કર્યાં.

સંબોધન એ તો સ્વજનનું સ્નેહ ધન, સજ્જનનું સંક્ષિપ્તમાં સમસ્ત ઉદ્બોધન, અને વિવેકપ્રદ લોચન, કે દેહદિલનું શીતલ ગોરોચન, કે મૃત અને મૃતમનાને, જીવાડનાર સંજીવન, કે સ્વરૂપોદ્બોધન. જ્ઞાનના વિસ્તારમાંથી ન મળે તે કેવલ સંબોધનના બે શબ્દોમાંથી મળે. સંબોધનના અક્ષરોની સફળતા સામે સાક્ષરો નિરક્ષર છે. સંબોધન સંગુપ્ત રીતે ઉપદેશ છે. સંબોધનના પાત્રમાં અવ્યકત આત્મપ્રેમનું પ્રદાન. સંબોધને વેદનાનો વિરામ છે, અને વેદોના પ્રવચનને આરામ છે.

पाराशर्य–પરંપરાગત વૈષ્ણવ છો. પુણ્યની મીલ્કત છો વિશ્વાસનો ખજાનો છો તેમના વારસ છો. ચિંતા શા માટે? વંશ પરંપરાના ધર્મોને અનુસરો.

महाभाग– આપ સ્વયં તપો–વિદ્યા સંપન્ન છો. પ્રભુમાં પ્રીતિ કરનાર મહાભાગ ગણાય. વ્રજવનિતા, ઋષિપત્ની, યશોદાજી મહાભાગા ગણાય છે.

તન અને મન પ્રસન્ન છે? એમ બે પ્રશ્નો વ્યાસજીને પૂછયા. ભોગમાં આસકતને તન પ્રસન્નતા ક્યાંથી? આપ તો યોગમાં નિરત છો. ધનમાં આસકતને મન પ્રસન્ન ક્યાંથી? આપ તો જ્ઞાનમાં તત્પર છો.

સજ્જન સ્વીકારે અને સુધારે. વ્યાસજીએ સ્વીકાર્યું અને સુધાર્યું.

સંતો સૂર્ય અને વાયુ જેવા છે. સૂર્ય સાન્નિધ્યથી નિર્મલ બનાવે, વાયુ સામીપ્યથી વિમલ, શીતલ બનાવે. વાયુ અન્તરંગ રીતે પવિત્ર કરે, સૂર્ય બહિરંગ શુદ્ધિ કરે. વાયુ અજ્ઞાત રીતે સદા ય સેવા કરે, અને સૂર્ય અનાસકત રીતે સહાય કરે.

શ્રીમદ્ ભાગવત કાવ્ય નથી, સાહિત્ય છે; રસ પ્રધાનતા માત્ર નથી, પરંતુ ક્રિયાપથ પ્રદર્શન છે તેથી. ચિત્તશાંતિ માટે કાવ્ય શૈલીમાંથી સ્તુતિમાં ભગવદ્ યશમાં જવાથી, જન રંજન માત્ર ન થતાં, જનમનમલ સંશોધન થશે. સ્તુતિ પ્રધાન ભગવદ્ ગાન કરવાથી હૃદય આર્દ્ર બનશે, સ્વભાવ દયાર્દ્ર થશે.

वायसं तीर्थम् વાયસ એટલે કાકતીર્થ, વાયસ લોકાસક્ત છે. કેવલ લૌકિક ધર્મોનું નિરૂપણ રોચક બને, પરંતુ અન્ત:કરણનું પરિવર્તન તો નજ કરે. **कं सुखं अकं दु:खम् स्त: येषां ते काका: वायसा:**, કેવલ લૌકિક સુખદુ:ખમાં ચિત્તવૃત્તિવાળા સકામ ઉપાસનામાંજ રસ લેછે.

हंसा : વિવેકશાલીઓ.

उशिक्क्षया:- उशिक् कमनीयं क्षयो निवासस्थानं येषां ते उक्षिक्क्षया: રમણીય નિવાસમાં વસનારા. **क्षय:** નો અર્થ નિવાસ સ્થલ.

શ્રદ્ધાધન સકામ ઉપાસકોને નથી હોતું. ત્યાંતો કેવલ સ્વાર્થ વિચારજ હોય છે. ભગવાન વ્યાસ મહર્ષિની પાંચ પ્રકારની યોગ્યતા. (શ્લોક ૧૩.)

(૧) મહાભાગ:–અનેક જ્ઞાની હોય, પરંતુ એકજ વિશેષ પદને અલંકૃત કરે. તે તેનું મહાભાગપણું ગણાય. નારદાદિ ૠષિઓ અવતાર અને જ્ઞાની તરીકે સમાન છતાં કેવલ વ્યાસ મહર્ષિને અધિકાર મળ્યો.

(૨) અમોઘદૃષ્ટિ:–'ભાવિદર્શન' જેનું સત્ય હોય; જેથી જેના કથનનો મિથ્યા થવાનો સંભવ જ ન હોય.

(૩) શુચિશ્રવા:–શુદ્ધકીર્તિ. વકતવ્ય પરાયણ હોય છતાં કર્તવ્ય પરાયણ ન હોય, તેની કીર્તિ ન સંભવે. પરંતુ શુચિશ્રવસ્ પુરુષનું વાકય તો સર્વમાન્ય બને છે. જ્ઞાન, પણ કીર્તિમાનનું જ જગત્ સ્વીકારે. કીર્તિ સદાચારનેજ મળે.

(૪) સત્યરત:–સદાચારમાં ઓતપ્રોત. **सत्ये श्रीकृष्णे रत:** ભગવત્પરાયણ. જરાપણ બહિર્મુખ ન હોય, તેજ પરમ ભકત થઇ શકે.

(૫) ધૃતવ્રત:–ઇશ્વર વ્રતનિષ્ઠને મળે. વ્રતપરાયણ પતિવ્રતા પત્ની જેવો હોય છે. તેની પ્રવૃત્તિ એકજ કાર્યમાં હોય છે.

समाधिनाऽनुस्मर तद्विचेष्टितम्–ભગવાનનાં વિચેષ્ટિત (ચરિત્રો) સમાધિથી સ્મરો. **अनुस्मर** પ્રથમ ભગવાન શુદ્ધ અંત:કરણમાં ચરિત્રાત્મક દેહે સ્ફુરે; ત્યાર પછીથી તમે તે સ્ફુરણને યાદ કરી તેને ગ્રન્થનું સ્વરૂપ આપો. જેથી શ્રીમદ્ ભાગવત સ્વયંભૂ અને નિર્દોષ બને.

ભગવત્કથા કોણ સાંભળે? ધર્મપરાયણ, લૌકિક રસિક કે અધર્મિક?

ધર્મપરાયણને તો સમય મળવાનો નહિ; દિવસભર નિત્ય નૈમિત્તિક કાર્યમાં પરોવાયેલ હોય. લોકરસવાળાની તો પ્રવૃત્તિજ ન થાય. જો અધાર્મિકને માટે કહીએ, તો શાસ્ત્ર શિષ્ટાચારીઓ માટે નથી, પરંતુ દુષ્ટોને માટે કારાગ્રહની માફક જ ગણાય.

પરંતુ ભાગવત શ્રવણ–પૂર્ણ ધાર્મિકે, પ્રત્યેક ફલ સુખ ત્યજી કેવલ રસૈકફલ અથવા તો શ્રવણૈક ફલ બનીને કરવાનું. તેના શ્રવણ પ્રાધાન્યમાં વાસ્તવિક અને અલૌકિક રસ પ્રવાહ થતાં તેનાં રસઝરણાંમાં સર્વને સ્નાન કરવાં મળે.

त्यक्त्वाऽस्वधर्मं चरणाम्बुजं हरे: શ્લોક ૧૭, ૧૮ થી સમાધાન આદર્યું. **अस्वधर्मम्** દેહાદિ સેવન એ અસ્વધર્મ છે. ભગવત્સેવન એજ સ્વધર્મ છે. માટે દેહાદિ સેવન ત્યજીને ભગવત્સેવન સાથે ભગવદ્ ગુણાનુવાદનું શ્રવણ કરવું.

સેવા વિનાનું શ્રવણ, સ્મરણ શુષ્ક છે. રસ સાધક નહિ બને. શ્રવણનું ફળ જગત અને ભગવાનના સ્વરૂપને વિવેકની દૃષ્ટિએ અવલોકન થાય. માટે ૧૯ શ્લોક સુધી ચરિત્ર મહિમા ગાયો; અને વીશમા શ્લોકથી સ્વરૂપ વિચાર કર્યો.

इदं हि विश्वं भगवानिवेतरः—શ્રીમદ્ ભાગવતનો પ્રધાન આદેશ એક છે, કે ભગવત્સ્વરૂપ અને ચરિત્ર બન્ને અલગ નથી, પરંતુ એકજ સ્વરૂપે છે. તેવીજ રીતે જગત અને ભગવાનનો સંબંધ કેમ સમજવો? તેનો વિચાર ૨૦ મા શ્લોકમાં ત્રણ પ્રકારે કર્યો છે.

इदं हि विश्वं भगवान् આ વિશ્વ ભગવાન છે. એ દર્શન ઉત્તમાધિકારીઓ માટે. જેમની કક્ષા શુકદેવ, નારદ, અંબરીષ, જડ ભરત, મીરાં, તુકારામ, તુલસીદાસ જેવા મહા પુરુષોની છે, તેમને તો જગત જે ભગવાનનું કાર્ય છે, તેમાં પણ ભગવાનનું અવલોકન જ માલુમ પડે, અને કોઇને પણ કલેશ ન આપે, અને દોષ ન જૂએ.

इदं विश्वं भगवान् इव, न तु भगवान् આ વિશ્વ ભગવાનના જેવું, પરંતુ ભગવાનનું સ્વરૂપ નહિ. આ નિરૂપણ જેમની નજર કેળવાયેલ નથી, નીરક્ષીર વિવેકશાળી નથી, તેમને જગતમાં આસક્તિ ન થાય, પરંતુ ભગવાનના જેવું ગણી જોવાની આદરવૃત્તિએ સર્વ કોઈનું સન્માન કરવાની ભાવના થાય. એ વિચાર મધ્યમાધિકારીઓનો.

इदं विश्वं, भगवान् इतरः अस्माद् अन्यः વિશ્વ અને વિભુ જુદા. વિશ્વ વિનાશશીલ, એટલે એમાં આસકત નહિ થવાનું; પરંતુ ભગવાન એકજ નિત્ય છે. એમાં પ્રીતિ કરવી.

'સંગ્રહાત્મક નજર, અને સમાધાનવૃત્તિ,ભાવના પ્રાણને જીવાડે.'

શ્રી નારદજીનું જીવન

સત્તર શ્લોકથી નારદજીના ચરિત્રનું વર્ણન છે. સત્સંગ સત્તર પ્રકારનાં આવરણને પણ ભેદીને શરણાગતને ઉપર લાવે; અપકર્ષમાંથી ઉત્કર્ષમાં લાવે; સ્વરૂપ, સ્વભાવ અને જન્મથી પણ હીનને દિવ્ય બનાવે છે. હીન જાતિથી, દીન સ્વભાવથી, મલીન આચારથી એવા પણ માનવને દેવર્ષિ પદ મળે. પૂર્વજન્મમાં દાસીપુત્ર હોવાથી જાતિથી હીન, ઉપબર્હણ ગન્ધર્વની યોનિમાં કામાસકત હોઈ સ્વભાવથી દીન, અને દુઃસંગથી મલીન વર્ણવ્યા. પરંતુ પરમહંસોના કેવલ સંગથી સર્વશ્રેષ્ઠ બન્યા. નારદ, ચંચલ મનનું સ્વરૂપ છે. તેને સ્થિરતા, પ્રસન્નતા કેવલ સત્સંગથી.

अहं पुरातीतभवेऽभवम् मुने दास्यास्तु कस्याश्चन वेदवादिनाम्

"હે મુનિ! હું પૂર્વ જન્મમાં કોઇ ઋષિઓના આશ્રમમાં સેવા-પરાયણ દાસી, એવી માતાનો પુત્ર હતો." આ ઉપોદ્‌ઘાતથી જીવન કથન શરૂ કર્યું.

પિતાનું નામ ન આપ્યું, કારણકે પોતાની જાણમાં ન હતું. પોતાના કરતાં ઉત્કૃષ્ટ કીર્તિશાલી પિતા હોય તો નામ આપવાથી પિતાનું ગૌરવ ગણાય; પરંતુ તેમ ન હોવાથી નામ ન આપ્યું. અથવા વૈષ્ણવોની વાર્તાઓમાં "એક ભગવદીય હતો." એવું આવે છે, નામ નથી અપાતું. તેનું કારણ નામ મંગલાર્થક કે મંગલ શ્રવણશબ્દવાળું નથી હોતું તેથી જ.

નારદજી બ્રાહ્મણ હતા. વેદ જ્ઞાતાઓના આશ્રમમાં વસવાટ હોવાથી સત્સંગ મળ્યો. જો નારદજી બ્રાહ્મણ ન હોત તો વેદવેત્તા એટલે શ્રોતિયોના નિવાસમાં પરમહંસો ચાતુર્માસ ગુજારતા, તે નારદજીના આશ્રમમાં ચાતુર્માસ ન ગુજારત. પરમહંસો જે ઋષિઓના આશ્રમમાં નારદજી હતા, ત્યાં વસ્યા; અથવા ઋષિઓની સંમતિથી નારદજીના આશ્રમમાં નિવાસ કર્યો. પરમહંસોને

શૂદ્રાન્ન માટે શ્રોત્રિય સંમત ન થાય. માટેજ નારદજી બ્રાહ્મણ હોવા જોઇએ. કર્મનિષ્ઠ શ્રોત્રિયમાં ભગવદ્ ભકિત અને પરમહંસોને પણ વેદ કર્મમાં આદર સધાય, તેથીજ પરમહંસોનો ઉતારો ચાતુર્માસમાં શ્રોત્રિયના એકાન્ત પ્રદેશે થતો.

ते मय्यपेताखिलचापलेऽर्भके – આ ચોવીસમા શ્લોકમાં સંતના ગુણો અને સેવકમાં દોષોનો અભાવ બતાવ્યો.

સંતોના ત્રણ ગુણ–

કૃપાલુતા, કૃપાલુપણું સંતોનો ધર્મ છે. વિધાન-ફરમાન વિના સ્વભાવથી આચરાય તે ધર્મ-વહન પાણીનો ધર્મ, સહન સંતનો.

બ્રહ્મવિદ્યા. જ્ઞાન એ સંતોનું નિવાસધામ.

મનન. એ સાધન છે, જેના દ્વારા વિવેક આવે છે.

સેવકમાં ત્રણ દોષનો અભાવ—

ચાપલ્ય દોષ. ચપલતા એક સ્થળે અને કાર્યમાં સ્થિર ન થવા દે; તો સેવા કેમ થાય?
દાન્ત. સેવામાં, સુખ-સામગ્રીમાં આસકત ચિત્ત બાધક છે. તેનો અભાવ તેજ દાન્તપણું.
રમતમાં મન.–રમત, રમકડામાં મન ન જોઇએ.
સેવકના ગુણો કે અલંકારો:–દીનતા, મૌન, મધુર ભાષણ, કાર્ય તત્પરતા, મુખપ્રસન્નતા, અને આજ્ઞા પરાયણતા.

उच्छिष्टलेपाननुमोदितो द्विजैः

સંતોની પ્રસાદીથી પાપશુદ્ધિ, અને બુદ્ધિશુદ્ધિ થઈ. પરંતુ ઉચ્છિષ્ટ, મનુએ ના પાડી છતાં પરમહંસોએ નારદજીને કેમ આપ્યું? કારણ **नोच्छिष्टं कस्यचिद्** કોઇને ઉચ્છિષ્ટ ન આપવું એવું વાકય છે.

સમાધાન–દ્વિજોએ અનુમોદન આપ્યું. મનુ મહારાજે સામાન્ય નિયમ લખ્યો, પરંતુ સ્મૃતિકાર મનુથી વિશેષજ્ઞ શ્રુતિવિદ્ ઋષિઓએ અનુમોદન આપ્યું, માટે વિશેષ ધર્મ અથવા અપવાદ થયો. પરંતુ તે રોજ નથી ખાધું; માત્ર ચાતુર્માસ દરમ્યાન એકજ દિવસ પ્રસાદીરૂપે આપ્યું. ભોજન વખતે બ્રહ્માર્પણ કરી તેમાંથી અલગ મુકી રાખેલ, અથવા ભોજનાન્તે અવશિષ્ટ રાખેલ આપ્યું.

उच्छिष्टं च लेपश्च तदर्थमनुमोदनम्–ઉચ્છિષ્ટ એટલે ભોજન કરેલાં પાત્રોનું ઉપાડવું; અને લેપ એટલે ગોમય અને જલથી માર્જન કરવાના કાર્યોની સંમતિ; અથવા ભોજન કરેલા સ્થલે લેપન માર્જન; અથવા જમેલાં પાત્રોનું મંજન.

लिप्यंते उपदिष्यन्ते सिध्यंते प्राणाः एतैः इति लेपाः ओदनाः પ્રાણ નિર્વાહ સાધનભૂત હુતદ્રવ્યની માફક, પવિત્ર અન્નના ભોજનની સંમતિ આપી. પરમહંસો નારાયણ અથવા અગ્નિ રૂપ છે. અગ્નિ નારાયણનો પુરોડાશ પવિત્ર મનાય, તેવુંજ આ અન્ન પવિત્ર હતું.

उच्छिष्टं भोजनशेषः लेपः पात्रलग्नम् ભોજનનું વધેલ અને પાત્રનું ચોંટેલ અન્ન એવો પણ અર્થ થઇ શકે.

अनुमोदितो द्विजैः—न शूद्रायमतिं दद्यात्, नोच्छिष्टं, न हविष्कृतम् शुद्रने વેદ, ઉચ્છિષ્ટ, હુતદ્રવ્ય ન અપાય, એ નિયમનું પાલન નારદજી માટે થયું છે, નારદજી બ્રહ્મબીજ છે, તેથી આ નિષેધ તેમને સ્પર્શતો નથી. તેમજ **अनुमोदितः** એટલે નારદજીનેજ ઉચ્છિષ્ટ જોઇ હર્ષ થયો, દ્વિજો પાસે ઇચ્છા વ્યક્ત કરી, અને તેઓએ અનુમોદન માત્ર આપ્યું; પરંતુ વિધાન નથી કર્યું. અથવા સ્વયં પ્રવૃત્ત થઇને પણ નથી આપ્યું. કેવલ ભગવત્પ્રસાદીની ભાવનાથી માત્ર એક વખત જ લીધું.

નારદજીના આશ્રમમાં પરમહંસો પાંચ માસ રહ્યા. **इत्थं शरत्प्रावृषिकौ ऋतौ**, પ્રાવૃટ અને શરદ્ ઋતુ ગાળી એમ કહેવાને

બદલે "ચાતુર્માસ" શબ્દવાપરવો જોઇએ. પરંતુ તે સમયે અધિક માસ હતો, અથવા હશે, અથવા આયુર્વેદ મિથુન કર્કને પ્રાવૃટ ઋતુ, સિંહ-કન્યાને વર્ષા અને તુલા--વૃશ્ચિકને શરદ્ ઋતુ કહે છે. આમ ત્રણ ઋતુઓના મળી છ માસ થાય. હવે અષાઢની પૂર્ણિમાથી ચાતુર્માસ આરંભ. વૃશ્ચિક સુધી શરદ્ ઋતુ ચાલે ત્યાં સુધી પરમહંસો રહ્યા, માટે પાંચ માસ પણ રહેલા હોઈ શકે. અગર બીજા મત પ્રમાણે પાંચ ઋતુ છે. એક ચાર માસની વર્ષા, અને બાકીની ચાર ઋતુઓ બબ્બે માસની એમ બધા મળી ૧૨ માસ થાય. તેના હિસાબે પણ કર્ક વૃશ્ચિક સુધી રહેવાનું થતાં પાંચ માસ થયા.

नमो भगवते तुभ्यं वासुदेवाय धीमहि
प्रद्युम्नायानिरूद्धाय नमः संकर्षणाय च ॥ १-५-३७.

આ શ્લોકમાં ભગવાને નારદજીને ગાયત્રી આપી.

પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, સંકર્ષણ એ ત્રણ સત્વ, રજસ, તમસ ગુણોના વિજય માટે; અથવા ગાયત્રી મંત્રમાં **तत्सवितुः** પદથી ઉત્પત્તિ, સ્થિતિ, લય બતાવ્યાં તેને બદલે વધુ સ્પષ્ટ રીતે આ સ્થળે ત્રણને લીધા. પ્રદ્યુમ્ન-ઉત્પત્તિ, અનિરૂદ્ધ-સ્થિતિ અને સંકર્ષણથી પ્રલય.

सत्यं परं શબ્દથી પ્રથમ શ્લોકે મંગલાચરણે લીધેલ શ્રીકૃષ્ણને માટેજ **वासुदेवाय** શબ્દનો નિર્દેશ કર્યો.

धीमहि-એ તો સ્પષ્ટ ઉલ્લેખ છેજ. માટે જ ક્રમ પણ તેવોજ લીધો.

સંતોની જીવન નદીનો તટ તટસ્થવૃત્તિનું પોષણ કરે. અને માનવને કાર્યશીલ રાખે. શ્લોક ૩૮.

અધ્યાય ૬ ઠ્ઠો.

નારદજીની આત્મકથા કે આશ્વાસન યમુના

મહર્ષિ વ્યાસ ભગવાનનો અવતાર છે. પરંતુ ભગવદીય ધર્મો નારદજીના સમ્પર્કથી થયા, અને જ્ઞાન નિષ્ઠામાંથી ભકિતની ભૂમિકામાં આવ્યા. નારદજીને પરમહંસોના સત્સંગમાંથી જ્ઞાન મેળવવું પડયું, જ્યારે મહર્ષિજીને ભગવાનની જ્ઞાન કલાના "જ્ઞાનાવતાર" હોવાથી તેની આવશ્યકતા ન રહી. નારદજીના કથનમાં વિશ્વાસ માટે અને શ્રીમદ ભાગવત સ્વયંપ્રકાશ છે તે દર્શાવવા માટે ભાગવત પ્રાપ્તિની પરંપરા વર્ણવી. સૂતમાં પણ વિશ્વાસ આવે, માટે પરંપરા શૌનકાદિને બતાવી. વકતા--શ્રોતાની વચમાં આ શિરસ્તો ચાલુ છે.

एवं निशम्य भगवान् देवर्षेर्जन्म कर्म च
भूयः प्रपच्छ तं ब्रह्मन् व्यासः सत्यवतीसुतः॥ १-६-१

व्यासः सत्यवतीसुतः—માતાજીના નામથી પરિચય કેમ? ભગવત્કૃપાથી ઉત્તમ ગતિ પ્રાપ્ત થઇ અને શૂદ્ર દેહ છૂટી, સિદ્ધ સંત–દેહ મળ્યો. એમ નારદજીના કહેવા છતાં જીવનના અવશેષ ભાગની જાણમાં પ્રશ્ન એ સી પ્રકૃતિ છે.

ભકત હૃદય અને ભકત જીવનની સૂક્ષ્મ મહત્તા:—

एकात्मजा मे जननी–૬, ૭, ૮ એ ત્રણ શ્લોકથી પોતાનો, માતાનો અને પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. અનાસકિત નારદજીને પોતાના દેહમાં હતી. પરંતુ 'એકજ પુત્ર હોવાથી' માતૃઆસકિત તેમાં રહે. તે દૂર ન થાય તો ત્યાગ–સન્યાસ લઇ આત્મજ્ઞાન ન સધાય, સ્વાર્થ ગણાય, એમ માનીને નારદજીએ ગૃહ ત્યાગ ન કર્યો. શુકદેવજી માટે પ્રેમ છતાં વ્યાસજીમાં જ્ઞાન હતું. શંકરાચાર્ય માટે માતાજીમાં સામર્થ્ય અને સંમતિ હતાં. દેહ સાર્વજનિક

મિલકત છે તે પ્રત્યેકનાં રૂણ ચૂકવે પછી નિજ મુકિત પ્રયાસ કરે. માતૃવાત્સલ્ય એનું રૂણ કેમ દૂર કરી શકાય.? 'પિતૃવાત્સલ્ય જ્ઞાની થઈને અને માતૃવાત્સલ્ય ભકત ને સેવક થઈને અને શીલથી દૂર કરી શકાય. **सर्पोऽदशत् पदा स्पृष्टः**-નિર્દોષ ભાવ. દેહલયના નિમિત્તો પર રોષ શાને! નિમિત્ત મુખ્ય કારણ નથી. કાલ એટલે અવધિ, પ્રારબ્ધ, પ્રભુ ઇચ્છા એ ત્રણ જ નિયામક છે. ઝેરીલો સર્પ દબાયા વિના ન કરડે. કેવલ કુટુંબી કુટુંબીને કરડે. પિતરાઇ, વેવાઈ, પાડોશીમાં પરસ્પર સહકાર અને સ્નેહના પ્રાગટયમાં વિશ્વની શાંતિ વસી છે.

एकदा — પ્રભુ સંકેતનો સમય. **निर्गतां** – તેના દેહને છૂટયા બાદ લઈ જવાની પણ પરાધીનતા કે કલેશ ઋષિ-મુનિ-બાલક પુત્રને નથી આપ્યાં. "સેવા મૃત્યુ સુધારે છે, અગર મૃત્યુને મુકિતનું રૂપ આપી દે છે."

गां दुहन्तीं-ગાયને દોહતી. દેહ લયમાં ગોબર, ગોરજ, ગોમૂત્ર મુકિત આપે; પરંતુ સેવકને તો આધિદૈવિક શકિતરૂપ ગોમાતાનો સાક્ષાત્ સમ્પર્ક આપે.

માતાનો પગ સાપ ઉપર પડવા છતાં કરડત, કાલીય નાગ ઉપર પગ મૂકવા છતાં પ્રભુને ન કરડયો, તો પ્રભુ-જનને કેમ કરડે? પરંતુ પ્રભુએ અવધિ પૂરો થયેલ હોઈ મોકલેલ હતો, એટલે અવશ બની કાલની આજ્ઞા પાળી. ભકતનું ગૌરવ સર્પ પણ સાચવે.

प्रातिष्टम् दिशमुत्तराम्-ઉત્તર દિશામાં ગયો.

एषा वै देवमनुष्याणां शान्तादिग्...... દેવ મનુષ્યો માટે ઉત્તર દિશા શાંતિ ધામ છે. પશ્ચિમ, દક્ષિણમાં રાજસપણું પ્રવર્તે. ઉત્તરમાં આધ્યાત્મભાવ પ્રવર્તે છે. માટે ઉત્તર દિશામાં હું ગયો.

स्नात्वा पीत्वा ह्रदे नद्या उपस्पृष्टो गतव्यथः:- ઘોર જંગલમાં પણ અન્તર્મુખ અવસ્થા ટકી, ત્યાં સુધી ભય ન લાગ્યો, ત્યાં સુધી

ભૂખ તરસ ન લાગ્યાં. બહિર્મુખ સ્થિતિમાં તે આવ્યાં. ત્યાં નદીના ધરામાં, અગર કુંડમાં સ્નાન કરી જલ પીધું. ફરી આત્મચિંતન માટે આચમન કર્યું. **पीत्वा** પાણી પીને-એવો અર્થ થાય. પાણી પીધા પછી આચમન કેવું? તેના સમાધાનમાં પ્રથમ તો કેવલ તરસ છીપાવવા જલના ભાવથી પાણી પીધું. પછી તીર્થબુદ્ધિથી, આધિદૈવિક ભાવનાથી જલ પીતાં **गतव्यथः** માનસિક વ્યથા દૂર થઈ.

વાંસાનો

पिप्पलोपस्थ आस्थितः પિપ્પલના વૃક્ષનો આશ્રય લઈને બેઠો. પીઠની પાછળનો વાંસનો ભાગ પીપળાના વૃક્ષને સ્પર્શે, તેમ બેસવાથી ધ્યાનની એકાગ્રતામાં ઉપકારક નીવડે છે. અને હું સ્વસ્તિકાસને બેઠો.

સાયુજ્ય મુક્તિ :—

प्रेमातिभरनिर्भिन्नपुलकाङ्ग :-પ્રેમાતિશયને લીધે સર્વાંગ રોમાંચ થયાં. સાક્ષાત્કાર બે પ્રકારના- ભગવત્સાક્ષાત્કાર અને બ્રહ્મસાક્ષાત્કાર. ભગવત્સાક્ષાત્કાર કૃપાથી, ગુરૂકૃપાથી, દૈન્યથી; જ્યારે બ્રહ્મસાક્ષાત્કાર યોગથી અને સાધનથી એટલે પ્રમાણ બલથી. ભક્તને ભગવત્સાક્ષાત્કાર થતાં જીવનો તેમાં સમાવેશ થાય છે. ગંગાજી પ્રવાહના તીર્થજલમાં પ્રકટ થતાં તીર્થજલ સુકાઇ જાય છે. તેજ રીતે જીવનું સ્વરૂપ ભગવત્સાક્ષાત્કારમાં ભિન્ન દેખાય નહિ. એ સાયુજય મુક્તિ મનાય. તેથીજ નારદજી બોલ્યા, **नापश्यम् उभयं मुने**—મુનિવર્ય! મેં ત્યાં દ્વૈત-મારૂં અને ભગવાનનું એવાં બે સ્વરૂપ ન જોયાં." **मुने** સંબોધન આપને ધ્યાનમાં તો અનુભવ હશેજ, એમ પોતાના અનુભવમાં અનુમોદન મેળવવા કર્યું.

सकृद्यद्दर्शितं रूपमेतत्कामाय तेऽनघ ।
मत्कामः शनकैः साधुः सर्वान् मुञ्चति हृच्छयान्॥ १-६-२३

એકજ ભગવદ્ દર્શન પુનઃ દર્શનની નિષ્ઠા દૃઢ કરવા, અને તેનાજ સંસ્મરણથી હૃદયસ્થ મલોને પકવ બનાવી નિર્મૂલ કરી

ઉપાસકને નિર્મલ કરવા માટે છે. સાધુતા ક્રમશઃ મેળવવી. અણધારી અને અઢળક આવતી સાધુતા અને સમ્પત્તિ, સાગરની-સરિતાની ભરતી સમાં ઉતરી જાય—વહી જાય અને ડહોળાયેલાં આવે છે. પરંતુ શનૈઃ શનૈઃ સમ્પાદન કરેલી સાધુતા—સમ્પતિ સ્થિર થઇ જાય છે. શ્રમથી સમ્પત્તિ ધીમે ધીમે આવે. અનુભવથી સાધુતા ધીમે ધીમે આવે, જે દીર્ઘકાલ રહે.

नामान्यनन्तस्य हतत्रपः पठन् गुह्यानि भद्राणि कृतानि च स्मरन्
गां पर्यटंस्तुष्टमना गतस्पृहः कालं प्रतीक्षन् विमदो विमत्सरः॥ ૧-૬-૨૭

ભગવાનનાં બે પ્રકારનાં ચરિત્રો. ગુહ્યચરિત્ર—જેમાં દ્રૌપદી, અર્જુન આદિ ભકતો માટે પ્રભુએ પ્રભુત્વ ત્યજી અનુગ્રહથી તેઓનો મનોનિરોધ કરવા કરેલાં ચરિત્રોનું સ્મરણ કરતો, અને અન્ય ભકત્યુદ્રેકક ચરિત્રોનો પાઠ કરતો હતો. **कृतानि च स्मरन् कृतानि** એટલે ચરિત્રોને, **स्मरन्** ગુહ્યને સ્મરતો અને **च** અવ્યયથી **पठन्** એવો પણ સંગ્રહ કરવાનો.

ભગવન્નામ અને ચરિત્રના જાપથી ત્રણ મલ નાશ પામે.

પુત્રાદિ પદાર્થમાં પ્રત્યક્ષ રાગ, તે તામસ કષાય, જેમાં ભોગ સ્પષ્ટ માલુમ પડે. સંયોગ વિયોગની ખૂબજ અસર પણ તેમાં રહે, અને હર્ષ—દ્વેષ દેખાઇ આવે એ એક તામસ કષાય નામનો મલ.

બીજો મલ વાસના સ્વરૂપે છે. ભોગાદિના પૂર્વકાલમાં તેની લિપ્સાને લીધે હૃદયમાં રહેતા વાસનાત્મક તેમજ ભોગાદિના ઉત્તરકાલમાં રહેતો સ્મૃતિરૂપ—એ બીજો રાજસ કષાય.

જ્યારે ત્રીજો અવિદ્યાથી જન્મનારો. તે સર્વનો મૂળભૂત છે. અજ્ઞાનમાંથી સરજાયેલ છે.

એ ત્રણે પ્રકારના મલોનું નિવારણ ભગવન્નામ જાપથી અને ચરિત્ર જાપ સ્મરણથી થયું.

ભગવત્પ્રાપ્તિનાં પાંચ અંગો—પૃથ્વીનું પર્યટન કરનાર સંત ભક્ત માટે અનિવાર્ય છે.

૧. **तुष्टमनाः**—સંતુષ્ટ મન થઇ પર્યટન કરવું; ત્યારે પર્યટન તપ રૂપ બને છે.

૨. **गतस्पृहः**—પૃથ્વી પર્યટનમાં અણધારી રીતે અનેક દિવ્ય અને પાર્થિવ એવાં મનોહર આકર્ષણો—સ્થલો, પદાર્થો—આવી જાય, પણ તેની અભિલાષા ન થવી જોઇએ.

૩. **कालं प्रतीक्षन्**—વર્તમાન સ્થિતિ સુખમય કે દુઃખમય, અને ભાવિનો જન્મ સુખપ્રદ, શુભાશામય; તો પણ વર્તમાન શરીરને કંટાળી ન છોડવાની પ્રતિજ્ઞા અને અભીષ્ટ કાલ આવે તેની પ્રતીક્ષા કરે.

૪. **विमदः**—મદ વિનાનો.

૫. **विमत्सरः**—બીજાનાં ઉત્કર્ષને જોઇ પ્રફુલ્લિત રહેનારો.

આ ધર્મો સેવવા, નામ જાપનો આનંદ લેવા યોગીએ એકાકી ફરવું અને એકાન્તને સેવવું. જો યોગી અધિક સમ્પર્કમાં આવ્યો તો યોગત્વમાંથી ભ્રષ્ટ થાય. **जनेनाभिनन्दितो योगी योगसिद्धिं न विन्दति.**

નારદજીની વીણા:

વીણાનું નામ દેવદત્તા. દેવો ભકિતમાર્ગમાં વિઘ્ન કરે છે. તેજ દેવોએ ભગવદ્ યશોગાન કાજે નારદને વીણા આપી. બ્રહ્મરસ ભગવદ્રસનાં સંમિશ્રણ તેમાંથી ઝરે છે. માટે **स्वर ब्रह्मविभूषिताम्** કહ્યું. જ્ઞાન વિચાર સંયુત ભગવદ્યશોગાન બુદ્ધિને પણ તૃપ્ત અને તુષ્ટ કરે.

કીર્તન ભકિત નારદજી કરે છે. કીર્તન ભકિત શ્રોતૃ સાપેક્ષ છે. નારદ સતત ફર્યા કરે છે અને ગાન કરે છે. શ્રોતાઓ ત્યાં કોણ મળે? પ્રત્યુત્તર માટે—

……………………तीर्थपादः प्रियश्रवाः
आहूत इव मे शीघ्रं दर्शनं याति चेतसि ॥

ભગવાન સ્વયં હૃદયમાં પધારે છે. પરંતુ **प्रियश्रवाः** શ્રવણ તેઓને અતિ પ્રિય છે, તે સ્વયં સાંભળવા માટે આવે છે. તેમજ **तीर्थपादः, तीर्थानि गंगादि तीर्थानि** અથવા **संतः (साधवो जंगमं तीर्थम्**–સાધુઓએ જંગમ તીર્થ છે.) **पादे यस्य सः** ગંગાદિતીર્થો અથવા જંગમ તીર્થરૂપ સંતો પ્રભુના ચરણમાં છે. તેઓ શ્રોતા બને છે. હૃદયમાં પ્રભુનું ચરણ બીરાજે એટલે સાયુજ્ય ભકિત પ્રાપ્ત કરેલ ભકતો પણ ચરણમાંજ વસતા હોવાથી તેઓ પણ સાથેજ પધારે અને ભગવદ્ યશોગાન સાંભળે.

નારદજીની વિદાય :

नारदो वासवी सुतम्–નારદજી વાસવી માતાના પુત્ર શ્રી વ્યાસજીને પૂછીને વિદાય થયા. નારદજી પધાર્યા, ત્યારે સ્વાગતે સન્મુખ ગયા, તો વિદાયમાન, જતાં કેમ ન દીધું? સંતનો પરિચય થયા બાદ તો અધિક આદર અને સેવવાનું મન થાય. **वासवी सुतम्** શબ્દે સમાધાન કર્યું. ગ્લાનિ, શોક, ચિન્તા, પ્રકૃતિ ધર્મ છે, સ્રી ધર્મ છે. વ્યાસજી તે વિયોગજ શોક સ્થિતિમાં મૂકાયા, તેથી વિદાય કયાંથી આપે? તે દર્શાવવા વાસવીજીના પુત્ર તરીકે સમજાવ્યા. વિદાયમાન દેવા ન જવામાં વિવેકશૂન્યપણું નથી; પરંતુ વિયોગથી ચિત્તશૂન્ય બન્યા એટલે વિચાર કયાંથી? અને વિચાર વિના વિવેક કયાંથી?

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्तिं शाङ्र्गधन्वनः

અધ્યાય ૭ મો

સપ્તમ અધ્યાયથી ૧૩ અધ્યાયનું ઉત્તમ પ્રકરણ માન્યું છે, પ્રથમ ત્રણ અધ્યાયમાં શૌનક સૂતજી, અને દ્વિતીય ત્રણ અધ્યાયમાં શ્રી વ્યાસ નારદજીને શ્રોતા વકતા તરીકે દર્શાવ્યા; ત્રીજા પ્રકરણમાં સપ્તમથી ઓગણીસ સુધીમાં શ્રોતાનો જન્મ, જીવન, વિલયન કથન પૂર્વક વકતાનો સમાગમ દર્શાવશે. તેથી ઉત્તમ પ્રકરણ અથવા તૃતીય પ્રકરણ તેર અધ્યાયનું બન્યું. ભગવાનનાં બાર અંગ અને પોતે અંગી તેરમા તેથી તેર અધ્યાય.

निर्गते नारदे सूत भगवान् बादरायणः
श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः ॥ ૧-૭-૧

ઉત્તમ પ્રકરણના પ્રારંભમાં બે શબ્દો આવ્યા–**भगवान्** અને **बादरायणः** ભગવાન એટલે સહજશકિત, અને બાદરાયણ એટલે તપસ્વી. તપસ્વિતા ખોરાકથી આરંભી. બોર ખાઇને જીવ્યા.

વ્યાસજીની સમાધિ અને સમાધિભાષા:

आहारशुद्धौ सत्वशुद्धिः, सत्वात्संजायते ज्ञानम् આહાર શુદ્ધિ અન્તઃકરણ શુચિતા આપે. **"શુચિતાની વૃદ્ધિમાં શોકનો હ્રાસ છે. શુચિતાના હ્રાસમાં શોકનો વિકાસ છે. જીવન અશોક તરૂના મૂલમાં ચતુર્વિધ શુચિતાને સિંચે તે ચતુર. અંગશુચિતા, અંતરંગ શુચિતા, સંગશુચિતા, અર્થશુચિતા.**

આહાર શુદ્ધિ સર્વનું મૂલ છે. કષાય એટલે કાયાથી લઈ બુદ્ધિ ને આત્મ પર્યન્ત પાંચ પ્રકારના મલોની વિશુદ્ધિ આહારથી થાય. તેવી શુદ્ધિ કેળવી બનેલ સાધકને સમાધિમાં ભગવદ્ દર્શન થઇ શકે.

મહર્ષિ વ્યાસજીનો આશ્રમ.

ब्रह्मनद्यां सरस्वत्यामाश्रमः पश्चिमे तटे
शम्याप्रास इति प्रोक्त ऋषीणां सत्रवर्धन : ॥ ૧-૭-૨

શ્રી વ્યાસજીનો શમ્યાપ્રાસ આશ્રમ સરસ્વતીજીને પશ્ચિમ કિનારે હતો, જ્યાં ઋષિઓનું સત્ર સતત ચાલતું.

ગંગાજીનો કિનારો ઉતરી ગંગાજીને સેવવાં–સ્નાન કરવું. સરસ્વતીજીમાં સ્નાન કરી કિનારો ઉતરવો. એનું તાત્પર્ય–ગંગા જ્ઞાનની નદી છે, તે ઉત્તર મીમાંસા છે, અને કર્મ પછી તેનો આશ્રય લેવો. સરસ્વતી કર્મ મીમાંસા–વેદોપાસના છે, તે પૂર્વમાં લેવાં.

पश्चिमे तटे—પશ્ચિમ કિનારે બેસે તો જ સન્મુખ સરસ્વતીજી રહે. **ब्रह्मनद्यां**–બ્રહ્મા–ચતુર્મુખ ચતુર્વેદોની અધિષ્ઠાત્રી દેવી સાક્ષાત છે, તે દર્શાવવા સમીપાર્થમાં સપ્તમી વિભક્તિ વાપરી. સંબંધાર્થ ષષ્ઠી વિભક્તિ વાપરી **सरस्वत्याः** કહેવું જોઇએ.

शम्याप्रासः—સ્થલનો મહિમા અને પવિત્રતા જોઇનેજ ઋષિઓ આશ્રમ રચે. આશ્રમ નિર્માણ જ્યાં કરવાનું હતું, તે સ્થળ નિશ્ચય કરવા વિધિ પ્રમાણે યજ્ઞ કુંડ સમીપેથી "શમ્યા" નામનું ગદાના આકારનું યજ્ઞીય કાષ્ઠ ફેંક્યું. જ્યાં તે પડ્યું ત્યાંજ યજ્ઞકુંડમાંથી અગ્નિનો અંગાર ઉડીને પડ્યો અને તેજ સ્થળે આશ્રમ વેદી રચી વ્યાસજીએ સમાધિમાં સમાધિ ભાષા ભાગવત અનુભવ્યું. તે આશ્રમ શમ્યાપ્રાસ.

કોઇ વાર તો શમ્યા જ્યાં પડે, ત્યાંથી પણ યજ્ઞકુંડમાંનો અગ્નિનો અંગાર દૂર સુધી પડે, તો તે સ્થલ શમ્યાપ્રાસ–અતિ પવિત્ર મનાય. **शमीभिः आ सर्वतः प्राश्यते व्याप्यते वेष्टयते वा असौ शम्याप्रासः** શમી વૃક્ષોની મધ્યમાં જે આશ્રમ હતો; માટેજ તે દેવયજન કહેવાય. શમી અરણીનું નામ છે. અગ્નિનો ઉદ્ભવ શમીમાંથી થાય છે, એટલે વિવેકાગ્નિ શુકદેવજી તેમાંથીજ પ્રકટ થાય.

અધ્યયનના ત્રણ હેતુ:—

કુતૂહલ દૃષ્ટિ, સાધન દૃષ્ટિ (જ્ઞાનથી ધન, માન સમ્પાદન) અને અજ્ઞાન નિવૃત્તિ, એ ત્રણ જ્ઞાનમાં પ્રધાન કારણો રહે. આત્મારામનો ત્રણ પ્રકારનો સ્વભાવ–નિવૃત્તિ પરાયણ, મૌન અને ઉપેક્ષાવૃત્તિ; પરિણામે શ્રવણ ન કરે, અધ્યયન–અધ્યાપન ન કરે, અને કશામાં આદર ન કરે. એવાને ભકત બનાવે તે શ્રીમદ્ ભાગવતનું ગૌરવ છે. કારણકે ભકિતમાં તો આત્મારામના ત્રણ ગુણો અલંકાર રૂપે અને ઉપકારક બની જાય.

નિવૃત્તિ પરાયણતાથી તો એકાન્તવાસ, એકાગ્રતા અને એક નિષ્ઠા આવતાં શ્રીમદ્ ભાગવત ભણી શકયા. મૌનને લીધે તો અર્થ, ભાવ, તાત્પર્ય, રસ, રહસ્ય જાણી શકયા. ઉપેક્ષક હોવાથી આકર્ષણ કરી શકયા.

શુકદેવજી–**विष्णुजनप्रियः—विष्णुश्च विष्णुजनाश्च प्रिया यस्य,** વિષ્ણુ, વૈષ્ણવ જેને અત્યંત પ્રિય છે, તેવા શ્રીશંકરનો અંશાવતાર શ્રી શુકદેવજી છે. શ્રી વ્યાસજી વિષ્ણુનો અવતાર એટલે વિષ્ણુ સ્વરૂપ ભાગવતને લેખનમાં ન્યાય આપી શકયા અને પ્રેમાતિરેકથી શુકદેવજી ગાઇ શકયા. **द्वैपायनात् शुको जज्ञे भगवानेव शंकरः।**

પરીક્ષિત રાજાનાં જન્મ, કર્મ અને રહસ્ય:-

પરીક્ષિતની રક્ષા શ્રીમદ્ ભાગવતની રક્ષા માટે; ભાગવત પ્રચાર તે ભાગવત રક્ષા છે. તેના દ્વારા જનસમુદાયનું કલ્યાણ થાય. પ્રભુએ તેથીજ પરીક્ષિતની રક્ષા કરી.

નવધા ભકિતનાં નવ સ્વરૂપો. તેમાં શ્રવણનું પરીક્ષિત છે. શાપથી પરીક્ષિત નાશમાં શ્રવણ સર્વથા નાશ થાત. સાતમા અધ્યાયથી ૧૨ મા અધ્યાય સુધીમાં પરીક્ષિત જીવન ચરિત્ર નથી; જ્યારે સાતમા અધ્યાયમાં પરીક્ષિત જન્મ પ્રસંગનું પ્રતિજ્ઞા વાકય છે. એના સમાધાનમાં બે પ્રકાર. પાંડવો રાજા હોય, પરીક્ષિતને રાજ્ય ન હોય અને વૈરાગ્ય પ્રાપ્ત થાય તેમાં મહત્ત્વ નથી; પરંતુ સમૃદ્ધ, પ્રતિબંધ વિનાનું રાજ્ય પરીક્ષિત ત્યજે તેમાં વૈરાગ્યનું મહત્ત્વ છે. એ એક કારણ; અને બીજું પણ કારણ છે, અને તે મહત્ત્વનું છે. બીજું કારણ પરીક્ષિત જેવા ઉત્તમ કક્ષાના શ્રોતાની વિશુદ્ધિ કેવી રીતે સિદ્ધ થઈ તે છે.

પંચાગ્નિ શુદ્ધિ દર્શાવતા પાંચ અધ્યાયો ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ છે. બારમા અધ્યાયમાં સર્વોચ્ચ શુદ્ધિ. વાસ્તવિક રીતે દેહ, દેહી બે તત્ત્વો છે. દેહી આત્મા નિત્ય શુદ્ધ છે. માત્ર સંસર્ગ દોષોથી અશુધ્ધ મનાય. શરીરમાં સહજ દોષો છે. શરીર બીજમાંથી બને, અને વિકાસ પામેલ બીજ તે શરીર. બીજશુદ્ધિનાં પાંચ અંગો એ છે પંચાગ્નિ તપ. ચાર બાજુ ચાર અગ્નિ અને પાંચમો સૂર્ય એ વિલાસશીલ જગતમાં શકય નથી, દુર્બલ અગર કોમલ શરીરમાં સંભવિત નથી. માટે પાંચ પ્રકાર કહ્યા. (૧) પુરુષ શુદ્ધિ–(જેમાંથી જીવ આવ્યો). (૨) **સ્ત્રી શુદ્ધિ** (૩) **અન્ન શુદ્ધિ**–જ્ઞાન શુદ્ધિ (૪) **સંગ-સંબંધ શુદ્ધિ** અને (૫) કાર્ય શુદ્ધિ. આ પાંચ માનવતાની જાગૃતિ અને રક્ષાનાં કલ્યાણ કેન્દ્રો કે તપશ્ચરણો છે.

(૧) સાતમા અધ્યાયમાં ૪ શ્લોકોથી અર્જુનની પ્રપત્તિ–સ્તુતિ તે **પુરુષ બીજ શુદ્ધિ** છે. કેવલ અર્ધાંગ શુદ્ધિ વ્યર્થ. પુરુષ અર્ધાંગ સ્ત્રી અર્ધાંગ મળી એકાંગ બને. સપ્તમ અધ્યાયમાં માટેજ દ્રૌપદીનું કારૂણ્ય અને અશ્વત્થામા અપરાધીનું વધથી વિમોચન પણ જણાવ્યું.

(૨) આઠમા અધ્યાયમાં ઉત્તરા પ્રપત્તિ, કુન્તી સ્તુતિ એ માતૃ શુદ્ધિ, **સ્ત્રી બીજ શુદ્ધિ** અને માતૃપરંપરા શુદ્ધિ. કુન્તીજી, દ્રૌપદીજી અને ઉત્તરાજી એ ત્રણેને સાતમા-આઠમા અધ્યાયમાં સમજાવ્યાં.

(૩) નવમા અધ્યાયમાં ભીષ્મ ઉપદેશમાં **અન્ન શુદ્ધિ**નું નિરૂપણ છે. યુધિષ્ઠિરજી જે રાજ્ય અને રાજ્યાન્ન ભોગવશે તે પવિત્ર છે કે કેમ ? માટેજ રાજધર્મોનું કથન છે. ભીષ્મ સ્તુતિ જ્ઞાનશુદ્ધિનું અંગ છે. અન્નદોષ વિદ્યા–જ્ઞાનાનલથી નષ્ટ થાય છે.

(૪) દશમા અધ્યાયમાં બીજના સંબંધીઓની પવિત્રતા પણ આવશ્યક છે. એટલે બીજ સાથે સંબંધ ધરાવતા જીવનના મનુષ્યની સોબતની દિવ્યતા જોઈએ. સોબત-મહોબત મુશીબતનાં મહાન કેન્દ્રો છે. પ્રજાજનોની પ્રભુની સ્તુતિ એ છે સંગશુદ્ધિ.

(૫) અગિયારમા અધ્યાયમાં **કાર્યની શુદ્ધિ** દર્શાવી છે.

પરંતુ સર્વોપરી શુદ્ધિ તો ભગવત્કૃપા છે. તે બારમા અધ્યાયમાં પ્રભુએ ઉદરમાં પ્રવેશ કરીને કરેલ પરીક્ષિતની રક્ષા છે.

ભાગવતનો અધિકારી :—

અત્યંત વિશ્વાસ એ અધિકારીને આવશ્યક છે. વિશ્વાસનાં ત્રણ અંગો (૧) **સત્પુરુષ સંગ** (૨) **સર્વસ્વ ત્યાગ** અને (૩) **સર્વોત્તમ શુદ્ધિ**. અધ્યાય ૭ થી ૧૧ના પ્રથમ પ્રકરણમાં **સર્વશુદ્ધિ**, અધ્યાય ૧૨ થી ૧૭ સુધીમાં **સર્વ ત્યાગ** અને અધ્યાય ૧૮, ૧૯માં **સત્પુરુષ પ્રસંગ**.

દ્રૌપદી કારૂણ્ય અથવા ક્ષમા ચરિત્રઃ—

નિર્વૈરભાવ વિશ્વમંગલકારી ભાવ છે. સ્વજન તિતિક્ષા, સર્વજન તિતિક્ષા, શત્રુજન તિતિક્ષા એ ત્રણ શ્રેણી. સ્વજન તિતિક્ષૂ–લૌકિક

સંત; સર્વજન તિતિક્ષૂ તત્ત્વજ્ઞસંત; શત્રુજનતિતિક્ષૂ–પુષ્ટિસંત, લોકોત્તર સંત.

દયા-ક્ષમાના સંગમે દ્રૌપદીનું નિર્માણ છે. દ્રૌપદી કારુણ્યને નિમિત્તે પ્રેમ વૈરનું મારણ છે. વૈર વૈરનું બીજારોપણ છે. એ સિધ્ધાન્ત મહાભારત કાલ પછીના અનુભવથી ભાગવતકાલે દર્શાવ્યો.

શત્રુને સુહૃદ બનાવે એ પ્રેમયોગ. અરિને શ્રીહરિની નજરે જોઈ અરિની આંખમાં હરિનો પ્રાદુર્ભાવ કરવો એ દિવ્ય પ્રેમયોગ.

ન્યાય, ક્ષમા અને દયાના નિર્મલ સ્રોતસમાં ગળાઈને વિવેક સ્વરૂપે આવવો જોઈએ પ્રધાન નિર્ણય.

પ્રેમ આત્મસ્વરૂપ જાગૃત કરે છે. ક્રૂરતા આગંતુક છે; વૈર આગંતુક છે, ચૌર્ય, દૌર્જન્ય આગંતુક છે; અને સૌજન્ય સ્વાભાવિક છે, હરકોઈમાં છે. તેનું પ્રાદુર્ભાવન, ભાગવત ભવનનું પ્રતિષ્ઠિત "સિધ્ધાન્ત મૂર્તિનું સ્વરૂપ છે."

ક્ષમાની વેદિકા પર દયાના છત્ર નીચે બેઠેલી ન્યાયની દેવી અપરાધીને આત્મતુલામાં મૂકી દંડનું ફરમાન કરે છે. "જેનો પ્રધાન પ્રાણ ગુન્હાનો બદલો નથી, વૈરનું તાંડવ નથી, કે ગુન્હેગાર પર અદાવત નથી, પરંતુ ગુન્હેગારને બદલવાનો–ગુણાગાર બનાવવાનો પુણ્ય પ્રયાગ છે, અને પ્રેમ પ્રયોગ છે, છતાં શિક્ષાનું વિધાન પણ છે."

ન્યાયાધીશના બે નયનમાં ક્ષમા–દયાનાં અંજન છે, અને હાથમાં દંડ છે. જગતને અપરાધીથી, પાપીથી, ખલથી, ક્રૂરથી, દુ:શીલથી અભય બનાવવું છે; પરંતુ ક્રૂરને દંડ આપી, દબાવી કે કારાગારમાં પૂરીને નહિ, પરંતુ ક્રૂરને પલટીને. તે ન્યાયાસન ઈશ્વરનો પણ ન્યાય તોલનાર ઈશ્વરનું પણ માન્ય કેન્દ્ર છે. ફરજને અદા કરવાને

શીખવતી વિદ્યાપીઠ તે અદાલત છે, જ્યાં કોઈ પ્રકારની અદાવત દાખવતી નથી. તે છે અદાલતની દોલત.

૧૩ મા શ્લોકથી અશ્વત્થામાનું પ્રકરણ.

यदा मृधे कौरवसृंजयानाम्—પાંડવો કૌરવ ગણાય. કુરુ કુલ અને દેશમાં જન્મેલ હોવાથી કૌરવ શબ્દથીજ તેમનો સંગ્રહ થાય. પરંતુ પિતાના નામથી પાંડવ શબ્દનો વ્યવહાર શરૂ થયો. આ પ્રસંગમાં "કૌરવ પાંડવના યુદ્ધમાં" **कौरव पांडवानाम्** એવો વાક્ય વ્યવહાર ન કરતાં **सृंजयानाम्** કહેવામાં, પાંડવોની સાથે વૈરનું બીજારોપણ દ્રૌપદીથી થયું. દ્રૌપદી માટે દુર્યોધનની વાંછા હતી, અને ન મળી; તે પાંડવોને મળી. ત્યારથી કલહ થયો. પછીથી કેશાકર્ષણ સમયે પણ દુર્યોધને દુર્વાસનાની નજરે દ્રૌપદીનો ઉપહાસ કર્યો. બાદ સંગ્રામનો અવસર આવ્યો. સૃંજયને પાંડવોએ સેનાપતિ બનાવ્યો. નિયામક સૃંજય થયો. તેથી પાંડવોની સેનાનો પરિચય **सृंजयानाम्** પદથી આપ્યો. કારણ–સૃંજયની એટલે ધૃષ્ટદ્યુમ્નની બહેન દ્રૌપદીનું અપમાન કૌરવોએ કર્યું છે, એ નજરમાં રહેતાં સૃંજય કૌરવો સામે સંપૂર્ણ કરડી નજરે જૂએ અને તેની દોરવણીમાં સર્વ સૈન્ય રહેતું.

भर्तुः प्रियं द्रौणिः—દ્રૌણી–એટલે અશ્વત્થામા. અમંગલ ચરિતનું નામ ન લેવું માટે દ્રૌણિ કહ્યું, પરંતુ અશ્વત્થામા નામ ન લીધું. દ્રોણનો વધ યુદ્ધમાં થયો. તેનું વૈર લેવાનું મન અશ્વત્થામાને થયું. તે નિમિ-તે પણ દ્રૌપદીના પુત્રોનો નાશ કર્યો. તેથી દ્રૌણિ કહ્યું. દુર્યોધનના આશ્રિત થઈ રહેવાથી તેનું અન્ન ખાધેલ હોઇ તેનાજ વિચારો, સંસ્કારો આવે તે સ્વાભાવિક છે. દુર્યોધનની માફક તે પણ અવિચારી થયો. તે દર્શાવવા દ્રૌણિ કહ્યું. માટે દુર્યોધનનો **भर्तुः** ભર્તાના નામથી સંબંધ બતાવ્યો.

कृष्णासुतानाम्-શ્રી કૃષ્ણની ઉપાસના કરતાં કૃષ્ણ સમાન નિર્દોષ, કરૂણ, ક્ષમાશીલ સ્વભાવનાં દ્રૌપદી થયાં. તેથી દ્રૌપદી માટે કૃષ્ણા શબ્દથી વ્યવહાર કર્યો. ભગવાનની ભગિની તરીકે ઓળખાવ્યાં. પ્રભુએ દ્રૌપદીને "કૃષ્ણા" પદ ભેટમાં આપ્યું.

माता शिशूनां निधनं सुतानाम् એ ક્રમવાળો પાઠ છે. બીજો **माता सुतानां निधनं शिशूनाम्** એ પાઠ આચાર્ય સંમત છે. સુત-જેના ઉપર વંશનું અવલંબન છે. શિશુ શબ્દનો ભાવ ખૂબજ કુમળાં છે, અને માતાનો અતિશય પ્રેમ છે તે દર્શાવ્યાં.

निशम्य—સાંભળવાથી અતિશય કલેશ થાય તો જોવાથી શું થતું હશે ?

घोरम्—રાત્રિ વધ થયેલ, માટે મોક્ષ ન થાય; તેથી કલેશ અને રૂદન થયાં.

किरीटमाली—યુધ્ધકાલમાં અર્જુનના માથા ઉપરનો મુકુટ એકજ હતો; છતાં ત્વરિત ગતિથી, અસંખ્ય મસ્તક અને મુકુટો ભાસતા. તેથી કિરીટમાલી અર્જુનને દર્શાવ્યા.

अच्युतमित्रसूतः—આપત્તિમાં ઉપયોગમાં આવે તે સાચા મિત્ર. ભગવાન અચ્યુત છે; જેનો આશ્રય કરનાર કદી નાશ નથી પામતો તે તેના મિત્ર છે. તેમજ **सूतः** ભગવાન સારથિ છે. જેથી વિજય અવશ્ય છે.

अन्वाद्रवद्दंशितः રથમાં બેસીને દોડયા, અને કવચ પણ માર્ગમાં જતાં જતાંજ ધારણ કર્યું. **कपिध्वजः** પવનવેગે રથ ચાલ્યો. કપિ પવન તનય છે માટે, તેમજ રથની રક્ષા કપિધ્વજ શબ્દથી કહેલ છે.

रुद्रभयात् यथाऽर्कः—રૂદ્ર ભયથી સૂર્ય દોડયા. અથવા **यथा कः** એવો પાઠ હોય ત્યાં 'બ્રહ્માજી' એવો અર્થ લેવો. મૃગરૂપ બ્રહ્માજી રૂદ્ર ભયથી દોડેલા. **अर्क** પાઠ લેતાં 'સૂર્ય' અર્થ થશે. **વિદ્યુન્માલીને** શ્રી શંકરે સુવર્ણ વિમાન આપેલ. તે વિમાનથી સૂર્યના પાછળ ફરતો અને તેથી રાત્રિ લુપ્ત થતી. સૂર્યે વિમાન પાડી નાખ્યું, તે વિગત જાણી સૂર્ય પાછળ રૂદ્ર દોડયા, આંખના ઉગ્ર તેજથી સૂર્ય કાશીમાં લોલાર્ક થઇ પડયા. સમર્થના આશ્રિતોનો પણ અપરાધ ન કરવો. અન્યથા વિશ્વમાં કોઇપણ કોણમાં રક્ષણ નહિ મળે.

ब्रह्मशिरः अस्त्रम् બ્રહ્માસ્ત્ર--તે બે પ્રકારનાં. એક આધ્યાત્મિક અને બીજું આધિ દૈવિક. પ્રથમ અસ્ત્ર પાછું વાળી શકાય છે. દ્વિતીય તો અનિવાર્ય છે. આપત્તિમાં આત્મ રક્ષા માટે. ઉપસંહાર ન જાણતા, પણ અશ્વત્થામાએ તેનો પ્રયોગ કર્યો.

અર્જુનની સ્તુતિના ૪ શ્લોક અધ્યાય ૭, શ્લોક ૨૨ થી ૨૫.

कृष्ण कृष्ण महाभाग--બે વખત કૃષ્ણ શબ્દ; એને વીપ્સા કહેવાય. આપત્તિ, આવેશ, આનંદ, સંબોધન શબ્દને બે વખત બોલાવી દે.

ઉષા

अपवर्गोऽस्ति संसृतेः ભકત દુઃખમાંથી મુકિત ન માગે. દુઃખની મુકિત, અને દુર્વાસનામાંથી, દુઃસંગમાંથી અને દુર્બુદ્ધિમાંથી મુકિત એજ પરમ સુખ પ્રાપ્ત કરવાની યુકિત. દુઃખ ફલ છે, શાખા છે; દુર્મતિ એનું મૂલ છે. મૂલચ્છેદ થતાં શાખાચ્છેદ અવશ્ય થશે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર પુરુષાર્થ સિદ્ધિ માટે ચાર શ્લોકની પ્રાર્થના છે. સ્તુતિ ભીતિ કાલમાં ન સંભવે. સર્વથા પ્રીતિ કાલમાં સ્વયં પ્રકટે. સ્તુતિ સ્વયં પ્રભા છે, સ્વયં પ્રજ્ઞા છે, સ્વયંભૂ સરિતા છે. પ્રાર્થના પ્રાસંગિક છે; પીડામાંથી, પાપ શુદ્ધિમાંથી કે સુખવૃદ્ધિમાંથી આગન્તુક છે. સ્તુતિ

સ્વાભાવિક છે. એટલે જ અર્જુનજી બોલ્યા **अपवर्गो सि संसृते:** સંસાર બંધનથી મુકત કરો.

સંસાર એટલે પાંચ પ્રકારના દોષોનો સમુદાય. કર્મ, કાલ, સ્વભાવ, માયા, દેશના સંસર્ગથી દોષ સંભવે.

૧ કર્મદોષ ઈશ્વરને નથી, કર્મજન્ય છે. ઈશ્વર કર્મથી પણ પૂર્વે છે તેથી કર્મના દોષો તેમાં ન સંભવે. માટે **आद्य:** એ પ્રથમ વિશેષણ આપ્યું. આદ્ય એટલે સ્વતંત્ર.

૨ કાલદોષ ઈશ્વરને નથી. **पुरुष:**નો અર્થ નિયામક. કાલ નિયામક છે, પરંતુ કોઇના શરીરમાં બેસીને નિયમન કરે છે. ભગવાન સાક્ષાત્ નિયમન કરે છે. **साक्षात्पुरुष:** કહ્યું.

૩ સ્વભાવ દોષ ઈશ્વરને નથી, પ્રકૃતિના તાબેદારને સ્વભાવ દોષ લાગુ પડે. પ્રભુ તો પ્રકૃતિના નિયન્તા છે. તેથી **प्रकृते: पर: ईश्वर:** એ ત્રીજું વિશેષણ આપ્યું.

૪ માયાનો દોષ નથી. માયા એટલે શકિત. માનવ કાર્ય શકિત વિના ન કરી શકે. કાર્ય કરે ત્યારે શકિતમાં આસકિત રાખીને કરે, પણ ભગવાન અનાસકત થઇ કામ કરે તેથી **मायां व्युदस्य चिच्छक्त्या** એમ કહ્યું.

૫ દેશ દોષ પ્રભુમાં નથી. ધર્મથી પર છે, તેથી દેશ દોષો નથી. તે સમજવા માટે **कैवल्ये स्थित:** પ્રભુને વર્ણવ્યા.

त्वमाद्य: पुरुष: साक्षादीश्वर: प्रकृते: पर: એવાં વિશેષણો આ શ્લોકે આપ્યાં.

અશ્વત્થામાને શીઘ્ર બાંધ્યા અને દારૂણ કહ્યા તેનાં કારણો :—

દારૂણ હોવાથી અને બ્રાહ્મણ હોવાથી, અપમાનને મૃત્યુથી અધિક માને; એટલે અપમાન થતાં, પરાજ્ય થતાં ચાર કામ કરે–મરણ (આત્મહત્યા), શાપ, મારણ અથવા ઈશ્વર ભજન. તેમાંનું એક પણ કામ કરવા અવસર ન મળ્યો; કારણકે **तरसा** જલદીથી **गौतमी सुतम्** ગોતમી પુત્રને બાંધ્યા. **गौतमी सुत** કથનનો ઉદ્દેશ માતાને નામે પરિચય એ કારણથી આપ્યો કે તે દ્રોણુને સંમત ન હતા રહેતા, પરંતુ માતાને ખૂબજ પ્રિય હતા. તેમની માતાની પ્રાર્થનાથીજ પુત્રને માટે દ્રોણાચાર્યજી 'રાજગુરુ' થઈને રહ્યા, અને તેજ પરિણામે ગુરુનો પ્રાણ ગયો. એટલે ગુરુને અતિપ્રિય ન હોવાથીજ અર્જુને તે સમજમાં અશ્વત્થામાને, બાંધ્યા.

रज्ज्वा बद्ध्वा रिपुं बलात् ભગવાને તે અશ્વત્થામાને વધ કરવા કહ્યું, પરંતુ બાંધ્યા તે ઠીક નથી કર્યું એમ બતાવ્યું. નીતિની દૃષ્ટિએ શત્રુને બાંધી રાખવા કરતાં તો વધ કરવો જોઇએ; અને તેમ ન થાય તો ધર્મની નજરે છોડી મૂકવા જોઇએ; પરંતુ બાંધી રાખવા સર્વથા અનુચિત છે.

ધર્મની ઉદારતા :—

દશ પ્રકારનો શત્રુ અવધ્ય.

मत्तं प्रमत्तमुन्मत्तं सुप्तं बालं स्त्रियं जडम्
प्रपन्नं विरथं भीतं न रिपुं हन्ति धर्मवित् ॥३६॥

કેફી અવસ્થાથી ગાંડો થયેલ, ગાફલ, ઉન્માદી, નિદ્રિત, બાલક, જડ, સ્ત્રી, શરણાગત, વાહનવિનાનો, ભયભીત–આ દશ પ્રકારનો શત્રુ ન મરાય.

कृपया ननाम ह–દ્રૌપદીએ નમસ્કાર માત્ર વિપ્રભાવથી નથી કર્યા, પરંતુ "અહો! વિપ્રત્વ પણ આવી દયનીય હાલતમાં મૂકાય છે," એ કુદરતની લીલા, કે પ્રારબ્ધનું પ્રાબલ્ય એમ સમજી કરૂણ હૃદયે પ્રણામ કર્યા.

શ્લોક ૪૯માં **धर्म्यं न्याय्यं सकरुणं निर्व्यलीकं समं महत्** એ ન્યાયની છ ગળણીઓ છે. તેમાંથી ગળાયેલ શુદ્ધ ન્યાય અરિસુહૃદને સમત્વથી મળે એનું નામ સંસ્કૃતિ. અશ્વત્થામ-વિમોચનમાં તેનો પૂર્ણ નિર્દેશ છે.

ब्राह्मणो नितरां गुरुः-વેદમાં **ब्राह्मणोऽस्य मुखमासीत्** બ્રાહ્મણ ભગવાનનું મુખ છે. મુખ્ય કાર્ય કરવાથી મુખ. ઉપદેશ, વેદાધ્યયન, પોષણ એ મુખ્ય કાર્ય મુખ કરે છે. સમાજમાં શાંતિ સંસ્કૃતિનું સ્થાપન ઉપદેશથી થાય, માટે બ્રાહ્મણ તે કાર્ય કરતો હોવાથી તેની રક્ષા કરવી, તે સમાજ રક્ષા છે. ધર્મની દૃષ્ટિએ માટે અશ્વત્થામાને છોડી મૂકો.

अस्त्रग्रामश्च भवता शिक्षितो यदनुग्रहात्-નીતિ વિરુદ્ધ ધર્મ ગૌણ ગણાય, નીતિ સંયુક્ત આદરણીય મનાય. સ્નેહાતિશય સત્ય તરફ દોરે. એકરાર તરફ વૃત્તિ ખેંચે. આનંદના અતિરેકે પાર્થે દ્રૌપદી સાથે એકાન્ત વાર્તા-વિનોદમાં કહ્યું, "દેવી! ગુરુની અપાર કૃપા કે પ્રત્યેક છાત્રમાં મને પુત્રાતિશાયી સ્નેહ-જ્ઞાન આપ્યાં. જ્યારે ગુરુપત્ની ગૌતમીએ દ્રોણને વિનવ્યા કે 'મારા પુત્રને બ્રહ્માસ્ત્રો શીખવો,' ત્યારે દ્રોણ વધા, 'દેવી! અશ્વત્થામા દુરુપયોગ કરશે. લક્ષ્મી, સરસ્વતી લાયક વારસદારને આપવાં, હક્કદાર વારસને નહિ,' અને ગુરુએ બ્રહ્માસ્ત્રો ન આપ્યાં." અર્જુનની રજૂઆત સાંભળી દ્રૌપદીએ પૂછ્યું, "સ્વામિન્! પછી શું થયું?" કૌન્તેયે કહ્યું," કાન્તે! પછી એકાન્તમાં ગુરુજીએ સર્વ બ્રહ્માસ્ત્રો સર્વ વિધિ સાથ મને દીધાં." દ્રાપદીએ પૂછ્યું, "એમ કેમ?" અર્જુનજીએ કહ્યું, "દુરુપયોગ નહિ કરું, એ વિશ્વાસે." એ પ્રસંગને તાજો કરી દ્રૌપદીએ કહ્યું કે, "આજે તેનાજ પુત્રનો વધ કરી આપ સદુપયોગ કરો છો ખરું ને? આ આપની નીતિ કે?

ઉપકાર પરંપરા સામે એકાદ સાધારણ અપકારને ન વેઠી શકતાં વૈરે વળો છો! નાથ, નીતિ ના પાડે છે, વદે છે કે પાછા વળો. ધર્મ સાથે નીતિનો પણ વિરોધ છે. માટે શત્રુ છતાં પણ વધ ન ઘટે."

અર્જુને કહ્યું, "ઉપકાર દ્રોણ ગુરુનો છે, તેમનો ક્યાં વિરોધ કરું છું?" તેના પ્રત્યુત્તરમાં દ્રૌપદીએ કહ્યું, "**स एष भगवान् द्रोणः**-અશ્વત્થામા એ દ્રોણ ગુરુ જાતેજ છે". **आत्मा वै पुत्र नामासि** એ વેદના પ્રમાણથી, અને **भगवान्** દ્રોણને વિશેષણ આપ્યું. માટે સમર્થ દ્રોણ જાતેજ પુત્ર રૂપે આવ્યા છે, વધ ન ઘટે. કારણ કે નીતિમાં દયાનો અંશ મુખ્ય છે. ધર્મ દૂધ છે, નીતિ તેમાં કેસર છે; પરંતુ દયા તો મિશ્રી છે. તેથીજ ધર્મમાં માધુર્ય છે.

वृजिनं नार्हति—કપટ વિનાનાં, કરુણા, નીતિ અને ધર્મ એ ત્રણ તત્ત્વો પુષ્ટિદાયક બનશે. પ્રેમમાં, દયામાં અકાપટ્ય, તેની સુવાસિત કસ્તૂરી છે. કરુણાથી દાન-સમર્પણ છે, પરંતુ કાપટ્ય તેમાં રહી જાય છે; માટે આપે અકપટ વૃત્તિથી વર્તીને પણ ગુરુપુત્રને મુક્ત કરવા જોઈએ.

मा रोदीदस्य जननी ધર્મમાં "સમત્વ" એ પ્રધાન અંગ છે. બીજાનો ન્યાય, પોતાને શિક્ષાની વેદી ઉપર મૂકી, તોળવો જોઈએ. "દુઃખનો અનુભવી બીજાને દુઃખ ન આપે, ન ઇચ્છે, એ દિવ્ય તપશ્ચરણ છે. મારે તો પાંચ પતિ છે, જ્યારે ગૌતમીને પતિ નથી. મને પુનઃ માતા થવાનો સંભવ છે, ગૌતમીને તે પણ નથી. મારે પતિ દેવોની અન્ય પત્નીઓ દ્વારા પુત્ર છે, હું પુત્રવતી છું. ગૌતમીને આ એકજ છે, તે પુત્ર વિહીન થશે;-અને વિશ્વભરના પુત્રો-વિશ્વભરની માતાને વિયોગે સરખુંજ દુઃખ આપે. હું માતૃ હૃદયને ચાહું છું, પૂજું છું. મારા વ્યાપક માતૃ હૃદયને ક્યાં પુત્ર વિયોગ-અનલની આંચ ન લાગે. પતિવ્રતા નારીનું નેત્ર જલ જમીન પર પડે તો પૃથ્વી નિર્વીર્યા બની જાય છે.

સ્હેવામાં જે રસ વિલસતો તે ન સામે થવામાં,
વારિમાં જે રહી શીતલતા તે ન અગ્નિ પ્રભામાં.
ક્ષાન્તિ કેરો વિજય ન વસે વૈરને વાળવામાં,
મૌને જેવું સુખ મનુજને તે નથી ગાજવામાં;
શાંતિમાં જે સહજ વિરતિ તે નથી કોપવામાં,
રોવામાં જે વસી વિમળતા તે ન રોવાડવામાં.

બોટાદકર.

सानुबन्धं शुचार्पितम् ધર્મમાં મહત્ત્વ હોવું જોઇએ. મહત્ત્વ એટલે જેના ઉલ્લંઘનથી પ્રત્યક્ષ અનિષ્ટ ફળ મળે. અગ્નિનો સ્પર્શ ન થાય, કરીએ તો બાળે. તેજ પ્રત્યક્ષ અગ્નિનો ધર્મ છે. બ્રાહ્મણ અગ્નિ છે; પતિવ્રતા અગ્નિનો પણ અગ્નિ છે. ગૌતમી બ્રાહ્મણ પત્ની અને સ્વયં સતી હોવાથી તેની અવહેલના સર્વથા નાશ કરશે. માટે આપ અશ્વત્થામાને મુક્ત કરો.



પૃથ્વીમાં અર્જુન—આત્મા એ નિત્ય. ક્ષમા, દયાના સહકારે ધર્મ, બલ, બુદ્ધિ—વિદ્યાનો ઉપયોગ કરે, ત્યારે તેને કૃષ્ણ પરમાનંદની પ્રાપ્તિ થઈ શકે, પણ તે ત્યારેજ કરી શકે કે જ્યારે કુન્તી—મર્યાદા ભકિતનો તે આદર્શ ઉપાસક ભક્ત હોય.

અધ્યાય ૮ મો.

ઉત્તરા પ્રપત્તિ અને શ્રી કુન્તી સ્તુતિ.

आप्लुता हरिपादाब्जरजः पूतसरिज्जले—વામન અવતારમાં બ્રહ્માજીના કમંડલૂના જલમાંથી ગંગાજી પ્રસવ્યાં. વિપુલ કાલ વીત્યો. અનેક માર્ગમાંથી જલ મળ્યાં. આજે તે કાલનાં ચરણ રજ ક્યાં સંભવે? માટે તેજ ક્ષણે ભીમસેને પ્રભુને વિનવી ગંગાજલમાં ચરણારવિંદ પધરાવી તાત્કાલિક તેમાંથી સંપર્ક પામેલ રજઃ—રેણુઓથી પવિત્ર થયેલ જલમાં સ્નાન કરી શુદ્ધિ અને અન્તઃ શાન્તિ સમ્પાદિત કરી.

"નિર્વૈર અને નિયમનિષ્ઠ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષ"ની પાદરજ ધીરજનાં દાન આપી શકે, અને તેની ફલમાં અનાસકત કર્તવ્ય નિષ્ઠા પરમશાંતિ અર્પી શકે. એ કક્ષા શ્રી કૃષ્ણની હતી. યાદવ કુલ સંહાર પછી પણ તેજ પ્રસન્ન વદનમાંથી ઉદ્ધવગીતા પ્રકટી, જે કૌરવ—પાંડવ સંગ્રામના પ્રારંભે કર્તવ્ય શિથિલ અર્જુનને કાજ પ્રકટેલી.

कचस्पर्शक्षतायुषः પ્રાણો મસ્તકમાં રહે છે. પુણ્ય શીલ, તપઃશીલના પ્રાણો અત્યંત ઉત્તમ ગણ્યા છે. દ્રૌપદીના કેશ ઉપર તો રાજસૂય યજ્ઞમાં મહાભિષેક પ્રસ્તાવમાં અભિષેક થયેલ, તે વખતે સર્વે તેમના કેશની પ્રશંસા કરેલી. તેમજ મંત્રાભિષેકથી ઉત્તમ પ્રાણ બનેલા; તેનો સ્પર્શ કરનાર—અને તેના સંસર્ગમાં રહેનારના આયુષ્યનો ક્ષય થયો. "પરદારાના, સતી સ્ત્રીના, પુણ્યવતી પત્નીના ક્રોધમાં—પાપભાવમાં કરવામાં આવતા સ્પર્શના પાપથી આયુષ્યની હાનિ થાય છે."

गन्तुं कृतमतिः ब्रह्मन् द्वारकां रथमास्थितः–ભગવાન દ્વારકા તરફ પ્રયાણ કરતા હતા, ત્યાંજ પ્રપન્ન ઉત્તરાને જોયાં. પ્રભુ રોકાઇ ગયા. **ભક્તનું કાર્ય ઉપસ્થિત થતાં આરંભેલ પોતાનું કાર્ય અધવચમાં મૂકીને ભકતકાર્ય ભગવાન પ્રથમ કરે છે.** **ब्रह्मन्** સંબોધન આ સ્થળે સૂતજી શૌનકને કહે છે, તે જે અશ્વત્થામાએ ક્રોધથી ઉત્તરાગર્ભ વધ માટે બ્રહ્માસ્ત્ર મૂકેલ તે **મહાક્રોધ** કરવાનો બ્રાહ્મણનો કોઇ કોઈ વાર સ્વભાવ છે, તેમ દર્શાવવા. કારણ કે ભૃગુ ઋષિએ તેમ કરેલું ને!

पाहि पाहि महायोगिन् देवदेव जगत्पते ! ૯ અને ૧૦ એ બે શ્લોકોમાં પ્રપત્તિ છે, તે પોતાની અને ગર્ભની રક્ષા માટે. બે વખત **पाहि** કહેવામાં, ભયથી વીપ્સા છે; અને એકથી પ્રપત્તિ અને અન્યથી પ્રાર્થના કરી. જગતપતે! સંબોધન કર્યું, કારણ જ્યારે યુધ્ધ કાલમાં અરાજકતા પ્રવર્તે, ત્યારે ઈશ્વર વિના કોણ રક્ષણ કરશે? ઉત્તરાની પ્રપતિમાં કેવલ માતૃવાત્સલ્ય છે કે **दहतु मां**–બ્રહ્માસ્ત્ર અનિવાર્ય હોય તો ભલે બાળે, માત્ર બાળકને–ગર્ભને બચાવો.

समशाम्यद् भृगूद्वह—વૈષ્ણુવ તેજમાં બ્રહ્માસ્ત્ર તેજ શાન્ત થયું. બ્રહ્માસ્ત્ર અમોઘ અનિવાર્ય છે. તેનું નિવારણ–નાશ–શકય નથી; પરંતુ અલ્પ તેજ મહા તેજમાં મળી જાય, તે ન્યાયે. જેમ દુર્વાસાની કૃત્યા ભગવદીય–વૈષ્ણવના સુદર્શનમાં, ભૃગુનો આવેશ પ્રભુના વક્ષઃસ્થળમાં, તેમ અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર તેજ ભગવત્ તેજમાં–વૈષ્ણુવ તેજમાં લય પામ્યું. એ રીતે ભગવાને વેદ મંત્ર મર્યાદા, ભકત પ્રપત્તિનાં પાલન કર્યાં અને ભકત કાર્ય કર્યું.

કુન્તી માતાની સ્તુતિ :-

શ્રી કુન્તી માતાની સ્તુતિ ૨૬ શ્લોકથી છે. અષ્ટમ અધ્યાય શ્લોક ૧૮ થી ૪૩. સાંખ્યનાં તત્ત્વોની સંખ્યા ૨૫ છે, યોગનાં ૨૬ છે.

ભગવાનની સબીજ યોગ સાધતી મર્યાદા ભકિત ૨૬ શ્લોકથી સ્તુતિ કરે છે. નવધા ભકિતનું સ્વરૂપ હોવાથી ૨૬ શ્લોકમાં ૯ પ્રકાર છે. સ્વરૂપ, ગુણ, લીલા, દુષ્ટથી અજ્ઞેય, લક્ષણ, ફલ, દૈન્ય, પ્રાર્થના અને નમઃસ્કાર એ નવ પ્રકાર છે.

नमस्ये पुरुषं त्वाऽऽद्यम्—**नमः** શબ્દથી **नमो वरिवश्चित्रङक्यच्** કરણ અર્થમાં **क्यच्** થયો આત્મનેપદ આપે છે. એ રીતે **नमस्ये**થી સ્તુતિનો આરંભ કર્યો. આ સ્તુતિ પ્રાર્થના રૂપે બની જવાની છે, અને પ્રભુ રોકાઈ જવાના; માટે **नमस्ये** આત્મનેપદ યોજ્યું.

સ્તુતિના નવ પ્રકારો એટલે ઉપાસ્ય સ્વરૂપને વાસ્તવિક રીતે દિવ્ય છે તે સમજીનેજ પછી તેનું સ્તવન સંભવે છે. પ્રથમ તો સ્વરૂપ વિચાર કરશે ત્રણ શ્લોકથી.

नमस्ये पुरुषं त्वाऽऽद्यम्–કેવલ ભ્રાતૃપુત્ર હોઇ સંબંધકૃત વાત્સલ્ય હોય અને નમઃસ્કાર કરતાં હશે એવી ભ્રાન્તિ નથી. પરંતુ પૂર્ણ પરિચય છે, અને નમઃસ્કાર કરે છે કે આપ આદ્ય પુરુષ છો. સાંખ્ય શાસ્ત્ર પુરુષ તત્ત્વની ઉપાસના કરેછે, અને તે તત્ત્વ અનેક માને છે. તે સમજ મનમાં ન રહી જાય માટે એક વચન અને **आद्य** એવું વિશેષણ આપી ઉત્તમ પુરૂષ ગીતોકત સ્વરૂપે પ્રભુને પ્રાર્થે છે. ભગવાનને કુન્તી માતાજી **नटो नाट्यधरो यथा** એ સ્વરૂપે વિરૂધ્ધ ધર્મ સમાશ્રયી દર્શાવેછે, 'પુરુષ' સંજ્ઞા જીવની પણ સંભવે છે, માટે **आद्य** વિશેષણ આપીને તેથી પર તત્ત્વને દર્શાવ્યા. ઈશ્વર એટલે વ્યવસ્થાપક ને નિયામક. પ્રકૃતિથી પર એટલે અંતઃકરણની શાન્તિ, ભગવદ્ દર્શન વિગેરે ફલને આપનાર.

ગુણોથી નમઃસ્કાર ૨૧ અને ૨૨ એ શ્લોકમાં.

कृष्णाय वासुदेवाय देवकीनन्दनाय च
नन्दगोपकुमाराय गोविन्दाय नमो नमः ॥२१॥
नमः पंकजनाभाय नमः पंकजमालिने
नमः पंकजनेत्राय नमस्ते पंकजाङ्घ्रये ॥२२॥

कृष्णाय રસરૂપ અને ગુણોથી આકર્ષણ કરનાર રૂપ છે. પરંતુ નિર્ગુણ સ્વરૂપ કેવલ ન બની જાય તેથી **वासुदेवाय** ગુણરૂપ અને સાક્ષાત્ વિગ્રહ રૂપે નમઃસ્કાર કર્યા. પિતાને મોક્ષ આપ્યો તો પિતાની ભગિનીને પણ મોક્ષ આપશે. **देवकीनन्दनाय** દેવકીજીને આનંદ આપ્યો તો દેવકીજીનાં નણંદને પણ મોક્ષ આપશેજ. **च** અવ્યયનો પણ અર્થ છે, પાદપૂર્તિ માટેજ કેવલ નથી. પિતાજીની બહેનને મોક્ષ આપ્યો, પરંતુ બનેવી અને ફુઆને પણ છોડાવ્યા. સર્વધર્મ, સર્વ સંબંધથી પર છે, છતાં ઉપકાર સ્મરણથી પર નથી, કારણ **नन्दगोपकुमाराय**નો નમઃસ્કાર પિતા તુલ્ય પિતાના મિત્ર મનાય તેથી તેમને પણ પરમાનંદનું દાન કર્યું. પરંતુ **स जातो येन जातेन याति वंशः समुन्नतिम्** જગતમાં તે જન્મ્યો, કે જેનાથી વંશોન્નતિ થાય. કેવલ નન્દરાયની રક્ષા નથી કરી, પરંતુ ગોપજાતિનો ઉધ્ધાર કર્યો. નિઃસાધન વ્રજ ભક્તોનું ધન થયા તેથીજ પરિચયમાં ગોપકુમાર તરીકે વર્ણવ્યા. **गोविन्दाय**, ઉપનિષદ્ વેદ્ય, ઇન્દ્રિય પ્રેરક, અને ગોરક્ષક, પૃથ્વી રક્ષક, પ્રભુને પ્રણામ કર્યા.

શ્લોક ૨૨માં પણ ગુણ વંદના છે. ભકિત બે પ્રકારની–ચરણામ્બુજા અને મુખામ્બુજા. દાસ્ય ભક્તિમાં ચરણારવિંદથી ક્રમશઃ એક એક અંગનું ધ્યાન થાય. જ્યારે પ્રણય, વાત્સલ્ય, સખ્યમાં ચક્ષુર્વૃત્તિ મુખારવિંદમાં કેન્દ્રિત થાય. એક સેવા નિષ્ઠ છે, અને અન્ય રસ લુબ્ધ છે. ઉપાસનામાં પણ તેવોજ ક્રમ જોવામાં આવે. જ્યારે શ્રી કુન્તીમાતાજી ઉભય મધ્યસ્થ બની તટસ્થ સ્વરૂપે વિચારવા બેમાંથી કોઈપણ ક્રમ લીધા વિના મધ્યક્રમથી વિચારવાની શરૂઆત વંદનથી કરે છે,

વંદનમાં ચાર અંગ દર્શાવ્યાં, જેમાં ચાર પ્રકારના ગુણ ભાવો છે. નાભિ, માલા (કંઠ), નેત્ર, અંઘ્રિ – એ ચાર અંગોનું સ્મરણ કરીને નમઃસ્કાર કરે છે. પ્રભુના ચાર ગુણો – જગત્કારણ, ભૂષણ, કૃપાલુ, સુખલભ્ય એ નમઃસ્કારથી સૂચવ્યા.

पंकजनाभाय — પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારે વાણી વ્યક્ત થાય. નાભિમાંથી પરાવાણી પ્રકટ થાય. કુન્તી માતા યોગની અધિષ્ઠાત્રી શક્તિ છે. સાંખ્યનાં ૨૫ તત્ત્વો, યોગનાં ૨૬ તત્ત્વો છે. માટેજ ૨૬ શ્લોકની સ્તુતિ છે. યોગને પરા જાગ્રત કરવાની છે, તેમાંથી સર્વ વ્યવહાર બન્યો છે. માટે પ્રભુને જગતના કારણરૂપે વર્ણવે છે. વ્યવહાર માત્ર શબ્દથી થયો. પ્રથમ શબ્દ વ્યવહાર, પછી અર્થવ્યવહાર એટલે વસ્તુ નિર્માણ. બ્રહ્મા ચતુર્મુખ ચતુર્વેદ રૂપ મુખવાળા પ્રકટયા છે નાભિમાંથી, માટે આપ બ્રહ્માના પણ બ્રહ્મા છો. આપે પાંડવોને મૂલથી આશ્રય આપ્યો.

पंकजमालिने — નાભિથી પ્રકટેલી વાણી કંઠ-તાલુથી વધુ વ્યક્ત થઈ, વર્ણમાલા સ્પષ્ટ ઉચ્ચરાઈ; તે દર્શાવવા કંઠમાં કમલવાળા પ્રભુને પ્રણામ કર્યાં. સર્વ લક્ષ્મી શબ્દમાં વસેલી છે. કંઠની માલા શ્રી લક્ષ્મીજીએ સ્વયંવરમાં સમર્પી છે. માટે 'પંકજમાલી' વિશેષણ લક્ષ્મીપ્રદ–પ્રભુ છે, તેમ દર્શાવવા કહ્યું. આપે પાંડવોને લક્ષ્મી આપી.

पंकजनेत्राय — નેત્રદ્વારા નિયમન થાય. શકિત નિપાત પણ થાય. દુખ–શ્રમ વિમોચન પણ થઇ શકે; માટે આપ પંકજનેત્ર છો. નેત્રમાં વાત્સલ્ય, ક્ષમા, માધુર્ય ધારણ કરી, જીવને સ્નેહવશ કરી માર્ગનિષ્ઠ બનાવો છો. અથવા અપરાધી કાલિય નાગ ઉપર અમી નજરે નિરખી તેને નિર્વિષ બનાવો છો. નેત્રમાંથી અમીવૃષ્ટિ કરી કાલિય નાગના ધરાનાં જલપાન કરેલ ગોપ બાલને સજીવન કર્યા હતા.

पंकजाङ्घ्रये — પંકજ જેવા કોમલ ચરણ હોઇ આપ સુખથી સેવી શકાય તેમજ મેળવી શકાય તેવા છો. કાલિયના મસ્તક ઉપર નૃત્ય કર્યું તો પણ કોમલતાથી નાચી તેની રક્ષા કરી; જો કે બ્રહ્માંડને ધારણ કરનાર છો, તો પણ પુષ્પ સમાન હલકા બની ગયા.

૨૩, ૨૪ અને ૨૫ આ ત્રણ શ્લોકમાં ભગવલ્લીલા દર્શાવી.

સ્વકુટુંબ સંબંધ અને ભક્તકુટુંબ સંબંધમાં ભક્તના કુટુંબની રક્ષા પ્રભુએ વિશેષ પ્રકારે કરી છે. તુલનાત્મક નમઃસ્કાર ૨૩ મા શ્લોકમાં. **हृषीकेश** સંબોધન રક્ષા કરવાની રીતિ બતાવવા માટે કર્યું. કેવી રીતે રક્ષા કરે છે? ત્યારે કહ્યું કે દરેક ઇન્દ્રિયમાં રસરૂપે પ્રવેશ કરી તેમાંથી વિષય રસને આપ દૂર કરો છો.

૨૪ મો શ્લોક વિવેક શીખવે છે. "ઉપકૃતિનું સ્મરણ એજ સુજનની સંસ્કૃતિ." સ્વજનના ઉપકારોના સ્મરણમાં સંબંધ કાયમ રહે છે, સદ્ભાવ કાયમ રહે છે. માનવ જીવનમાં પ્રભુથી થયેલ અસાધારણ મદદોની યાદમાં માનવ શીલની મર્યાદામાં રહી શકેછે.

विपदः सन्तु नः शश्वत् तत्र तत्र जगद्गुरो...(શ્લોક ૨૫)

સુખ પર શીલા પડો, હરિ હૃદયસેં જાય;
બલિહારી વહ દુઃખકી, પલ પલ નામ જપાય.

સુખ સ્વાર્થ તરફ દોરે, દુઃખ તપશ્ચર્યા તરફ ખેંચે, "દુઃખ ડહાપણની દવા, સુખ ગાંડપણની–પ્રમાદની હવા." **जगद्गुरो**. સંબોધનથી પ્રભુને કહ્યું કે એ ઉપદેશ આપની પાસેથી મળ્યો.

विपदो नैव विपदः संपदो नैव सम्पदः ।
विपद् विस्मरणं विष्णोः सम्पन्नारायणस्मृति ॥

૨૬, ૨૭, ૨૮, ૨૯ એ ચાર શ્લોકોમાં ભગવાન દુષ્ટવૃત્તિ-પ્રવૃત્તિવાળાને ન સમજાય તે વાત સમજાવે છે.

जन्मैश्वर्यश्रुतश्रीभिरेधमानमदः पुमान्...(શ્લોક ૨૬)

જન્મ (કુલાભિમાન), ઐશ્વર્ય, શ્રુત (જ્ઞાનાભિમાન), શ્રી (ધનાભિમાન)–એ ચાર વસ્તુઓથી માનવવૃત્તિ દૂષિત બને અને પ્રભુને સમજવાની યોગ્યતાનો ક્ષય થાય.

કુન્તીજીની સ્તુતિમાં નવ પ્રકારે ભગવાનના ધર્મનું નિરૂપણ કર્યું છે, જે નવ પ્રકારની ભકિતના કારણભૂત છે. સ્વરૂપ, ગુણ, લીલા એ ત્રણેના સમુદાયમાં નવ પ્રકારની ભકિત વહેંચાઇ જાય. શ્રવણ, કીર્તન, સ્મરણ એક વિભાગ; પાદ સેવન, પૂજન, વન્દન, દાસ્ય એ બીજો વિભાગ; અને સખ્ય, આત્મ નિવેદન એ ત્રીજો વિભાગ.

૧. સ્વરૂપ સમજી શકયા પછીથી શ્રવણ ભકિત સિદ્ધ થાય છે. જ્યારે દયા, ક્ષમા, ઔદાર્ય આદિ ગુણો સમજાયા, ત્યારે સતત ગુણકીર્તન કરાય; અને લીલાઓ, ચરિતો જાણ્યાં, ત્યારે તેનું સ્મરણ કાયમ રહી જાય.

૨. ત્રણ અંગો સિદ્ધ થયાં અને તે સ્વરૂપની સમીપે જવાનું મન થયું. સ્વરૂપની સમીપમાં જવાથી ચરણ સેવા, પૂજન, વંદન, દાસ્ય એ ચાર પ્રકારે ભકિત કરવાનો લાભ મળ્યો. એ બીજો ખંડ થયો.

૩. દાસ્ય સિદ્ધ થતાં વિશિષ્ટ સ્વરૂપનું જ્ઞાન થયું. સખ્ય–આત્મ નિવેદન કર્યું. આ પ્રકાર છે નવધા ભકિતના. પ્રથમ સ્વરૂપ–જ્ઞાન આવશ્યક છે.

શિષ્ટ પુરુષનેજ સ્વરૂપ સમજાય, દુષ્ટને નહિ. **જન્મ, ઐશ્વર્ય, જ્ઞાન, સંપત્તિ** એ ચારનો ગર્વ હોય તે દુષ્ટ ગણાય. તેને કોઇ પણ મહત્પુરુષ કે પૂર્ણ પુરુષના સ્વરૂપમાં આદર ન થાય. સ્વરૂપમાં આદર ન થાય તો સમીપમાં ન જાય; અને સમીપમાં ગયા વિના સખ્ય-આત્મ નિવેદન કેમ સિદ્ધ થાય? મદોન્મત કે વિષયાસકત ત્યાગ, સેવા, દાન, ભજન તરફ ન જઈ શકે. **જન્મ**-કુલાભિમાન-મદિરા સમાન છે. એક ચોખામાંથી હુતદ્રવ્ય બને, તેનોજ દુરૂપયોગ કરતાં માદક પીણું બને. **ઐશ્વર્ય** રાજ્ય-કુલનો મદ છે. **શાસ્ત્રજ્ઞાન મદ** બુદ્ધિનો વિકાર છે. **શ્રી** વ્યાપાર-ઉદ્યોગનો મદ છે. આ ચાર દુષ્ટ પુરુષના મદ છે, તેથીજ તેમને ઇશ્વર ન ઓળખાય. શિષ્ટોથી પણ ભગવાન ઓળખાતા નથી. પરંતુ નથી ઓળખાતા એટલું એમને જ્ઞાન છે. તેટલું પૂર્ણ છે.

સમાજ સમજને ન સ્વીકારે ત્યારે બલાત્કારે શાસન શિરે આવે. સમાજ શાસનને પણ તિરસ્કારે છે, તોડે છે ત્યારે સમય સર્વ શાસન હાથમાં લે છે, ને શીસ્ત-શીલ શીખવે છે, કલહ-આન્તર કલહના એક શસ્ત્રને હાથમાં લઇ ભાન આપે છે. **भूतानां यन्मिथः कलिः** પ્રાણીઓમાં, કુટુંબમાં, રાષ્ટ્રમાં આન્તર કલહ એ આખરી ઇશ્વરી નિયમન છે. કુન્તીજી જગતની મર્યાદાને રક્ષવા ઇચ્છતી ભકિતએ **मन्ये त्वां कालमीशानम्** એ શ્લોકમાં કાલને પ્રભુના સ્વરૂપે બતાવ્યો.

૩૦, ૩૧ આ બે શ્લોકોમાં ભગવાનનું લક્ષણ વર્ણવે છે.

जन्म कर्म च विश्वात्मन्नजस्य—આપ અજન્મા છો, વ્યાપક છો; પછી "એક અલ્પ આકારે આપનો પ્રાદુર્ભાવ શી રીતે?"

જ્યારે બીજી શંકા થાય કે પશુ પક્ષી સામાન્ય યોનિમાં જન્મ કેમ સંભવે? આ બન્ને પ્રશ્નોનો પ્રત્યુત્તર **तदत्यन्तविडम्बनम** એ તો કેવલ એક નટની માફક વેષગ્રહણ છે, આસકિતથી નથી. તે રૂપે પણ નથી. સામાન્ય બુધ્ધિથી ન સમજાય.

વાસ્તવિક રીતે તો પક્ષી યોનિમાં-હંસમાં રહેલો વિવેક, શુકમાં ભાસતું માધુર્ય, પશુઓમાં-વરાહમાંનું ગન્ધ દ્વારા પૃથ્વીનું સંશોધન, સિંહ-નૃસિંહમાં સંયમ અને એજ સંયમથી ગજેન્દ્ર એટલે કામ મદનો વિજય-એ ઇશ્વર ધર્મોનું અવતરણ છે. તે અવલોકને ઇશ્વરની વ્યાપકતા અને અદોષતાનું પ્રતિપાદન છે.

શ્રી કુન્તીજીની આર્દ્રતા અને એકરાર

गोप्याददे त्वयि कृतागसि दाम तावद्
या ते दशाश्रुकलिलांजन संभ्रमाक्षम्
वक्त्रं निनीय भयभावनया स्थितस्य
सा मां विमोहयति भीरपि यद्बिभेति ॥३१॥

त्वयि આપે અપરાધ કર્યો. આપ એટલે વેદથી વેદ્ય નથી. પરંતુ કેવલ કૃપાવેદ્ય છો. **त्वयि वेददुर्लभे**, વેદ દુર્લભ, યોગ અગમ્ય યાગ અપ્રાપ્ય, કર્મ અગમ્ય, સાધનથી અપ્રાપ્ય, બાર હજાર વર્ષના તપ પછીથી પણ કેવલ અનુકંપાથીજ મળેલ, રસાત્મક શ્રી કૃષ્ણ, આપે એક ગોરસ ભાગી. એ નાના અપરાધ માટે બંધન પામે, ને નિરંજન બ્રહ્મ અંજનભરી આંખમાં અશ્રુમૌકિતક ભરી, વેદાન્ત વેદ્ય મુકિતથી પણ પર સુખ-ભકિત માતાને આપી, મુકિતને હસે, અને વદે કે મારી અક્ષિના એક બિંદુમાં મુકિતઓની શ્રેણી છે. અને મુકિત દેવીને, પરાભકિત-સેવા પ્રતિમા માતા યશોદાના ચરણ આચરણ રજ તરફ દોરે છે. તેવું આપનું ભકત

વશ-ભકત વત્સલ, સજલ નયન મુખારવિંદ મને મોહ પમાડે છે, આકર્ષે છે. આલ્હાદે છે, વ્યથા દે છે, આદેશ દે છે, ઉપાલંભ દે છે, ને મર્યાદામાંથી પ્રીતિ પુષ્ટિમાં દોરે છે.

કુન્તી માતા વિનવે છે કે આપની આંસુ ભરી આંખ અનેક ભાવ બતાવી ભવબંધન છોડવે છે, પ્રભુ આકર્ષે છે, પ્રીતિવશ્યતા દર્શાવી આલ્હાદે છે; સૌન્દર્ય-માધુર્યપૂર્ણ મુખાકૃતિથી વ્યથા કરે છે; પરાધીનતા બતલાવી કે મારાં માતા પિતા કારાગૃહમાં છે, ત્યારે મ્હારે પરગેહવાસ કરવો પડયો, ને એક નાની નુકસાની માટે આવડી કડક શિક્ષા! એ અવલોકતાં વ્યથા કરે છે.

ઉપાલંભ આપે છે કે "કુન્તી! ફોઈબા! બાપની પીરમાં ભાગ લે તે ભગિની; જ્યારે મારાં માતા પિતા કારાગૃહમાં છે, ત્યારે તમે મને આશ્રય પણ ન આપ્યો. કંસનો ડર લાગ્યો? પરંતુ પિતાના મિત્રને ધન્યવાદ છેકે મિત્ર પુત્રને આશ્રય આપ્યો. કંસ જેવા સમર્થ સામે અરે! કહો મૃત્યુ સામે--માથું ઉંચકયું. ફોઈ! એ નંદ યશોદાનો રૂણી છું. બાંધે તો બંધાઉં; જે કરે તે સર્વ સહુ." પ્રભુ! એ નજર મને મોહ પમાડે છે.

૩૨, ૩૩, ૩૪, ૩૫ એ ચાર શ્લોકોમાં પ્રભુ પ્રાકટ્યના હેતુ અને નિર્ણય.

યદુવંશની કીર્તિ માટે, માતા પિતાના ક્ષેમ માટે, પૃથ્વીનો ભાર દૂર કરવા, સર્વ પ્રાણીના કલ્યાણ માટે--એ ચાર પ્રકારમાંથી અંતિમ હેતુ શ્રેષ્ઠ છે.

(૧) વંશમાં, '**स जातो येन जातेन**' તે જન્મ્યો મનાય, જેનાથી વંશની કીર્તિ વધી. યદુકુલની કીર્તિ ભગવત્પ્રાદુર્ભાવે વધી. મલયમાં સર્પો રહેતા, પરંતુ સર્વ વૃક્ષોને એક સરખાં સુખડનાં બનાવ્યાં ને મલયાચલનો મહિમા વધ્યો. ભકતોનો ત્યાં જન્મ થયો. દક્ષિણમાં ભકિત, ભકતો ને પુષ્ટિ ભકિત પ્રકટી.

किं तेन हेमगिरिणा रजताद्रिणा वा
यत्र स्थिताश्च तरवस्तरवस्त एव ।
वन्दामहे मलयमेव हि पर्वतानां
यत्रोद्भवाश्च कुटजा अपि चन्दनाः स्युः ॥

"ત્યારે તું વૈષ્ણવ સાચો, જ્યારે તારો રંગ બીજાને લાગ્યો." તે ન્યાય સાચો કર્યો. તે દર્શાવતો શ્લોક —

केचिदाहुरजं जातं पुण्यश्लोकस्य कीर्तये
यदोः प्रियस्यान्ववाये मलयस्येव चन्दनम् ॥३२॥

યદુરાજાના વંશની કીર્તિ વૃધ્ધિ કાજે પ્રકટયા.

(૨) બીજા મતમાં વસુદેવ દેવકીનું ક્ષેમ અને અસુર વધ માટે પ્રાદુર્ભાવ છે એમ માન્યું (શ્લોક ૩૩). યદુરાજની વાત તો દૂર ગઈ, નિકટની વાત કરો તો પિતામાતાના હિત માટે પ્રાદુર્ભાવ.

(૩) ત્રીજા મતના રૂષિનું મન્તવ્ય શ્લોક ૩૪. પૃથિવીના હિતમાં પ્રત્યેકનું હિત આવી જશે, માટે અનેક રાજાઓથી પીડાતી પૃથિવીને ભાર મુકત કરવા જન્મ્યા.

(૪) જ્યારે એ ત્રણે પૂર્વ પક્ષ માની સિદ્ધાન્ત કુન્તી માતાએ વર્ણવ્યો કે–દુ:ખનું મૂલજ અવિદ્યા છે. તેનું નિવારણ સર્વત્ર શ્રેયસ શાંતિ, સુખ થઈ શકે તે માટે આપે લીલા ચરિતોના વિસ્તાર માટેજ અવતાર લીધો (શ્લોક ૩૫).

તાત્પર્ય:—પૂજ્યત્વ શાથી–શરીરથી કે ક્રિયાથી? જો શરીરથી પૂજ્યત્વ છે તો તેનાં બે કારણ-વંશ યોગ્યતાથી અથવા પિતૃગૌરવથી. જો કર્મથી પૂજ્ય ગણાય તો જેનાં કર્મ દુઃખોને દૂર કરે અગર મોક્ષ આપે. આ ચાર મતોના પૃથક વિચારક ચાર રૂષિઓના ચાર મતો ઉપરના ચાર શ્લોકોમાં વર્ણવ્યા.

૩૬મા શ્લોકે ફલ નિર્ણય કરી દીધો. ૩૭, ૩૮, ૩૯, ૪૦ એ ચાર શ્લોકોમાં દૈન્ય નિરૂપણ છે. નવ પ્રકારની ભકિતમાં સખ્ય ભકિત જ્યારે ભકતમાં આવે, ત્યારે સમભાવ આવે અને સમભાવથી દૈન્યનું નિવારણ થાયછે. શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં વસ્યા, અર્જુનનીસાથે સખાના વ્યવહારમાં. આજે ભગવાન દ્વારકા તરફ પ્રયાણાભિમુખ છે. તે વિયોગનો ખ્યાલ આવતાં જ દૈન્ય આવ્યું અને પ્રભુને કહ્યું કે હમને ન છોડી દેશો.

૪૧, ૪૨મા શ્લોકોમાં પ્રભુનેઅન્તર્મુખ થઈ પ્રાર્થના કરી.

अथ विश्वेश विश्वात्मन् विश्वमूर्ते स्वकेषु मे
स्नेहपाशमिमं छिन्धि दृढं पाण्डुषु वृष्णिषु ॥૪૧॥

त्वयि मेऽनन्यविषया मतिर्मधुपतेऽसकृत्
रतिमुद्वहतादद्धा गंगेवौघमुदन्वति ॥૪૨॥

अथ શબ્દથી પૂર્વ પ્રકરણથી અલગ બીજું પ્રકરણ બતાવી પ્રભુને કહ્યું કે **विश्वेश**, આપ વિશ્વના સ્વામી છો, તો આપને તો સર્વની રક્ષાકરવીજ રહી. જો આપ પધારશો તો પાંડવોનું અકુશળછે અને આપ નહિ પધારો તો યાદવોનું અહિત થશે. મારે તો બે સરખા. કોનું હિત સાધવું ? અથવા તેમને માટે હિતની પણ શી ચર્ચા? માત્ર આપ એ બન્નેમાંથી મારાજ સ્નેહપાશનો ઉચ્છેદ કરો. ચિત્ત વ્યાકુલતામાં યાદવોમાંથી પણ સ્નેહ વિચ્છેદ માગતાં પ્રભુમાંથી પણ સ્નેહ વિચ્છેદ ન થાય માટે કહ્યું કે **त्वयि मे** આપનામાં તો મારો સ્નેહ અનન્ય રહો.

૪૩મા શ્લોકમાં સ્તુતિનો ઉપસંહાર

श्रीकृष्ण कृष्ण सख वृष्ण्यृषभावनिध्रुग्
राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोद्विज सुरार्तिहरावतार
योगेश्वराखिळगुरो भगवन्नमस्ते ॥૪૩॥

નવધા ભકિતના સ્મરણ ભૂત નવ વિશેષણો **ભગવન્** વિશેષ્યને આપ્યાં. ભગવન્ સંબોધન ગુણવાચક છે, ભગવાનને દર્શાવવા માટે. **श्रीकृष्ण** વગેરે નવ વિશેષણો છે. ભગવાન્ એટલે ષડ્ગુણ સમ્પન્ન ગુણ વિગ્રહ થયા. એ ગુણ વિગ્રહે ભકતો માટે આકાર સ્વીકાર્યો.

૧. પ્રથમ વિશેષણ **श्रीकृष्ण** જેમાં **સ્વરૂપ** દર્શાવ્યું. **श्रीकृष्ण-श्रिया सहितः कृष्णः इति** સૌન્દર્ય પરિપૂર્ણ હે કૃષ્ણ! દર્શન સુખ આપી પોતાના સ્વરૂપમાં અભિમુખ કરનાર, ચપલા દૃષ્ટિને અચલ રૂપમાં અચલ અમલ કરનાર.

૨. **कृष्णसख** દ્વિતીય વિશેષણમાં ગુણો દર્શાવ્યા. **कृष्णः अर्जुनः तस्य सखा इति कृष्णसख** અર્જુનના સખા. અર્જુનના-પાંડવોના-સુખ દુઃખ વ્યસનમાં સમભાગી થઇ સખ્ય સુખ આપનાર. સખ્ય ભકિત પ્રભુ ઇચ્છાથી મળે. **समानि खानि यस्य** ભકતને પોતાની સમાન નિર્વિકાર ઇન્દ્રિયોનું પ્રદાન કરનાર.

૩. **वृष्णिऋषभ** ત્રીજા વિશેષણમાં **લીલા** દર્શાવી.

वृष्णिवत् मेघवत् भक्ताभिमतवर्षण મેઘની માફક ભકતોનાં અભિષ્ટોને પૂર્ણ કરનાર. મનુષ્ય વિગ્રહ વિના ભકતોને સાક્ષાત્ સુખ શી રીતે મળે? માટે વૃષ્ણિ કુલમાં જન્મી માનવદેહે લોકોત્તર લીલા કરી. વૃષ્ણિ મેઘ વિશ્વ માટે વર્ષે, તેમ આપ અમાપ લીલાઓથી વિષય તાપ હરવા વરસ્યા.

अवनिध्रुग् राजन्यवंशदहन — ચતુર્થ વિશેષણમાં **દુષ્ટથી અજ્ઞેયત્વ સ્વરૂપ** બતાવ્યું. **अवनिं द्रुहन्ति ये राजन्यास्तेषां वंशमन्वयं दहति इति** - પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાઓના વંશના દાહક અગ્નિ. રાજાઓમાં પરસ્પર કલહ જાગ્રત કરી વાંસડાના વનની માફક બાળનાર. - જો પ્રભુના સ્વરૂપને જાણે તો રાજાઓની આ સ્થિતિ કેમ બને? ઉલટા રાજાઓ પ્રભુને સેવે.

૫ अनपवर्गवीर्य, પાંચમા વિશેષણમાં **ધર્મ** દર્શાવ્યો.

न विद्यते अपवर्ग: क्षयः यस्य तादृशं वीर्यं यस्य इति, અવિનાશી વીર્ય વાળા: જેના પરાક્રમનો અવધિ નથી, એવા અમિત પરાક્રમી.

૬. गोविन्द, છઠ્ઠા વિશેષણમાં જન્મનું પ્રયોજન.

गोविन्द वेदवाणी लब्ध विभव: વેદોની વાણીથી જેનો વૈભવ ગવાય છે તેવા. ગાય, શ્રુતિ, પૃથ્વી, ઇન્દ્રિયોનું રક્ષણ એ એકજ પ્રયોજન માટે પ્રકટેલા.

૭. गोद्विजसुरार्तिहरावतार – સાતમા વિશેષણમાં **ફલ** બતાવ્યું. ત્રણ લીધાં. ગાયો, બ્રાહ્મણો, દેવો. એ ત્રણે યજ્ઞનાં અંગો હોવાથી ત્રણનું ગ્રહણ કર્યું છે.

૮. योगेश्वर, આઠમા વિશેષણમાં **દૈન્ય નિવૃત્તિ** બતાવી.

योगेश्वर, सूक्ष्मदर्शिन् ભૂતકાળના તો દ્રષ્ટા થઇ શકાય છે. પરંતુ ભવિષ્યના નથી થવાતું. એટલે આપ તો ભૂત, વર્તમાન, ભવિષ્યનું પણ યોગદૃષ્ટિથી દર્શન કરી શકો છો.

૯. अखिल गुरो નવમા વિશેષણમાં **પ્રાર્થના** કરી.

अखिलगुरो हितोपदेष्ट, હે હિતોપદેશક, મારી સ્તુતિ-પ્રાર્થનાને અનુરૂપ ન વર્તતાં આપ જ મને મારૂં જે હિત હોય, તેજ કૃપા કરીને દર્શાવો.

મારી ભેટમાં તો હે **भगवन् नमस्ते** હે નાથ, કેવલ આપને નમ:સ્કારજ સમર્પું છું.

કુન્તી માતાજીએ **कलपदैः** અન્તર્ગર્ભિત ક્લીં બીજ વાળી વાણીથી પ્રભુની સ્તુતિ કરી; અને પ્રભુ રોકાયા.

શ્રી કુન્તીજીને લાગ્યું મારી સ્તુતિથી પ્રભુ રોકાયા. યુધિષ્ઠિરજીએ માન્યું મારી આમન્યાએ રોકાયા; અર્જુનજીને ભાસ્યું મારી મૈત્રીને દાવે રોકાયા; ભીમસેને કહ્યું મારા ભાવે પ્રભુ રોકાયા; જ્યારે નકુલ સહદેવે માન્યું અમારી લાગણીએ પ્રભુને અનુકંપા-વશ બનાવ્યા ને રોકાયા. સુભદ્રાજી સમજ્યાં, મારો માડીજાયો મારી બે દુ:ખસુખની વાત સાંભળવા રોકાયો; અને દેવી દ્રૌપદીને લાગ્યું મારી આંખલડીના આંસુડાંની 'આણે' હરિ રોકાયા. હસ્તિનાપુર પ્રજાજનના મનને થયું, "કેવલ અશરણ શરણ હમને દર્શન-સુખ દેવા બિરાજ્યા." મહાભાગ દેવવ્રત ભીષ્મે માન્યું, "મારી સદ્‌ગતિ સાધવા **સંતોના સ્વામી શ્રી કૃષ્ણ** રોકાયા. શ્રી આચાર્ય ચરણનું મન્તવ્ય છે કે **एकं भगवतः कार्यं बहवार्थानां च साधकम्** "પ્રભુના એક કાર્યમાં અનેકનું હિત સાધવાનું હોય છે."

પ્રભુ એટલે-સૌને લાગે મારો, સર્વને લાગે પ્યારો, સર્વથી રહે ન્યારો. એક વ્યકિતનો ન થનારો, સર્વનો સહિયારો, સ્નેહનો કિનારો, સિધ્ધાન્તનો મિનારો, કૃપાનો ક્યારો, એ છે જીવનનો ધારો, તે છે પ્રભુ-એ વિચારો.

"એનામાં વિશ્વનું મમત્વ વસે, પરંતુ વિશ્વમાં સમત્વ સાથે મમત્વે વર્તે"

યુધિષ્ઠિર રાજાનો મોહ સાત શ્લોકમાં. (૪૬થી પર):—

યુદ્ધ પછીથી યુધિષ્ઠિરને વિષાદ થયો. યુદ્ધ પૂર્વમાં અર્જુનજીને થયો. યુધિષ્ઠિરનો વિષાદ પ્રભુ પ્રેરિત હતો. સૂર્યની હાજરીમાં અંધકાર ન સંભવે, તેમ શ્રી કૃષ્ણના સાન્નિધ્યમાં શોક ન ઘટે; તો પણ પ્રભુ સંકેત હતો; અને ધર્મરાજાના ચિત્તને વિષાદે ઘેર્યું **ભીષ્મ દર્શન, ભીષ્મ** સ્તવન અને ભીષ્મ નિર્વાણ એ ત્રણ તેમાંથી જન્મ્યાં. ૪૬ થી પર શ્લોકો યુધિષ્ઠિર પરિતાપના.

स्वस्मिन् यदैव करणमुत्तमस्याऽधमस्य वा ।
तदैव मोहः कृष्णे तु ज्ञानमित्येव निश्चयः ॥

ઉત્તમ કક્ષાના કે સાધારણ ભૂમિના પણ માનવના મનમાં "હું કર્તા છું," એવી સમજ તેજ મોહ; પરંતુ **कृष्णे तु** શ્રી કૃષ્ણજ કર્તા છે, એ સમજનું નામ જ્ઞાન. **ज्ञानमित्येव निश्चयः**

અધ્યાય ૯

ભીષ્મ સ્તુતિ અને ભીષ્મ મુક્તિ

इति भीतः प्रजाद्रोहात् सर्वधर्मविवित्सया
ततो विनशनं प्रागाद् यत्र देवव्रतोऽपतत् ॥१॥

વિનશન ક્ષેત્ર — સરસ્વતીની પાસે કુરૂક્ષેત્રમાં આવેલ સ્થાન છે. અનુગ્રહ ભગવત્સ્વભાવ છે. ભીષ્મ પિતામહની મુકિત સાધવાનો ભગવત્સંકલ્પ હતો. જો ભગવાનની સ્તુતિ દ્વારા ભગવાન હૃદયમાં પ્રવેશ પામે તોજ મુકિત સંભવે. માટે સ્તુતિના પૂર્વમાં કેવલ સ્વેચ્છાથી જ ભગવાનનાં દર્શન થાય, એટલે હૃદય આર્દ્ર બને, સ્તુતિ કરવાની વૃત્તિ થાય. માટે ભગવાન બાણશય્યા ઉપર સુતેલ ભીષ્મપિતામહની પાસે આવ્યા. પરંતુ યુધિષ્ઠિરને નિમિત્ત બનાવીને આવ્યા. જે ભગવાન અર્જુનનું સમાધાન કરી શકે તે સરલ યુધિષ્ઠિરજીને ન સમજાવી શકે? તે ન બને. પરંતુ યુધિષ્ઠિરના મનમાં પોતેજ શંકા સ્વરૂપે પ્રવેશ કર્યો. અને તે શંકાના સંશોધન માટે સર્વ ધર્મની જિજ્ઞાસા આવશ્યક હતી. ભીષ્મ દ્વારા તે જિજ્ઞાસા પૂર્ણ કરાવી.

યુધિષ્ઠિર-ભીષ્મ મિલન કરાવવામાં ભગવાનનો સંકલ્પ પરસ્પરમાં નિર્વૈરભાવ, પોતાના દોષોનો એકરાર, અને ઉભય ઉપર પ્રેમભાવ પ્રકટાવવાનો હતો. બ્રહ્મચર્યના અમોઘ તેજે દિવ્ય યાદ શકિત અને દેહની સહન શકિત યુધિષ્ઠિરજીને જોવા મળ્યાં. જે સ્થળમાં મળ્યા, તેનું નામ વિનશન ક્ષેત્ર છે.

સરસ્વતી એ આત્મવિદ્યા છે. આત્મજ્ઞાન, સર્વાત્મભાવનો પ્રવાહ સરસ્વતી છે. તે સરસ્વતીના અવલંબને જે કુરૂક્ષેત્રમાં-કર્તવ્યક્ષેત્રમાં-કર્મ કરે, તે કર્મના ફલમાંથી મુકત બનેછે. કારણ ત્યાં સર્વકર્મનું ફલ બ્રહ્મને સમર્પણ છે. બ્રહ્મ શ્રી કૃષ્ણ છે.

ભીષ્મ અને બાણશય્યા-બાણશય્યા એ યોગાગ્નિ દ્વારા દેહ અને કારણ દેહનું દહન છે, અને આત્મ સંશોધન છે. બીજી રીતે સમર્થ મનુષ્ય પણ ભગવાનનો કે ભગવજ્જનનો દ્રોહ કરે તો તેને તેનું પરિણામ અવશ્ય ભોગવવું પડે છે, તે બાણશય્યા ઉપર સુવાથી બતાવ્યું.

ભીષ્મ પિતામહ અને પાંડવ મિલન :—

प्रणेमुः पाण्डवा भीष्मं सानुगाः सह चक्रिणा — પાંડવોએ અને ભગવાને ભીષ્મને નમઃસ્કાર કર્યા. પિતામહ તરીકે પાંડવોએ પ્રણામ કર્યો. જ્યારે ભગવાને ભગવદ્ ભકત તરીકે ગૌરવ રક્ષવા નમઃસ્કાર કર્યો. **सह चक्रिणा** એવું પદ વાપરવામાં સુદર્શન જ્ઞાન તત્ત્વથી ભીષ્મને કાલ ભયમાંથી મુકત કર્યા, અને વિરૂધ્ધ ધર્માશ્રયી તરીકે ભકતવત્સલપણું બતાવ્યું કારણકે યુદ્ધમાં ભીષ્મે પ્રતિજ્ઞા કરી કે "કૃષ્ણની પ્રતિજ્ઞા તોડાવું, શસ્ત્ર પકડાવું, ત્યારેજ ખરો"; અને ભગવાને અર્જુન-રક્ષા માટે ચક્ર (રથચક્ર) હાથમાં લીધું હતું. તેજ ભગવાન આજે ચક્ર લઇને આવ્યા. ભીષ્મે જોયા અને પોતાના જેવા અપરાધીને પણ મુક્તિ આપવા દયાલુતા દર્શાવી પધાર્યા છે. એ અનુસંધાનેજ તેમના હૃદયમાં ભકિત ભર્યું સ્તોત્ર પ્રકટયું.

શ્લોક ૫ થી ૮ માં પુણ્ય મંડલ મિલન વર્ણવ્યું. પુણ્યશીલનો દેહ છૂટે, ત્યારનું વાતાવરણ નિતાંત શાન્ત, પ્રેરક અને ભાવ વર્ધક હોય છે. ભીષ્મ પિતામહની મહત્તા સર્વ ઋષિઓના પધારવાથી પૂરવાર થઇ. ભૃગુ વિગેરે બ્રહ્મર્ષિઓ હતા. નારદ વિગેરે દેવર્ષિ હતા. મનુ વિગેરે રાજર્ષિ હતા. પર્વત, નારદ, ધૌમ્ય,

વ્યાસ, બૃહદશ્વ, ભરદ્વાજ, પરશુરામ આ સાત સાત્વિક દેવર્ષિઓ હતા. વશિષ્ઠ, ઇન્દ્રપ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન્ ગૌતમ, અત્રિ, કૌશિક, સુદર્શન, એ દશ રાજસ બ્રહ્મર્ષિ હતા. પરંતુ **कौशिकोऽथ सुदर्शनः** એ શ્લોકમાં એક સાથે નવ ઋષિને વર્ણવી **अथ** અવ્યયથી સુદર્શન ઋષિને અલગ દર્શાવ્યા એટલે નવ બ્રહ્મર્ષિઓ હતા. શુકદેવ આદિ **मुनयः** શબ્દથી બતાવ્યા.

ભીષ્મે કરેલો સત્કાર– **देशकालविभागवित्** – મુનિઓ, ઋષિઓ, ભગવાન આવ્યા છે, અને પોતે બાણશય્યા પરવશ છે; એટલે દેશ, કાલને અનુસરીને પૂજ્યા. **માનસી, વાચિકી અને આંજલિકી** એવી પૂજા કરી.

ઉપદેશના અધિકારીઓ :— **पांडुपुत्रानुपासीनान् प्रश्रयप्रेमसंगतान्**, સ્નેહ, શિક્ષા, જ્ઞાન એ ત્રણ વસ્તુઓ અધિકારીને અપાય. પાંડુપુત્રો તરીકે પોતાના ભાઇના પુત્રો હોવાથી સ્નેહને પાત્ર છે; પરંતુ **उपासीन्** એટલે ધાર્મિક હોવાથી શિક્ષણના અધિકારી છે. **प्रश्रयप्रेमसंगत** એટલે વિનયી અને સ્નેહાળ હોઈ જ્ઞાન આપવા માટે પણ યોગ્ય છે.

ચૌદ શ્લોકથી ભીષ્મનું નિવેદન.

બીજ, ક્ષેત્ર, સ્વભાવ, કાલ, ભગવદ્ ઇચ્છા, એ પાંચમાંથી પાંડવોનું દુઃખ કેવલ કાલને લીધે છે. બીજનો દોષ એટલે પિતૃદોષ, ક્ષેત્રદોષ એટલે માતૃદોષ. સ્વભાવ એટલે જીવનો સ્વગત દોષ, કાલ એટલે સર્વના નિયામક કાલનો દોષ. એ ચાર કારણોમાંથી પ્રથમ ત્રણ તો પાંડવોમાં નથી. ધર્મ, વિપ્ર અને ભગવાનનો આશ્રય લે, તેનામાં બીજ, ક્ષેત્ર, અને સ્વભાવનો દોષ ન હોઈ શકે. ધર્મથી ક્ષેત્ર શુદ્ધિ અને બીજ શુદ્ધ બને છે.

पिता यस्य शुचिर्भूतो माता यस्य पतिव्रता, એ વાક્યાનુસાર ધર્માચરણથી ક્ષેત્રગત અને બીજગત દોષો નથી થતા. વિપ્ર અને ભગવાનનો આશ્રય લેતાં સંગ પ્રભાવથી સ્વભાવ દોષ નાશ પામે છે. માત્ર કાલને લીધે દુઃખ પડ્યું. કાલ પણ સ્વતંત્ર નથી, ભગવાનને આધીન છે. પરિણામે તમારા દુઃખમાં કોઈ હિતકર પણ અગમ્ય ભગવત્સંકેત છે.

પુષ્પને પીસતાં સુગંધ મળે, તેમ પુણ્ય શીલને પીડાની પીસણીમાં પીસવાથી ભક્તિ રસ પીયૂષ-શીલ સુગંધ મળે, ને જગતના જીવોને તેની પ્રાપ્તિથી માર્ગદર્શન, આશ્વાસન, સન્માર્ગ પ્રીતિ મળે.

૨૪ મા શ્લોકમાં ભગવાનને વિનંતિ.

स देवदेवो भगवान् प्रतीक्षतां कलेवरं यावदिदं हिनोम्यहम्।
प्रसन्नहासारुणलोचनोल्लसन् मुखाम्बुजो ध्यानपथश्चतुर्भुजः ॥२४॥

ભીષ્મ મન છે. **भीष्मो हि देवः सहसः सहीयान् युंज्याद् वशे तं स हि देवदेवः** મન મોટો દેવ છે, અન્ય દેવો મનને તાબે છે; પરંતુ મનને વશ કરે તે દેવદેવ. માટે મનને વશ કરનાર શ્રી કૃષ્ણ દેવદેવ છે. તેમને ભીષ્મ એટલે અજેય મનરૂપી દેવ પ્રભુને વિનવે છે.

કૌરવો ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના દેવો છે. તે સર્વ ભીષ્મને તાબે છે. અને ભીષ્મ પણ અન્નદોષને લીધે તેમના પક્ષકાર છે. પરંતુ શુદ્ધ થતાં તેઓનો સંગ છૂટયો. પાંડવો પ્રાણ છે, શ્રીકૃષ્ણને-આત્માને અનુસરે છે; તેથીજ કૌરવોને–ઇન્દ્રિયોને, ભીષ્મ–મનને જીતી શકે છે; પરંતુ શ્રમ તો પડેછે. પણ પ્રભુકૃપાએ સુલભ પડે છે. સ્તુતિથી મનોનિગ્રહ થઇ શકે, તેથીજ ભીષ્મ સ્તુતિ કરે છે. પરંતુ સ્તુતિના પૂર્વમાં કોઇ સ્વરૂપ જોઇએ. તેનું ધ્યાન થાય. સ્તુતિ કરતાં આરંભમાં તે સ્વરૂપ સાધન બને, અને પરિણામે તેજ સ્વરૂપ સાધ્ય બને, એ હેતુ છે. એટલે પ્રભુને વિનવ્યા કે **स देवदेवो भगवान्**........

सः દયાલુ, અથવા, સર્વ સમર્થ, અથવા સર્વ સુંદર અથવા વેદ વેદ્ય પરબ્રહ્મ–સ્વરૂપ **अयमात्मा ब्रह्म** સ્વરૂપ. **देवदेव** અષ્ટ વસુઓના આપ દેવ છો. **भगवान्** મંગલાકૃતિ અને પૂર્ણાનંદ સ્વરૂપ.

प्रतीक्षताम् શરીર ન છૂટે ત્યાં સુધી આપ રાહ જુઓ; અથવા **मां प्रति ईक्षताम्** હું તો વિમુખ છું, કૌરવાભિમુખ છું, અથવા ચંચલ મન છું; પરંતુ તમારી વિભૂતિ છું, **इन्द्रियाणां मनः** આપે કહ્યું છે, તે રીતે; અથવા હું વસુ છું, આપ વાસુદેવ છો; હું બ્રહ્મચારી છું, આપ બ્રહ્મ છો, હું જીવ છું આપ અંશી છો, તે રૂપે હું યોગરત છું, આપ યોગેશ્વર છો; હું પ્રપન્ન છું, આપ પ્રપન્ન વત્સલ છો; હું ભક્ત છું, તો આપ ભગવાન છો. એ સર્વ છતાં આપ તરફ આર્ત છું, આપ આર્દ્રદયાર્દ્ર છો, તો મારી તરફ જુઓ તો કાલ બાધ ન કરે. અથવા **कलेवरं** જીર્ણ શરીર તરફ જુઓ અને તેમાંથી મને છોડાવો.

कलेवरं यावदिदं हिनोम्यहम् – अहम् હું જ્યાં સુધી આ કલેવરને ન છોડું ત્યાં સુધી આપ કૃપાલુ અહીંયાં રોકાઈ જાવ. **कले** ગળી જવામાં **वरम्** પાવરધુ એવું શરીર. જીવનના સુવર્ણ સમા આયુષ્ય ક્ષણોને ગળી જનાર એટલે કલેવર. **न हिनोमि** હું ન છોડુ એમ કહીને શરીરમાં અનાસક્તિ અને સ્વેચ્છા મૃત્યુ તેમજ કાલ–વિજય બતાવ્યો. દક્ષિણાયન કાલ જાય ને ઉત્તરાયણ થાય ત્યાં સુધી બિરાજો.

प्रसन्नहासारुण लोचनोल्लसन् मुखाम्बुजः–પ્રસન્નતા, હાસ્ય અને રક્ત વર્ણયુક્ત નેત્ર, એ ત્રણ વસ્તુથી સુશોભિત મુખારવિંદવાળા. વધુ સમય અતિથિને રોકતાં મુખ ઉદાસીન કરી ન દે, તે માટે વિનવ્યા કે પ્રસન્ન થઈ બિરાજો. પ્રસન્નતા હૃદય ધર્મ છે. હાસ્ય યુક્ત મુખની માગણી એટલા માટે કરી કે મારો શોક મોહ

દૂર કરે. પરંતુ હાસ્યથી માયા આવી જાય અને પજવે, તો માયાને શિક્ષિત રાખવા 'અરૂણ લોચન' વર્ણવ્યાં; અથવા રાગભરી આંખથી બિરાજો. કવિ કહે છે કે શ્વેત નેત્રમાં અમી, શ્યામમાં હલાહલ અને લાલમાં મદ પ્રેમ ભર્યાં છે.

અમી હલાહલ મદ ભરે શ્વેત, શ્યામ રતનાર,
જીઅત મરત ઝૂકી ઝૂકી પરત યહિ ચિતવત એકવાર.

ध्यानपथः મારા ધ્યાન પથમાં બિરાજો. **चतुर्भुजः** ધર્મ, અર્થ, કામ, મોક્ષ ધર્મો સહિત આપ સ્વતંત્ર ધર્મી સ્વરૂપે બિરાજો, જેથી ધર્મથી પર આપના ધર્મી સ્વરૂપમાંજ મારો લય થાય.

ભીષ્મ સ્તુતિ

ત્રીશમા શ્લોકમાં શરીર ક્રિયા, વાણી વ્યવહાર અને મનોવ્યાપાર રોકી દઈ, પ્રાકૃત સ્વરૂપથી પર અપ્રાકૃત સ્વરૂપમાં જરા પણ કલેશ ન પડે તેવા નજર સન્મુખ સ્વયં ઉપસ્થિત થયેલા ચતુર્ભુજ સ્વરૂપમાં ચિત્ત જોડી, સ્પષ્ટ ખુલ્લી નજરે જોઈ સ્તુતિ કરવા લાગ્યા. ભીષ્મ સ્તુતિ અગિયાર શ્લોકોમાં (૩૨ થી ૪૨). પ્રથમ એક શ્લોકથીનિવેદન સર્વસમર્પણ, અંતિમ એક શ્લોકથી આત્મ સમર્પણ, અને મધ્યમાંના નવ શ્લોકથી નવ પ્રકારની ભકિત દર્શાવ્યાં.

इतिमतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वतपुंगवे विभूम्नि।
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्भवप्रवाहः ॥३२॥

सात्वतपुंगवे યાદવ શ્રેષ્ઠ, **विभूम्नि** પૂર્ણ પુરુષોત્તમ, **भगवति** ભગવાન શ્રીકૃષ્ણમાં, **इति** અંતકાલ પર્યન્તની, **वितृष्णा** કામના વિનાની, **मतिः** બુધ્ધિ, **उपकल्पिता** (સમીપમાં આવેલાને) સમર્પિત કરી છે. જે ભગવાન **स्वसुखम् उपगते** પોતાના પરમાનંદ સ્વરૂપમાંજ રહીને, **क्वचिद्** કોઈક વાર **विहर्तुम्** વિહાર કરવાને, **प्रकृतिम्** સ્વકીય સ્વભાવરૂપ પ્રકૃતિ, **उपेयुषि** પ્રાપ્ત થતાં, **यद्** જેનાથી **भवप्रवाहः** વિશ્વનો પ્રવાહ ચાલે છે તે પ્રભુને મારી મતિ સમર્પિત કરી છે.

ભીષ્મ બ્રહ્મચારી છે. બ્રહ્મચિંતક છે. આજીવન પર્યન્ત જગતમાં અને જગતના સંબંધમાં રહેવા છતાં નિષ્કામ ભાવથી પોતાની બુદ્ધિની રક્ષા કરી સાચવી છે. તેને અંતિમ અવસરે પ્રભુને સમર્પણ કરે છે. સ્થિતપ્રજ્ઞ જીવનની એકજ વિશેષતા કે વિશ્વના સમસ્ત કાર્યોમાં અને સંબંધોમાં રસ લેવા છતાં અનાસક્ત બુદ્ધિથી વર્તે અને કાર્ય સમાપ્ત થતાં, જીવન સમાપ્ત થતાં, કૌમાર્ય ધર્મ યુક્ત બુદ્ધિને પ્રભુને સમર્પે.

એ બુદ્ધિનું કૌમાર્ય છે કે કાર્યના કોઇપણ ફલનો સ્પર્શ ન કરવો, કાર્યની કીર્તિ પણ કિરતારને જ ચરણે અર્પવી, આવડતને ઈશ્વરની બક્ષીસ સમજવી અને બુદ્ધિને કેવલ નિર્મલ રાખવી. કુમારી સર્વના કાર્યમાં ઉપયોગિની થાય, પણ આત્મયોગિની થઇને અને સેવાના કોઇપણ લાભને સ્પર્શ કર્યા વિના વિશ્વમાં વર્તે. એનાથી સર્વ કોઇ લાભ લે, પણ પોતે કોઇનાથી પણ લાભ ન લે. એજ બુદ્ધિની નિર્વિકારિતા અને કુમારિતા. એવી બુદ્ધિ જ અંતિમ સમયે આત્મ-ચિંતન અને નામ સ્મરણ કરી શકે, કારણ કે તે અનન્યપૂર્વા ગોપિકા છે.

પ્રેમ, આસક્તિ, વ્યસન – એ ત્રણે સ્નેહ માર્ગનાં પગથિયાં છે. સ્વરૂપ, ગુણ, સ્વભાવ, અને ક્રિયા એ ચારથી પ્રેમ, પછી આસક્તિ અને અંતમાં વ્યસન સિધ્ધ થાય છે. વ્યસન સિધ્ધ થતાં સેવામય જીવન બનાવાય અને આત્મ સમર્પણ થાય. પદાર્થ સમર્પણ પ્રથમ પગથિયું છે. આત્મસર્પણ અંતિમ સાધ્ય છે.

અગિયાર શ્લોકમાં ભીષ્મ પિતામહ ત્રણ વસ્તુ દર્શાવશે. પ્રથમ શ્લોકે બુદ્ધિ દ્વારા, સર્વસમર્પણ, મધ્યના નવ શ્લોકોમાં રતિ. (રતિ એટલે પ્રીતિ. ક્ષણ પ્રતિક્ષણ વધતી જતી ભગવત્સ્વરૂપ સેવામાં નિષ્ઠા. તે પ્રીતિ, કેવલ સ્વરૂપ, ગુણ, ક્રિયા અને સ્વભાવના ધર્મોથી જ થવાની. નવ શ્લોકથી તે વ્યક્ત થશે.) અંતિમ શ્લોકમાં આત્મસમર્પણ.

૩૩ મા શ્લોકમાં એટલે સ્તુતિના બીજા શ્લોકમાં ભગવાનના સ્વરૂપનું દર્શન છે. સ્વરૂપ દેહને સ્પર્શતું નથી. આત્માજ સ્વરૂપ લઇને આવેલ છે. સુવર્ણની પ્રતિમામાં સર્વ ભાગ સુવર્ણજ હોય; તેજ રીતે "**आनन्दमय**" એ શ્રુતિ વિદિત પ્રભુ સ્વયં માનવ આકારમાં પધાર્યા છે અને વિકાર વિના. તેનું કથન –

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने ।

वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तु मेऽनवद्या ॥३३॥

अलककुलावृताननाब्जम्—વાંકા અને પૂર્ણ સુંદર કેશના સમૂહથી છવાયેલ, માટે સુશોભિત મુખ કમલવાળા (**वपुः** સ્વરૂપને ધારણ કરતા). ભક્તિ બે પ્રકારની ચરણામ્બુજા અને મુખામ્બુજા. ભીષ્મ પિતામહ મુખામ્બુજથી પ્રીતિ કરતા ચરણારવિંદમાં આવીને વિરમશે. માટે મુખથી વર્ણન આરંભ્યું. **अलं परिपूर्णं कं आत्मसुखं, त्यागसुखं, सेवासुखं, योगसुखं, येषु ते अलकाः** જેમનામાં આત્મસુખ, ત્યાગસુખ, સેવાસુખ, યોગસુખ પરિપૂર્ણ છે એવા **अलकाः** એટલે **तत्त्वज्ञाः, कर्मिणः, भक्ताः** તત્વજ્ઞ, કર્તવ્યનિષ્ઠ, સેવાનિષ્ઠ પુરુષો, **तेषां** તેમના **कुलैः समुदायेन** સમૂહથી સર્વદા **आवृतम् आननाब्जम् यस्य तादृशं वपुः दधाने** સમાવૃત મુખારવિંદને ધારણ કરતા શ્રીકૃષ્ણમાં મારી પ્રીતિ રહો એવી પ્રાર્થના છે.

ભગવાનના કેશો એ જ્ઞાનીઓ, કર્તવ્યશીલો, ને નિષ્કામ સેવાવ્રતીઓનું સ્વરૂપ છે, માત્ર વાળનું વર્ણન નથી. ચરણમાં શરણ થતા ભક્તોના દૈન્યથી ભગવાને પણ વધુ દૈન્ય દર્શાવ્યું, સર્વ ભક્તોને પોતાના મસ્તકના વાળ બનાવીને.

अलककुलावृताननाब्जम् નો બીજો અર્થ: –

અગ્નિ અને બ્રાહ્મણો એ બે ભગવાનનાં મુખ છે. કેશ મુખની ચારે તરફ વીંટળાયેલા છે. **क** એટલે બ્રહ્મા. બ્રહ્મા વેદોનું સ્વરૂપ છે. **ईश** એટલે શંકર. શંકર ભગવાન જ્ઞાનનું સ્વરૂપ છે. માટે કેશ એટલે કર્મકાંડ પરાયણ વિપ્રો અને જ્ઞાન માર્ગ પરાયણ ઋષિઓ એવો અર્થ થાય. હોમ માટે ચારે તરફ બિરાજેલા હોતારૂપી કેશથી અત્યંત શોભતા અગ્નિરૂપ મુખારવિંદવાળા શ્રીકૃષ્ણ ભગવાન; અથવા સનત્કુમાર આદિ જ્ઞાનીઓ રૂપ કેશથી શોભતા બ્રાહ્મણોરૂપી મુખકમલવાળા શ્રીકૃષ્ણ ભગવાન. — એવા, ભગવાનમાં મારી રતિ રહો.

આકાશ ભગવાનનું શરીર છે. શ્યામ વર્ણ આકાશનો છે, તેથીજ ભગવાન શ્યામ વર્ણના વર્ણવ્યા છે. પ્રભુના મસ્તકમાંના કેશો ઉપનિષદ છે. ઉપનિષદ રૂપી કેશોના વાંકોડિયા ગુચ્છ ભાગો, એ વેદોના કર્મકાંડની, ઉપાસનાની ગૂઢ ગૂંચો છે. તેને ઉકેલવા માટે, ચર્ચવા માટે અનેક પ્રકારના વૈજ્ઞાનિક, સામાજિક, ધાર્મિક, તાત્વિક, સાત્વિક વિદ્વાનોનો સમુદાય પ્રભુએ એકત્રિત કર્યો છે; અને એ ચર્ચા દ્વારા સર્વને માર્ગદર્શન અપાયછે. ત્યાં અંતિમ અભિપ્રાય શ્રીકૃષ્ણ ભગવાનનો અપાય છે. માટેજ ત્રણકાંડ પૂર્ણ ગીતાજીના માર્ગદર્શને અર્જુનને કર્તવ્યમાં પ્રેર્યો. તેથી અત્યંત જેમના મુખકમલની કીર્તિ વિશ્વમાં પ્રસરી, એવા પ્રભુમાં રતિની માગણી કરી.

रविकरगौरवराम्बरम् - સૂર્યના કિરણ સમાન પીત વર્ણના વસ્ત્રને ધારણ કરનાર. પીતાંબર એટલા ચારજ અક્ષરોથી ચાલી શકે તેમ છતાં દશ અક્ષરનું મોટું નામ પીતાંબરને કેમ આપ્યું? કારણ, પીતાંબર એટલે માયા અને વેદ એવા બે અર્થો થાય. અસુરોને મોહ કરાવી પોતાના સ્વરૂપને ન સમજવા દે, માટે પીતાંબર માયા છે. જ્યારે સજ્જનો શરણે આવે, તેમને પીતાંબર રૂપી વેદોના જ્ઞાનથી સ્વરૂપનું દર્શન કરાવે છે. સૂર્યનાં

કિરણો જે પદાર્થ ઉપર પડેછે, તેનો પ્રકાશ કરેછે. તેજ પ્રકારે પીતાંબરથી આપના સ્વરૂપના આચ્છાદનને બદલે પ્રકાશ કરોછો.

तमालवर्णम् શ્યામ વર્ણવાળા. તમાલનો શ્યામ રંગ ઉત્પત્તિની સાથેજ આવ્યો છે. અત્યંત સઘન છે, અને એકજ પ્રકારનો ફેરફાર વિનાનો છે. શૃંગારનો અને સ્નેહનો એ વર્ણ મનાય છે, એથી પ્રેમમય અને પરોપકાર ભરપૂર છે. આકાશમાં મેઘ જોતાં સર્વને આનંદ થાય છે. તેવા પરોપકાર રૂપી વર્ણને ધારણ કરનાર.

त्रिभुवनकमनम् માટે ત્રણ ભુવનમાં અત્યંત પ્રિય છો. આવા અલૌકિક ગુણોને કારણે ત્રણે લોકમાં પ્રિય લાગતા, **वपुः** અમૃત પોષક સ્વરૂપને **दधाने** ધારણ કરનાર, **विजयसखे** અર્જુનના સખામાં, **मे** મારી, **अनवद्या** નિર્દોષ, હેતુ વિનાની, રતિઃ **अस्तु** પ્રીતિ રહો.

મુખમાં માધુર્ય રસનું પાન કર્યું. બીજા શ્લોકમાં સત્વપરિપૂર્ણ સાત્વિક સ્વરૂપનું નિરૂપણ છે. વીર રસ વિનાના શૃંગારનું સ્વરૂપ દિવ્ય ન બને, માટે ત્રીજા શ્લોકમાં વીરત્વપૂર્ણ કથન કર્યું.

युधि तुरगरजोविधूम्रविष्वक्कचलुलितश्रमवार्यलंकृतास्ये ।
मम निशितशरैर्विभिद्यमानत्वचि विलसत्कवचेऽस्तु कृष्णआत्मा ॥३४॥

રજો મિશ્ર રજોગુણાવસ્થાનું કથન. સાત્વિક સ્વરૂપ પ્રેમ અને શાંત રસ પ્રધાન હોય, અને દર્શન માત્રથી મુક્તિનો આનંદ આપે; જ્યારે રજોગુણ યુક્ત સ્વરૂપ ક્રિયા કલાપ દર્શાવે છે.

ભગવદ્ દર્શનનું ફલ, ઉત્સાહ, શાંતિ, પ્રેરણા અને સ્વરૂપ જાગૃતિ થવાં જોઇએ. શેષશાયી કે લક્ષ્મીજી સેવિત સ્વરૂપની ઝાંખી ન માગતાં યુધ્ધ પ્રવૃત્ત પ્રભુના દર્શનમાં રસ માન્યો.

युधि મહાભારતના યુધ્ધમાં **तुरगरजोविधूम्र विष्वक्कच लुलितश्रम वार्यलंकृतास्ये-तुरगाणां** અશ્વોની ખરીઓના **अग्र** ભાગથી ઉડતી **रजोभिः** રજોટીથી **विधूम्रैः** અત્યંત ભૂખરા બનેલા **विष्वक् कचैः** ચારે બાજુએ પથરાયેલા કેશોથી **लुलितेन** વિકીર્ણ થયેલ **श्रम वारिणा** પસીનાનાં બિંદુઓથી **अलंकृताऽस्ये** શોભાયમાન મુખારવિંદવાળા, **मम** મારાં **निशितशरैः** તીક્ષ્ણ બાણોથી **विभिद्यमानत्वचि** છેદાયેલ છાલને લીધે (બહાર ઉપસી આવેલ શોણિત બિંદુઓથી) **विलसत्कवचे** અત્યંત દેદીપ્યમાન કવચવાળા, **कृष्णे** શ્રીકૃષ્ણમાં **मम** મારા **आत्मा** આત્મા અને અંતઃકરણની સ્થિતિ **अस्तु** રહો.

तुरगरजोविधूम्राः- विष्वक्काः-च लुलितश्रमवार्यलंकृताः એવો પદચ્છેદ પણ કર્યો છે. **तुरगरजोविधूम्राः**- વાક્યનો એક અર્થ એવો પણ થાય છેકે, **तुरग** એટલે સૂર્ય અથવા અગ્નિ; અને તેમની સકામ ઉપાસનાથી વિશેષ – ધૂસર એટલે ભૂખરા બનેલા ઉપાસકો. **તૈત્તરાય બ્રાહ્મણ**ના પ્રથમ કાંડના તૃતીય પ્રપાઠકના છઠ્ઠા અનુવાદમાં વાજપેય યજ્ઞના પ્રકરણમાં “અગ્નિ અશ્વ છે, વાયુ સમિધ છે, સૂર્ય અશ્વ છે, એ દેવતાઓ વડે દેવતાઓનો રથ તૈયાર કરે છે,” એ ઉપરથી **तुरग**નો અર્થ આ શ્લોકમાં સૂર્ય અથવા અગ્નિ કર્યો છે.

विष्वक् कं आत्मसुखं येषां ते विष्वक्काः એટલે બ્રહ્મવિદો.

चનો અર્થ સમુદાય. **એકાક્ષરી કોષ**માં **च**ના અનેક અર્થ કર્યા છે, બિસ્તાર, પ્રસંગ, પાદપૂર્તિ, સમહાર, મર્યાદા, એવા અર્થોમાં વપરાય છે.

तुरगरजो विधूम्राः અગ્નિ, સૂર્યાદિ સકામ ઉપાસકો, **विष्वक्काः** બ્રહ્મવિદો, **तेषां चः** તેઓનો સમુદાય, **तेन** તે **સમુદાયની** સાથે **लुलिताः मिलिताः** મળેલા, એવા **श्रमवार्यलंकृताः** ગંગાજલથી અલંકૃત બનેલા **બ્રહ્માજી**, શિવજી, વિગેરે, **आस्ये यस्य** જેમના મુખમાં છે, એવા **શ્રી કૃષ્ણ**માં મારો આત્મા રહો.

સુખાસને કે સુશોભિત વસ્ત્રો કે અલંકારોએ દીપતી કાયા એ દર્શનીય જેટલી નથી, તેથી વધુ દર્શનીય, પોતાના કર્તવ્યમાં પરોવાયેલ કર્તવ્યશીલના મુખારવિંદમાં, કપાળમાં, કેશોમાં આછાં આછાં છવાયેલ શ્રમબિંદુઓ રૂપી ગજ–મૌક્તિકોથી સુશોભિત કાયા છે. જેના દર્શને પૂર્ણ ઉત્સાહ ને પ્રેરણા છે, ને પ્રેમ છે. **ઉત્સાહ**, પ્રેમ, પ્રેરણા–એ ત્રણ દર્શનનાં દિવ્ય ફલો છે. માધુર્ય ધર્મ નિરૂપણ મુખ કમલમાં કર્યું.

सपदि सखिवचो निशम्य मध्ये निजपरयोर्बलयो रथं निवेश्य ।
स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति पार्थसखे रतिर्ममास्तु ॥२५॥

“सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत” “અચ્યુત ! મારા **રથને** બન્ને સેનાઓની મધ્યમાં લાવી ઉભો રાખો.” એ પ્રમાણે **सखिवचः** સખા અર્જુનનું વચન **निशम्य** સાંભળીને **सपदि** એકદમ **निजपरयोः** પાંડવ–કૌરવોના **बलयोः** સૈન્યોની **मध्ये** મધ્યમાં **रथं** રથને **निवेश्य** લઈ આવી, **स्थितवति** ઉભા રહેલા, **परसैनिकायुः** શત્રુઓના સૈનિકોના **आयुः** આયુષ્યને **अक्ष्णा** નેત્રથી **हृतवति** હરણ કરતા **पार्थसखे** અર્જુનના સખા શ્રી કૃષ્ણમાં **मम** મારી **रतिः** ભક્તિ **अस्तु** રહો.

આ શ્લોકમાં તમોગુણપૂર્વકની ભગવાનમાં રતિ છે.

પાંડવો અને કૌરવોનો વિગ્રહ, **પ્રાણ** ઇન્દ્રિયોનો સંગ્રામ છે. પ્રાણોને–પાંડવોને ઇન્દ્રિયો–કૌરવો ભીષ્મ–મનના બળથી, કુરૂક્ષેત્રમાં

વ્યવહાર, સંસાર, સ્વાર્થ, પ્રપંચ, ભોગ કાર્યમાં લાવી મૂકવા ચાહે છે; પરંતુ ભગવત્કૃપાએ ભક્તિ–કુન્તી માતાના સમાશ્રયથી તેઓ વિજયી બન્યા છે, અને **સ્થિર** બન્યા છે. ભગવાને પોતાની એક અમી નજરનું બળ પાંડવોને આપ્યું ને અક્લિષ્ઠ- બનાવ્યા; અને કાલરૂપી એક વિકરાલ નજર શત્રુઓ ઉપર દર્શાવીને બલહીન બનાવ્યા.

व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद् विमुखस्य दोषबुद्धया।
कुमतिमहरदात्मविद्यया यश्चरणरतिः परमस्य तस्य मेऽस्तु ॥३६॥

व्यवहितपृतनामुखं—સજ્જ થયેલ બન્ને પક્ષની સેનાના સેનાની–અગ્રગણ્ય ભીષ્મ આદિને **निरीक्ष्य** નિરખીને **स्वजनवधाद्** સ્વજનોના વધથી, **दोषबुद्धया** દોષ થશે એવી સમજને લીધે, **विमुखस्य** યુદ્ધથી નિવૃત થયેલા (અર્જુનની) **कुमतिम्** કુમતિને, **आत्मविद्यया** આત્મજ્ઞાનના આશ્રયથી **यः अहरत्** જે પ્રભુએ દૂર કરી. **परमस्य** પૂર્ણપુરુષોત્તમ **तस्य** એવા તે શ્રીકૃષ્ણની **चरणरतिः** ચરણારવિંદ ભક્તિ **मे अस्तु** મને પ્રાપ્ત થાઓ.

व्यवहितपृतनामुखं એ વાક્યમાં **व्यवहित** શબ્દના બે અર્થ થાય છે. **वि**–વિશેષ, **अवहित** દૂર દૂર રહેલી સેનાના સૈનિકો, અથવા યુદ્ધ કાલમાં પરસ્પરમાંથી સર્વથા ચાલ્યું ગયું છે તેવી સેના. અર્જુનને આત્મ વિદ્યાનું દાન કર્યું. કારણ કે **क्षत्रियाः श्मश्र्वादिरूपाः, अर्जुनश्च नापितपः** ક્ષત્રિયો, મુખના વાળ દાઢીના જેવા છે; પરંતુ અર્જુન તેનું રક્ષણ કરે છે. જે વાળ ખૂબ મોહક છતાં સૂતક આવે ઉતારવા જોઇએ, તેમ પૃથ્વી ઉપર અશુચિ જીવી કૌરવો યુદ્ધના આશૌચ શોધન કાલે વાળની માફક ઉતારવાજ જોઇએ. એમ ભગવાને સમજાવ્યું.

આ શ્લોકમાં તમોગુણ યુક્ત રજો ગુણ છે.

स्वनिगममपहाय मत्प्रतिज्ञामृतमधिकर्तुमवप्लुतो रथस्थः।
धृतरथचरणोऽभ्ययाच्चलद् गुर्हरिरिव हन्तुमिभं गतोत्तरीयः ॥३७॥

स्वनिगमम् સ્વકીય પ્રતિજ્ઞાને **अपहाय** ત્યાગી દઇને, **मत्प्रतिज्ञाम्** મારી પ્રતિજ્ઞાને **ऋतम्** સત્ય **अधिकर्तुम्** બનાવવા માટે, **रथस्थः** રથમાં બેઠેલા **अवप्लुतः** ઉતરી જઇને **धृतरथचरणः** હાથમાં રથનું ચક્ર ધારણ કરતા, **गतोत्तरीयः** સરી પડેલ ઉપવસ્ત્રવાળા **चलद्गुः** પૃથ્વીને કંપાવતા, (એવા શ્રી કૃષ્ણ) **इभं** હાથીને **हन्तुं** નાશ કરવા માટે, **हरिः इव** સિંહની માફક (મારી પાછળ) **अभ्ययाद्** દોડી આવ્યા.

ભીષ્મ પિતામહના અગિયાર શ્લોકોમાં પ્રથમ અને એકાદશ શ્લોક છોડી, વચલા નવ શ્લોકમાં નવધા ભક્તિનું કથન છે. જેમાં ભક્ત સાત પ્રકારની ભક્તિ કરવા સ્વતંત્ર છે. બે પ્રકારની ભક્તિ ભગવદનુમતિથી થઇ શકે છે. તેમાં આ શ્લોક ભગવાન સ્વયં ભક્તની પાસે અનુગ્રહ નજરથી આવ્યા છે, એ ભાવે **अभ्ययात्**, સન્મુખ આવ્યા, એ ક્રિયાથી દર્શાવ્યો.

ભગવાને પ્રતિજ્ઞાનો ત્યાગ કર્યો, તે તામસ ધર્મ દર્શાવ્યો; અને સ્વયં યુદ્ધ કરવા માટે ભીષ્મની સામે ગયા, તે રાજસ કાર્ય છે. માટે આ શ્લોકમાં તમોગુણ યુક્ત રજોગુણની અવસ્થા છે.

યુદ્ધ પ્રારંભમાં અર્જુન, દુર્યોધન ઉભય સહાય યાચવા ગયા. ભગવાને દંતવક્રને અને વિદુરને માર્યા પછી પ્રતિજ્ઞા કરેલી કે હવે શસ્ત્ર ન પકડવું. દરમિયાન પાંડવ કૌરવ સંગ્રામ થયો. યુદ્ધ સામગ્રી ને સૈન્ય એક તરફ, શસ્ત્ર રહિત કૃષ્ણ એક તરફ–એમ બે વિભાગે મદદ આપવા કબૂલ્યું. દુર્યોધને સૈન્ય સામગ્રી માગ્યાં, અર્જુને કહ્યું, "દુર્યોધનજીથી માગતાં બચે તે મારૂં." ભગવાને કહ્યું, "માત્ર ખાલી હાથે હું બચ્યો." અર્જુને પોતાનું સૌભાગ્ય માન્યું

કે ભરેલા હાથ હતે, તો પડતા એવા મને કોણ પકડતે? "આપ ખાલી હાથ છો તો મને પકડશો." ભકતને પ્રમેયબલ હોય છે, કૃપાબલ હોય છે. દૈન્યબલ હોય છે. આસકતને સાધન–સામગ્રીમાં આગ્રહ હોય છે. દુર્યોધન સાધનબલમાં હતો. તેથીજ પરાજ્ય પામ્યો.

ત્રીજા દિવસે અમાપ રીતે ભીષ્મે પાંડવ સૈન્યનો નાશ કરવા માંડયો, અર્જુનને પણ શિથિલ કર્યો. ત્યારે ભકત વત્સલ ભગવાને ભીષ્મનો વધ કરવા હાથમાં શસ્ત્ર પકડયું. કારણ ભીષ્મે પ્રતિજ્ઞા કરી હતી કે, "કૃષ્ણને શસ્ત્ર પકડાવું ત્યારેજ હું ભીષ્મ;" અને પ્રભુએ તેમ કર્યું.

ભીષ્મ મનનું પ્રતીક છે. ભકત મનને જીતવા પ્રયત્ન કરે છે, પરંતુ **प्रमाथिबलवद् दृढम्** એ ત્રણ ધર્મવાળા મનને, લઘુબળ જીવ કેમ જીતી શકે? ત્યારે ભગવાન ભકતના મનને સ્વયં પોતાના તરફ પોતાના સ્વરૂપનું દર્શન કરાવી વશ બનાવી આપે છે, મનનો નાશ નથી કરતા, પણ મનોમલનો નાશ કરે છે.

अवप्लुतो रथस्थः, रथे स्थितः सन् अवप्लुतः બે સ્વરૂપો સ્વીકાર્યાં. એક સ્વરૂપ લઈ રથમાં બેઠા, બીજા સ્વરૂપે ભીષ્મ સામે દોડયા. બાકી **रथात् सः**– રથમાંથી તે દોડયા એમ શા માટે ન લખે?

धृतरथचरणः સુદર્શન ચક્ર નથી પકડયું, પરંતુ રથનું ચક્ર પકડયું છે. "એક પંથ, દો કાજ" ભગવાને કર્યાં. ચક્ર પકડયું પણ કહેવાય અને ન પકડયું પણ કહેવાય. એ પ્રભુમાં બે વિરૂધ્ધ ધર્મોને સમાવવાનું સામર્થ્ય છે.

रथ-आहुः शरीरं रथम् શરીર રથને ચલાવનાર મન છે. જ્યાં સંકલ્પોથી મન જાય છે, ત્યાંજ તદનુગામી તન પણ જાય છે. માટે રથનું ચરણ મન થયું. ભગવાને તેને પકડયું, એટલે સર્વ ઇન્દ્રિયો સ્વયં પકડાઇ જાય. શકિત શસ્ત્રમાં નથી, પરંતુ શસ્ત્રીમાં છે. વીરના હાથમાં બુઠ્ઠી પણ તલવાર ધારદાર બની જાય છે. એ પણ દર્શાવ્યું.

चलद्गुः; પૃથ્વીને કંપ થયો કે મેં ધરણી ઉપર ખલ પુરુષોને ધારણ કર્યા છે, તેથી આવેશમય થઇ શ્રી કૃષ્ણ જેમ અસુર સંહાર કરવા માટે પ્રતિજ્ઞાને છોડીને પણ વધે દોડયા, તો કદાચ ભગવાન મારો તો ત્યાગ નહિ કરે ને? ત્યારે પૃથ્વીને આશ્વાસન આપવા માટે ભગવાને પોતાનું ઉત્તરીય વસ્ત્ર પીતાંબર જે કીમતી છે, તેનું પૃથ્વીને આચ્છાદન કર્યું.

નાચિકેત ઉપનિષદમાં લખ્યું કે "**यस्य ब्रह्म च क्षत्रं-च उभे भवतः ओदनः, मृत्युर्यस्योपसेचनकम्**"–ભગવાન કાલરૂપે જગતના ભોકતા છે, ઉપસંહાર કર્તા છે. **अत्ता चराचरग्रहणात्** એ સૂત્રમાં પણ ભગવાનને ભોકતા બતાવ્યા છે. બ્રાહ્મણ દ્રોણ અને ક્ષત્રિય ભીષ્મ એ ભગવાનનો ઓદન એટલે ભાત છે, અને ભગવાન ભોકતા છે; પરંતુ મૃત્યુ તેમાં ઘી રૂપે અગર સૂપરૂપે છે. ઘી વિના ભોજન ન કરાય, તેથીજ વધ કરવા આવેલા ભગવાન વિના વધે પાછા ફર્યા.

ઉભા

મૃત્યુના પૂર્વ કાલમાં ભગવાન પણ વધ–નાશ નથી કરી શકતા. તેથીજ ભગવાન ભીષ્મ ઉપર આવ્યા પણ ન હણ્યા અથવા ઉત્તરીય વસ્ત્ર ઉત્તર મીમાંસા છે. મુકિતમાં તેનુંજ પ્રયોજન હોય છે. ભીષ્મમાં આવેશ છે, અહંકાર છે, એટલે મોક્ષને લાયક નથી. તેથીજ ભગવાને ભીષ્મ પિતામહને મુકિત પ્રદાન ન કર્યું. અથવા ઉત્તરીય વસ્ત્ર ઉત્તર મીમાંસા હોઈ આત્મ જ્ઞાનનું તેમાં પ્રતિપાદન છે. પરંતુ જો ભીષ્મને આત્મજ્ઞાન આપી દે, તો

બ્રહ્મજ્ઞાન
[illegible]

યુધ્ધ અટકી જાય, અને ભીષ્મના હાથે થનારો અસુર સંહાર જે પૃથ્વીનો ભાર છે તે ન થાય અને ભગવાનને તે ઉગ્ર કામ કરવું પડે. પ્રભુને તે નથી કરવું, તેથીજ ઉત્તરીય વસ્ત્ર પડવા દીધું અને અકાલે જ્ઞાન ન આપ્યું.

हरिरिव हन्तुमिभम्–સિંહ હાથીની પાછળ જાય છે. તેજ પ્રકારે મદોન્મત્ત ભીષ્મ, સ્વરૂપી ગાફલ મન–માતંગનો વધ કરવા માટે સિંહની જેમ ભગવાન નૃસિંહ ગયા. પરંતુ નૃસિંહ રૂપની ભયાનકતાનો અંશ નથી, પરંતુ **વીરતા અને કૃપાલુતા** એવો મિશ્ર ધર્મ છે, તેથીજ **हरिः** હરિ શબ્દ કહ્યો.

ભીષ્મની પ્રતિજ્ઞા ભગવાન પૂરી કરશે કે નહિ, તેની જે પીડા તે પણ ભગવાને હરી; અર્જુનની પીડા હરી, પૃથ્વીની પીડા હરી, તેમજ ભકતોના હૃદયમાં રહેલી કામ–વાસનાની પીડાને પણ પ્રભુએ સૌન્દર્ય ધામ થઈને હરી, માટે સિંહની ઉપમા આપી. સિંહ સર્વથા જિતેન્દ્રિય છે. હાથી અજિતેન્દ્રિય છે.

शितविशिखहतो विशीर्णदंशः क्षतजपरिप्लुत आततायिनो मे ।
प्रसभमभिससार मद्वधार्थं स भवतु मे भगवान् गतिर्मुकुन्दः ॥३८॥

आततायिनः અપરાધી એવા **मे** મારાં **शित विशिख हतः** તીક્ષ્ણ બાણોથી વિંધાયેલ, (માટે) **विशीर्ण दंशः** છેદાયેલ કવચવાળા **क्षतज परिप्लुतः** રૂધિરથી ખરડાયેલ (પ્રભુ) **मद् वधार्थं** મારો વધ કરવાને **प्रसभम्** આવેશ પૂર્વક **अभिससार** દોડી આવ્યા. **सः** તે **मुकुन्दः** મુકુન્દ **भगवान्** ભગવાન **मे** મારી **गतिः** ગતિ **भवतु** બનો.

આ શ્લોકમાં રજોગુણ સંયુકત તમોગુણ અવસ્થાનું કથન છે. નવમા દિવસની આ કથા છે. ભકત હૃદય પ્રભુને આદરની પૂજ્યતાની નજરે જુએ છે.

शितविशिखहतोऽविशीर्णदंशः क्षतजपरिप्लुते (देशे) એ વાકયમાં **अविशीर्णदंशः** એવો પણ પદચ્છેદ છે. તીક્ષ્ણ બાણોથી વિંધાયેલ છતાં છેદાયા વિનાના કવચધારી, **क्षतज परिप्लुते** ચારે બાજુ શોણિતથી ખરડાયેલા દેશમાં. અર્જુનજી ચરણારવિંદ સુધી અવલંબી વિનવતા કે, “નાથ પ્રતિજ્ઞા સંભાળો”; તો પણ ભકતવત્સલ ભગવાન અત્યંત આવેશ વશ દોડી ગયા.

शिताः तीक्ष्णाः विगतशिखाः पाखंडिनो हता विनाशिता येन, શિખા વિના તીક્ષ્ણ પાખંડીઓના વિનાશક **विशीर्ण दंशे**–દંશ એટલે મચ્છર અને મચ્છર વિનાના કાલમાં, એટલે ચાતુર્માસ સિવાયના શીત અને ગ્રીષ્મ કાલના આઠ માસમાં **क्षता जाताः इति क्षतजाः** રસ્તામાં ખુલ્લા ચરણે ચાલવાથી વેધાયેલ ચરણવાળા –સંન્યાસીઓ અગર યુદ્ધમાં ઘવાયેલ દિગ્ વિજયી રાજાઓ–થી વિશોભમાન પ્રભુ, મને આતતાયીને મારવા નહિ, પરંતુ પાપમાંથી છોડાવવા સામે આવ્યા. એ ભકતવાત્સલ્ય કેમ વિસરૂં?

યુધ્ધ ન કરનાર સામે યુધ્ધ કરનાર આતતાયી, અપરાધી ગણાય છે. માટે આપ શસ્ત્ર વિનાના, યુધ્ધ ન કરતા છતાં મેં કનડગત કરી; માટે આપે વધ કરવો વિચાર્યો તે સમુચિત હતુંજ. કારણ કે આપ **मुकुन्दः** એટલે પાપમાંથી છોડાવનાર મુકુન્દ છોજ.

આ શ્લોકમાં પૂર્ણ ઐશ્વર્ય ભાવનો ત્યાગ કરી, માનવના રથનું સારથ્ય કર્યું, એ પ્રભુનું અસામાન્ય માધુર્ય છે.

विजयरथकुटुम्ब आत्ततोत्रे धृतहयरश्मिनि तच्छ्रियेक्षणीये
भगवति रतिरस्तु मे मुमूर्षोर्यमिह निरीक्ष्य हता गताः स्वरूपम् ॥३९॥

विजयस्य रथः कुटुम्बं यस्य, અર્જુનજીનો રથ જેનું કુટુંબ છે એવા, **आत्तंतोत्रं येन** હાથમાં ચાબૂકને ધારણ કરતા, **धृतहय-**

रश्मिनि ઘોડાઓની લગામને પકડી રાખનાર, **तच्छ्रियेक्षणीये** તે દ્રશ્યથી અત્યંત દર્શનીય એવા **भगवति** ભગવાન શ્રી કૃષ્ણમાં, **मुमूर्षो:** મરણાસન્ન **मे** મારી **रति:** પ્રીતિ **अस्तु** રહો. **यम्** જેનું **निरीक्ष्य** નિરીક્ષણ કરતાં કરતાં **हता:** જેઓ મરણ પામ્યા, **स्वरूपम्** પોતાના સ્વરૂપને **गता:** પ્રાપ્ત થયા.

આ શ્લોકમાં સત્વગુણ મિશ્રિત તમોગુણની અવસ્થાનું કથન છે.

વિજય-અર્જુનજીનું નામ છે. યુદ્ધમાં વિવિધ પ્રકારના જય મળ્યા માટે વિજય; અથવા જયદ્રથ સાથે યુદ્ધમાં જયદ્રથને મારવા શક્તિમાન ન બન્યા, કીર્તિ જવા બેઠી, અતિરથીઓનાં શસ્ત્રો ન વેઠી શકયા, ત્યારે ભગવાને ચાતુરીથી રથ ચલાવી અર્જુનને બચાવ્યા, તે રમ્ય શોભાને ધારણ કરતા શ્રી કૃષ્ણ, મારા ઇન્દ્રિયોના પરિવારવાળા શરીર રથને કુટુંબ બનાવી રક્ષા કરો. આપે મહાભારતમાં દ્રોણ-પર્વમાં ભૂરિશ્રવાને કહેલું કે—

ये लोका: ममविमला सकृद् विभान्ति ब्रह्माद्यैः सुरवृषभैर पीप्स्यमाणा :
तान्क्षिप्रं व्रजताग्निहोत्रयाजिन् मम तुल्यो भव गरुडोत्तमांगयान: ॥

બ્રહ્માદિ દેવોના પણ વાંછિત લોકો તને શીઘ્ર મળો અને મારા સમાન સ્વરૂપની પ્રાપ્તિ થાવ.

ललित गति विलास वल्गुहास प्रणयनिरीक्षण कल्पितोरुमाना: ।
कृतमनुकृतवत्य उन्मदान्धा: प्रकृतिमगन् किल यस्य गोपवध्व: ॥४०॥

ललित गति : મનોહર ગમન, **विलास:** વિલાસ, **वल्गुहास:** સુંદર હાસ્ય, **प्रणय निरीक्षणं** સ્નેહપૂર્વક અવલોકન **तै:** **कल्पितोरुमान:** આદિ ક્રિયાઓથી જેને માન થયું છે એવાં, **कृतम्** ભગવાનના ચરિત્રોનું **अनुकृतवत्य:** અનુકરણ કરનારાં, **उन्मदान्धा:** અધિક મદોન્મત થયેલાં **गोपवध्व:** ગોપવનિતાઓ **यस्य** જે ભગવાનના સ્વરૂપને **किल** અવશ્ય પ્રાપ્ત થયેલ છે.

આ શ્લોકમાં ભક્ત મનો નિગ્રહનું ઔષધ દર્શાવ્યું. મનુષ્યનું મન ત્રણ પ્રકારનું હોય છે-સાત્વિક, રાજસ, તામસ. ભગવાનની રાજહંસ સમાન ચાલ, અથવા હાથી સમાન ચાલ તમો ગુણીના મનનો નિગ્રહ કરે. મનોહર હાસ્ય રાજસ મનને એકાગ્ર બનાવે. સ્નેહપૂર્વક અવલોકન સાત્વિક મનનો નિરોધ કરે.

मुनिगणनृपवर्यसंकुलेऽन्त:सदसि युधिष्ठरराजसूय एषाम्
अर्हणमुपपेद ईक्षणीयो मम दृशिगोचर एष आविरात्मा ॥४१॥

मुनिगणनृपवर्य-संकुले મુનિજન અને શ્રેષ્ઠ રાજસમૂહથી ભરેલ, **युधिष्ठर-राजसूये** યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં **अन्त:सदसि** સભાની મધ્યમાં **एषाम्** જેમના **अर्हणम्** અગ્રપૂજનને, (જે) **उपपेदे** પ્રાપ્ત થયા, (તે) **ईक्षणीय:** દર્શનીય (શ્રી કૃષ્ણ) **मम** મારા **दृशिगोचर:** નયન પથ ગામી થયા, **एष आत्मा आविरस्ति** તે આજ અહિં પ્રકટ થઈ બિરાજે છે.

આ શ્લોકમાં રજોગુણ મિશ્ર સત્વગુણનું નિરૂપણ છે. શ્લોકમાં ભગવાનનું ત્રણ પ્રકારે વર્ણન કરે છે. મુનિ સમુદાયમાં અગ્રપૂજન થવાથી સર્વ પૂજ્યત્વ પ્રભુમાં દર્શાવ્યું. રાજસમુદાયમાં સર્વ મનોહર સ્વરૂપ પ્રભુનું દર્શાવ્યું. રાજસૂય યજ્ઞમાં સર્વશ્રેષ્ઠ આદર મળ્યો. એ સર્વ દુર્લભ દર્શન હતું.

નવ પ્રકારની ગુણ અવસ્થાઓ વર્ણવી ગુણાતીત સ્વરૂપનું નિરૂપણ કરી સમર્પણ કરે છે.—

तमिममहमजं शरीरभाजां हृदि हृदि धिष्ठितमात्मकल्पितानाम्
प्रतिदृशमिव नैकधाकमेकं समधिगतोऽस्मि विधूतभेद मोहः ॥४२॥

आत्मकल्पितानाम् પોતાનાજ સ્વરૂપમાંથી બનાવેલા, **शरीरभाजां** દેહને ધારણ કરનારાઓના **हृदि हृदि** પ્રત્યેકના હૃદયમાં **अधिष्ठितं** રહેલા, **एकं** એક છતાં **प्रतिदृश** દરેકની દૃષ્ટિએ **न एकधा अर्कम् इव** અનેક રૂપે દેખાતા સૂર્યસમાન તં વેદમાં વર્ણવેલા તે, **इमं** આ નેત્ર સામે દેખાતા **अजं** અવિનાશી ભગવાન શ્રી કૃષ્ણને **विधूत भेद मोहः** મોહ અને વેદથી પર થઇને **समधिगतोऽस्मि** શરણે જાઉં છું.

ભેદ, મોહ, નિવૃત્તિ કેવલ સ્તુતિથી થઇ શકે. માયાના તે ધર્મો મનમાં રહે છે, અને મનની ઉદાર વૃત્તિથી તે દૂર થાય છે. મનની ઉદાર વૃત્તિ સ્તુતિથી થાય છે.

સામાન્ય નજરે ભીષ્મ મુકત થયા, પરંતુ વિશિષ્ટ જ્ઞાનીઓની અને ભક્તિની દૃષ્ટિએ અપ્રકટ પ્રકાશમાં ભીષ્મ લીન થયા. તે ભીષ્મ પિતામહ ફરીથી કૃષ્ણાવતાર થતાં પાછા પ્રકટ થઇ લીલામાં જોડાશે. **निष्कं पदकं लातीति निष्कलः** શ્રી વત્સપદને ધારણ કરતા શ્રી કૃષ્ણમાં લીન થયા.

નિદ્રા, સમાધિ અને દેહલય વખતે મૌન રાખવું. ત્રણે અવસ્થામાં જો ભગવન્નામ સિવાયનો અન્ય શબ્દ–અવાજ–કાનમાં જાય, તો ઇન્દ્રિયો, મન સહિત તે શબ્દ દ્વારા બહિર્મુખ થાય; અને નિદ્રામાંના ઇશ્વર તાદાત્મ્ય–સુખનો, સમાધિના આત્માનંદનો, દેહલય થનાર મુક્તાત્માની સાયુજ્ય મુકિતમાં પ્રતિબંધ કરનારો થાય; અને જીવાત્મા યોગરત હોય તે યોગભ્રષ્ટ થાય. તે ન થવું જોઇએ માટે મૌન અથવા ભગવન્નામ જાપ કરવો જોઇએ.

— દશમ અધ્યાય —

એક પ્રકારે, પ્રકરણ વિભાગની દૃષ્ટિએ દશમ અધ્યાયથી નવ અધ્યાયનું અસાધારણ પ્રકરણ આરંભાયું. બીજા પ્રકારે ૧૩ અધ્યાયનું ઉત્તમ પ્રકરણ ચાલુ છે.

૧૦, ૧૧, ૧૨ ત્રણ અધ્યાયોમાં ત્રણ પ્રકારનું સુખ છે. દશમ અધ્યાયમાં પાંડવોનું સુખ રાજ્યારોહણ વિગેરેથી વર્ણવ્યું. એકાદશ અધ્યાયમાં યાદવ પ્રજાજન સુખ પ્રભુના દ્વારકામાં આગમનથી.

સુખીની વ્યાખ્યા :—

कृष्णाधीनं सुखं यस्य स सुखीति निगद्यते જેમનું સુખ ભગવાનને અધીન હોય તે સુખી કહેવાય.

૩૬ શ્લોકમાં દશમા અધ્યાયનું નિરૂપણ છે. દશમા અધ્યાયમાં પરીક્ષિત રાજાની ચોથા પ્રકારની શુદ્ધિ પુરવાર કરી. સંગ શુદ્ધિ–સ્વજન શુદ્ધિ–તે ચોથા પ્રકારની શુદ્ધિ છે. પુરુષ શુદ્ધિ સાતમા અધ્યાયમાં અર્જુન સ્તુતિથી, સ્ત્રી શુદ્ધિ આઠમા અધ્યાયમાં શ્રી કુન્તી માતાની અને ઉત્તરાની સ્તુતિથી, જ્ઞાન અને અન્ન શુદ્ધિ નવમા અધ્યાયમાં ભીષ્મ સ્તુતિથી, હસ્તિનાપુર પ્રજાજનો જે પરીક્ષિત રાજાના સામાન્ય સંબંધીઓ ગણાય તેમની સ્તુતિથી સંબંધી શુદ્ધિ ચોથા પ્રકારની દશમા અધ્યાયમાં, ભગવત્કાર્યથી શુદ્ધિ પાંચમા પ્રકારની અગિયારમા અધ્યાયમાં, અને ભગવત્કૃપા એ સર્વોત્તમ શુદ્ધિ છે, જે બારમા અધ્યાયમાં રાજાનો જન્મ અને રક્ષાથી બતાવી છે.

૧ થી ૨૦ શ્લોકોમાં રાજ્યારોહણ, રાજ્ય સંચાલન, રાજ્ય ભોગોમાં અનાસક્તિ, ભગવાનને વિદાયમાન અને તે વખતની આર્તસ્થિતિનું વર્ણન કર્યું.

૨૧ થી ૩૦ શ્લોકોમાં પ્રભુની સ્તુતિ ૧૦ શ્લોકથી.

૩૧ થી ૩૬ શ્લોકોમાં ષડૈશ્વર્ય સમ્પન્ન પ્રભુનું ૬ શ્લોકથી વિદાયમાન.

निवेशयित्वा निजराज्य ईश्वरः—રાજા યુધિષ્ઠિર અને રાજ્ય વહીવટ. યુધિષ્ઠિર ગાદી નશીન સ્વેચ્છાથી નથી થયા, નશો તેથી નથી. ભગવાને યુધિષ્ઠિરને ગાદીનશીન કર્યા. યુધિષ્ઠિરનું પોતાનું રાજ્ય હતું તો પણ સત્તામાં આસક્તિ ન હતી. સત્તાનો અનાસક્ત, ભક્ત, ગુણરક્ત પ્રજાધ્યક્ષ થઈ શકે. યુધિષ્ઠિર અને પ્રિયવ્રતને અનિચ્છાએ પણ પ્રભુ આદેશથી રાજ્ય સ્વીકારવું પડ્યું.

રાજ્ય વહીવટ એટલે આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિક શાંતિનું સર્વત્ર સામ્રાજ્ય. **कामं ववर्ष पर्जन्यः** વૃષ્ટિ આવે ત્યાર બાદ અન્નરોપણ થાય. વળી વૃષ્ટિ વિના સુકાય એ રીત યુધિષ્ઠરના રાજ્યમાં ન હતી. બીજ રોપાય અને આવશ્યક વૃષ્ટિ શીઘ્ર થતી એ ભૌતિક અને દૈવિક શકિતઓનો વિકાસ હતો.

वृथैव जीवनं लोके भक्तिज्ञानोत्सवैर्विना—ભકિત એટલે પ્રેમ, જ્ઞાન એટલે સર્વના સુખદુ:ખમાં સમાનતા, ઉત્સવ એટલે સમુદાયમાં સર્વ સમાન ભાવે આનંદની ઉજવણી. એ ત્રણ વિનાના સમાજનું જીવન વ્યર્થ છે.

યુયુત્સુ એ ધૃતરાષ્ટ્રનો પુત્ર હતો, પરંતુ તે યુદ્ધમાં અવશિષ્ટ રહેલો. શ્રીકૃષ્ણના હસ્તિનાપુરથી દ્વારિકા પ્રયાણમાં તે પણ વિરહથી વ્યાકુલ થયો.

શ્લોક નવ અને દશમમાં ભગવાનને વિદાય આપનારા સમાજની નોંધ લીધી. તેમાં આરંભમાં સુભદ્રા શબ્દ લીધો, અને અંતમાં

સ્ત્રિય: શબ્દથી ફરીથી સ્ત્રીઓનો ઉલ્લેખ કર્યો. તેનું કારણ સ્ત્રીઓમાં સ્નેહ અધિક હોય છે, અને તેમાં જો શરીર સંબંધ હોય તો તો સ્નેહ અપાર થાય છે. સુભદ્રાજી પ્રભુનાં ભગિની થાય, તે પીડા ન સહી શકયાં. છેલ્લા **स्त्रियः** બહુ વચન વાચક શબ્દથી સત્યવતી, ઉત્તરાજી વિગેરે લેવાં.

ભગવાનને **शार्ङ्गधन्वा** કહ્યા. શાર્ઙ્ગ એ ધનુષ્યનું નામ છે; પરંતુ કાલનું સ્વરૂપ છે. તે કાલને ભગવાને પોતાના હાથમાં પકડી રાખેલો હતો. પરંતુ આજે પ્રભુ પધારે છે, તે અવસરે કાલ અવશ્ય ગળી જશે, એ ભયથી બિરહાતુર સર્વ ભકતો ભગવાનને વિંટળાઈ વળ્યા છે. એ કાલના ગ્રાસમાંથી બચવા ભગવાનની યશોગાથા નામની મંજૂષામાં (પેટીમાં) પોતાનાં બુદ્ધિરત્નોને સર્વે મૂકયાં.

ભગવાનની વિદાય વખતે મુક્તામણિનું રક્તવર્ણના દંડથી દેદીપ્યમાન શ્વેત છત્ર અર્જુને ભગવાનને ધર્યું; ઉદ્ધવ અને સાત્યકિએ વ્યજન અને ચામર ધર્યાં.

રઘુવંશમાં કાલીદાસે દિલીપ રાજાના પ્રસંગમાં કહ્યું કે રાજા છત્ર અને બે ચામર ન આપી શકે. **अदेयमासीत् त्रयमेव भूपतेः शशिप्रभं छत्रमुभे च चामरे** એ મર્યાદા પ્રેમ હતો. જ્યારે પાંડવો તો રાજા તરીકે ભગવાનનેજ ગણતા, પોતાને સેવક માનતા; એટલે પ્રભુને છત્ર અને ચામર સમર્પી બહુમાન આપ્યું. કારણ કે સન્માનમાં મહારાજાનાં ઉપકરણોથી મોટું સન્માન મનાય છે.

उपचारेषु सर्वेषु महाराजत्वमुत्तमम्
तस्य चिह्नं हि तच्छत्रमर्जुनस्तेन बुद्धिमान्॥

હસ્તિનાપુરની સ્ત્રીઓએ **દશ શ્લોકથી** (શ્લોક ૨૧ થી ૩૦) ભગવાનની સ્તુતિ કરી. વિદાય થતા પ્રભુને દશ શ્લોકોમાં પોતાના દશ પ્રાણો મૂકી પ્રાણનાથને ભેટ આપે છે, અને પ્રાણવત્ પ્રિય છે એ પુરવાર કરે છે.

પ્રથમ શ્લોકમાં (શ્લોક ૨૧) પુરાતન પુરુષ તરીકે સૃષ્ટિના આરંભપૂર્વનું સ્વરૂપ વર્ણવ્યું.

બીજા શ્લોકમાં (શ્લોક ૨૨) સૃષ્ટિ કાલનું સ્વરૂપ દર્શાવ્યું.

ત્રીજા શ્લોકમાં (શ્લોક ૨૩) ભગવાનનું વર્ણન કર્યું છે, તેવો અવતાર અન્ય યુગોમાં નથી; પરંતુ વૈવસ્વત મન્વંતરીય અઠ્ઠાવીશમા ચતુર્યુગમાંના દ્વાપર યુગમાંજ આ આનંદ ભક્તહિત સાધક અવતાર લીધો છે.

ચોથા શ્લોકમાં (શ્લોક ૨૪) ભગવાનમાં કર્તૃત્વ છે, પણ ભોકતૃત્વ નથી; જ્યારે જીવ તો કર્તા ભોકતા બની જાય છે, એટલે ભોગ માટેજ સર્વ વ્યવહાર જીવ આચરે છે. ભગવાનનું કર્તાપણું પણ જીવોને બંધ–ભોગ આપવા નથી, પરંતુ મોક્ષ આપવા માટે જ છે.

કાલ, દેશ અને પાત્રોના કલ્યાણ માટે અવતાર હોય છે. **પાંચમા** શ્લોકમાં (શ્લોક ૨૫) કાલધર્મોથી રક્ષવા અને કાલનેમિ કંસમાંથી રક્ષવા અને ભગવદ્ ધર્મોના સ્થાપન માટે અવતાર લીધો છે.

છઠ્ઠા શ્લોકમાં (શ્લોક ૨૬) યદુકુલ અને મધુવનનું સૌભાગ્ય ગાયું. ભગવાનનો પાંચ સ્થલમાં નિત્ય નિવાસ છે. મધુવનમાં, દ્વારિકામાં, શ્રીરંગ ક્ષેત્રમાં, પુલહાશ્રમમાં અને મથુરાજીમાં.

સાતમા શ્લોકમાં (શ્લોક ૨૭) દ્વારકાનું ગૌરવ વર્ણવ્યું. સ્વર્ગમાં દેવોનો નિવાસ, દ્વારકામાં દેવાધિદેવનો નિવાસ. સ્વર્ગમાં અપ્સરાઓ વસે, દ્વારકામાં લક્ષ્મીજી વસે. સ્વર્ગમાં ગયેલ પતન પામે, દ્વારકામાં જન્મેલા મુકત થાય. સમાધિ કરતાં દ્વારકા શ્રેષ્ઠ. સમાધિમાં કોઈકને કોઈ એકાદ ક્ષણ આત્મદર્શન, જ્યારે દ્વારકામાં સર્વક્ષણ અને સર્વજનને દર્શન.

આઠમા શ્લોકમાં (શ્લોક ૨૮) ચેતન તત્ત્વોનું પણ સૌભાગ્ય ગાયું. વ્રજાંગનાઓ, કે હસ્તિનાપુરની સ્ત્રીઓ જે પ્રભુના વચનામૃતને વાંછે, તે અપવાદમાં મળે, પરંતુ કૃપાપાત્ર દ્વારકાજનને નિત્ય મળે છે.

નવમા, દશમા શ્લોકમાં (શ્લોક ૨૯, ૩૦) ભગવદ્ અર્ધાંગનાઓનું મહદ્ ભાગ્ય વર્ણવ્યું. ભગવાને ક્ષત્રિય ઉચિત ગન્ધર્વ અને રાક્ષસ વિવાહથી લગ્ન કર્યું. જ્યારે શિશુપાલાદિ ક્ષત્રિય છતાં બ્રાહ્મણ માટે દર્શાવેલ દાન ધર્મથી ગ્રહણ કરવા ચાહતા હતા તે અયુકત હતું; પરંતુ ભગવાને "વીર્ય શુલ્કથી અને ગાન્ધર્વ ધર્મથી" વિવાહો કર્યા તે યુકત હતું.

શ્લોક ૩૪–૩૫ માં ભગવાન હસ્તિનાપુરથી દ્વારકા જે રસ્તેથી પધાર્યા તેનો નકશો આપ્યો છે. કુરૂજાંગલ દેશમાં આવેલ શૂરસેન દેશો, એટલે વટેશ્વર ક્ષેત્રથી આગળ વધીને યમુના તીરે આવેલા દેશોમાંથી પસાર થઈ કુરૂક્ષેત્રમાં આવ્યા. કુરૂક્ષેત્ર સરસ્વતી અને દૃષદ્વતી નદીનો મધ્ય પ્રદેશ ગણ્યો છે, ત્યાં આવ્યા.

कुरु जांगल पांचालान् शूरसेनान् सयामुनान्
ब्रह्मावर्तं कुरुक्षेत्रं मत्स्यान् सारस्वतानथ ॥ ३४ ॥

मरुधन्वमतिक्रम्य सौवीराभीरयोः परान्
आनर्तान् भार्गवोपागाच्छ्रान्त वाहो मनाग्विभुः ॥ ३५ ॥

૧ કુરૂ જાંગલ દેશ, હસ્તિનાપુરનોજ પ્રાન્ત પ્રદેશ છે. જે આજે પાંચાલાદિ દેશના લગભગ ભાગ જેવો બનાવ્યો છે, તે નથી.
૨ પાંચાલ દેશ, કંપિલા દેશના નામે ઓળખાય છે.
૩ શૂરસેન, એ વટેશ્વર દેશનું નામ છે.
૪ યામુન દેશો, યમુનાજીના સામે કિનારે આવેલ દેશો છે. ત્યાર પછી કુરુક્ષેત્ર આવે છે.
૫ બ્રહ્માવર્ત, દૃષદ્વતી અને સરસ્વતી નદીઓનો મધ્ય પ્રદેશ બ્રહ્માવર્ત કહેવાય છે.
૬ મત્સ્યદેશ, એ વિરાટ રાજાનો પ્રદેશ છે.
૭ સરસ્વતીના તીર ઉપરનો દેશ અંબિકાવન જે સારસ્વતના નામથી પ્રચલિત છે.
૮ મરૂદેશ, મારવાડ, જ્યાં ઓછું જલ હોય છે.
૯ ધન્વદેશ, જ્યાં સર્વથા જલનો અભાવ હોય છે.
૧૦ સૌવીર, એ સોરઠનું નામ; અને આભીર એ કુન્તીપુર દેશની સંજ્ઞા છે; અને કુન્તીપુરથી દૂર આનર્ત દેશ આવ્યો, જે દ્વારકાનો પ્રાન્ત દેશ છે.

ચૌદ દેશોને ઓળંગી દ્વારકામાં પ્રભુ પધાર્યા; અને તે દેશોનાં નામ ગણાવ્યાં. એ ભૂગોળમાં રસ ન ધરાવતા, કંટાળતા શૌનક લાગ્યા, ત્યારે તેમને સંબોધન કર્યું કે ભાર્ગવ ! તમે કંટાળો તે સ્વાભાવિક છે; પરંતુ હેતુપૂર્વકનો આ રસ્તાનો ક્રમ દર્શાવ્યો છે. હસ્તિનાપુરથી ભગવાન એકજ દિવસમાં દ્વારિકા આવ્યા; પરંતુ ઘોડાઓ થોડાજ થાકેલા હતા. લાંબો રસ્તો પ્રભુ સમર્થ હોવાથીજ એક દિવસમાં કાપી શકયા.

ઘરેથી બહારગામ જવા માટે પ્રયાણ બ્રાહ્મ મુહૂર્તમાં કરવું, અભિજિતમાં કરવું. પ્રવેશ અને પાણિગ્રહણ ગોરજ મુહૂર્તમાં કરવાં. ભગવાને દ્વારકામાં ગોરજ મુહૂર્તેજ પ્રવેશ કર્યો.

અધ્યાય અગિયારમો.

પ્રભુનો દ્વારકા પ્રવેશ (શ્લોક સંખ્યા ૩૯)

મંગલ મુહૂર્તમાં અને મંગલ શબ્દ શ્રવણમાં અને મંગલ વસ્તુ દર્શનમાં નગર પ્રવેશ કરવો જોઈએ. એ સર્વે મંગલ શ્રીકૃષ્ણને દ્વારકામાં મળ્યું. તે વર્ણન કર્યું છે.

શંખ શબ્દ, અથ શબ્દ, ઓંકાર મંગલ શ્રવણ માન્યા છે. દ્વારકામાં પ્રવેશતાં શંખ શબ્દ ભગવાને કર્યો, તે શબ્દ બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવવા અને અપરોક્ષાભૂતિમાં સર્વને લાવવા માટે. શબ્દ શ્રવણથી આકર્ષણ થાય, રૂપ સાક્ષાત્કાર માટે મન ખેંચાય, અને અંતે રૂપદર્શન થાય.

જ્ઞાની, વિષયી, ભકત અને સ્ત્રીઓ—એ ચાર જણે ૬, ૭, ૮, ૯ શ્લોકોમાં સ્તુતિ કરી.

(૧) જ્ઞાનીઓ નમ:સ્કાર કરીને પ્રસન્ન થયા.

(૨) વિષયીઓએ છ પ્રકારે પ્રભુને ગાયા. **त्वमेव माताथ सुहृत्पतिः पिता, त्वं सद्गुरुर्नः परमं च दैवतं**—આપ માતા છો, એટલે પોષક છો; **સુહૃદ** છો એટલે ગુણગ્રાહક હૃદયવાળા છો, તેથી ફળ આપનારા પણ આપજ છો. દોષદર્શી કદી ફલ ન આપે. **પતિ** છો એટલે ગતિનું દાન કરે તે પતિ. સ્વયં સામાન્ય સ્થિતિમાં રહે, પત્નીને ખૂબજ શણગારે. આપની હમે પ્રજા છીએ. માટે આપ હમારી સંભાળ શણગાર લેનાર દેનાર પતિ છો. **પિતા** છો એટલે હમે આપના વારસદાર છીએ. આપનો નૈસર્ગિક આનંદ, સંતોષ અને સ્વભાવ હમને વારસામાં આપો. માતા, સુહૃદ, પતિ અને પિતા એ ચાર જણ લૌકિક ફળ આપનારા છે. ગુરુ અને દૈવ પરલોકનું ફળ આપનાર છે.

(૩) ભકતો નિરપેક્ષ હોવાથી કેવલ ભગવદ્ દર્શનથીજ સંતુષ્ટ બની સેવા પરાયણ બને છે.

(૪) સ્ત્રીજનોએ પોતાની વિયોગાવસ્થાની આર્તિ વર્ણવી. સંયોગની એક પલ કલ્પ કલ્પાંતના સ્વર્ગીય સુખને આપે છે; તેથી વિપરીત વિયોગની એક પલ અગણિત કોટિક કલ્પના નરક કલેશથી એ અધિક કલેશદ છે, એમ વર્ણવે છે.

દ્વારકા વર્ણન ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ એમ પાંચ શ્લોકથી કર્યું છે. વિદ્યાની ખની દ્વારકા છે, એટલેજ પંચપર્વાત્મિકા વિદ્યા સમી દ્વારકા પાંચ શ્લોકથી વર્ણવી.

૨૮ મા શ્લોકમાં પિતાના ચરણે વંદન કર્યા. **प्रविष्टस्तु गृहं पित्रो :—** વસુદેવજીને ૧૮ પત્નીઓ હતી. પરંતુ પ્રત્યેકનો સ્વભાવ અને ધર્મ સમાન હોવાથી ભિન્ન ભિન્ન ઘરમાં નથી રહ્યાં, એકજ ઘરમાં રહ્યાં છે. **શુદ્ધ વિશુદ્ધ સત્વજીવ વસુદેવજીએ અષ્ટાદશ વિદ્યારૂપી શક્તિઓના ઉપાસનાઓના આશ્રયે દેવકીજીમાંથી-પરાસેવામાંથી કૃષ્ણને-પરમાનંદને મેળવ્યા છે.**

માતા પિતાના નિવાસમાં પ્રવેશ કર્યો. એ કથનમાં **गृहम्** શબ્દ હેતુપૂર્વક છે. વિદ્યમાન પિતા માતા ન હોય તો પણ જે ખંડમાં માતાપિતાનો નિવાસ હોય તે ખંડમાંથીજ મંગલ યાત્રા માટે પ્રયાણ કરવું, અને પ્રથમ પ્રવેશ પણ તેજ મંગલ ખંડમાં કરી, માતા પિતાને સ્મરીને પ્રણામ કરવા. અનંતર સર્વ કાર્યમાં પરોવાવું.

૩૦ મા શ્લોકમાં અન્તઃપુર પ્રવેશ. એકજ રાજભવનમાં ષોડ હજાર પત્નીઓના નિવાસગૃહો વિશ્વકર્માએ રચ્યાં છે, એક સરખા અને સર્વ ઋતુ કાલને અનુકૂલ છે.

અધ્યાય બારમો.

પરીક્ષિત જન્મ અને જાતક ધર્મ કથન.

બ્રહ્માસ્ત્રથી પરીક્ષિતના દેહનો દાહ થયા પછી ભગવાને પરીક્ષિતની રક્ષા કરી, એ કરતાં પ્રથમથીજ બચાવ્યા હોત તો? તેના સમાધાનમાં ૧૨ મા અધ્યાયની વિગત છે. પરીક્ષિતના લૌકિક દેહ બંધારણનું નિવારણ કરી ભગવાને સેવોપયોગી **નૂતન યોગ્ય દેહનું** પ્રદાન કર્યું છે. તેથીજ ભાગવતના શ્રોતા થવા માટે અધિકારી બન્યા. ભાગવતનો શ્રોતા કેવો જોઇએ?

सर्वलक्षणसम्पन्न : सर्वदोषविवर्जित :
बीजसंस्कारसहितः श्रोता भागवते मतः॥

સર્વ લક્ષણ સમ્પન્ન, સર્વ દોષ રહિત, બીજથી સંસ્કાર પામેલો પુરુષ શ્રોતા હોય, તો સર્વોત્તમ ભાગવત રસ પ્રકટ થાય.

उत्तराया हतो गर्भ ईशेनाजीवितः पुन :— અશ્વત્થામાએ બે વખત બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો હતો. એક વાર ગુપ્ત રીતે ભગવાને રક્ષા કરેલી અને બીજી વાર પ્રકટ રીતે. બીજી વખતે તો બળી ગયેલ બીજને પણ સજીવન કર્યું. તેના પરિણામે પરીક્ષિત શુદ્ધ બીજ જીવાત્મા થયા.

शौनक उवाच, સાતમા અધ્યાયથી એક ધારી ભગવાનની માધુર્યલીલાનું વર્ણન કરતા **સૂત મુનિ** રખેને શ્રીકૃષ્ણ માધુર્યલીલા રસમાંજ સમાધિમગ્ન ન થઇ જાય. તેમ થતાં પરીક્ષિત જન્મ આદિ પ્રસંગ રોકાઇ જાય. તેવું ન થવા પામે માટે **शौनक उवाच** આવ્યું અને શૌનક મુનિએ પ્રસંગ તાજો કર્યો.

मातुर्गर्भगतो वीरः , માતાજીના ગર્ભમાં રહેલા વીર પરીક્ષિત શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરતા હતા. ત્યાં શંકા થઈ કે ગર્ભમાં નિવાસ કરતા અજ્ઞાની અથવા બધ્ધ જીવને બ્રહ્મ દર્શન-ભગવદ્ દર્શન-કેવી રીતે ? ત્યાં સમાધાન કરવા માટેજ **मातुर्गर्भगत:** વાકયથી કથા આરંભી. **मातृगर्भगतः** એવું એક પદ ન કહેતાં જ્યારે સંબંધમાં ષષ્ઠી વિભકિત કરી અલગ પદ કર્યું; તેજ સૂચવે છે કે પરીક્ષિત અન્ય જીવોની માફક માતૃગર્ભમાં વાસનાથી બધ્ધ થઈ નથી રહ્યા; પણ પુષ્ટિ જીવ અથવા જ્ઞાની જીવ છે. માટે **તેજસ્વી તત્ત્વનાં** દર્શન કરી શકયા.

ततः सर्वगुणोदर्के सानुकूलग्रहोदये
जज्ञे वंशधरः पाण्डोर्भूयः पाण्डुरिवौजसा ॥१२॥

આ શ્લોકમાં ઉચ્ચ, મિત્રવર્ગી, સ્વવર્ગી ગ્રહોની અનુકૂલતામાં પરીક્ષિત રાજાનો જન્મ થયો; અને જાણે ફરીથીજ પાંડુરાજાને ભગવાને મોકલ્યા. જેમ ધૃતરાષ્ટ્ર ચક્ષુ વિનાના હોઈ રાજ્યસંચાલન માટે પાંડુ જન્મ્યા, તેમ પાંડવો તપો વનમાં જતા હોઈ રાષ્ટ્ર રક્ષા કરવા માટે પુનઃ પાંડુ જેવા ઓજસ્વી પરીક્ષિત આવ્યા.

ग्रहं होरा च द्रेष्काण सप्तांशक नवांशका:
द्वादशांशकत्रिंशांशौ "वर्ग" इत्युच्यते बुधैः॥

ગ્રહોનું મિત્રપણું. **रवीन्दु भौमगुरवो ज्ञशुक्र शनिराहव :**
स्वस्मिन् मित्राणि चत्वारि परस्मिन् शत्रवः स्मृता :॥

રાજા પ્રતાપશાલી હતા. જ્યારે એ જન્મ્યા ત્યારે ઉચ્ચ ગ્રહો સાર્થક થવા કેન્દ્રમાં મિત્રક્ષેત્રી થઈને આવ્યા.

રાજામાં આવશ્યક ગુણોનું કથન કરવા માટે જાતકના અવલંબને ગુણોનું નિરૂપણ કરે છે. (શ્લોક ૧૯ થી ૨૬).

૧ ઇક્ષ્વાકુ—સ્વયં પ્રજાનું પાલન કરનાર, રાજ્ય વહીવટ મંત્રીઓથીજ માત્ર ન ચલાવતાં જાતેજ ધ્યાન આપી, મંત્રીઓને આદેશ આપતા.
૨ રામચંદ્ર—સત્યપ્રતિજ્ઞ અને બ્રાહ્મણ ભકત.
૩ શિબિરાજા—ઉદાર, શરણાગત વત્સલ.
૪ ભરતરાજા—યશસ્વી. ૫ સહસ્રાર્જુન—અર્જુન-ધન્વી.
૬ અગ્નિ—તેજસ્વિતા. કોઇ તેનું ઉલ્લંઘન ન કરે તેવો પ્રતાપ.
૭ સમુદ્ર—ગંભીર. તેની યોગ્યતાનો કોઇ તાગ ન કાઢી શકે.
૮ સિંહ—પરાક્રમ. ૯ પૃથ્વી—ક્ષમા, સહનશીલ.
૧૦ હિમાલય—સર્વને જીવાડનાર, રોજી–આજીવિકાનાં સાધન પૂરાં પાડનાર.
૧૧ માતાપિતા—સંતાનોના અપરાધોને સહન કરનાર.
૧૨ બ્રહ્માજી—સમાન દૃષ્ટિ. ૧૩ શિવજી–અનુગ્રહ શીલ.
૧૪ લક્ષ્મીપતિ—આશ્રયદાતા. ૧૫ શ્રીકૃષ્ણ— સર્વ સદ્‌ગુણોના નિવાસસ્થાન.
૧૬ રન્તિદેવ—ઔદાર્ય. ૧૭ યયાતિ—ધર્મવૃતિ.
૧૮ બલિરાજા—ધૈર્ય. ૧૯ પ્રહ્‌લાદ—સત્યાગ્રહી.

આ ઓગણીસ ધર્મો સિવાય પણ સ્વતંત્ર ધર્મો અને ગુણો બતાવ્યા. યજ્ઞકર્તા, વૃદ્ધ સેવક, આદર્શ પુત્રપિતા, કલિનો નિગ્રહ કરનાર, અને અવળે માર્ગે જનારને સન્માર્ગે દોરનાર— એ ૭ ગુણો વધુ દર્શાવ્યા.

પ્રથમ સ્કંધે અધિકાર ઓગણીસ પ્રકારનો વર્ણવેલ હોવાથી ઓગણીસ ધર્મોનો અથવા ઓગણીસ ગુણોનો સંગ્રહ કરી, પરીક્ષિત રાજાને વર્ણવ્યા; અને તેમના જાતકના હિસાબે કે જેથી આવા ગુણો રાજા જન્મની સાથેજ લઈને આવ્યા, "કવિ અને ભકતો જન્મે છે."

અધ્યાય ૧૩મો (ત્રણ અધ્યાયનું મુક્તિ પ્રકરણ)

ત્રણ પૂર્વજો મુક્ત થયા હોય તેવા પુણ્ય પુરુષ મુક્તિના અધિકારી છે. પિતા, પિતામહ, પ્રપિતામહ, એ ત્રણ પૂર્વજો છે. યુદ્ધમાં સન્મુખ મરેલ હોવાથી **અભિમન્યુ પિતાની** મુક્તિ થઇ છે. અભિમન્યુ ચન્દ્રના અંશમાંથી જન્મેલા છે. **પાંડવો પિતામહ** છે. તેઓની મુક્તિ ભગવદ્ વિયોગ જન્ય વૈરાગ્ય અને ત્યાગથી બની છે. તે પ્રસંગ ૧૪, ૧૫, બે અધ્યાયોમાં છે. **પ્રપિતામહ ધૃતરાષ્ટ્ર**ની મુક્તિ પુત્ર–વિરહથી થયેલા વિષાદ અને **શ્રી વિદુરજી**ના સત્સંગ કૃપા પ્રસાદથી થઇ છે.

પ્રથમ બે શ્લોકમાં શ્રી વિદુરજીનું હસ્તિનાપુરમાં આગમન દર્શાવ્યું. ગંગાજીના કિનારે મૈત્રેય મહર્ષિથી આત્મજ્ઞાન સમ્પાદન કર્યું. ત્રીજા, ચોથા, સ્કંધની સર્ગ, વિસર્ગ લીલાના શ્રવણમાં પણ તેઓને સંતોષ, સમાધાન, આત્મજ્ઞાન, થયાં. આશ્રયલીલા સુધી શ્રવણની આવશ્યકતા ન રહી. કુષારૂ ગોત્રમાં જન્મેલ **મૈત્રેય** રૂષિ છે. તે સૂર્ય જેવા તેજસ્વી છે. વિદુરજી **ક્ષત્તા** એટલે અંત:પુરના અધ્યક્ષ છે, જેથી જિતેન્દ્રિય અને દક્ષ છે. "સહજમાં સમજે તે સુજાન," તેવી યોગ્યતા ધરાવે છે.

૩ થી ૧૩મા શ્લોક સુધીના અગિયાર શ્લોકોમાં વિદુરજી અને પાંડવોનું મિલન, સ્વાગત, સત્કાર, અને કૃતજ્ઞતા પ્રદર્શન પૂર્વક હૃદ્ગત ભાવનું નિરૂપણ છે. **तं बन्धुमागतं दृष्ट्वा** –તે બંધુ સ્વરૂપ વિદુરજીને આવેલા જોઇ પાંડવો સ્વાગત માટે ઉભા થયા. અનાસક્ત ત્યાગી વિદુરજીએ, આવતાં પૂર્વમાં, સૂચના નથી આપી, અને અણધાર્યાજ પધાર્યા. તેમને જોયા અને સ્વાગતે સર્વ સન્મુખ થયા.

सर्वेन्द्रिय प्रीति निमित्तं बध्यते योऽसौ बन्धु: જેની સાથે જોડાય, તેની સર્વ ઇન્દ્રિયોનું પ્રિય આચરવાજ બંધાય; નહિ કે લૌકિક હિત માટે કે હેતુ માટે. **સૂર્ય, સંત, ને ગાય, પિતા, માતા ને સુહૃદ એ છ બંધુઓ છે.** પોતાનું અંગતહિત તેઓને નથી, પણ પોતાના પ્રિય જનનું હિત તેમને છે.

अविभ्रदर्यमा दण्डं – વિદુરજી ધર્મરાજા છે. તેઓ પૃથ્વી ઉપર ન્યાયનું સ્થાપન કરવા અથવા આર્યાવર્તનો સર્વોત્કૃષ્ટ ન્યાય નિરખવા ભૂતલ ઉપર આવેલ છે. ધર્મનું સ્વરૂપ હોવાથી ધૃતરાષ્ટ્રને ઉપદેશ કરી શક્યા.

अत्यक्रामद् अविज्ञात:–પાંડવોનો રાજ્ય ઉપભોગ કાલ ૩૬ વર્ષનો વીત્યો, પરંતુ ક્ષણવાર ગાદી ઉપર બેઠા છે એવો, વૈભવોની વચમાં અનુભવ થયો. સંસારમાં અનાસક્તિ, અને શરીરમાં અનાસક્તિ બે પ્રકારે આવે. સત્સંગમાંથી મળેલા વિવેકથી; અગર સંસારના કટુ અનુભવોથી, ક્લેશો અને પાપોના પરિતાપથી. ધૃતરાષ્ટ્રને પ્રથમ રીતનો વિવેક સુલભ ન થયો. બીજા પ્રકારનો વિષાદ જન્ય વિવેક થયો, અને તે પણ શ્રી વિદુરજીના સત્સંગથી.

गतस्वार्थमिमं देहं विरक्तो मुक्तबन्धन:
अविज्ञातगतिर्जह्यात् स वै धीर उदाहृत: ॥२५॥

શરીરનું પ્રયોજન પરમાર્થ અને હિત સાધન, એ બેમાંથી કોઇ પણ ન રહે ત્યારે વૈરાગ્ય સિદ્ધિ માટે તેણે એકાન્ત વાસ કરવો, અને અજ્ઞાતવાસ કરવો. એજ જિવનનું ધૈર્ય છે.

શ્રી ગાંધારીજીને ત્રણ રીતે ઓળખાવ્યાં. **सुबलस्य पुत्री, पतिव्रता साध्वी.** સુબલનાં પુત્રી કહેવાથી ભક્તિમતી હતાં. પતિવ્રતા શબ્દથી ધર્મપરાયણ હતાં. પતિવ્રતા હોય તે સાધ્વી હોયજ; પરંતુ

સાધ્વી શબ્દનું તાત્પર્ય પતિના સ્વભાવને અનુસરનારાં એ બતાવવું છે. તેથીજ પતિવ્રતા સ્ત્રીનો પતિ જ્યારે ત્યાગ સ્વીકારે, ગૃહત્યાગ કરે, ત્યારે સ્ત્રી, પુત્ર, આદિમાં દેવતાઓ પ્રવેશ કરી, તેમના દ્વારા વિઘ્ન કરે. તેમ થવાનો સંભવ નથી, તે 'સાધ્વી' વિશેષણથી કહ્યું.

યુધિષ્ઠિર રાજાનો નિત્યક્રમ– પ્રાતઃ સંધ્યા, હોમ, દાન અને આર્યવંદન એ પ્રધાન કાર્ય જે વૃત્તિને સાત્વિક કરનારાં હતાં. એમાં તલનું દાન કરવાથી વિષ્ણુ પ્રસન્ન થાય છે. ગાયનું દાન કરવાથી મહાદેવજી પ્રસન્ન થાય છે. પૃથ્વીનું દાન કરવાથી બ્રહ્માજી પ્રસન્ન થાય છે.

યુધિષ્ઠિરજી નિત્ય ક્રિયાથી નિવૃત્ત થયા, અને કુન્તીજીને વંદના કરીને જ્યારે ધૃતરાષ્ટ્રજીને પ્રણામ કરવા આવ્યા, ત્યાં સંજયને મુર્છિત જોયા. બાદ સાવધ કરી પૂછવાથી કોઈપણ ઉત્તર ન મળ્યો, ત્યારે '**મહત્પુરુષની આપત્તિમાં ભગવાન સહાય કરવા આવે છે**", એ ન્યાયે શ્રી નારદજી આવ્યા, અને કાલ ધર્મનું નિરૂપણ કરી આશ્વાસન આપ્યું. એક વાત નારદજીએ સંકેત રૂપે નીચેના શ્લોકોમાં કહી.

तावद् यूयमवेक्षध्वं भवेद्यावदिहेश्वरः ૪૯ "તમે ત્યાં સુધી રાહ જુઓ, જ્યાં સુધી ભૂતલ ઉપર પ્રભુ બિરાજે." આ વાકયથી ભગવાન દ્વારકામાં વિદ્યમાન છે, એવો અર્થ થાય. પરંતુ નારદજીના મળતા પૂર્વમાંજ ભગવાને દ્વારકાનો ત્યાગ, યદુકુલનો ઉપસંહાર વિગેરે કરેલ છેજ. તો પણ પ્રભુ બિરાજે છે. એ કહેવાનું કારણ કે દુઃખી પાંડવોને વધુ દુઃખી ન કરવા. અથવા "ભગવાન બિરાજે છે," તેનો અર્થ તમને જ્યાં સુધી યદુકુલ ઉપસંહારની જાણ ન થાય, ત્યાં સુધી પ્રભુ બિરાજે છે, એવા ભાવથી પૃથ્વી ઉપર પાંડવો આશ્વાસનથી રહી જાય, દરમિયાન અર્જુનજી પણ આવી જાય અને

તેમના મુખથી ભગવદ્ વિયોગ સાંભળતાં વધુ વૈરાગ્ય સર્વ ભાઈઓને થાય. માટેજ સંકેત રૂપે તે વાકય વાપર્યું.

સપ્તશ્રોતસ્ તીર્થ.

સપ્ત ઋષિઓ તપ કરતા. તેમની પ્રત્યેકની સમીપમાંથી સાત પ્રવાહે ગંગાજી પસાર થયાં છે. માટે તે સ્થળ સપ્ત સ્રોતસ તીર્થથી પ્રસિધ્ધ છે. ગંગાજી જ્ઞાનનું સ્વરૂપ છે અને ત્યાં જ્ઞાનની સપ્ત ભુમિકાઓના સ્વરૂપે ગંગાજીના સપ્ત પ્રવાહ છે. મુખ ભાગમાં રહેલા સપ્ત ઇન્દ્રિય છિદ્રોના દેવતાઓ સ્વામી છે. તેઓજ ઋષિઓ છે. તે ગંગાજીથી પવિત્ર થાય છે.

स्रोतोभिः सप्तभिर्या वै स्वर्धुनी सप्तधा व्यधात् ।
सप्तानां प्रीतये नाना सप्तस्रोतः प्रचक्षते ॥५१॥

સ્વર્ધુની એટલે સ્વર્ગગંગા, એવો અર્થ થાય. એ એમ સૂચવે છે કે પૃથ્વીના અન્ય જલો, જલાશયજલોના મિશ્રણ વિનાના કેવલ વિશુદ્ધ ગંગાજી નદીનો પ્રવાહ વહે છે.

स वै अद्यतनाद् राजन् परतः पंचमेऽहनि (૫૬)

યુધિષ્ઠિરજીને 'રાજન્' સંબોધન કરે છે. રાજાને પરદેશની યાત્રા કરતાંજ પાંચ દિવસ લાગે, એવો સ્વભાવ હોય છે. અને મોભો હોય તેવું યાત્રામાં પણ લઈ જાય છે. "આપ ત્યાં જવાની તૈયારી કરશો, તે પહેલાં તો ધૃતરાષ્ટ્રે દેહ મૂકયો હશે; કારણ કે હસ્તિનાપુરમાંથી ગયા, ત્યારે તેમનું આયુષ્ય જવાના દિવસને બાદ કરીને પાંચજ દિવસનું છે," નારદજીએ કહ્યું.

हर्षशोकयुतस्तस्माद् गन्ता—વિદુરજી હર્ષ શોક સાથે વિદાય થયા. તેમાં ધૃતરાષ્ટ્રની આસકિત ભકિતમાં પરિણામ પામી, માટે હર્ષ, પરંતુ એક પોતાના બંધુથી વિયોગ થયો તેની વ્યથા પણ થઈ.

વિશ્વની સર્વ વ્યથા કરતાં સંયોગ-વિયોગ જન્ય સુખ દુઃખ સંવેદનનાં સ્પંદન જગતમાં વિચિત્ર છે.

અધ્યાય ૧૪મો. (પાંડવ મુક્તિ પ્રકરણ).

પાંડવોની મુક્તિમાં ભગવદ્ વિયોગ મુખ્ય બાબત છે. સાયુજ્ય મુક્તિ પાંડવોને મળશે. પરંતુ ભગવાન ભૂતલ બિરાજતે, તો પાંડવોને ભગવાનની સાથે સખ્ય હોવાથી વૈરાગ્ય થતેજ નહિ, અને રાજ્યાસક્તિ રહેતે. માનવને અસાધારણ વિયોગનો અસહ્ય ક્લેશ, અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ (મિથ્યાગ્રહ) પાંચ પ્રકારના ક્લેશોમાંથી છોડાવે છે.

ચૌદમા અધ્યાયમાં મૂલ-સ્વભાવગત ધર્મોના પરિવર્તનની અસરનું સ્વરૂપ વર્ણવે છે. જ્યારે મૂલ ધર્મો પરિવર્તન પામે છે, ત્યારે અસહ્ય વિપત્તિઓ, રાષ્ટ્રવિપ્લવ, વિશ્વક્રાન્તિ એવાં અનેક અનિષ્ટો સરજાય છે.

संप्रस्थिते द्वारकायां जिष्णौ बन्धुदिदृक्षया
ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥१॥

जिष्णु શબ્દ અર્જુનજી માટે વાપરેલ છે. જિતેન્દ્રિય મનુષ્ય દ્વારકામાં જાય તોજ શ્રી કૃષ્ણ દર્શન થાય. જીવન અને શરીર ક્ષેત્રમાં જિતેન્દ્રિય માત્ર આનંદ મેળવી શકે. જિતેન્દ્રિય પુરુષ જીવન ક્ષેત્રનાં અનિષ્ટો સામે જીવી શકે અને જીતી પણ શકે. અનિષ્ટ દર્શનમાં ઇષ્ટ સ્મરણ એજ સર્વોત્કૃષ્ટ સાધન છે, બચવાનો ઉપાય છે.

અહિતકર કાલની આગાહીઓ:—

"ઋતુ ધર્મોમાં ફેરફાર; પદાર્થના-પ્રાણીના સહજ સ્વભાવનું પરિવર્તન; ક્રોધ-લોભ મૂલક સર્વ ક્રિયાઓનું આચરણ; આપત્તિ વિના પણ અનુચિત, અપમાન જનક, કપટમૂલક આજિવિકા (આજિવિકા શુધ્ધિ એ સર્વોત્કૃષ્ટ રાજ્ય-વહીવટની સિધ્ધિ); બુધ્ધિની વ્યવહારોમાં કુટિલતા; સ્નેહમાં, મૈત્રીમાં શઠતા પૂર્વકનો સંબંધ; આન્તર કલહ"- આ સર્વે દુ:ખકારક કાલની આગાહીઓ છે.

શુકન-અપશુકન:-

શુકન એ એક કલ્પના નથી; પરંતુ **ભાવિનું પૂર્વકથન, આગળનું માર્ગદર્શન, ક્રિયામાં પ્રવૃત્તિ કે નિવૃત્તિનું સૂચન છે.** પુરૂષનાં દક્ષિણ અંગોનું સ્ફુરણ. સ્ત્રીઓનાં વામ અંગોનું સ્ફુરણ હિતપ્રદ-મંગલ સૂચક છે; અને તેથી ઉલટાં સ્ફુરણ અનિષ્ટ સૂચક છે. અનિષ્ટ શુકનો જોતાં, શક્ય હોય તો વિદેશ ગમન, અગર કાર્યારંભ ન કરવો. અનિવાર્ય હોય તો ભગવન્નામ જાપ કરી કરવો.

સામવેદમાં શુકન વિચાર-**देवतायतनानि कम्पन्ते देवता प्रतिमा हसन्ति रुदन्ति स्फुरन्ति खिद्यन्ति उन्मीलन्ति, प्रतियान्ति,** ૨૬ મા બ્રાહ્મણમાં અદ્દભુત શાંતિ પ્રકરણમાં શુકન વિચાર અને શાંતિ પ્રકાર વર્ણવ્યો છે.

"**इदं विष्णुर्विचक्रमे**" મંત્રથી વિષ્ણુનું પૂજન કરી, ચરૂસ્થાલી તૈયાર કરીને "**विष्णवे स्वाहा, सर्वभूताधिपतये स्वाहा, चक्रपाणये स्वाहा, सर्वपापशमनाय स्वाहा**" એ મંત્ર વ્યાહૃતિથી હોમ આપવો.

શુકન જોવાનાં સ્થળ:-આકાશ, શરીર અને પૃથ્વી એ ત્રણ મુખ્ય છે. શુકનોનું સામર્થ્ય બુદ્ધિને મોહ પેદા કરવામાં છે. એ ખૂબજ ખતરનાક છે.

उर्वक्षिबाहवो वामाः स्फुरन्ति- એ અગિયારમા શ્લોકમાં આધ્યાત્મિક અપશુકન કહ્યા. વ્યાકરણની દૃષ્ટિએ **उर्वक्षिबाहवः** એ બહુવચન ન થતાં **એકવચન** થાય, તો પણ બહુવચનના પ્રયોગનો અભિપ્રાય, જુદા જુદા સ્વભાવવાળા અનેક પ્રકારના અનિષ્ટોનાં સૂચન કરવાનો છે. જે જે અંગો ફરકે તે તે અંગોનું અભીષ્ટ

ફલ નષ્ટ થાય જો અનિષ્ટ શુકન હોય; અને જો શુભ શુકન હોય તો મંગલ ફળ મળે. એકાદ વાર અંગ ફરકે તો ખાસ હાનિ નહિ.

૧. ઉગતા સૂર્ય સામે શિયાળનું રૂદન અગ્નિથી, તાપથી, દુકાળથી ભય સચવે છે.

૨. શ્વાનનું સન્મુખ આવીને ભસવું-શત્રુથી પરાજય અને કાર્યમાં વિરોધ થાય. સ્વાભાવિક રીતે શ્વાન ભસવાની ટેવ વાળો હોયછે, પરંતુ સમીપમાં આવતાંજ ભય પામી ચાલ્યો જાય, તેને બદલે ચાહીને સામો આવે એ અનિષ્ટ સૂચક છે.

૩. મંગલ દર્શન પશુઓનું ડાબી બાજૂથી જવું અનિષ્ટ સૂચન છે.

૪. અમંગલ દર્શન પશુઓનું દક્ષિણ તરફ જવું અનિષ્ટ દર્શક છે.

૫. ચાલતાં વાહનોમાંનો કરૂણ નીકળતો અવાજ અશુભ સંદેશ આપે છે.

૬. દક્ષિણ દિશાએથી આવતો અને શબ્દ કરતો હોલો મૃત્યુનું નિમંત્રણ રૂપે છે. પોતાના અથવા પ્રિયજનના મૃત્યુને સૂચવે છે.

૭. ઘૂવડ કાગડાનું સાથે બોલવું અનિષ્ટ છે.

૮. એક ઘૂવડ સામે બીજો ઘૂવડ સતત બોલે તો ખરાબ ફલ માત્ર પંદર દિવસોમાંજ મળે છે.

૯. દિશાઓમાં ધૂમસ ફેલાવો, પર્વતોમાં કંપ થવો, ખાલી મેઘોમાં વીજળીના કડાકા, વેગીલો વાયુ, રૂધિર વર્ષા, નિસ્તેજ સૂર્ય, ગ્રહોનો સંમર્દ (પરસ્પર કલહ), નદીઓના જલમાં ખળભળાટ, મનમાં વિહ્વલતા, આજ્યાહુતિથી અગ્નિ પ્રાકટ્યની જગાએ અગ્નિનું બુઝાવું-એ સર્વ અનિષ્ટ ફલ દેનારાં છે.

૧૦. વાછરડાઓનું ન ધાવવું, ગાયોએ ન સ્તનપાન કરાવવું, આંખમાં લાલાશ અને લાલ બિંદુઓનું આંખમાંથી સરવું, પ્રતિમાઓનું નિસ્તેજપણું, અને રૂદન આ સર્વે રાષ્ટ્ર વ્યાપક અશુભનાં ચિહ્નો છે.

યાદવનાં કુલ છ પ્રકારનાં:— મધુ, ભોજ, દશાર્હ, અર્હ, સાત્વત અને અંધક એ છ પ્રકારનાં છે. (શ્લોક ૨૫)

દ્વારકામાંથી અર્જુનનું આગમન શ્લોક ૨૫થી ૩૮ સુધી વર્ણવ્યું. શ્લોક ૩૯થી અર્જુનના મુખની નિસ્તેજ અવસ્થાના પ્રશ્નો.

તેજો હાનિ થવાનાં કારણો:—

૧. આરોગ્ય નાશ પામતાં મુખ તેજ ઉતરી જાય, જે પુનઃ પ્રાપ્ત થઈ શકે છે.

૨. એક સ્થળે અતિથિ તરીકે વધુ વસવાટે તેજો નાશ થાય.

૩. પાપાચારથી કાન્તિ ક્ષય પામે.

૪. અવજ્ઞા પ્રાપ્ત થવાથી તેજો હાનિ થાય.

૫. સ્નેહી જન પાસેથી શુષ્ક શબ્દોના શ્રવણે શોક પેદા થઇ તેજો નાશ કરે.

૬. યાચકને ન આપવાથી પુણ્યક્ષય થતાં મુખકાન્તિ ઉતરી જાય.

૭. વચનભંગથી તેજ ચાલ્યું જાય.

૮. આશાનો ઉચ્છેદ કરવાથી અને થવાથી પણ તેજ નાશ પામે.

૯. બ્રાહ્મણનું અપમાન કરવાથી પુણ્ય ક્ષય થતાં તેજો હાનિ થાય.

૧૦. બ્રાહ્મણ, બાલક, ગાય, રોગી, સ્ત્રીનો અનાદર અને આશ્રય ન આપવાથી પણ પુણ્ય ક્ષય થાય, અને તેજ ચાલ્યું જાય.

૧૧. પર સ્ત્રી પુરુષનો સમ્પર્ક તેજો નાશ કરે.

૧૨. સ્વદારા ત્યાગથી પુણ્ય હાનિ ને નિસ્તેજ થવાય.

૧૩. દિવસે સંસાર ઉપભોગથી આરોગ્ય-તેજ-લક્ષ્મી નાશ.

૧૪. શત્રુથી પરાજય પામવામાં પણ તેજો નાશ સંભવે છે.

૧૫. **अपि स्विद् पर्यभुङ्क्थास्त्वं संभोज्यान् वृद्धबालकान्** સારી રીતે ભોજન કરાવવા યોગ્ય વૃદ્ધથી બાલક પર્યન્ત કોઇને મૂકીને ભોજન કરવાથી પુણ્ય-ધર્મ ક્ષય અને મુખ કાન્તિ નાશ પામે. **संभोज्या** એવો શબ્દ લેતાં 'સ્ત્રી' એવો પણ અર્થ થાય.

૧૬. નિન્દિત કર્મ કરવાથી તેજ નાશ થાય.

૧૭. અત્યન્ત પ્રિય, હૃદયેશ, આત્મબન્ધુ અને જીવનપ્રેરક સ્વજનના વિયોગમાં પણ તેજો નાશ થાય.

અધ્યાય ૧૫ મો.

પ્રેમ-ઉપકાર-જ્ઞાનની ત્રિપથગા.

ત્રણ પૂર્વજોની મુક્તિને ચર્ચતા ત્રણ અધ્યાય ૧૩, ૧૪, ૧૫ પૈકીમાંનો ત્રીજો અધ્યાય. પંદરમા અધ્યાયમાં પાંડવોનું કથન, અને મુક્તિમાં કારણભૂત ભગવદ્ વિરહનું નિરૂપણ છે.

ઉત્કૃષ્ટ સંબંધો પ્રેમ, ઉપકાર સ્મરણ અને સ્વરૂપમાં પરિણમે છે, ત્યારે લાગે છે. બ્રહ્મચિંતકની ભૂમિકાનો લાભ દિવ્ય સંયોગોથી સુખદ રીતે સરે છે.

एवं कृष्णसखः कृष्णः—અર્જુનનું નામ કૃષ્ણ આપ્યું. ભગવદ્ વિરહથી ભગવત્ ચિંતન કરતાં ભગવદ્ ધર્મો અર્જુનમાં પ્રવેશ્યા અને ધર્મી ભગવાન અર્જુનમાં ધર્મદ્વારા આવ્યા અને યુધિષ્ઠરજીને ગીતાનો ઉપદેશ આપી મુક્તિ માટે ભૂમિકા સિદ્ધ કરી આપી. તે દર્શાવવા માટે અર્જુનને **कृष्ण** શબ્દથી કહ્યા.

सख्यं मैत्रीं सौहृदं च सारथ्यादिषु संस्मरन्—સખ્ય, મૈત્રી અને સૌહાર્દ એ ત્રણ ઉત્તમ સંબંધમાં અવશ્ય હોય છે. "સ્વભાવ-વ્યસન" પરસ્પરનાં સમાન હોય ત્યાં સખ્ય. અર્જુન કૃષ્ણમાં "સંયમ-વીર્ય" સરખાં હતાં. ભગવાન વ્યસન-દુ:ખથી પર છે, પરંતુ જન્મ સાથેજ દુ:ખો આવ્યાં છે, **जातोगतः** એ વાકયમાં નકકી કર્યું. **મૈત્રી**–ગુહ્ય બાબતો ગુપ્ત રાખવી અને ગુણ ગાવા, આપત્તિમાં ત્યાગ ન કરવો એ મૈત્રી છે. **સોહાર્દ**, ઉપકારની આશા વિના નિત્ય સહકાર કરવો અને સંભાળ લેવી એ સોહાર્દ છે.

वञ्चितोऽहं महाराज हरिणा बन्धुरूपिणा
येन मेऽपहृतं तेजो देव विस्मापनं महत् ॥ ५ ॥

ભગવાને મને ઠગ્યો. મારૂં દેવોને નવાઇ પમાડતું તેજ હરી લીધું. હરિ નામ તેજ હરણ કરી સાર્થક કર્યું, જીવના જીવનના ઓજાને, દુઃખને, દુર્વ્યવહારને હરે તે હરિ, એ ન્યાયે તેજનું હરણ ન કરતે તો અભિમાન રહેતે અને દૈન્ય ન આવતે. માટે યોગ્યજ કર્યું.

મૈત્રીથી મીઠી સુધા વસુધામાં નથી. શ્રી કૃષ્ણે અર્જુનને સૂચવેલ કે "યદુકુલ તિરોધાન પછીના કાલમાં હું એકાન્ત સ્થલમાં તૃષાર્ત હોઈ જલ-તલસ સેવતો હોઈશ; પણ તરસ છીપવવા તારે ન આવવું. આવશે તો તે જલ સાથે તારૂં તેજ હું લઈ લઈશ." અર્જુને કહ્યું, "ભલે, કૃષ્ણ."

મિત્ર-વિપત્તિમાં માનવની રીસ, મૌન ને સિદ્ધાન્ત પણ શિથિલ થઇ કેવલ મૈત્રીના નૈસર્ગિક ત્યાગ નિષ્ઠા, સહકાર સંસ્કાર જાગીજ ઉઠે. અર્જુને શ્રી કૃષ્ણને તૃષાર્ત, સુકાતા કંઠવાળા જોયા. પ્રભુએ તેને રોકયો, પણ ન સાંભળ્યું અને પ્રભુને જલપાન કરાવ્યું. સાથે સાથેજ અર્જુનનું તેજ તેમાં ચાલ્યું ગયું. મિત્ર-ધર્મ સફળ થયો. જીવન સમર્પણ કરતાં ઓજસ સમર્પણ, સિદ્ધાન્ત સમર્પણ, ગૌરવ સમર્પણ એ અમૂલ્ય છે.

શ્લોક ૭ થી ૨૦ સુધીના ચૌદ શ્લોકથી ચૌદ લોકના અધિપતિ શ્રી કૃષ્ણ વિરહનો શોક અભિવ્યકત કરે છે, જે પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, અંતઃકરણ ચતુષ્ટય મળીને ચૌદ સ્થાનો વ્યથા સ્વરૂપે છે, અથવા ચતુર્દશ લોકની વ્યથા સ્વરૂપે છે.

મત્સ્યવેધ અને દ્રૌપદી પ્રાપ્તિ (શ્લોક ૭) એ સત્વ ગુણમાં રજોગુણનું મિશ્રણ છે. મત્સ્યવેધ અતિ-ઇન્દ્રિય જ્ઞાન હતું. જો

સ્પષ્ટ મત્સ્ય દેખાય તો કોઇ પણ વીર તેનો વેધ કરી શકે, પરંતુ ન દેખાતા મત્સ્યમાં તો ભગવાન જ્ઞાન આપે તો જ સંભવે. **મત્સ્યવેદ ચિત્તની એકાગ્રતા છે.** ભોગ – ત્યાગના એક પણ પલ્લામાં ઢળી જવાને બદલે યોગની સમત્વ વેદી ઉપર ઉભા રહી જીવવાનું છે, અને અનેક પ્રકારની વિષમ પરિસ્થિતિઓ સામે જીવવા અને જીતવા દ્રૌપદીની એટલે શ્રદ્ધા, દયા, ક્ષમા, દક્ષતા, દૃઢતાની આવશ્યકતા છે, જેની પ્રેરણાથી સફળ થવાય છે. માટેજ પ્રથમ પ્રભુએ શ્રદ્ધારૂપ દ્રૌપદી અપાવ્યાં.

ખાંડવ વન (શ્લોક ૮) વનસ્પતિઓથી ભરપૂર છે. ઇન્દ્રનો એના ઉપર કબજો હતો. અગ્નિદેવ તેની ઔષધિઓ બનાવી વિશ્વની સેવામાં વાપરવા ચાહતા. અર્જુને તે અગ્નિને અપાવી, પરંતુ પ્રભુના સંકેતથી.

स्पृष्ट विकीर्य पदयो : पतिताश्रुमुरव्या : (શ્લોક ૧૦) સજ્જનના સૌન્દર્ય અને ગુણની પ્રશંસા એ બે વસ્તુઓ ખલને અસૂયા પેદા કરાવે. દ્રૌપદીના કેશ ખૂબજ સુંદર હતા. રાજસૂય યાગમાં અવભૃથ સ્નાન તેમજ પુણ્યાહવાચન પછીના અમૃતાભિષેકમાં તે કેશોની ઘણી પ્રશંસા થઈ. કામીઓની તેના સ્પર્શની દાનત થઇ, અને તેનો સ્પર્શ કર્યો. ત્યારે દ્રૌપદીએ ધરણી ઉપર મસ્તક મૂકીને આક્રંદ કર્યું. ત્યારે પ્રભુ ત્યાં પ્રકટેલા હતા, અને પવિત્ર પ્રભુના ચરણ રજોથી કેશ પવિત્ર થયા. ભગવાને ધરણી ઉપર સ્પર્શ થતા, ધૂળમાં રગદોળાતા, વાળ જોતાં કલેશ અનુભવ્યો; અને તે પાપ કર્મમાં ભાગીદાર થનાર બધાઓનો વધ કરી તેમની સ્ત્રીઓના કેશનો ધૂળને સ્પર્શ કરાવી પ્રભુએ પાપીઓને પ્રાયશ્ચિત આપ્યું.

शाकान्नमुष्टिमुपभुज्य—(શ્લોક ૧૧)—દ્રૌપદીજી ભોજન કરતાં તે પૂર્વમાં એક ગ્રાસ પ્રભુને માટે અલગ રાખી મૂકતાં,

ભીમસેન ઉપહાસ કરતા કે "દ્રૌપદી, આ ગ્રાસ કોને માટે?" ત્યારે કહેતાં, "શ્રી કૃષ્ણ પ્રભુને માટે." ભીમસેન કહે, "એમ તે શ્રી કૃષ્ણ આરોગવા આવવાના છે?" ભગવાને દ્રૌપદીની ભક્તિ સિદ્ધ કરવા આવીને તે ભોજન સ્થાલીનો એક ગ્રાસ આરોગ્યો. પરંતુ ભકતના ઉપહાસના ફલને આપવા માટે દુર્વાસાને દશ હજાર શિષ્યો સાથે અતિથિ તરીકે મોકલી ઉપહાસનું ફળ આપ્યું, અને ભકિતનું પણ રાખ્યું. અગર એક ભાઈ તરીકે બહેનની ક્ષીણ દશામાં તેની બંધુત્વ પ્રચુર, મધુર ફરજ અદા કરી.

अयुताग्रभुग् य:—દુર્વાસા ક્ષુધાર્ત કે ભૂખાળ ન હતા, પરંતુ દયાળ હતા. પોતે ભોજન કરે તે પહેલાં દશ હજાર બ્રાહ્મણોને ભોજન કરાવીને જ જમતા હતા.

यत्तेजसाऽथ भगवान् खलु शूलपाणि: विस्मापित:-(શ્લોક૧૨) ઇન્દ્રકીલ પર્વતમાં મહર્ષિ વ્યાસજીની આજ્ઞાથી અર્જુનજીએ તપ આરંભ્યું. **પાશુપત** અસ્ત્ર માટે અર્જુનની પરીક્ષા કરી. શિવજી એક ભિલ્લરાજના સ્વરૂપમાં આવ્યા. એકજ લક્ષ્ય ઉપર એક સરખાં બે બાણો અર્જુન અને ભીલ્લરાજના છૂટયાં. એક જંગલમાં ચાલ્યો ગયો; એકે લક્ષ્ય સિદ્ધ કર્યું. તે કૃતજ્ઞ બાણને લેવા માટે અર્જુન આવ્યા. શિવજીનો સેવક પણ આવ્યો. બન્નેની વચમાં વાગ્વિગ્રહ થયો; અને તેમાંથી અર્જુન-શંકરનું પરસ્પર યુદ્ધ આરંભાયું. અક્ષય તૂણીર (ભાથા)માંથી અર્જુનનાં બાણ ખૂટયાં, ત્યારે અર્જુનને આશ્ચર્ય થયું; અને તેણે વાલુકાના શિવબાણનું નિર્માણ કરી તેનાં પૂજન કર્યાં ને શિવબાણ ઉપર પુષ્પ ચઢાવ્યું. બીજીજ ક્ષણમાં તે પુષ્પને ગુહરાજના શિર ઉપર જોતાં, "સાક્ષાત્ ત્રિલોચન શંકર છે," સમજીને શરણે ગયા. પ્રસન્ન થયેલા શિવે પાશુપત અસ્ત્ર યોગ્ય સમજી અસુરોના વિનાશ માટે અર્જુનને આપ્યું. તે કેવલ કૃષ્ણ કૃપાનુંજ બલને!

प्राप्तो महेन्द्रभवने महदासनार्धम्—માતલિ સારથિ અર્જુનને સ્વર્ગમાં લઇ ગયા ઇન્દ્રના આમંત્રણથી. ત્યાં પાંચ વર્ષ રહ્યા. ત્યાં ઇન્દ્રના કરતાં પણ વધુ પડતો ભાગ સિંહાસનનો અર્જુનને સન્માનની નજરે ઇન્દ્રે બેસવા માટે આપ્યો. તે કેવલ શ્રીકૃષ્ણના અનુગ્રહને લીધેજ ને!

तत्रैव मे विहरतो भुजदण्डयुग्मं - सेन्द्राः श्रिता:— બે હાથવાળા ગાંડીવ ધનુષ્યને ધારણ કરતા અર્જુનને ચાર ભુજાવાળા ઇન્દ્રાદિ દેવો આશ્રય રૂપે સ્વીકારે તે કેવલ ભકતનો મહિમા વધારવા માટેજ સંભવે. જો પ્રભુની કૃપા ન હોય તો આ કાર્ય શી રીતે બને?

आजमीढ - અજમીઢ રાજા ત્રણ પૂર્વજો સાથે તર્યા; તે પ્રકારે મહારાજ યુધિષ્ઠિર, આપ પણ ત્રણ પુરુષ સાથે તરવાના છો એમ સૂચવ્યું.

एको रथेन ततरे રથથી રણસાગર તર્યો. વહાણથી તર્યો એમ ન કહેવાય, પાર ઉતર્યો મનાય. હાથથી તરી ગયો એવું બોલાય. પરંતુ સર્વથા અશકય કાર્ય પ્રભુ કૃપાએ સુશકય બનેછે. **अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरि:** એ ન્યાયે કહ્યો.

आयुर्मनांसि च दृशा सह ओज आर्च्छत्-आयु: આયુષ્ય, **मनांसि** મન, **ओज** ઉત્સાહ શકિત **च विवेक धैर्यादि** વિવેક, ધૈર્ય વિગેરે, **सह दृशा** દૃષ્ટિની સાથેજ હરી લીધાં. આયુષ્ય લઈ લેતાં મુખકાંતિ નાશ પામે, મન લઇ લેતાં યુદ્ધ સ્થૈર્ય નાશ પામે; ઉત્સાહ શકિત જતાં સર્વનાશ થાય.

શ્રીમદ્ ભાગવતમાં ત્રણ હરિદાસ:- ઉદ્ધવ, યુધિષ્ઠિર અને પ્રહ્લાદજી. ગિરિરાજ હરિદાસ વર્ય.

अस्त्राण्यमोघमहिमानि निरूपितानि
नो पास्पृशन्नृ हरिदासमिवाऽऽसुराणि ॥ १६ ॥

અસુરોએ યોજેલાં અસ્ત્રો હરિદાસ (પ્રહ્લાદ)જીને સ્પર્શ ન કરી શક્યાં. **नोपस्पृशुः** પાઠ કરતાં **नो पास्पृशन्** પાઠ સારો છે.

सरिद् वनगिरिद्रोणीर्वीक्षन् कुसुमितान् द्रुमान् ।
कृष्णं संस्मारयन् रेमे हरिदासो व्रजौकसाम् ॥ १०-४७-५६

हरिदासस्य राजर्षे राजसूय महोदयम् ।
नैवातृप्यन् प्रशंसन्तः पिबन् मर्त्योऽमृतं यथा ॥ १०-७५-२७

हन्तायमद्रिरबला हरिदासवर्यो
यद् रामकृष्ण चरणस्पर्श प्रमोदः
मानं तनोति सहगोगणयोस्तयोर्यत्
पानीयसूयवसकन्दरकन्दमूलैः ॥ १०-२१-१८

અર્જુનજીનું કહેવું છે કે પ્રહ્લાદ, યુધિષ્ઠિર, ઉદ્ધવજી, એ તો હરિદાસ, અને ગિરિરાજ હરિદાસ શિરોમણિ છે, એટલે સ્વયં યોગ્ય છે. જ્યારે મારામાં તો કોઇ યોગ્યતા ન હતી. પરંતુ ભગવાને પોતાના હાથની નીચે રાખી મારી રક્ષા કરી કૃપાથી યોગ્યતા આપી.

નિજ પરિતાપ એજ નિજનાથ કૃપા પ્રાપ્તિનું તપ છે, અને નિજ દોષ દર્શનનું દર્શન-શાસ્ત્ર છે. **सोऽत्यैवृतः कुमतिनाऽऽत्मद ईश्वरो मे**—સત્પુરુષોને મોક્ષ આપનાર, ભગવાન પાસે મેં સારથિનું કામ કરાવ્યું ! એ અર્જુનનો પરિતાપ, અર્જુનની ભાવશુદ્ધિનું માનસ સરોવર છે. **સાચા અન્તઃકરણના પરિતાપમાં ચિત્તશુદ્ધિ શીઘ્ર થાય છે.** પરંતુ તે ઉપચાર પુરતો શબ્દોચ્ચાર ન જોઇએ.

સંબોધન એ સ્નેહમાર્ગનું અમૂલ્ય ધન છે, નિર્ધનનું જીવન છે, નિરાવલંબનું અવલંબન છે, અને સમસ્ત હાર્દ કથાનું એકજ શબ્દમાં મૂક પ્રવચન છે, સંગુપ્ત મનઃ સંદેશ છે, સુજ્ઞ પુરુષનો ઇષ્ટ અને શિષ્ટ ઉપદેશ છે, ભાવ સિંધુને સમાવતું સુપેય બિંદુ છે, હૃદય તારંગ તરંગોને ઉર્મિલ બનાવતો ઇન્દુ છે.

हे पार्थ । **क्लैब्यं मा स्मगमः पार्थ ।**
पश्य मे पार्थ रुपाणि

પાર્થ શબ્દથી જડતા દૂર કરે છે, ચૈતન્ય, શૌર્ય ભરે છે.

हे अर्जुन । **बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।**
અર્જુન શબ્દથી કોઇ વખત ક્રિયાશૂન્ય અને ચિત્તશૂન્યતાનું નિવારણ કરે છે.

हे सखे । સખા સંબોધનથી-પ્રભુત્વભાવ પ્રભુમાં આવી જાય એટલે અર્જુનને પ્રભુ મોટા લાગે, પૂજ્ય ભાવે જૂએ, ને પ્રેમભાવ ગૌણ થાય તે નિવારવા અને સમાનભાવ જાગૃત કરવા **સખે** કહેતા.
इष्टोऽस्मि मे सखा चेति —

कुरुनन्दन । કુલ ધર્મોચિત કાર્ય કરવાની પ્રેરણા માટે યોજતા.

સહિષ્ણુતા—सख्युः सखेव पितृवत् तनयस्य सर्वं सेहे महान महितया कुमतेरघं मे ।

સ્નેહ ભરી મંજૂષા એટલે સહિષ્ણુતા. તેના ત્રણ ખજાના—સખા, પિતા અને પ્રિયતમ પ્રભુ. એ ત્રણ ક્રમોત્તર ઉત્તમ છે, એવું નથી. પરંતુ તેના ત્રણ વિભાગજ છે. એકમાં પણ તે ત્રણ ધર્મોનો સમાવેશ થાય છે. ત્રણ સંબંધ એક વ્યક્તિમાં ન થઇ શકે, પણ સંબંધમાં સહિષ્ણુતા ત્રણે પ્રકારે એક વ્યક્તિમાં આવી શકે. સખાની સહિષ્ણુતા સ્નેહપૂર્વકની હોય છે. સખાના દોષોને ન જોવાની, અને પોતાનાજ દોષોને તપાસવાની, તેમજ

પોતાના ધર્મોને વિચારીનેજ સામી વ્યકિતમાં તેટલીજ અપેક્ષા રાખવાની હોય છે. કવચિત રોષની નજર સખામાં આવે, જ્યારે તે પરિમિત કાલ "રીસ"ના રૂપમાં રહી જાય, અને બીજીજ પળે તે ઉતરી જાય અને સ્વયં સખાને મનાવવા માટે જાય. "આપે આપની કક્ષાનો હું ન હોવા છતાં સમાન ગણી સખા તરીકે મારા અપરાધો સહ્યા." પિતાની સહિષ્ણુતા વાત્સલ્યપૂર્ણ હોય છે. કવચિત મિત્ર રીસાઈ જાય, પરંતુ પિતા રીસાયેલ પણ પુત્રને મનાવા જાય; ઉપાલંભ આપે, તો પણ વાત્સલ્ય તો નજ ચૂકે. પુત્ર સેવા ન કરે, તો પણ પિતા ઉપેક્ષા ન કરે. માટે અર્જુને કહ્યું કે, "મેં અનેક પ્રકારનાં ઉપાલંભ પાત્ર કાર્યો આદર્યાં, પણ આપે તે સર્વ અપરાધોને સહીને માફ કર્યાં".

પ્રિયતમની સહિષ્ણુતા–પ્રભુથી અધિક પ્રિયતમ કોણ હોઇ શકે? કારણ પ્રભુની–ભગવાનની–સહિષ્ણુતા વિવેકપૂર્ણ હોય છે. જીવ અપરાધ કરવા યોગ્યજ છે. એવી સમજ ભગવાનને હોય છે, તેથીજ આપે ભગવદ્ સુલભ સહિષ્ણુતાએ સહન કર્યું.

महामहितया सेहे—માત્ર મનની મોટાઇથી, ઉદારતાથી સહન કરે, એ સહિષ્ણુતા. સ્તુતિથી કે ભેટ આપીને અપરાધોની માફી મેળવાય, તો તેમાં સહિષ્ણુનું ઔદાર્ય શું?

सोऽहं नृपेन्द्र रहितः पुरुषोत्तमेन—અર્જુન ભગવદ્ વિયોગમાં આર્દ્રભાવ વ્યકત કરે છે.

सख्या प्रियेण सुहृदा हृदयेन शून्यः

पुरुषोत्तमेन रहितः—હું પુરુષોત્તમ શ્રી કૃષ્ણ વિનાનો બન્યો છું. એ કથનમાં સંતોષ ન થયો. પુરુષોત્તમ અને પુરુષની વચમાં સામ્ય નહિ એટલે વિયોગ વ્યથાકારક તેટલો ન બને, જેટલો સમકક્ષ, સમશીલ, સમસ્વભાવનો વિયોગ વ્યથા કરે. જેથી **सख्या**, "સખાથી વંચિત છું," કહ્યું. તેમાં પણ અસંતોષ રહ્યો, જેથી **प्रियेण** શબ્દ કહ્યો. "મારે માટે ક્ષુદ્ર–હીણું કામ કરતાં પણ સંકોચ નથી કર્યો એવા **પુરુષોત્તમ પ્રિય સખાથી વંચિત છું**." આ સર્વ શબ્દ વ્યવહારમાં વિવેક આવતાં આખરે કહ્યું **सुहृदा शून्यः** ઉપકાર પરાયણ સુહૃદથી વંચિત થયો. ત્યારે પણ લાગ્યું કે સુહૃદ–એ તો અન્ય વ્યકિત થઇ ને! તેટલો પણ ભેદ સહ્ય ન લાગ્યો. છેલ્લે કહ્યું, **हृदयेन शून्यः** હું હૃદય વિનાનો બન્યો છું.

જીવનમાંથી સર્વ વસ્તુઓની બાદબાકી થાય, પણ એક હૃદય બાકી રહે, તોજ આબાદીના બાગમાં જીવન જેવું ભાસે; બાકી તો હૃદયશૂન્યનું સર્વ શૂન્ય છે.

सर्वं क्षणेन तद् अभूत् असद् ईशरिक्तम्– ઇશ્વરના અસ્તિત્વ વિનાનાં સર્વ શ્રેષ્ઠ સાધનો પણ અસદ્–અકિંચિત્કર–સામર્થ્યહીન છે.

पृथाऽप्यनुश्रुत्य धनञ्-जयोदितं नाशं यदूनां भगवद्गतिं च ताम् (શ્લોક ૩૩)– પૃથા પણ ધનજંયના મુખેથી યદુકુલ ક્ષય અને ભગવદ્–તિરોધાન લીલાનું શ્રવણ કરી એકાન્ત ભક્તિના આશ્રયે સંસારથી વિરામ પામ્યાં. ત્યાં મહાનુભાવોનું માનવું છે કે શ્રી નારદજીના મુખેથી પાંડવોએ યદુકુલ ક્ષય નથી સાંભળ્યો; પરંતુ કુન્તીજીએ વાત જાણેલી અને અર્જૂનજી આવે તે પૂર્વમાંજ હિમાલયમાં જઇ દેહનો ત્યાગ કર્યો. એ અર્થના સ્વીકારમાં ઉપરના શ્લોકમાં વર્ણવેલી બાબતનો વિરોધ આવે છે. **धनञ्जयोदितं** ધનંજયના મુખેથી ભગવત્પ્રયાણ સાંભળી દેહ ત્યાગ કર્યો. ત્યાં ધનંજયનો અર્થ કરવો–**धं धैर्यं नयति नाशयतीति धनम् अविवेकः** ધૈર્યનો નાશ કરે તેવો ગુણ જેનો છે, એવું જે ધન એટલે અવિવેક, અને તેવા અવિવેકને **जयति** જે જીતે તે ધનંજય નારદજી. અવિવેકનો નાશ કરનાર નારદજીના મુખેથી ભગવત્પ્રયાણ સાંભળી વૈરાગ્ય થતાં હિમાલયમાં ગયાં.

धं धैर्यं नयति प्रापयति इति धनम्- ધૈર્યને મેળવી આપનારૂં ધન એટલેજ વિવેક. તેવા **धनेन** વિવેક રૂપી ધનથી **जयति** ઉત્કર્ષ પામીને રહે એ ધનંજય-નારદજી છે.

ધનંજય શબ્દનો યથાશ્રુત અર્થ અર્જુનજી જ કરવો હોય, ત્યારે આ કલ્પાન્તર કથા છે, એવું સ્વીકારે સમાધાન થશે.

यदा मुकुन्दो भगवानिमां महीं
जहौ स्वतन्वा श्रवणीयसत्कथ :।
तदाऽहरेवा प्रतिबुद्धचेतसा-
मधर्महेतुः कलिरन्ववर्तत ॥३६॥

મુકુન્દ ભગવાને સ્વીકારેલ લીલા તનુનો ત્યાગ કર્યો અને કીર્તિકાયા મૂકીને જે દિવસે ગયા, તેજ દિવસે કલિ વૃદ્ધિને પામ્યો. સમ્પ્રદાયના જાણકારોનું માનવું છે કે શ્રીકૃષ્ણ ભગવાને પ્રાતઃકાલમાંજ ભૂતલ ઉપરથી વિદાય લીધી, અને તેજ વખતે કલિ આવ્યો.

अवापुर्दुरवापां ते – પાંડવોએ દુર્લભ ગતિ સંપાદન કરી.

विदुरोऽपि परित्यज्य – વિદુરજીએ પણ દેહનો ત્યાગ કર્યો.

द्रौपदी च तदाऽऽज्ञाय पतीनामनपेक्षताम्
वासुदेवे भगवति ह्येकान्तमतिराप तम् ॥५०॥

દ્રૌપદી પણ વાસુદેવ શ્રીકૃષ્ણના ચરણમાં લીન થયાં. દ્રૌપદીને લાગ્યું કે પાંડવો માટે પ્રભુએ શરીર આપ્યું છે. તેઓને શરીરનું પ્રયોજન નથી. તેની જાણ થતાંજ હૃદયમાં પ્રકટેલ ભગવાનમાં સમર્પણ કર્યું; અને પ્રભુ પ્રકટ થયા. તે પ્રભુના ચરણમાંજ પોતાનો દેહ મૂકી દીધો.

મુક્તિ પ્રકરણમાં ત્રણ પુરુષોની મુકિત વર્ણવી.

અધ્યાય ૧૬મો.

(ધર્મોન્નતિ પ્રકરણ-અધ્યાય ૩)

સર્વોન્નતિ અને આત્મોન્નતિ એ બે પ્રકારે ધર્મની ઉન્નતિ ૧૬, ૧૭, ૧૮, અધ્યાયોમાં વર્ણવી છે. ૧૬ અને ૧૭ અધ્યાયોમાં કલિયુગ નિગ્રહ કરી પ્રજાની ધર્મોન્નતિ સાધી; અને ૧૮ મા અધ્યાયમાં રાજાએ સ્વઉન્નતિ સિધ્ધ કરી.

પરીક્ષિતનું રાજ્ય-શાસન સ્વતંત્ર ન હતું, પરંતુ શ્રેષ્ઠ દ્વિજોની સલાહ પ્રમાણે ચલાવ્યું છે. **आजहाराश्वमेधान् त्रीन्** – ત્રણ અશ્વમેધ યજ્ઞ ત્રણ પ્રકારના દોષોને દૂર કરવા, અથવા ત્રણ લોકમાં સમૃદ્ધિ સ્થાપવા આદર્યા છે. ધૌમ્ય મહર્ષિ પાંડવોના આચાર્ય હતા, પરંતુ તેમને પુરોહિત વૃત્તિમાં રસ ન હતો. પાંડવો પુરતો સંબંધ રાખેલો. ત્યાર બાદ, શારદ્વત-એટલે કૃપાચાર્યને આચાર્ય બનાવી ત્રણ યજ્ઞો રાજાએ આચર્યા. શર એટલે બાણના ગુચ્છામાંથી જન્મેલા, માટે **શરદ્વાન** એવું નામ હતું.

કલિ નિગ્રહ:-

नृदेव चिह्न् धृक् शूद्रः कोऽसौ गां यः पदाहनत् -ભારવહન કરતા ગાડાને ગાય બળદને અથવા સાંઢ બળદને સાથે જોતી ચલાવતો, અને ન ચાલતા ત્યારે તેને પાદ પ્રહાર કરી ચલાવતો સમાજ જોયો. તેથી પરીક્ષિતને પ્રજામાંથી ધર્મનું સામર્થ્ય ક્ષીણ થતું લાગ્યું.

इहोपहूतो भगवान् मृत्युः शामित्रकर्मणि – આ સત્રમાં ભગવાને એવા મૃત્યુને પશુઓની હિંસા કરવાના કાર્યમાં નિમંત્ર્યા છે. **"હજાર વર્ષ સાધ્ય સત્રમાં અમૃત પ્રકટ થાય છે,"** એમ શ્રુતિનું કહેવું છે. જ્યારે **क्षुद्रायुषां नृणाम्** – મનુષ્યોનું આયુષ્ય અલ્પ છે. જો સત્ર ખૂબ લાંબો ચાલે તો વચમાંજ મૃત્યુ થાય, અને તેથી તો અપકીર્તિ થાય, તે અનુચિત ગણાય. માટે મૃત્યુ ન થાય તે

કારણે તેના અધિકારી મૃત્યુને આમંત્રણ આપી પધરાવ્યા છે તેમજ તેમનું **शामित्र कर्म** એટલે પશુઓનું હિંસન કર્મ અહિં પણ ચાલશે, પરંતુ હિંસા નહિ થાય. **पापः पशुः** પાપ અને પાપાચારી એ પશુઓ છે. સત્રમાં ભગવાનના ગુણાનુવાદે પાપોનો, પાપવૃત્તિઓનો નાશ થશે અને કાર્ય મૃત્યુને સોંપવામાં આવશે. જેથી મૃત્યુનો ધર્મ પણ સચવાશે અને કોઇનું પણ મૃત્યુ થશે નહિ.

शामित्र कर्मणि- शमिच्छब्दः पशुसंज्ञपयितृवाची। "शमयिताच भगवानस्तु" इति श्रुतेः- શમયિતા એટલે પાપને દૂર કરનાર અને ભગવાનનો અનુભવ કરાવનાર સંબંધી કર્મ; એટલે **शामित्र कर्मणि, सत्र कर्मणि** સત્ર કર્મમાં મૃત્યુ ભગવાનને બોલાવ્યા છે.

પરીક્ષિતનો દિગ્વિજય:-

स्वलंकृतं श्यामतुरंग योजितं
रथं मृगेन्द्रध्वजमास्थितः पुरात्-पुमान्

શણગારેલા કાળા ઘોડાથી જોતેલા સિંહધ્વજ રથમાં બેસીને નગરમાંથી દિગવિજય માટે પરીક્ષિત રાજા નીકળ્યા. **रथम् शरीरम्** શરીર રથ છે. **श्यामतुरंगयोजितम्** ઇન્દ્રિય અશ્વો છે. પણ તે અર્જુનના શ્વેત વર્ણના સાત્વિક હતા, તો કલિધર્મો-મોહ, લોભ આદિ જીતી શકયા; પણ તે જો તામસ, રાજસ, ધર્મોવાળા 'શ્યામવર્ણ' છે, તો કેમ જીતી શકાશે? માટે મનુષ્યે સાત્વિક ઇન્દ્રિયોવાળા થવું જોઇશે.

श्यामतुरंगयोजितम् પરીક્ષિત રાજા કલિ નિગ્રહ કરવા નીકળ્યા છે ત્યારે **श्यामतुरंगयोजितम्** શ્યામવર્ણવાળા ઘોડાઓને રથે જોતે છે; કારણ શ્વેતવર્ણ દેવતાઓનો છે. તેથી દેવતાઓના ઘોડાઓ અસુરો સામે, દૈત્યો સામે ઉપયોગી ન નીવડે. માટે શ્યામ ઘોડાઓ રથે જોત્યા.

स्वलंकृतम् – રથને અલંકૃત કર્યો, કે જેથી કલિ પણ તે જોઇને મોહ પામે. **मृगेन्द्र ध्वजम्** કલિયુગ હાથી રૂપે છે, અથવા ગધેડાના રૂપે છે. હાથીનો વધ સિંહથી થાય, માટે ધ્વજામાં સિંહનું ચિહ્ન રાખ્યું છે. નૃસિંહ ભગવાને હિરણ્ય કશિપુને જીતેલો. હિરણ્યકશિપુ કલિયુગનું સ્વરૂપ છે, તેથી પણ સિંહધ્વજ રથમાં બિરાજ્યા. **पुरात्** એવો પાઠ છે; ત્યાં **पुमान्** એવો પાઠ મળે છે માટે સ્વયં પુરૂષ છે, તેથી કલિને જીતી શકશે.

"**राम नाम** – રામ નામ નર કેસરી, કનક કશિપુ કલિકાલ." એ વાકયમાં તુલસીદાસજી કલિકાલના નામે હિરણ્યકશિપુને ઓળખાવે છે; અને આખરે કલિ સુવર્ણમાંજ રહેશે.

सारथ्यपारषद्सेवन... આ ૧૬ મો શ્લોક કેટલાક ક્ષેપક માને છે.

धर्मः पदैकेन चरन् विच्छायामुपलभ्य गाम् (શ્લોક ૧૮)–પ્રજા જીવનમાં કેવલ ધર્મ એકજ અંશ ઉપર આવીને રહ્યો, ત્યારે પૃથ્વી છાયા વિનાની બની. જ્યારે પૃથ્વીમાં "કૃષિ અને કૃષિ વિજ્ઞાન" બન્નેનો અભાવ હોય છે, ત્યારે સમસ્ત પૃથ્વી અને પૃથ્વી પ્રજા નિસ્તેજ, નિર્વીય બને છે.

પૃથ્વી અને ધર્મનો વાર્તાલાપ:–

શ્લોક ૧૯, ૨૦, ૨૧, ૨૨, અને ૨૩માં પૃથ્વીને શોક થવાનાં ૧૪ કારણો પૂછ્યાં છે. દશ ઇન્દ્રિયો અને ચાર અન્તઃકરણ મળીને શોક થાય છે, માટે ૧૪ પ્રશ્નો શોકને સ્પર્શતા વિચારીને ખૂબજ મહત્વની સમાજ સ્થિતિનું દિગ્ દર્શન કરાવ્યું છે. ચૌદ કારણોમાં બે બહુજ મહત્વનાં વર્ણવ્યાં છે. પહેલું અને છેલ્લું ૧૯ મા અને ૨૩મા શ્લોકમાં **दूरे बन्धुम्** બન્ધુ**श्री** વરાહ ભગવાન દૂર ગયા તેથી શોક છે? શ્રી વરાહ વેદનું પ્રતીક છે. સમાજમાં

સર્વ સુખો, જ્ઞાન વિજ્ઞાન મૂલક છે, અને જ્યારે બન્નેનો ક્ષય થાય, ત્યારે સુખનાં સાધનો નાશ પામતાં જગતમાં શોક આવે, એક કારણ પૂછયું. બીજુ કારણ શ્રી કૃષ્ણ વિયોગ તો નથી ને!

શ્લોક ૨૬ થી શ્લોક ૩૦ સુધી પૃથ્વી શોકનું નિદાન બતાવે છે. ૬૪ અથવા ૮૪ ધર્મોની એ રીતે સંખ્યા થાય છે. એ ચતુઃષષ્ઠી કલાયુક્તનો અભાવ એજ પૃથ્વીમાંથી વરાહનો કે શ્રી કૃષ્ણનો વિયોગ વર્ણવ્યો છે.

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम्
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम् ॥२६॥
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः
स्वातन्त्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च ॥२७॥
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः
गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहंकृतिः ॥२८॥
इमे चान्ये च भगवन्नित्या यत्र महागुणाः

૧ **सत्यम्**–યથાર્થ ભાષણ. ૨ **शौचम्**–તન મનની શુદ્ધિ

૩ **दया** –બીજાની વ્યથા ન વેઠાતાં પીગળવું. (૪) દયાને કારણે શરણાગતનું પાલન. (૫)–અને દયાનાજ કારણે ભક્ત સૌહાર્દ, એ બે ગુણો વધે.

૬ **क्षान्तिः**–ક્રોધ ઉત્પન્ન થતાં ચિત્તનો સંયમ.

૭ **त्याग :**–યાચકને ઉદાર હાથે આપવું, આપેલને વિસરી જવું.

૮ **सन्तोषः**–સ્વાભાવિક તૃપ્તિ. મળે તેમાં સંપૂર્ણ છે, એ પ્રકારની નિશ્ચિત બુદ્ધિ.

૯ **आर्जवम्** –સરલતા, અવક્રતા. (૧૦) આર્જવ એટલે સરલ સ્વભાવને કારણે સર્વનું શુભ કરવાની વૃત્તિ.

૧૧ **शमः** –મનનું સ્થિરપણું. (૧૨) મનની સ્થિરતાને લીધે–સુદૃઢવ્રત થવું.

૧૩ **दमः** –બહારની ઇન્દ્રિયોની નિશ્ચલતા.

૧૪ **तपः** –સ્વધર્માનુસાર જીવન.

૧૫ **साम्यम्** –શત્રુભાવ, મિત્રભાવ, એ બે પ્રકારના ભાવથી પર થઇ સર્વ સાથે વર્તવું.

૧૬ **तितिक्षा**–અન્યના અપરાધને સહન કરવા.

૧૭ **उपरतिः**–કોઈ પણ લાભ મેળવી લેવામાં ઉદાસીનતા.

૧૮ **श्रुतम्** –શાસ્ત્ર બિચાર

૧૯ **ज्ञानम्** –પાંચ પ્રકારનું જ્ઞાન. (૧૯) બુદ્ધિમતા. (૨૦) કૃતજ્ઞતા. (૨૧) દેશકાલ પાત્ર વિચાર. (૨૨) સર્વજ્ઞપણું. (૨૩) આત્મસ્વરૂપનો પરિચય.

૨૪ **विरक्तिः**–તૃષ્ણા વિનાનું જીવન; અસત્ પદાર્થોને ભોગવવાની ઈચ્છા ન થવી.

૨૫ **ऐश्वर्यम्** –અન્યને નિયમમાં રાખવા.

૨૬ **शौर्यम्** –સંગ્રામમાં ઉત્સાહ.

૨૭ **तेजः** –પ્રભાવ. (૨૮) તેજના બલથી પ્રતાપશાલી થવું.

૨૯ **बलम्** –ચતુરાઈ, અન્યને અશક્ય લાગતાં કાર્ય શીઘ્ર કરવાની શકિત.

૩૦ **स्मृतिः** –કર્તવ્યનું અનુસંધાન. ૩૧ **स्वातंत्र्यम्**–અપરાધીનતા.

૩૨ **कौशलम्** –કુશલતા ત્રણ પ્રકારની. (૩૨) કાર્ય નિપુણતા. (૩૩) એક સાથે અનેકનું સમાધાન કરવાની ચાતુરી (૩૪) કલા–વિલાસ–વિદ્વતાને લગતું પાંડિત્ય.

૩૫ **कान्ति :** –ચાર પ્રકારની સુંદરતા. (૩૫) અવયવોની સુડોળતા (૩૬) કર, પાદ અંગોની મધુરતા. (૩૭) વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દની મીઠાશ. (૩૮) યૌવનની મનોહરતા. (૩૯) સ્ત્રી ગણ મનોહારિતા.

૪૦ धैर्यम् –અવ્યાકુલતા. **૪૧ मार्दवम्** – પ્રેમાર્દ્ર ચિત્ત. (૪૨) પ્રેમ વશતા.

૪૩ प्रागल्भ्यम्–પ્રતિભાશાલીપણું. (૪૪) વક્તૃત્વ–વાચાળ.

૪૫ प्रश्रय : –વિનય. (૪૬) તેનાથી સલજ્જતા. (૪૭) યથાયોગ્ય સર્વને માન આપવું (૪૮) પ્રિય વાદિતા.

૪૯ शीलम् –સુસ્વભાવ. (૫૦) સજ્જન આશ્રય.

૫૧ सह : –માનસિક ઉત્સાહ; મનોપટુતા.

૫૨ ओज : –જ્ઞાનેન્દ્રિયની પટુતા – ઉત્સાહ.

૫૩ बलम् –કર્મેન્દ્રિયની પટુતા.

૫૪ भग : –ત્રણ પ્રકારનું (૫૪) ઐહિક લોક ભોગના અધિકારી થવું. (૫૫) સુખી પણું. (૫૬) સમૃદ્ધિ શાલિતા.

૫૭ गाम्भीर्यम्–કોઇથી પણ ક્ષોભ ન પામવું. અભિપ્રાય ન સમજી શકાય તેવા.

૫૮ स्थैर्यम् –અચંચલતા. **૫૯ आस्तिक्यम्** શાસ્ત્રાનુસાર જીવન.

૬૦ कीर्ति : –સદ્‌ગુણની ખ્યાતિ. (૬૧) સ્નેહાળ નેત્રવાળા.

૬૨ मान : –પૂજ્યત્વ. ૬૩ **अनहंकृति:** નિરભિમાનીપણું.

૬૪ ब्रह्मण्यता –च અવ્યયના ગ્રહણથી બ્રહ્મણ્યતા.

મુખ્ય ૩૯, પૃથ્વીના ઉત્કર્ષ કરનારા ધર્મો શ્લોકોમાં ગણાવ્યા છે. તેના આ સર્વ અવાન્તર ધર્મો બની ૬૪ અગર ૮૫ થાય છે, છે જે સમાજના જીવનના ઘડતર કે બંધારણ રૂપે છે.

૨૫થી ૩૫ શ્લોકોમાં **પૃથ્વી – ધર્મ**નો વાર્તાલાપ થયો. જેમાં ભગવાન અને ભગવદ્ ધર્મ વિમુખતા એજ વિપરીત કાલમાં કારણ છે, એ નક્કી કર્યું.

રાજાની યોગ્યતા **तयोरेवं कथयतोः पृथ्वीधर्मयोस्तदा**
परीक्षिन्नाम राजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम ॥३६॥

પરીક્ષિત રાજાને પ્રત્યક્ષ ધર્મ અને પૃથ્વી દેવીનું મિલન અને વાર્તાલાપ થયાં છે.

અધ્યાય ૧૭ મો.

ધરણી, ધર્મ અને કલિયુગ એ ત્રણેનું સ્વરૂપ ધારણ કરી પરીક્ષિત રાજાને મિલન થયું છે. એ પરીક્ષિત રાજાની વિશેષતાનું નિરૂપણ છે. પૃથ્વી ધર્મનું આશ્વાસન, કલિ અભય પ્રદાન, કલિને નિવાસ સ્થાન, ધર્મનું પુનરુત્થાન એ મહત્વનાં કાર્યો રાજાએ કર્યાં. કલિનો વધ કરવાથી, અગર દેશનિકાલ કરવાથી તે ગુપ્ત રીતે ધર્મમાં પ્રવેશી જાય અને વધુ અનર્થ થાય તે કરતાં **અધર્મનાં સ્થાનો** તેને વસવાટ માટે આપ્યાં, જેથી વધુ નિર્ભયતા થઇ અને સમાજને તેના નિવાસ સ્થાળોનો ખ્યાલ આપી ચેતવ્યા.

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् ।
दण्डहस्तं च वृषलं ददृशे नृपलाञ्छनम् ॥१॥

બે બળદ ગાડે–વાહને જોતાય; પરંતુ એક બળદ અને એક ગાય એમ બન્નેને હળે–ગાડે જોતેલાં જોયાં. ત્યારે રાજાને માનવની સ્વાર્થવૃત્તિ, લોભવૃત્તિ અને નિર્દયવૃત્તિનો ખ્યાલ આવ્યો. કેવલ લોભથી સમાજનું માનસિક પતન થાય છે. તે સમાજને જયવારો ન આવે.

वृषं मृणालधवलं मेहन्तमिव बिभ्यतम्
वेपद्मानं पदैकेन सीदन्तं शूद्रताडितम् ॥२॥

गां च धर्मदुघां दीनां भृशं शूद्रपदाहताम्
विवत्सामश्रुवदनां क्षामां यवसमिच्छतीम् ॥३॥

ઉપરોક્ત બે શ્લોકોમાં બળદ અને ગાયની તુલનાથી પૃથ્વી એટલે પૃથ્વીની પ્રજાની અને ધર્મની હાલતનું ગૂઢ નિરૂપણ છે. છ પ્રકારે પૃથ્વીમાં કલિ પ્રવેશ થયેલ હોઇ ધર્મ નાશ પામ્યો–(૧) કાલ, (૨) દેશ, (૩) દ્રવ્ય, (૪) કર્મ, (૫) મંત્ર, અને (૬) કર્તા.

वृषं मृणाल धवलम् – મૃણાલ સમાન શ્વેત વર્ણના બળદને (વાછરડાને) રાજાએ જોયો. **वृषम्** એ વિશેષ્ય છે, અને બાકીનાં દ્વિતીયાન્ત વિશેષણો છે. **मृणाल धवलम्** એ વિશેષણ કહેવામાં સ્વભાવની શુદ્ધિ દર્શાવી. મૃણાલ કમલ દંડની છાલ ઉખાડી લીધા પછીના અંદરના નીકળતા શ્વેત ભાગની માફક ધર્મ સ્વભાવમાં રહે છે. જો સ્વભાવ શુદ્ધ હોય તો સર્વ શુદ્ધિ સ્વયં બને છે.

मेहन्तमिव बिभ्यतम् – ભયને લીધે વારંવાર લઘુશંકા (મૂત્ર વિસર્ગ) કરતો. જ્યારે માનવ અસંયમી, અત્યાહારી કે દુરાચારી થાય છે, ત્યારે રોગ અને ખૂબ ભય લાગે છે, ત્યારે પણ વારંવાર મૂત્રોત્સર્ગ થયાં કરે છે. ભય આવ્યો, તેથી જ્ઞાન ગયું. વારંવાર પેશાબથી તપ અને આચાર ગયાં.

वेपमानं पदैकेन – એક પગ ઉપર ઊભા રહીને થરથર કંપતા વૃષને જોયો. સત્ય નામનો એક ચરણ – અંશ અવશિષ્ટ હતો. તે પણ કંપવા લાગ્યો, એટલે ચલાયમાન થતાં ભયમાં મૂકાયો.

सीदन्तं शूद्र ताडितम्–શૂદ્ર શબ્દથી અધર્મ બતાવ્યો છે. અધર્મ ધર્મ ઉપર આક્રમણ કરી રહ્યો છે. જ્યારથી શૂદ્રો ઉપદેશ દેવા માંડ્યા, ત્યારથી તેઓએ પોતાની નબળાઇઓ અને પ્રમાદોને જગતમાં અલંકારો રૂપે ગાયા, અને સમાજને અવળે માર્ગે દોર્યો. આચાર, વિચાર, આદર્શ પાલન ન કરવાની નબળાઇઓને લીધે, આચારાદિ ઉપર નિંદાનો ને કુતર્કોનો કુઠારાઘાત કર્યો.

ધર્મની સ્થિતિ વર્ણવી હવે ગાયને નિમિત્તે પૃથ્વીનું વર્ણન કરે છે.

गां च धर्मदुघां दीनाम् – ધર્મને દેનારી ગાયને જોઈ. **धर्मदुघां**ની જગાએ **कामदुघां** કામનાઓને પૂરનારી એવી ગાયને જોઇ.

એવો પાઠ છે. જ્યાં ધર્મદુઘા શબ્દ છે, ત્યાં મોક્ષરૂપી દૂધને આપનારી ગાય એવો અર્થ કરવો. અને કામદુઘા-પાઠ હોય ત્યાં અગ્નિહોત્ર–ચાતુર્માસ્ય ધર્મને દેનારી એવો અર્થ લેવો.

દેશ – તીર્થ, ક્ષેત્ર, તપોવન આદિ ઉત્તમ દેશોમાં દુષ્ટોનો નિવાસ થયેલો હોવાથી દેશ ધર્મોની શક્તિનો હ્રાસ થયો એવું સૂચન **दीनाम्** દીન શબ્દથી કહ્યું. સાધન સામગ્રી વિના પૃથ્વી **હીન** ગરીબ બની ગઇ.

કાલ – પાખંડીઓના વસવાટને લીધે, કાલ ધર્મ નાશ પામ્યા. **शूद्रापदाहताम्** એ વાકયે બતાવ્યું.

કર્તા – **विवत्साम्** વાછરડા વિનાની ગાય; એટલે કર્તા વિનાની પૃથ્વી. પૃથુરાજાના દોહન સમયે દરેક દરેક ક્ષેત્ર જાણકાર વાછરડાઓ હતા. તેઓજ દોહન કર્તા હતા. તેમનો હાલમાં અભાવ છે એટલે જ્ઞાન, બલ, સૌન્દર્ય, અર્થ વિનાની નિઃસત્વ પૃથ્વી છે.

મંત્ર – **अश्रुवदनाम्** મુખ અશ્રુવાળું છે. આંસુ ત્યારે આવે, જ્યારે હર્ષ મુખ ઉપરથી જતો રહે. હર્ષ–આનંદ મંત્રોથી આવે. મંત્રો નિરર્થક પડે એટલે અશ્રુ આવે; તેમાંથી શોક આવે. માટે મંત્રમાં યોગ્યતા પણ નથી રહી, એમ પડતાં આંસુથી રાજાને લાગ્યું. અપશબ્દ આંસુ છે.

દ્રવ્ય – **क्षामाम्** શરીરે સૂકાઇ ગયેલી છે. પ્રેમ ખૂટે, શોક વધે, એટલે શરીર અને મુખ શુષ્ક અને નિસ્તેજ બને તેથી યજ્ઞાદિમાં પ્રેમ નથી. તેથી ત્યાં દ્રવ્ય નથી વપરાતું, પણ ભોગમાં વપરાય છે. પરિણામે યજ્ઞ વિના અન્ન–સ્નેહ આદિ દ્રવ્યનો નાશ થતાં પથ્વી શુષ્ક અને નિરસ બની.

કર્મ – **यवसमिच्छतीम्** ઘાસને ગાય ચાહતી હતી. ઘાસ

ગ્રાસ અર્થ થાય છે. યજ્ઞકુંડમાં ગ્રાસ–આહુતિ નથી અપાતી, અને યજ્ઞાદિ ક્રિયાઓ બંધ પડી છે; તેથી કર્મ પણ કલા વિહોણાં થયાંછે.

આ બે શ્લોકોમાં રાજાનું સમાજની પરિસ્થિતિનું સૂક્ષ્મ નિરીક્ષણ છે. તેજ રાજા થવા માટે અધિકારી છે, અગર રાજ્યના કોઇ પણ અંગનો વહીવટ ચલાવવા માટે અધિકારી છે, જે ઉપરથી નજરથી પૃથ્વીની પરિસ્થિતિને પોતાની જવાબદારીથી નિહાળે અને સુધારે.

પરીક્ષિત રાજા અને ધર્મનો વાર્તાલાપ :

कोऽवृश्चत्तव पादांस्त्रीन् सौरभेय चतुष्पद ।
माऽभूवंस्त्वादृशा राष्ट्रे राज्ञां कृष्णानुवर्तिनाम् ॥ १२ ॥

હે કામદુધા પુત્ર (વૃષ) ! તારા ત્રણ પગ કોણે છેદ્યા ? પૂર્વમાં તારે ચારે ચાર ચરણ હતાજ. શ્રી કૃષ્ણના અનુયાયી–સેવક–રાજાઓના રાષ્ટ્રમાં વિકલ અંગ વાળો કોઇ પશુ ન હોય તો માનવ હોયજ શા માટે? જ્યારે કોઈ પણ પ્રાણી અંગ વિનાનો હોય ત્યારે પરાશ્રય અને દારિદ્રય–એ બે આવે. પરાશ્રય અને દારિદ્રય રાષ્ટ્ર કલંક છે. **माऽभूवन् त्वादृशा राष्ट्रे** એ પ્રશ્નમાં વિકલાંગપણા માટેજ પૂછયું છે.

સોળમા શ્લોકથી ધર્મે પ્રત્યુત્તર આપવો આરંભ્યો. જેમાં રાજાના રાષ્ટ્ર પ્રેમ, અને ધર્મ નિષ્ઠાને વખાણ્યાં; અને ૧૭ મા શ્લોકમાં ધર્મમયી વાણીથી ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું.

न वयं क्लेशबीजानि यतः स्युः पुरुषर्षभ ।
पुरुषं तं विजानीमो वाक्यभेद विमोहिताः ॥१८॥

પુરુષશ્રેષ્ઠ રાજન! ક્લેશનાં નિમિત્તોને હમે નથી જાણતા કે તેઓ ક્યાંથી થાય છે? કયો પુરુષ ક્લેશ આપે છે, તે પણ હમે નથી જાણતા. કારણકે અનેક વિચારકોએ દુઃખનાં અનેક જુદાં નિમિત્તો બતાવ્યાં, તેથી નિર્ણય નથી થઇ શકતો.

દુઃખમાં ત્રણ કારણ સંભવે. (૧) ભગવાને દુઃખ આપ્યું. (૨) કાલે દુઃખ આપ્યું અને (૩) પુરુષે દુઃખ આપ્યું. જો કાલ અને ભગવાન કારણ છે, તો ત્યાં રાજા કંઇ કરી શકે તેમ નથી. પરંતુ જો પુરુષ દુઃખ આપે છે, તો તે પુરૂષ પાંચ પ્રકારના છે–વ્યષ્ટિ, સમષ્ટિ, પુરુષ, કાલ અને પુરુષોત્તમ.

જો ભગવાન અને કાલ દુઃખમાં કારણ છે તો તેઓ બન્ને નિયામક તરીકે છે, અને કર્મના ફલને અનુસરીનેજ વિધિ–વિધાન કરશે. ત્યાં રાજાનો કોઇ પણ ઉપાય નથી. પરંતુ કાલ–કર્મ અથવા સ્વભાવ જો નિમિત્તમાં છે તો અન્યને દુઃખ દેવામાં નિમિત્ત કેમ બતાવી શકાય? ત્યાં એકજ ઉપાય સંભવે.

કાલનાં દુઃખોનો પ્રતીકાર બને તેટલો કરવાથી ને સહિષ્ણુતા રાખી વેઠી લેવાથી કાલ દુઃખ દૂર થઇ શકે. કર્મનાં દુઃખોમાં જે કર્મ દુઃખકર છે, તેનો ત્યાગ કરવાથી દુઃખ મુક્ત થવાય. સ્વભાવ દુઃખ માટે સત્સંગ ઔષધ છે.

દુઃખમાં ભિન્નભિન્ન મત :

केचिद् विकल्पवसना आहुरात्मानमात्मनः
दैवमन्ये परे कर्म स्वभावमपरे प्रभुम् ॥१९॥

अप्रतर्क्याद्निर्देश्यादिति केष्वपि निश्चयः
अत्रानुरूपं राजर्षे विमृश स्वमनीषया ॥२०॥

विकल्पवसना: विकल्पं भेदं वसते आच्छादयन्ति ये योगिन: ते विकल्पवसना :—

(૧) વિકલ્પવસન શબ્દનો એક અર્થ યોગીઓ થાય છે. યોગિઓના મતમાં આત્મા જાતેજ સુખ દુ:ખનું કારણ છે, અન્ય નથી; કારણ કે અન્ય એવો ભેદ એને નથી.

(૨) વિકલ્પવસન એટલે આત્મજ્ઞાનીઓ પણ આત્માનેજ કારણ તરીકે માનશે. તેઓના મતમાં જીવ-ઇશ્વર ભેદ-દ્વૈત એ મિથ્યા છે, અને અજ્ઞાનનું પરિણામ છે. અજ્ઞાન નિવૃત્ત થતાં તે નિવૃત્ત થઈ જશે માટે અજ્ઞાનજ નિમિત્ત છે, અન્યથા જ્ઞાન નિમિત્ત છે. સંદેહ, મોહ, અને ભ્રમ નિમિત્ત છે. ઇશ્વર, જીવ અને જગતના સ્વરૂપ-ધર્મનું જ્ઞાન થતાંજ નિવૃત્ત થઇ જાય એ વેદાન્ત મત છે.

(૩) **विकल्पै: कुतर्कै: वसना: प्रावृता नास्तिका:** જેઓ કુતર્કથીજ આવૃત્ત થયેલ છે, અને ઇશ્વરનો સ્વીકાર નથી કરતા, તેઓ સ્વયં પોતાનેજ પ્રભુ માને છે, તેઓ પોતાનેજ દુ:ખનું કારણ માને છે. તેમની સમજમાં ઇશ્વર નથી, કારણ કે ઇશ્વર કર્મને આધીન થઇ ફલ આપે છે; તેમજ કર્મ પણ સ્વતંત્ર નથી, તે તો મનુષ્યને પોતાનેજ તાબે છે. માટે સુખ દુ:ખમાં જાતેજ કારણ છે.

પુરુષના પાંચ પ્રકારમાંથી વ્યષ્ટિ પુરુષને ઉપરના ત્રણ મતાનુયાયીઓએ દુ:ખ સુખના કારણ તરીકે સ્વીકાર્યો.

दैवम् अपरे- કેટલાક દૈવને કારણ તરીકે બતાવેછે. પૌરાણિક અને જ્યોતિર્વિદ ગ્રહોને કારણ ગણેછે. તેઓના મતમાં પુરુષના શરીર તરીકે વિરાટ-બ્રહ્માંડનો સ્વીકાર કર્યો છે. તેમાં કાલ ચક્ર કે શિશુમાર ચક્રની ચેષ્ટા ચાલે છે. જ્યોતિર્વિદના મતમાં સમષ્ટિ પુરુષ નિમિ-ત બન્યો.

परे कर्म - મીમાંસકાદિ કર્મને હેતુ ગણે છે. કર્મ સર્વનો નિયામક છે. અને કર્મમાં વ્યંગતા થાય એટલે દોષ-પ્રત્યવાય લાગે, તે પ્રમાણે સુખ દુ:ખાદિ ફલો આપે. પુરુષ કર્મ કરવાનો, માટે કર્મની સાથે સ્વયં પુરુષ નિયામક બન્યો.

स्वभावमपरे - લૌકાયતિક લોકો તો સ્વભાવને કારણ માને છે. એમનું માનવું છે કે જગત્ સ્વયં એક જથારૂપે બની જાય છે, તેમાં કોઇજ કારણ નથી. છાણ, માટી વિગેરેના મિશ્રણથી જેમ ચેતન વીંછી બની જાય છે, તેમ આ જીવો બધા સ્વયં બની જાય છે. એટલે આ સર્વ સ્વાભાવિક રીતેજ થયાં કરેછે. માટે સ્વભાવ એજ નિમિ-ત છે.

प्रभुम् - કાલને કેટલાક કારણ રૂપ ગણે છે.

अप्रतर्क्याद्निर्देश्यात् - એ વાકયના બે અર્થ. અતકર્ય અને અનિર્દેશ્ય એવા કોઇ એક ઇશ્વર સમર્થ પુરુષો-તમથી થાયછે, અથવા આ કારણોમાંથી કોઈ એક નિર્ણયાત્મક, વિચાર કે નિરૂપણથી થઇ શકે તેમ નથી. માટે રાજા તમે સ્વયં વિચારો.

यद्धर्मकृत: स्थानं सूचकस्यापि तद् भवेत् - અધર્મ આચરનારને અને અધર્મ સૂચવનારને એકજ સરખું સ્થાન (નરકાદિ) મળે છે.

तप: शौचं दया सत्यं-धर्मस्य पादाः

ધર્મ એટલે તપ, શુદ્ધિ, દયા અને સત્યનો એકત્ર સમાવેશ. ચારે અંશ, કાલમાં, સમાજમાં કે વ્યકિતમાં આવે તે સત્યયુગ અથવા પૂર્ણ માનવતા મનાય, અથવા પૂર્ણ પુરુષ કે સંત. ત્રણ અંશ, કાલ, સમાજ કે વ્યકિતમાં મળે, તો તે ત્રેતાયુગ અથવા

વિશિષ્ટ મનુષ્ય મનાય. બે અંશ, કાલ, સમાજ કે વ્યકિતમાં જોવા મળે તો દ્વાપર યુગ અથવા તે માનવ માત્ર ગણાય. એકજ અંશ જોવા મળે તે કલિયુગ અથવા નામ માત્ર મનુષ્ય ગણાય.

તપ – વાણી, વર્તન, વિચારની એકતા

વાણીનું તપ એટલે મૌન, મધુર ભાષણ, મિત ભાષણ, મંત્ર જાપ, સ્વાધ્યાય, ગુણાનુવાદ. વર્તનનું તપ એટલે તનશુદ્ધિ સદાચારથી, તપશ્ચર્યાથી, તિતિક્ષાથી, શ્રમથી, સ્વાશ્રયથી. વિચારનું તપ એટલે સ્વાધ્યાય, તત્વ ચિંતન, ઉત્કૃષ્ટ સંકલ્પ, સ્વદોષ ચિંતન, અન્ય ગુણ ચિંતન.

શૌચ – અંગ, અન્તઃકરણ, અને અર્થશુદ્ધિ, વ્યવહારશુદ્ધિ, સંબંધ શુદ્ધિ. યોગથી અંગશુદ્ધિ; ભકિતથી–ભાવથી અન્તઃકરણ શુદ્ધિ. સંતોષ, નીતિથી સંપાદન અને સેવાર્થ સમર્પણ, ત્યાગથી અર્થશુદ્ધિ. કપટ વિનાનો કૌટુમ્બિક, સામાજિક, વ્યવહાર એ વ્યવહાર શુદ્ધિ; અને સજ્જન સંગતિથી સંબંધ શુદ્ધિ.

દયા – દુઃખી, દુશ્મન ઉપર પણ ઉપકારવૃત્તિ, સહકારભાવ, એ દયા સર્વોત્કૃષ્ટ પ્રકારની છે. પ્રાણી માત્રની આર્તિમાં દ્રવ્ય અને દિલથી દ્રવી જવું એ દયા.

સત્ય – સત્ય ભાષણ. અન્તરંગ અને બહિરંગ જીવનની એક વાકયતા. નિષ્પક્ષપાતિત્વ. નિત્ય પદાર્થ રતિ.

વૃષભ ધર્મ છે, અને રાસભ (ગધેડો) અધર્મ છે.

વૃષભ–બળદ, પોઠીઓ, અને ગાય એ ત્રણનું નામ સંસ્કૃતમાં **ગો કહેવાય.** ત્રણેના સ્વભાવ અને કર્મથી આદર થાય તેમ છે. તેથીજ ધર્મના પ્રતીકમાં ગોવત્સ (વાછરડા) ને લીધો.

વાછરડાના પગમાં ખરી છે, તેમાં બે ભાગ છે. એકનું નામ પ્રમાણ અને બીજાનું નામ પ્રવૃત્તિ, અથવા એકનું નામ નિષેધ અને બીજાનું નિવૃત્તિ, અથવા એકનું નામ વિધિ અને બીજાનું નિષેધ. કોઈ પણ કાર્યમાં પ્રવૃત્તિ, પ્રમાણથી હોય છે. વેદ વાકયથી, વિવેક વાકયથી કે વૃદ્ધ વાકયથી તે પ્રવૃત્તિ કરે છે, માટે તે ધર્મ છે.

ગધેડાના પગમાં એકજ ખરી છે, એટલે તેની ખરીમાં બે ભાગ નથી. તેને કેવળ પ્રવૃત્તિજ છે, પછી તે પ્રામાણિક હોય કે ન હોય, તેનો તેને ખ્યાલ નથી. તેથીજ તે અધર્મ છે.

ધર્મના ચાર અંશ–તપ, શૌચ, દયા અને સત્ય. તેના ચાર વિરોધીઓ–ગર્વ, સંગ, મદ અને અસત્ય, એ અધર્મના ચાર અંશ. જે ચાર મળી ચાર અંશ ધર્મનો નાશ કરે છે. પરંતુ જો ગર્વ, સંગ, મદ અને અસત્ય ધર્મના અંશ થઈને આવે, તો અરિ થવાને બદલે અલંકાર–આત્મીય બને.

(૧) **તપનો વિરોધી ગર્વ**—સેવાથી સર્વોત્કૃષ્ટ કોઈ તપ નથી. દાસ–સેવક એ ઉત્તમ તપસ્વી છે. અભિમાન એટલે ગર્વ, જો "સેવક છું", એવી સ્મૃતિને રાખનારો આવે તો તે ગર્વ અધર્મ મટી ધર્મ થાય.

अस अभिमान जाय जनि मोरे मैं सेवक रघुपति पति मोरे ।
પુનઃ **अहं हरे तव पादैकमूलदासाऽनुदासो भवितास्मि भूयः ।**

(૨) **શૌચનો વિરોધી સંગ** —

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम ॥

પ્રસંગ અજર પાશ છે, પણ તે જો સાધુજન સાથે છે તો મોક્ષદ્વાર છે.

(૩) **દયાનો વિરોધી મદ**—જો ભગવદ્ ગુણાનુવાદમાં છે, તો અમૃત છે.

(૪) **સત્યનો વિરોધી અસત્ય**—જો ગાય, બ્રાહ્મણ, ધર્મની રક્ષા માટે વપરાય તો ધર્મ બની વિવેક બની જાય.

स्त्रीषु नर्मविवाहेषु वृत्यर्थे प्राणसंकटे
गोब्राह्मणाऽर्थे हिसायां नानृतं स्याज्जुगुप्सितम ॥
नरो वा कुंजरो वा ।

ધર્મ સંરક્ષણ સ્થલોમાં ધર્મોપજીવક અસત્ય સત્ય સમકક્ષ છે. યદ્યપિ તેના વકતાને તેનું ફલ ન ભોગવવું પડે, એવું તો નહિ, પણ તે શાસ્ત્રસહ્ય છે.

સત્તરમા અધ્યાયના બીજા શ્લોકમાં **वेपमानः पदैकेन** એક પગથી કંપતો; સાતમા શ્લોકમાં **पादैर्न्यूनः पदा चरन्** ત્રણ ચરણ વિનાના, એકજ ચરણથી ચાલતો; બારમા શ્લોકમાં **कोऽवृश्चत्तव पादांस्त्रीन्** તારા ત્રણ પગ કોણ છેદ્યા?; પચીસમા શ્લોકમાં **इदानीं धर्म ! पादस्ते** ધર્મ, હાલમાં તારો એક પગ છે; બેંતાલીસમા શ્લોકમાં **वृषस्य नष्टान् त्रीन् पादान्** ધર્મના નષ્ટ થયેલા ત્રણ ચરણને–આ રીતે પાંચ વખત એકજ અધ્યાય અને પ્રકરણમાં ધર્મના ત્રણ ચરણ નાશ થયા છે, તેવું સંગતિ કરતું નિરૂપણ મળે છે અને બારમા સ્કંધના ત્રીજા અધ્યાયમાં અઢારમા શ્લોકથી ત્રીસમા શ્લોક સુધી ચારે યુગ ધર્મોની સ્પષ્ટતા અને સમાજની જીવન વ્યવસ્થા વર્ણવી છે. તેમજ ૩૧ મા શ્લોકથી ૪૫ મા શ્લોક સુધી કલિ જીવનની રૂપરેખા આપી છે.

ચાર ચરણ તો વાછરડાના હોય છેજ, અન્યથા ચાલી ન શકે; પરંતુ એક એક યુગમાં ધર્મનો એક અંશ નાશ પામતો જાય, અને અધર્મનો એક અંશ ઉમેરાતો જાય.

વેદમાં બે યુગોજ વર્ણવ્યા છે. **ये वै चत्वारः स्तोमः कृतं तत् श्रयसे**–જેમાં ચાર સ્તોમાદિક કે જ્યોતિષ્ટોમ વિગેરે યજ્ઞો છે, તે કૃતયુગ છે. **अथ तदतिरिक्तो यः कालः पंचात्मकः स कलिः** જે કાલમાં એ ચાર યજ્ઞોના અભાવ વાળો કાલ છે, અને એક અતિરિકત કાલ એમ મળી પાંચ પ્રકારનો **કલિયુગ** થયો.

વેદના આધારે કૃતયુગ અને કલિયુગ એમ બેજ યુગ છે. પરંતુ કૃતયુગનો શેષ ભાગ તે **ત્રેતા** અને કલિયુગનો શેષ ભાગ **દ્વાપર** એમ બેજ યુગો છે. પછી શેષ ભાગો સાથે મળી ચાર યુગ થયા.

કલિનો નિગ્રહ કેમ? વધ શા માટે નહિ?

निशातमाददे खड्गं कलये–રાજાએ કલિ માટે તીક્ષ્ણ ખડગ લીધું. ત્યાં **मशकेभ्यो धूमः** ના જેવો અર્થ છે. મચ્છરને મારવા નહિ, પણ ઉરાડવા; તેમજ કલિને દૂર કરવા, પણ વધ કરવા નહિ.

રાજાની અસ્થાને કૃપાવત્સલતા:—

पतितं पादयोर्वीरः कृपया दीनवत्सलः કલિ–અધર્મ પગમાં પડયો. તેથી તેના સ્પર્શથી–સાન્નિધ્ય માત્રથી રાજાની ગતિ એટલે મતિ અથવા વિચાર શકિત કુંઠિત થઈ. ખરી રીતે તેનો નાશ કરવો જોઇએ, અને ધર્મ રક્ષા તેમજ પૂર્વજ કીર્તિની રક્ષા કરવી જોઇએ, જ્યારે રાજા "લૌકિક દયા વાળો એટલે અસ્થાને લાગણીવાળો" બન્યો. "દીનવત્સલ" નો અર્થ જેમ કોઇ પણ અવસ્થાના વાછરડાને લેતાં ગાયને (પશુને) વિવેક નથી હોતો, તેમ રાજા પણ **દીન વત્સલ** થતાં, "આ કુપાત્ર છે", એવો વિચાર ન કરી શકયો.

કલહનાં કારણો :—

धूतं पानं स्त्रियः सूना यत्राधर्मश्चतुर्विध : (શ્લોક ૩૮)—આ ચાર વસ્તુમાં ક્રમ બુદ્ધિયુકત છે.

દ્યૂતમ્—પાસાથી રમાય અને દ્રવ્યાદિ હોડમાં મૂકાય. તે ક્રિયા જ્યાં થાય, તે સ્થાનમાં કલિયુગને રહેઠાણ આપ્યું, જ્યાં અર્થ નિમિ-ત અનર્થ થવાનો. વળી દ્યૂતમાં નશા વિના રસ ન આવે, જેથી વ્યસન પ્રવેશવાનું. જેથી દ્યૂતમાંજ જો બચી જાય તો આગળ અનર્થ થતો અટકે.

પાનમ્—મદિરા પાન, જે મનોવૃ-તિને ઉશ્કેરાટવાળી રાખે, અને બુદ્ધિ વૃ-તિને વિચાર શૂન્ય બનાવી, ઇન્દ્રિયોમાં ઉ-તેજના લાવે. વ્યસન માત્ર ઇન્દ્રિયોનું ઉ-તેજન કરશે. તેથી ત્રીજી ભૂલ થવાની-પરસ્ત્રીમાં આસકિત.

સ્ત્રિય:-- અહીં બહુ વચનાન્ત પ્રથમા વાપરી છે એટલે વારાંગનાઓમાં આસકિત અને પરદારાઓમાં આસકિત. એ કલહનાં નિમિ-ત થવાનાં, અને પરિણામે કલહ સંગ્રામ થશે. જેથી ચોથી વસ્તુ બતાવી.

સૂના - એટલે હિંસા--વાચિક, કાયિક અને માનસિક. કાયાથી અન્ય નાશ તેમજ વ્યસનાદિ ભોગથી શરીર ક્ષીણ થતાં જીવ હિંસાદિથી કૉડલીવર ઓઇલ, એગ્ઝ (Eggs) એવાં હિંસાપ્રચુર દ્રવ્યોથી--ઔષધથી--પુનઃ શરીર બંધારણ માટેનો વ્યવસાય, અને પુનઃ ભોગ માટે દુર્બુધ્ધિ. આટલી વસ્તુઓ કલિનો પ્રભાવ મનાય. ચારથી અસંતોષ થતાં **जातरूपमदात् विभु**:- કલિને વસવા જાતરૂપ -- એટલે દ્રવ્ય પાંચમું સ્થાન આપ્યું.

પાંચ અનર્થ अनृतं मदं कामं रजो वैरं च पंचमम् (શ્લોક૩૯). દ્યૂત આવતાં અસત્ય વધ્યું, પાન કરવાથી મદ વધવાનો, સ્ત્રીઓથી કામ વધશે, હિંસાથી ક્રોધ વધ્યો, દયા ગઇ, સૂવર્ણથી -- ૧૫ અનર્થ થયા. વૈર તો ખાસ થયું.

કલિયુગનો નિગ્રહ કર્યો તે અરસામાંજ શૌનકાદિ અઠ્ઠાસી હજાર ઋષિઓએ -- નૈમિષમાં એક હજાર વર્ષ સત્સંગ માટે સત્રની દીક્ષા લીધેલી.

અધ્યાય ૧૮ મો

વિપ્રશાપ અને રાજાનો પ્રાયોપવેશ (સર્વ પરિત્યાગ.)

સોળમા અધ્યાયમાં ભૂમિ વિજય, સત્તરમા અધ્યાયમાં કલિ વિજય, અઢારમા અને ઓગણીસમા અધ્યાયમાં રાજ્ય ત્યાગ બતાવ્યો. રાજ્ય પ્રાપ્તિના ૧૬, ૧૭ અધ્યાય; રાજ્યત્યાગના ૧૮, ૧૯ અધ્યાય. મહાભારતમાં વર્ણવેલ પરીક્ષિત રાજાનું ચરિત્ર શ્રીમદ્ ભાગવત સાથે મળતું નથી આવતું. ભાગવતમાં રાજાને ભગવદીય શ્રેષ્ઠ દર્શાવ્યા છે. તે જે વિરોધ લાગેછે, તેનું કારણ કે બન્ને પરીક્ષિત જુદા જુદા કલ્પના છે. જેથી ભાગવત્ સાથે વિરોધ નહિ આવે.

રાજાની તામસવૃ-તિ નથી. કેવલ ભગવદ્ ઇચ્છા થવાથી પરીક્ષિતની બુદ્ધિમાં ક્રોધ આવ્યો અને વિપ્રના ગળામાં સર્પ મૂકાવ્યો. કારણ રાજાનું લૌકિક શરીર તો બ્રહ્માસ્ત્રથી બળી ગયું છે. આ તો ભગવદ્ દત્ત દેહ છે, એટલે તેને લૌકિક દાહ ન ઘટે. પરંતુ તક્ષકના સ્વરૂપે- **અલૌકિક અગ્નિ** વિષનું રૂપ લઇ આવી રાજાની મુકિત કરી ગયેલ છે. બાકી શાપ તો બુદ્ધિભ્રંશ કરે. યાદવોને વિપ્રશાપ થયો, તેઓએ છુપાવ્યો, અને સ્વયં યુદ્ધ કરી મરણ શરણ થયા. પરીક્ષિતે સ્વયં પરિતાપ કર્યો, અને શાપને આશીર્વાદ માની વ્યકત કર્યો, અને **વ્રતી બની શ્રવણ શીલ થયા.** એજ **જીવનની સંસ્કારિતા કે** આગન્તુક આવેલા **દોષમાંથી** મુકત **થઈ સહજ ઉત્કૃષ્ટ સંસ્કારમાં ચાલ્યા જવું.**

तक्षकात्प्राण विप्लवात्।

वैयासकेर्जहौ शिष्यो गंगायां स्वं कलेवरम्॥

માનવનું શરીર છૂટે તેને અગ્નિનો સ્પર્શ થાય છે, પરંતુ દેહને, નહિ કે પ્રાણોને; જ્યારે રાજાના પ્રાણોને અગ્નિ સ્પર્શ

થયો. રાજાના પ્રાણ ભગવાનમાં હતા. તેને જો અગ્નિનો સ્પર્શ થાય, તો દુનિયામાં ઉપદ્રવ કે જ્વાળામુખી પ્રગટે, પરંતુ આ તો અલૌકિક અગ્નિ સ્પર્શથી મુક્તિ વર્ણવી છે. રાજાએ ગંગાજીમાં વિવેક પૂર્વનું દેહનું વિસર્જન કર્યું છે, નહિ કે ડરીને, કારણ કે–

नोत्तमश्लोकवार्तानां जुषतां तत्कथामृतम्

પુણ્યશ્લોકનું દર્શન અને ઉત્તમશ્લોકનું જીવન પીયૂષ એ સર્વ દર્શનશાસ્ત્રનું ફલ છે. શોક દૂર કરે તે શ્લોક. મન, ઇન્દ્રિયોના સંજીવક અમૃતને સુકવનારો અગ્નિ એ તો શોક છે. **जुष प्रीतिसेवनयोः "પ્રીતિ પૂર્વક સેવન"** એજ ઇશ્વરનું આરાધન છે. શ્રવણનાં બે અંગ–પ્રેમ અને શ્રવણનો અમલ. કેરીના રસને ધીરે ધીરે જેમ ચૂસાય, તેમ કથાના મર્મને ધીમે ધીમે વિચારે અને જીવનમાં ઉતારે.

कुशलान्याशु सिद्धयन्ति नेतराणि कृतानि यत् – કલિયુગમાં કુશલ (પુણ્ય) તાત્કાલિક ફલ આપે છે; અને ઇતર (પાપ) કર્યા પછી, વિલંબે ફલ આપેછે.

कृते तात्क्षणिकः पापः त्रेतायां द्वादशेऽहनि।
द्वापरे मास मात्रेण कलौ संवत्सरेण तत्॥

કૃતયુગમાં પાપ–શાપનું ફલ તેજ વખતે મળેછે; ત્રેતાયુગમાં બારમે દિવસે ફળ મળેછે; દ્વાપરમાં પાપ કર્યા પછી એક મહિને ફળ મળેછે; કલિ કાલમાં એક વર્ષે મળેછે. જ્યારે પુણ્યફળ માટે તેથી ઉલટું છે. સત્યયુગમાં પુણ્ય–ધર્મનું–કર્મનું ફલ એક વર્ષે મળેછે; ત્રેતાયુગમાં પુણ્ય–ધર્મનું ફલ એક માસે મળેછે; દ્વાપરમાં પુણ્ય–ધર્મનું ફલ બારમા દિવસે મળેછે; અને કલિયુગમાં પુણ્ય–ધર્મનું ફલ લાંબા સમયે મળેછે. ઘણું કરીને સંસર્ગજન્ય પાપો કલિમાં ભોગવવાં પડતાં નથી, માત્ર આચરનારને જ ભોગવવાનાં હોય છે; જ્યારે સંસર્ગજન્ય પુણ્યોનું ફલ તો કલિમાં મળે છેજ.

કલિ દેશમાં અગર કાલમાં નથી, માત્ર તે માનવમાં વ્યક્તિનિષ્ઠ ધર્મ છે. નિર્બળમાં અને ગાફલમાં જ કલિ ધર્મ પ્રવેશે છે. સાવધમાં અગર દૃઢ મનોબલવાળામાં તો કદી નહિ.

सूत जीव समाः सौम्य शाश्वतीर्विशदं यशः (શ્લોક ૧૧). **शाश्वतीः समाः, वत्सरान् जीव** – ઘણાં વર્ષો જીવો. **कालाध्वनोरत्यन्त संयोग च** એ સૂત્રથી અત્યંત સંયોગમાં દ્વિતીયા વિભક્તિ છે. **शाश्वतीः नित्याः** એવો અર્થ થાય. બ્રહ્માનાં નિત્ય વર્ષ ગણાય, અન્યનાં અનિત્ય મનાય. બ્રહ્માનાં સેંકડો વર્ષ જીવો એટલે અગણિત આયુષ્ય ભોગવો.

विशदं यशः शंससि – **विश** એટલે સંસાર પ્રવેશ, અને **द** એટલે તેનો નાશ કરનાર. કીર્તિ–યશ: માં એકજ અંતર – એક લોકાસક્તિ વધારે, લોક–રતિ અને ફલ રતિ પેદા કરે; અને યશઃ ભગવદ્ રતિ પ્રકટ કરે.

સત્સંગ મહિમા **तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम्**
भगवत्संगिसंगस्य मर्त्यानां किमुताशिषः ॥१३॥

ભગવાનનો સમાગમ પામેલ ભગવદીયની સાથેના એક ક્ષણના પણ સત્સંગની તુલનામાં સ્વર્ગ, અપવર્ગ (મોક્ષ) ન આવી શકે. ત્યાં માનવની લૌકિક કામ–સિદ્ધિની કેટલી કિંમત?

तात स्वर्ग अपवर्ग सुख धरिय तुला एक अंग
तूल न ताहि सकल मिलि जो सुख लव सतसंग

૧૪ મા શ્લોકમાં **भवपाद्ममुख्याः** પદનો પ્રયોગ કર્યો છે.

ભગવદ્ ગુણોનો પાર શિવજી અને બ્રહ્માજી નથી પામી શક્યા. એ બેનેજ કેમ પ્રમાણમાં લીધા? તેનું કારણ **भवतीति भव:** સ્વયં બ્રહ્મ સ્વરૂપ છે. **वेद: शिव: शिवोवेद:** શિવજી વેદનું સ્વરૂપ છે, માટે. પ્રમાણમાં વેદ મુખ્ય છે. બ્રહ્માજી ચતુર્મુખ છે, તે પણ વેદનું પ્રતીક છે. શિવ વેદનુંજ નામ છે. શિવ જ્ઞાનરૂપે ઉત્તર મીમાંસા છે, બ્રહ્મા કર્મરૂપે પૂર્વ મીમાંસા છે. પ્રમાણ અને પ્રમેયનાં બે પ્રતીક બતાવ્યાં; અને તે બન્ને ગુણોનો અંત ન પામ્યા, તો અન્ય કોણ પામી શકે?

શ્લોક ૧૮ થી ૨૩ એ છ શ્લોકો સૂતજીના અતિશય હર્ષના છે. ભગવાનનાં છ ઐશ્વર્યો ગાવાનાં છે, માટે તે ગુણોના પ્રાદુર્ભાવને કરતા આ છ શ્લોક છે. પોતાની ઉત્પત્તિ રૂચિકર રીતે નથી, માટે આત્મવ્યથા અનુભવતા સૂત ભગવદ્ ગુણ ગાનના બલથી તે ગુણોનું અંશ જેટલું સ્થાપન પોતાનામાં કરીને સંતોષ અનુભવશે. ગુણ સંપાદન, જાતીય સ્વભાવનું પરિવર્તન કરી શકે છે.

ભાગવતનું અસામાન્ય ઔદાર્ય—

दौष्कुल्यमाधिं विधुनोति शीघ्रम्—વિલોમ લગ્નથી થતી સંતતી સમાજમાં હમેશાં ઘૃણાની નજરે દેખાતી, કારણ કે બીજ કરતાં ક્ષેત્ર વધુ સામર્થ્યવાળું ન જોઇએ. પરિણામે બીજ નાશ ન પામે માટે. તેમજ ક્ષત્રિયવર્ણ કુમાર, અને વિપ્રવર્ણ કુમારી ન હોવાં જોઇએ. **ब्राह्मण्यां क्षत्रियाग्-जात: सूत:** એ પ્રકારે સૂતનો જન્મ થયો છે. પણ ગુણ ધર્મોના પ્રબલ સામર્થ્યે કુલ દોષોનું નિવારણ થઇ શકે છે, અને જીવ માત્રને દિવ્યતા પ્રાપ્ત થાય છે.

વક્તામાં દૈન્ય એ ગુણાનુવાદનું માધુર્ય છે; તેથીજ સૂત મહર્ષિ દૈન્ય વ્યકત કરે છે. **नभ: पतन्त्यात्मसमं पतत्रिण: तथा समं विष्णुगतिं विपश्चित:** પક્ષીઓ પોતાની તાકાત પ્રમાણે આકાશમાં ઉડે છે, તેજ પ્રકારે ભગવાન વિષ્ણુના ગુણો પ્રત્યે વિદ્વાનો જઇ શકે છે. આકાશ જવાનો દેશ છે, તે એક વચન છે, અને ઉડનારાં પંખીઓ અનેક છે. તેજ પ્રકારે વિષ્ણુ ભગવાનના અનેક ગુણોમાંના એકજ ગુણનો થાગ લાવવા અથાગ શ્રમ કરનારા અનેક વિદ્વાનો છે, તો પણ પાર નથી પામતા. આ દૈન્ય છે.

૨૪ મા શ્લોકથી પરીક્ષિતના જીવનની કથા છે.

પરીક્ષિતની મૃગયા અને પ્રમાદ:—

एकदा धनुरुद्यम्य विचरन् मृगयां वने।
मृगाननुगत: श्रान्त: क्षुधितस्तृषितो भृशम् ॥ २४ ॥

एकदा धनुरुद्यम्य– એક દિવસ પરીક્ષિત શિકાર કરવા ગયા. **परित:इक्षते** ચારે તરફ જુએ છે, પરંતુ અન્તરમુખ બની પોતાના અંત:કરણમાં જોતો નથી.

मृगान् अनुगत: હરણની પાછળ ગયો. એ કથનમાં દુ:સંગનુંજ મુખ્ય કારણ છે. **आरण्या: पशव: कनीयांस:** અરણ્યનાં પશુઓ ક્ષુદ્ર અને શોકયુકત હોય છે. "શોકવાળા સાથે બેસવાથી બુદ્ધિ–આનંદનાં જલ સુકાઇ જાય છે." સમર્થ રાજા માટેજ થાક્યા. રાજાના પ્રમાદમાં ત્રણ દોષ–**श्रान्त:**, **क्षुधित:**, **तृषित:**, શરીરથી કે **શ્રમથી** મનુષ્ય વધુ થાકતો નથી, જેટલો દુ:સંગથી થાકે છે.

श्रान्त: પરીક્ષિત થાક્યા, જે યુદ્ધમાં ન થાકે તે વીર હરણની પાછળની દોટથી થાક્યા. આશા અધુરી રહી, અને વિષય મૃગતૃષ્ણા જેવો હસ્તગત ન થયો, તેથી નિરાશાની માનસિક અસરે શરીર ઉપર પ્રભાવ જમાવ્યો.

क्षुधित: ખૂબ ભૂખ્યા થયા. **क्षुद् वै भ्रातृव्य:** ક્ષુધા શત્રુની ગરજ સારે છે. અતિશય ક્ષુધા વેઠવાથી ક્રોધી થવાય છે.

तृषित: ક્ષુધાનો અગ્નિ પ્રજ્વલિત થાય, ત્યારે જલપાન કરવાથી થોડી ક્ષણ શાંત થવાય, પણ તેમ પણ ન થવા પામ્યું. જલ પણ પીવા ન મળ્યું. એટલે શ્રમ, ક્ષુધા અને તૃષાના ત્રિદોષે ભાન ગયું. ત્રિદોષમાં વધુ વિકાર થયો અને સન્નિપાત થયો.

धनुरुद्यम्य – ધનુષ્ય સજ્જ કરીને ગયા. એ કથનથીજ રાજા આવેશમાં છે એમ સૂચવ્યું.

जलाशयमचक्षाण: प्रविवेश तमाश्रमम् ।
ददर्श मुनिमासीनं शान्तं मीलितलोचनम् ॥ २५ ॥

जलाशयमचक्षाण :– જલાશયને શોધતા હતા. આશ્રમની સમીપમાં સરોવર અથવા જલાશય તો હોયજ. પરંતુ રાજાને કોઈ પ્રારબ્ધ દોષને લીધે સરોવરના દેવોએ સરોવર દેખાવાજ ન દીધું, અને રાજા શોધમાં પડ્યો.

प्रविवेश – કદિ પણ પરવાનગી વિના પ્રવેશ ન કરે, તે રાજાએ આજ્ઞા વિનાજ અંદર પ્રવેશ કર્યો.

तमाश्रमम् – તે આશ્રમ. એ આશ્રમ અશ્વત્થામા હાર્યા બાદ શું કરવું તેનો વિચાર કરવાનો આધાર રૂપે હતો.

ददर्श मुनिमासीनं शान्तम् – મુનિ નિર્વિકલ્પક સમાધિમાં હતા. સમાધિના છ પ્રકાર છે. (૧) દૃશ્યાનુ વિદ્ધ. (૨) શબ્દાનુવિદ્ધ. (૩) નિર્વિકલ્પક. એ ત્રણ પ્રકારમાં આભ્યન્તર અને બાહ્ય એવા બે ભેદો થતાં સમાધિ છ પ્રકારની બને.

રાજાને તૃષા અને ક્ષુધા કરતાં માનની, આવકારની અને આસન પ્રાપ્તિની વધુ તરસ હતી. રાજા તરીકેનું સર્વને નિયમન કરવાની ચાહના હતી. તેથીજ પ્રમાદ થયો. જે આશ્રમમાં અનુજ્ઞા વિના પ્રવેશે છે, તે આશ્રમમાંથી પાણી પીવાને કોઇજ વાંધો શો ? માટે તૃષા કરતાં માન–તરસ જ રાજાને સતાવનારી થઈ.

प्रमादो वै मृत्यु : मोहो वै मृत्यु: જ્ઞાનને પ્રમાદ અને મદ, ધનને મોહ અને મદ અનાદિ કાલથી પાછળ લાગ્યાં છે. એ બે બેના મૃત્યુ છે.

રાજાના પ્રમાદમાં અન્ય હેતુઓ:

(૧) ઇશ્વર સંકેત. પરીક્ષિત જેવા મહાપુરૂષને હાથે પ્રમાદ ન બને; પરંતુ ભગવાનને મહાન પુરૂષ પણ પ્રમાદ કરે તો તેનું ફલ ભોગવવું પડે છે, તો માત્ર સાધારણ માનવને પ્રમાદનું પરિણામ ભોગવવું પડે તે દર્શાવવું હતું.

(૨) બીજો હેતુ – રાજા જરાસંધે સત્તર વખત મથુરાં ઉપર ચઢાઇ કરી; પરંતુ પ્રભુએ તેને હરાવ્યો. અઢારમી વખત તે આવ્યો, ત્યારે કાલયવન પણ સાથે આવેલો. પ્રથમ કાલયવન આવ્યો. ભગવાને ધવલપુરની ગુફામાં મુચુકુન્દ રાજાથી તેનો નાશ કરાવ્યો. રાજા વિનાના સૈન્ય ઉપર માથુર અને યાદવ સૈનિકોએ આક્રમણ કર્યું. જીતેલા સૈન્યને કાબુમાં લેવા એ કોઇપણ સેનાનાયક માટે શકય નથી; કારણ કે **વિજય પછી પ્રમાદ અને ઉન્માદ અવશ્ય છે.** સત્તાના પરિવર્તનના સંક્રાન્તિ કાલમાં લાંચ–રૂશ્વત, તંત્ર શૈથિલ્ય અને લૂંટ–આ ત્રણ થતાં આવ્યાં છે. ભગવાન શ્રી

કૃષ્ણ યાદવ સૈન્યને રોકે તે પહેલાં તો હારેલ કાલયવનના સૈન્ય પાસેથી અઢળક રત્ન–મૌક્તિક સંચય લઈ માથુરો મથુરામાં પ્રવેશતા હતા. સમયસૂચક **શ્રીકૃષ્ણ**, સમર્થ છતાં **જો** સૈનિકોને અટકાવે તો વિષમતા થઇ આવે. તે ન થાય, માટે જ જરાસંઘ સામેથી ખસી ગયા, અને પ્રવર્ષણ પર્વત ઉપર ચઢી ગયા. સત્તર વખત હરાવેલ જરાસંધને હરાવવો એ કોઇ કઠિન વાત ન હતી. પણ ઈરાદાપૂર્વકજ પ્રભુને સરકી જવું હતું. ભગવાનની અનુપસ્થિતિમાં જરાસંધે તે ઝવેરાત માથુર સૈનિકો પાસેથી લીધી. અને રાજ્યમાં આવી તે કારીગરોને આપી, તેનો મુકુટ બનાવવા આપ્યો. બન્યો પણ માથે બંધ ન બેઠો. વારસામાં તે તેના પુત્રને મળ્યો. ભીમસેને યુદ્ધમાં જરાસંધને માર્યો, ત્યારે તે મુકુટ ભીમસેને જરાસંધના પુત્ર સહદેવ પાસેથી શ્રીકૃષ્ણની અનિચ્છા છતાં લીધો. ભીમસેન તેને હસ્તિનાપુરમાં લાવ્યા. ભગવાને રાજા યુધિષ્ઠિરને “એ અમંગલ અને ઉચ્છિષ્ટ છે.” એમ કહી ચેતવ્યા. યુધિષ્ઠિરજીએ તે માથે ન ધર્યો. પરીક્ષિત રાજા થયા, અને તે મુકુટ તેમની પાસે આવ્યો; અને રાજા તે મુકુટ પહેરીને શિકારે ગયા. **અન્યાયનું, અન્યને ત્રાસ આપી મેળવેલું, અને અનાહૂતનું (શ્રમ વિનાનું) દ્રવ્ય લેનારની બુદ્ધિનો નાશ કરેછે, અને પરિણામે તે પણ નાશ પામેછે.** રાજાની બુદ્ધિનો નાશ એ મુકુટથી થયો. પૂજનીય ઋષિના કંઠમાં પુષ્પમાલાને સ્થલે સર્પ મૂક્યો.

स तु ब्रह्मऋषेरंसे गतासुमुरगं रुषा (શ્લોક ૩૦)

અધિકાર અંધ બનાવેછે. ક્રોધાવિષ્ટ રાજાએ ઋષિના ગળામાં સર્પ મૂક્યો. દરમાંથી નીકળતા સર્પને માર્યો અને મરેલા સર્પને કંઠમાં મૂક્યો. આશ્રમમાં અને ધ્યાનમાં બેસવાના પવિત્ર સ્થલમાં મરેલ સર્પ ક્યાંથી સંભવે?

મસ્તક ઉપર ન મૂક્યો, પરંતુ કંઠમાં મૂક્યો. પુષ્પમાલાની ભાવનાએ મૂક્યો. જેવું મુનિનું આતિથ્ય તેવું રાજાનું પૂજન, એ દૃષ્ટિએ રાજાએ સર્પ મૂક્યો. કારણ રાજા સત્તા અને રોષથી કલુષિત મન બન્યો હતો. સર્પને માર્યો માટેજ રાજાને તક્ષકનો દંશ થયો. જેનો અપરાધ કર્યો, તેના સ્વામીએ (તક્ષકે) તેનો બદલો આપ્યો. માથા પર ન મૂક્યો, અને કાન, આંખ, નાસિકા, મુખનાં સપ્ત દ્વાર બચાવ્યાં તેથીજ સાત દિવસનું આયુષ્ય મળ્યું; અન્યથા તેજ ક્ષણે તેના પ્રાણ લેત.

વાસ્તવિક દૃષ્ટિએ સર્પ કાલ છે. ધ્યાનસ્થને તે કાલધર્મોની અસર નથી થતી. શ્રદ્ધાલુ રાજા ધ્યાન–જ્ઞાન જિજ્ઞાસાથી પણ અધિક ભગવદ્ રસ પિપાસા સેવતો હતો. ધ્યાનસ્થ મુનિની સમાધિ જો વિરામ પામે તો રાજાને તે ભગવદ્ રસની તરસ છીપે; જેથી રાજાએ સમાધિ છોડાવવા પ્રયોગ કરેલો. ભય કરનાર સાધનથી સમાધિ છૂટી શકે. મરેલા સર્પથી ઝેર ન ચઢે અને સમાધિ છૂટી શકે. પણ તેમ ન બન્યું.

અન્તરજ્ઞ ઋષિએ તેથીજ રાજાને શાપ આપનાર પુત્રને ઉપાલંભ આપ્યો અને પોતાની ભૂલ સ્વીકારી. સપ્ત દ્વારમાંથી અન્ધઃ તમઃ અંધકાર જાય અને પ્રકાશ પ્રાપ્ત થાય, તેનું નામ સપ્તાહ ગણાય.

दण्डदानं स्वकीयेषु परकीयेषूपेक्षणम् — રાજાના અપરાધને ક્ષમાની નજરે જોનાર મહર્ષિ **શમીકે** પુત્રના અપરાધને ઉપેક્ષાની નજરે ન જોયો, કારણ પુત્ર આત્મજ છે, તેને સંસ્કાર આપવા જોઇએ. વળી પુત્રના કાર્યમાં મૌન લે તો પિતાની સંમતિ મનાત, અને બ્રહ્મશાપથી રાજાનો આલોક નષ્ટ થયો અને પરલોક પણ નષ્ટ થાત. તે ન થાય તેથીજ ઋષિએ સ્વાપરાધ સ્વીકાર્યો

શ્રી ગૌર મુનિને રાજાને સંદેશા આપવા મોકલ્યા. તે બ્રાહ્મણોચિત વિશ્વભાવનાથી પુત્રગત પિતૃવાત્સલ્યનું દર્શન છે.

અધ્યાય ૧૯ મો

ગુણાતીત પ્રકરણ.

નવ, નવ અધ્યાયનાં સાધારણ અસાધારણ પ્રકરણ પછી ૧૯ મા અધ્યાયમાં ગુણાતીત વકતા શ્રોતાનું મિલન વર્ણવ્યું છે. શુકદેવ શિવજીનો અવતાર હોવાથી વિદ્યા, વિરકિત અને ભકિતથી પરિપૂર્ણ છે, તેમજ ૩૨ લક્ષણ સમ્પન્ન છે. કેવલ જ્ઞાની વકતા ન બની શકે. વિરકિત અને ભકિત યુક્ત હોય તેજ ભાગવત વકતા સંભવે. તે યોગ્યતા શુકદેવજીમાં છે. પરીક્ષિત પણ મોહથી પર છે. શમીક કુમાર શૃંગીએ શાપ આપ્યો તેનો મોહ ન થયો, તેમજ પરીક્ષિત રાજાએ ગળામાં સર્પ મૂકયો, તેનો શમીક ઋષિને મોહ ન થયો, અન્યથા શાપ–દાનને અનુમોદન આપત, અગર શાપ આપત; પણ તેમ નથી થયું. પરીક્ષિતે શાપ નિવારણ કે રોકાણ માટે કોઇજ ઉપાય નથી આદર્યો, જેથી મોહ નથી તે પૂરવાર થયું.

રક્ષણ કાર્ય વિષ્ણુનું છે. ભગવાને ઉત્તરાના ઉદરમાં પ્રવેશી રક્ષા કરી. ઉપસંહાર કાર્ય શિવજીનું હોવાથી શુક સ્વરૂપે શિવજીએ જ્ઞાનાગ્નિથી પરીક્ષિતને મોક્ષ આપી ઉપસંહાર કર્યો. બ્રહ્મચર્ય વિના ઉર્ધ્વરેતસ ન થવાય, ઉર્ધ્વરેતસ યોગી ન બનાય. યોગ વિના વૈરાગ્ય સંભવે નહિ. સંસારાનુભવ પછીનું વૈરાગ્ય વિષાદ મૂલક છે, નહિ કે વિવેક મૂલક. માટેજ શુકદેવજી સર્વગુણ સમ્પન્ન વકતા બની શકયા.

महीपतिस्त्वथ तत्कर्म गर्ह्यं विचिन्तयन्नात्मकृतं विपाकम् मही પૂજવા લાયક ગુણોવાળી એવો અર્થ થાય. રાજા મહીપતિ હોવાથી દરબારમાં આવી સિંહાસને બેઠા અને તેજ ક્ષણે પૃથ્વી દેવીના ધૈર્ય, વિવેક આદિ ગુણોનો આવિર્ભાવ થયો; અવિલંબે પરિતાપ થયો.

गर्ह्यंकर्म – "નિંદ્ય અને નિષિદ્ધ" દોષો યુકત કર્મ "ગર્હ્ય" કર્મ કહેવાય. સ્તુત્ય અને વિહિત ધર્મ યુકત કર્મ "અર્હ્ય" કહેવાય. અર્હ્ય કાર્ય કરે તે આર્ય, ગર્હ્ય કાર્ય કરે તે અનાર્ય. રાજા કે ન્યાયાધીશ દંડ ફરમાન કરે, સ્વયં દંડ પ્રહાર ન કરે. પરીક્ષિત રાજાએ હાથે ઋષિના ગળામાં સર્પ મૂકયો. દંડ દૃષ્ટિએ કે પરીક્ષા માટે પણ તે નીચ કાર્ય ગણાય. રાજા તો રાજી કરે તેવાંજ કાર્યો કરે તેજ દીપે.

"સ્વદોષ દર્શન, સ્વદોષ પ્રદર્શન, અન્ય દોષ અદર્શન અને સદ્‌ગુણ પ્રદર્શન ને પ્રશંસનની સ્થિતિ" હૃદયમાં પ્રગટે ત્યારે ભગવત્પ્રાકટ્ય; અને તે પ્રકૃતિ સ્વાભાવિક હોય તો નિત્ય ભગવત્સાન્નિધ્ય સમજવું.

अद्यैव राज्यं बलमृद्धकोषं प्रकोपितो ब्रह्मकुलानलो मे दहतु —

રાજ્ય, સૈન્ય, સમ્પત્તિ એ સાત્વિક, રાજસ, તામસ એમ ત્રણ પ્રકારનાં પુણ્ય કર્મનાં ફળો છે. પાપ, અસત્કર્મ કરનારનાં. રાજ્ય એટલે પવિત્ર પદ, બલ એટલે સામર્થ્ય અને સહયોગ, સમ્પત્તિ એટલે વૈભવો. એ ત્રણે નાશ પામે, ત્યારેજ તેને યોગ્ય શિક્ષા થઈ ગણાય.

મહાન પુરુષોની ઇચ્છા કામતરૂ કે કામદુધા છે. ઇચ્છાના બીજાજ ક્ષણમાં તેમને ફલ પ્રાપ્ત થાયછે. ખરા હૃદયથી રાજાએ અપરાધનો દંડ માગ્યો, અને મુનિનો શિષ્ય સમાચાર લઇ આવ્યો.

मुनेः सुतोक्तो निर्ऋतिस्तक्षकाख्यः "તક્ષક કરડવાથી મૃત્યુ થશે, એ આશય નથી. પરંતુ તક્ષક સ્વયં મૃત્યુ છે. તે સાતમે દિવસે આવશે. રાજા શાપથી તારૂં મૃત્યુ નથી, પણ આયુષ્યની અવધિને અથવા મૃત્યુના ક્ષણની જાણ એજ તને શાપરૂપે કહેલ છે."

स साधु मेने न चिरेण तक्षकानलम् – તક્ષકથી મૃત્યુ સાંભળ્યું તેજ ક્ષણે તે વસ્તુને ખૂબજ સારી માની લીધી. અન્યને શોક થાત. રાજાને તે "દંડ કે શાપ શ્રવણમાં" સદ્‌ભાવ થયો.

न चिरेण तक्षकानलं तु न साधु मेने— ઋષિના શાપને તો હૃદયથી આવકાર્યો; પરંતુ **चिरेण तक्षकानलम्** સાત દિવસનો અવધિ જે ઋષિએ આપ્યો, તે ઋષિ પુત્રની રાજાને સજ્જ થવાની અવધિ આપવાની ઉદારતા–દયા દર્શાવી. તેને માટે પોતે પાત્ર ન હોવાથીજ વિલંબ યોગ્ય ન ગણ્યો. આવા મહાન અપરાધી ઉપર દયા, ક્ષમા શી? તેને શીઘ્ર શિક્ષા થવી જોઈએ.

कृष्णाङ्घ्रिसेवामधिमन्यमान उपाविशत् प्रायममर्त्य नद्याम्—(૫).

શ્રી કૃષ્ણચન્દ્ર ચરણ સેવામાંજ તન, મન વિનિયોગ કરવા માટેજ રાજાએ **प्रायम्-अनशनव्रतम् उपाविशत्** અનશન વ્રત સ્વીકાર્યું; નહિ કે શાપના દુઃખથી અન્ન ત્યાગ કર્યો. શોક, ક્લેશ, મોહાવેશથી કરેલા ત્યાગનું ફલ મળતું નથી. પરંતુ **ઉપવાસને સેવાવ્રતાંગ તરીકે સ્વીકારેલ** છે. જેઓ ઉપવાસ ન કરી શકે, તેઓને ફલાહાર અથવા એકાશન. બાકી ત્રણ રીત–અનશન, એકાશન કે ફલાશન. પરંતુ શ્રવણ નિષ્ઠા સચવાવી જોઈએ,

अमर्त्यनद्याम्—અન્ન વિના મૃત્યુ થવાનો નથી. એ **અમર્ત્ય** નદી ઉપર બેઠો છે. **ज्ञानामृतं भोजनम्**–જ્ઞાનામૃત ભોજન છે, એ યોગીઓના પરિવારમાં દર્શાવ્યું છે. ગંગાજી **જ્ઞાનનું** સ્વરૂપ છે, **યમુનાજી** ભક્તિનું સ્વરૂપ છે, **સરસ્વતીજી** કર્મનું સ્વરૂપ છે. રાજા શ્રીમદ્ ભાગવત, ગંગાજી અને સજ્જન ઋષિમુનિ–વૃન્દ સત્સંગની ત્રિવેણી ઉપર અનન્યાશ્રયના અવિચલ વિશ્વાસ વટ વૃક્ષના આશ્રયે બિરાજમાન છે, ત્યાં અનશનથી પ્રાણ જવાનો

સંભવજ નથી. તે અનશન વેદ વિહિત છે. **अन्योऽनश्नन् अभि चाकशीति** – એક ખાતો નથી, પણ માત્ર તટસ્થ થઇ જુએ છે. તે ઇશ ધર્મ છે. વ્રતથી ઇશિ ધર્મ આવેછે. તે રાજાએ લીધો. **प्रायम्** કર્મમાં દ્વિતીયા વિભક્તિ છે. જો તે ઉપવાસનેજ પ્રધાન માની બેઠો હોત તો **तादर्थ्ये चतुर्थी** તાદર્થમાં ચતુર્થી વિભક્તિ વપરાત, પરંતુ દ્વિતીયા લીધી છે.

ગંગા નદી અમર નદી છે. કોઇ અનન્ય ગંગા–ભક્ત ઉત્તરાવસ્થામાં ગંગા કિનારે સુતેલ છે, તેને જોઇ પ્રથમ ક્ષણે કહ્યું, "ભાઈ! નિઃશંક થઇ શેષ જીવનમાં શું સુતો છે? જાગ, જગદીશ ભજ." પછી કહેનારે સુધાર્યું, "ના, સુખેથી તું સુઈ જા. ગંગા ખૂદ જાગે છે."

निःशंकं किं शेषे शेषे वयसि समागते मृत्यौ
अथवा सुखं शयीथा निकटे जागर्ति जाह्नवी भवत:॥

ગંગાજીનું ગૌરવ:–

या वै लसच्छ्रीतुलसीविमिश्रकृष्णाङ्घ्रिरेण्वभ्यधिकाम्बुनेत्री શ્રી લક્ષ્મીદેવી નિત્ય પ્રભુચરણ કમલનું અર્ચન કરતાં અને તુલસીજી સમર્પતાં; તે તુલસી પ્રભુચરણમાં રહેતાં. જ્યારે વામન અવતારમાં પ્રભુએ ચરણારવિંદ બ્રહ્મલોકમાં પધરાવ્યાં, ત્યારે બ્રહ્માજીએ કરેલા પાદ પ્રક્ષાલનના જલ સાથે તુલસી દલ ભૂતલમાં આવ્યાં. તેવાં ગંગાજીના સમ્પર્કથી સેવોપયોગી તનુનવત્વની પ્રાપ્તિ થાય છે; કારણકે લક્ષ્મીજીની સેવા ભાવનાનું પણ તેમાં તુલસીજી સ્મરણ કરાવે છે.

मुनिव्रत – કથા શ્રવણનું અંગ છે. મૌન અથવા ભગવચ્ચર્ચા પૂરતુંજ મુનિઓની સાથે બોલવું એ મુનિવ્રત છે. વાહનમાં ન બેસવું, વલ્કલ પહેરવાં, ફલથીજ જીવન નિર્વાહ કરવો, વૃક્ષ નીચેજ વસવું અને મનનશીલ થવું એ પણ મુનિવ્રતો છે.

ભગવચ્ચર્ચા અને આત્મચર્ચા શ્રોતા સમાજ ઉપર અવલંબે છે. **જ્ઞાની, ભક્ત અને કર્મનિષ્ઠ સમાજ** મળે તો રસોદ્રેક **થાય**. ગંગાજીના તટ ઉપર શુકદેવજી પધારે તે પહેલાં સભા **સ્વરૂપ** નિર્માણ કર્યું.

શ્લોક ૯, ૧૦ અને ૧૧ ઋષિ આગમન અને ઋષિ સત્કાર.

(૧) અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ઠનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, એ નવ ઋષિઓ **જ્ઞાન પ્રવર્તક** છે. તેમનાથી બીજો વર્ગ દર્શાવતા **अथ** અવ્યય મૂકી આગળના ઋષિઓની ગણના કરી. ઋષિવૃન્દમાં અત્રિ વૃદ્ધ અને વંદ્ય છે, માટે તેમને પ્રથમ લીધા. શરદ્વાન, કૃપાચાર્યનું નામ છે, અથવા શારદ્વત કૃપાચાર્યને કહે છે. તેથી શરદ્વાન એટલે ગૌતમ ઋષિ પણ કહેવાય.

(૨) પરશુરામ, ઉતથ્ય, ઇન્દ્રપમદ, ઇધ્મવાહ, **મેધાતિથિ**, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્લાદ—એ દશ ઋષિઓ **ધર્મનું પ્રતિપાદન** કરનારા છે. અતિથિની નિત્ય પ્રતીક્ષા કરતા **મેધાતિથિ** ઋષિ હતા.

(૩) મૈત્રેય, ઔર્વ, કવષ અગસ્ત્ય, દ્વૈપાયન (ભગવાન વ્યાસ), નારદજી—આ છ મહર્ષિઓ **ભક્તિરસ રસિક** હતા.

ભકતોની માગણી –

હરિના જન તો મુકિત ન માગે, જન્મ જન્મ અવતાર જોને,

નિત્ય સેવા, નિત્ય કીર્તન, ઉત્સવ નિરખવા નંદકુમાર જોને.

પરીક્ષિતે માગણી કરી – **अनन्ते रतिः तदाश्रयेषु प्रसंगः**– ભગવાનમાં પ્રતિક્ષણ વધતો સ્નેહ, અને ભગવદીયોનો પ્રસંગ. જે જે યોનિમાં અવતરૂં, ત્યાં ત્યાં ઉપરની બે વસ્તુઓ મળે.

આસન મર્યાદા – અને દિશા :–

प्राचीनमूलेषु कुशेषु धीरः उदङ्मुखो दक्षिणकूल आस्ते —

प्राचीनमूलेषु कुशेषु धीरः– દર્ભાસન ઉપર બેઠા. રાક્ષસો વિઘ્ન કરનાર ન થાય તેથી દર્ભાસન ઉપર બેઠા. પૂર્વ દિશામાં દર્ભનો અગ્ર ભાગ અને પશ્ચિમ દિશામાં મૂલ ભાગ આવે, તે રીતે આસન ગોઠવ્યું. દેવ કર્મ માટે એ રીતિ છે. પિતૃલોકની પ્રાપ્તિ કરવી હોય તો આસન તેથી ઉલટું રાખવું.

उदङ्मुखः દક્ષિણ કિનારે બેઠા, એટલે ગંગાજી સન્મુખ આવ્યાં. ઉત્તર દિશા તરફ મુખ રાખ્યું. દેવ દિશા ઉત્તર દિશા છે. જ્યાંથી ઋષિ મહર્ષિઓના તપશ્ચરણ, ધ્યાન, આરાધન, સ્તવન આદિનું મંગલ વાતાવરણ આવીને મળી શકે છે.

ઋષિઓનું અભયદાન - सर्वे वयं तावदिहास्महेऽथ–રાજા શરીર ન છોડે, ત્યાં સુધી હમે સર્વે અહિંયાંજ બેઠા છીએ. સુજન અને સ્વજનની ઉપસ્થિતિ સ્થિર મતિ આપે છે, ઉત્સાહ શકિત આપે છે. ઉપદેશ કરતાંય ઉપસ્થિતિ એટલે સાન્નિધ્ય એ મોટો નિધિ છે.

સજ્જનના વચનમાં ચાર ગુણો:–

समं मधुच्युद् गुरु चाव्यलीकम् (શ્લોક ૨૨) જે ચાર પુરુષાર્થ સમાન છે.

(૧) **समम् - निर्दोषं हि समं ब्रह्म** વાકય સમતા ધર્મથી ભરેલ છે. નિર્દોષ વાકય છે, અને સમદુઃખિત્વ વાકય છે. "રાજાના દેહ ત્યાગ સુધી હમે બેઠા છીએ." એ વાકય સમાનતા દર્શાવે છે.

उत्सवे व्यसने चैव दुर्भिक्षे राष्ट्र विप्लवे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥

मधुच्युत्-મધસ્રાવી વાકય હતું. "રાજા ભગવાનની પાસે જશે"—એ વાકય મધસ્રાવી હતું, જેમાં ઋષિ વર્ગનો નિશ્ચય અને આશીર્વાદ હતાં.

(૩) **गुरु** ગૌરવશીલ વાકય. "પોતાની ઈચ્છાથી શરીર છોડીને જશે." એ વાકયમાં રાજાનું ગૌરવ અને અનાસકિત દર્શાવ્યાં.

(૪) **अव्यलीकम्**-કપટ વિનાનું વાકય. "ભાગવત પ્રધાન પરીક્ષિત રાજા છે." એ નિષ્કપટ ભાવનું વાકય છે; અન્યથા ઋષિના ગળામાં સર્પ મૂકનારને એ વિશેષણ કેમ અપાય ? પરંતુ ઋષિઓ દોષદર્શી નથી. રાજા વિશુદ્ધ ત્યાગના, પ્રાયશ્ચિતના, અને પ્રભુના આશ્રયના પથ ઉપર છે. એ સદ્ભાવનાની નજરે જોઈ ઋષિઓ બોલ્યા છે.

રાજાના બે પ્રશ્નો—(૧) આજીવન ધર્મ શો ? અને (૨) દેહ વિલયે કર્તવ્ય શું ? એ પ્રશ્નોનો પ્રત્યુત્તર સંપૂર્ણ ત્યાગીના મુખે મળવો જોઈએ. માટેજ ત્યાગમૂર્તિ શ્રી શુકદેવજી પધાર્યા.

तत्राभवद् भगवान् व्यासपुत्रो
यदृच्छया गामटमानोऽनपेक्षः ।
अलक्ष्यलिंगो निजलाभतुष्टो
वृतश्च बालैरवधूतवेषः ॥ २५ ॥

तत्राऽभवद् भगवान् व्यासपुत्रः કેટલાક ગ્રન્થોમાં "**तत्राऽगमत्** ત્યાં પધાર્યા,' એવો પાઠ છે. પરંતુ **अभवत्** એ પાઠ **આચાર્ય શ્રી વલ્લભ** સંમત છે; કારણ કે શુકદેવજીનું વ્યાપક સ્વરૂપ છે, એટલે પ્રકટ થયા.

भगवान्-ભાગવતના વકતા ભગવાન હોઈ શકે માટે પ્રથમ વિશેષણ 'ભગવાન' કહ્યું: ભકત અને ભગવાન એકજ છે માટે ભગવાન. છ ઐશ્વર્યોથી પરિપૂર્ણ છે, માટે ભગવાન. ઉત્પત્તિ, વિનાશ, બંધ, મોક્ષ, ગમન અને આગમન-છ વસ્તુને જાણે તે ભગવાન, માટે ભગવાન કહ્યા. દશમ સ્કંધમાં **वैयासकिः सः भगवान्** એવું કહેલું છે. શુકદેવજી ભગવાનનું સાક્ષાત્ નિવાસ નિકેતન છે. **मद् भक्ताः यत्र गायन्ति तत्र तिष्ठामि नारद** એ ન્યાયે શ્રી શુકદેવ નિત્ય ગાન કરે છે. તેથીજ તે ભગવદ્ નિવાસ ધામ છે. બત્રીસ લક્ષણો જેનામાં હોય છે, તે ભગવાન કહેવાય છે. રાજામાં ષોડશ લક્ષણ, રાજાધિરાજમાં બત્રીસ લક્ષણ. ભગવાન વિના રાજાધિરાજ કોણ સંભવી શકે ? **भगवान्** શબ્દથી સ્વરૂપ ઉત્કર્ષ બતાવ્યો.

व्यासपुत्रः પિતૃગત ઉત્કર્ષ બતાવવા વ્યાસપુત્ર કહ્યા. વ્યાસ દયાળુ હતા. તે ધર્મ શુકદેવજીમાં છે.

यदृच्छया गामटमानोऽनपेक्षः:- દૈવ ઈચ્છાથી નિરપેક્ષ શુકદેવ આવ્યા, ભગવત્ કૃપાથીજ ત્યાં આવ્યા છે. કોઈજ પ્રકારે નિમંત્રણ નથી કર્યું. સ્નેહ નિયંત્રણ કરતો નથી અને નિમંત્રણ માગતો નથી. પરંતુ નિયંત્રિત રહેછે. ભગવદ્ ગુણ નિયંત્રિત સંતો સર્વથા નિરપેક્ષ થઈ વિચરેછે. પૃથ્વી એજ એમનું નિવાસ સ્થલ છે. એટલે એક સ્થલે, બાંધેલા આશ્રમે કે મકાને કે એકાસને તેઓ વસતા નથી. **अनपः श्रीविष्णुः तस्मिन् विष्णौ** વિષ્ણુ ભગવાનમાં **ईक्षा** ઈક્ષણ, નેત્ર અથવા દર્શન જેમનું છે, તે અનપેક્ષ છે. બાકી **अटमानः** એટલે ફરનાર નિરપેક્ષ નથી હોતા.

अनपेक्षः:-- **अनति चेष्टते अनेन इति अनः प्राणः** જેનાથી ચેષ્ટા કરે તે **अनः** એટલે પ્રાણ. **अनं पातीति अनपः प्राणनाथो विष्णुः** પ્રાણનું પાલન કરે તે પ્રાણનાથ વિષ્ણુ. **अनपस्य विष्णोः ईक्षा दर्शनं यस्य सः** વિષ્ણુનાં દર્શન જેને છે, તે ભગવદ્દર્શીને અન્ય અપેક્ષા શી?

અથવા વિષ્ણુ ભગવાનનું આ શુકદેવ પ્રત્યક્ષ દર્શનશાસ્ત્ર છે. **अनपाः एवेक्षा यस्य सः** બાહ્યવાયુ એ એકજ જે યોગીરાજના જીવન નિર્વાહનું સાધન છે, તેમને અન્ય ઈચ્છા શી? **अनपा लक्ष्मी: तस्याः ईक्षा यस्मिन्** પ્રભુ પદામ્બુજમાંથી કદિ ન જનારાં અનપા-લક્ષ્મીજીના કૃપા કટાક્ષ પાત્ર શ્રી શુકદેવજી.

अलक्ष्यलिंग :– કોઇ પણ પ્રકારનાં આશ્રમ ચિહ્નો નજરે નથી પડતાં, કારણ કે બ્રહ્મને આશ્રમ, વર્ણ ચિહ્ન નથી હોતાં. આત્માને પણ નથી હોતાં. આડંબરથી જેઓને પૂજાવાનું હોય, તેઓ પરિચાયક ચિહ્નો રાખે–છત્ર, ચામર, વસ્ત્ર, આભૂષણ વિગેરે.

निजलाभतुष्ट :– યદૃચ્છાલાભ સંતુષ્ટ અથવા નિજ એટલે ભકત જનોનો લાભ થતાંજ, ભગવદ્‌ ગુણગાન અવસર મળતાં સંતુષ્ટ થતા; અથવા નિજ એટલે ભગવાન નિત્ય હૃદયમાં હોવાથી સંતુષ્ટ.

वृतश्च बालैरवधूत वेष: બાલકોથી વિંટળાયેલા અને અવધૂત વેષમાં બિરાજતા. અવધૂતનો વેષ ધારણ કરીને વિચરે છે. વળી સ્ત્રી અને બાલકોથી વીંટળાયેલા. બાલકો નિર્દોષતાનું પ્રતીક છે, અને સ્ત્રીઓ તેઓની પાછળ આવેછે, એ સંયમી છે; તે નિર્વિકારિતાનું પ્રતીક છે. **विकार हेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीरा:**

આ પચીસમા શ્લોકમાં પ્રથમાન્ત આઠ પદો છે. એ આઠ પ્રકારના ગુણોને દર્શાવ્યા છે, અને બાકીના ગુણો હવે પછીના ત્રણ શ્લોકોમાં દર્શાવાય છે.

तं द्व्यष्टवर्षं सुकुमारपादकरोरुबाह्वंसकपोलगात्रम् ।
चार्वायताक्षोन्नसतुल्यकर्णसुभ्र्वाननं कम्बुसुजातकण्ठम् ॥२६॥

निगूढजत्रुं पृथुतुंगवक्षसमावर्तनाभिं वलिवल्गूदरं च ।
दिगम्बरं वक्त्रविकीर्णकेशं प्रलम्बबाहुं स्वमरोत्तमाभम ॥२७॥

श्यामं सदाऽपीच्यवयोङ्गलक्ष्म्या स्त्रीणां मनोज्ञं रुचिरस्मितेन ।
प्रत्युत्थितास्ते मुनय: स्वासनेभ्यस्तल्लक्षणज्ञा अपि गूढवर्चसम् ॥२८॥

तम् પ્રસિદ્ધ શ્રી શુકદેવજી – બત્રીસ લક્ષણવાળા અથવા શ્રી શિવ સ્વરૂપ અથવા બ્રહ્મ સ્વરૂપ.

गंभीरं सत्वनाभिस्वरमरुणनखाक्ष्योष्ठताल्वङ्घ्रि जिह्वा
हस्तं पर्वद्विजत्वङ्नखकचकृशता पूर्णभालाननोरः ॥
दीर्घं नासाकुचांतर्नयनहनुभुजं पृष्ठलिंगाल्पजंघा –
ग्रीवाल्पोच्चं कृकाटीमुखनखयुगुरो राज्ञि कक्षा च नासा ॥

બલ, નાભિ, સ્વર એ ત્રણ ગંભીર (૩) નખ, નેત્ર, ઓષ્ઠ, તાલુ, પગ, જીભ, હસ્ત એ સાત રક્તવર્ણવાળા (૭); શરીરના સંધિભાગો, ચામડી, નખ, દાંત, કેશ, એ પાંચ સૂક્ષ્મ (૫); લલાટ, મુખ, છાતી એ ત્રણ પહોળાં (૩); નાસિકા, સ્તન મધ્ય ભાગ, નેત્ર, હડપચી, બાહુ એ પાંચ લાંબા (૫); પીઠ, ઇન્દ્રિય, જાંઘ, ગ્રીવા એ ચાર ટૂંકા (૪); કૃકાટી (બોચી) મુખ, નખ, છાતી કક્ષા (બગલ), નાસિકા એ પાંચ ઊંચા (૫) – ઉપરોક્ત બત્રીસ લક્ષણો જેનામાં હોય તે પૂર્ણ પુરુષ અને મહારાજા કહેવાય છે. એ સર્વ લક્ષણો શ્રી શુકદેવમાં ઉપરના ત્રણ શ્લોકમાં દર્શાવ્યાં.

तम् – એટલે બત્રીસ લક્ષણવાળા પ્રસિદ્ધ – એક ગુણવાળા, (૧)

द्व्यष्टवर्षम् સોળ વર્ષના બે વિભાગે સોળ વર્ષ કહ્યાં તેથી ષોડશ વર્ષનો–યૌવન, ઉન્માદ, વિકાર – મૂછ, દાઢી એવા કોઇ પણ ધર્મો નથી. કેવલ નિર્વિકાર સ્વરૂપ ને નિત્ય મંગલ યૌવન છે. પરંતુ જરા અને કામ બે ધર્મોથી વર્જિત છે. જ્ઞાન અને ભકિતથી સંપૂર્ણ છે. સોળ વર્ષ પછી થનારા વિકાર જનક

વિજાતીય સ્પર્શથી વર્જિત, વિશુદ્ધ કાયાવાળા છે. યૌવનકાલના વિપરીત ધર્મના ખ્યાલવાળા એ એક ગુણ. (૧). બલવૃદ્ધિ અને કામદોષ રહિત એ બે ગુણો છે. (૨)

सुकुमारपादकरोरुबाह्वंसकपोलगात्रम् - ચરણ, કર, સાથળ, બાહુ, ખભા, ગાલ એ છ સુકોમલ છે. એવા અંગને ધરાવનાર. આ છ ગુણો વર્ણવ્યા છે. (૬)

चार्वायताक्षोन्नसतुल्यकर्णम्-સુંદર દીર્ઘ વિસ્તારવાળાં નેત્ર, ઉન્નત નાસિકા, સમાન કાન.

सुभ्र्वाननम् - સુંદર બન્ને ભ્રુકુટીવાળા મુખને ધરાવતા.

कंबुसुजातकण्ठम् શંખ સમાન ત્રિવલી ધરાવતા સુમંગલ કંઠવાળા. આ ત્રણ વિશેષણોમાં (૫) ગુણો વર્ણવ્યા.

निगूढजत्रुम् કંઠની પાંસળીઓ માંસલ હોવાથી ઉપર ઉપસી નથી આવી, પણ અંદર સમાયેલ છે.

पृथुतुंगवक्षसम्-વિશાળ અને ઉન્નત વક્ષઃસ્થલવાળા.

आवर्तनाभिम्-ગોળ અને ગંભીર નાભીવાળા.

वलिवल्गूदरम्-ઉદર ઉપર ત્રિવલીવાળા, તેથી પીપળાના પાન સમાન આકારના ઉદર ભાગવાળા. આ પ્રમાણે (૪) ગુણો વર્ણવ્યા.

च પુરુષ આકારવાળા. (કારણ કે બત્રીસ લક્ષણો સ્ત્રીઓને પણ હોય છે) એ ૧ ગુણ.

दिगम्बरम्-દિશાઓ રૂપી વસ્ત્રવાળા, એટલે વાસના પટ વિનાના.

वक्रविकीर्णकेशम्-વાંકા અને વિખરાઇ ગયેલા વાળવાળા. **क** એટલે બ્રહ્મા, **इश** એટલે શંકર ભગવાનના ધર્મોની ઝાંખી જે મુખ ઉપર થઇ રહેલી છે. કેશોમાંની વક્રતા તે ઉત્પત્તિ ધર્મને બતાવનારી છે, જે બ્રહ્માજીની પ્રકૃતિ છે; અને વિકીર્ણ કેશ એટલે વિખરાયેલા કેશવાળા. એ વિરક્તિ, જ્ઞાન ધર્મ શિવજીનો છે. તેને દર્શાવે છે. ૧ ગુણ.

प्रलम्बबाहुम्-સુદીર્ઘ બાહુવાળા. આજાનુ બાહુ. ૧ ગુણ.

स्वमरोत्तराभम्-દેવોત્તમ વિષ્ણુ ભગવાનના જેવી અંગ કાન્તિવાળા. ૧ ગુણ.

श्यामम्-શ્યામ વર્ણવાળા. શાંત રસને ધરાવનાર શ્યામ વર્ણ છે અને મેઘ સમાન ઔદાર્ય ધરાવે છે. ૧ ગુણ.

सदापीच्यावयोऽङ्ग लक्ष्म्या स्त्रीणां मनोज्ञं रुचिरस्मितेन-સદા મનોહર અવસ્થા, અંગકાંતિ અને મન્દ સ્મિત વડે સ્ત્રીઓને અતિશય ગમે તેવા ૧ ગુણ.

गूढवर्चसम्-ગૂઢ તેજ વાળા. ૧ ગુણ. જે કોઇને દાહ ન કરે, પરંતુ દાહને શમાવે એવા તે શુકદેવજીને સન્માનવા.

तल्लक्षणज्ञाः તેઓશ્રીના લક્ષણોને જાણનારા. **ते मुनयः अपि** તે મુનિવર્યો પણ. **स्वासनेभ्यः** પોતાના આસનો ઉપરથી **प्रत्युत्थिताः** ઊભા થઇ અને સન્મુખ ગયા.

૨૫, ૨૬, ૨૭, ૨૮, આ ચાર શ્લોકોમાં મળી ૩૨ ગુણો બતાવ્યા છે. ૬ ગુણો ૨૫મા શ્લોકથી અને ૨૬ ગુણો ૨૬, ૨૭, ૨૮ શ્લોકોથી.

स विष्णुरातोऽतिथय आगताय तस्मै सपर्यां शिरसा आजहार (શ્લોક ૨૯). વિષ્ણુ ભગવાને ગર્ભમાં રક્ષા કરેલી, તેજ ભગવાનનું શ્યામ સ્વરૂપ લઇને, અને જ્ઞાન પ્રદાન માટે શિવજીના અવતાર રૂપે આવીને પરીક્ષિતના અનિમંત્રિત, કેવલ દયા પરોપકાર નિયંત્રિત, અતિથિ શુકદેવજીને મસ્તકથી ભેટ આપી; કારણકે અંજલિ જોડવા કે ચરણ સ્પર્શ કરવા અપરાધી હાથો અધિકારી ન હતા.

ગુરુનાં, વકતા તરીકેનાં, મુખ્ય ચાર લક્ષણો. **प्रशान्तमासीन-मकुण्ठमेधसं मुनिम्** (શ્લોક ૩૧)-(૧) અત્યન્ત શાંતિ, એ જ્ઞાનનું કાર્ય, (૨) આસીન એટલે બેઠેલા, એ વ્યગ્રતાનો અભાવ, (૩) અકુંઠિત મેધા, અસ્ખલિત બુદ્ધિ, એ અદ્વિતીય જ્ઞાનનું સ્વરૂપ, (૪) મુનિ, મનન સાધનવાળા. આ ચાર લક્ષણો હોય તેમને ગુરુ બનાવવા.

શિષ્ય લક્ષણ :—

नृपो भागवतोऽभ्युपेत्य
प्रणम्य मूर्ध्नावहितः कृतांजलि-
र्नत्वा गिरा सुनृतयान्वपृच्छत् ॥ ३१ ॥

શિષ્યમાં છ ધર્મો જોઇએ. (૧) **अभ्युपेत्य**-ગુરુ સન્મુખ ગમન. (૨) **प्रणम्य**-સાષ્ટાંગ નમસ્કારથી પ્રપત્તિ. (૩) **अवहित**: -એકાગ્રતા, સાવધાનતા. (૪) **अंजलि**-અંજલિ વિધાન. (૫) **नत्वा गिरा** વાણીથી નમસ્કાર. (૬) **सुनृतया** સત્ય મધુર વાણીથી પ્રશ્ન. એ છ લક્ષણો રાજામાં ૬ પદોથી બતાવ્યાં.

येषां संस्मरणात् पुंसां सद्यः शुद्ध्यन्ति वै गृहाः
किं पुनर्दर्शनस्पर्शपादशौचासनादिभिः ॥ ३३ ॥

ચિત્તનો સ્મરણ આહાર છે. કામ, લૌકિક કામ, અને ઇન્દ્રિય કામ એ ત્રણનું નામ સ્મર કહેવાય છે. જો ચિત્તમાં રહેલા સ્મરને દૂર કરવો હોય તો સ્મરણ એક સાધન છે. **स्मरं नयति** સ્મરને, કામને દૂર કરી દે તે સ્મરણ. અન્તઃકરણથી અને અખંડિત રીતે સ્મરણ થવું જોઇએ. જો તે **પુણ્યતીર્થ**-અથવા **પુરૂપુણ્ય સદન** ઋષિવરોનું સ્મરણ કરે, તો માનવોની જીવન-સમ્પતિને અને યૌવન લક્ષ્મીને ગળી જનારાં ગૃહોની નાગચૂડમાંથી બચી જવાય. સ્મરણમાં આસકિત કાપવાનું જો સામર્થ્ય છે, તો પછી દર્શન, સ્પર્શ, ચરણ પ્રક્ષાલન, અને આતિથ્ય કરવા મળે તો કેવું સૌભાગ્ય! સ્મરણથી ગેહાધંકાર દૂર થાય, દર્શનથી ઇન્દ્રિયોનું પાવિત્ર્ય થાય, સ્પર્શથી પાપો દૂર ચાલ્યાં જાય. તીર્થોનાં તો જલનો સ્પર્શ કરવો પડે; જ્યારે આપનાં તો રજનો સ્પર્શ જ તે માટે પર્યાપ્ત છે. ભગવચ્ચરણ જલ સમાન આપના ચરણ જલથી અલૌકિક જન્મની પ્રાપ્તિ થાય. આસન આતિથ્યથી સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય.

સાચો નિધિ:-

સત્પુરુષોનું સાન્નિધ્ય સર્વવિધ અને સર્વ શ્રેષ્ઠ નિધિ છે. સંતો, પુણ્ય શ્લોકો, પૂર્વજ પૂણ્ય, પુણ્યશીલ, અને પ્રભુની પૂર્ણ કૃપાના યોગે મળેછે. **अपि मे भगवान प्रीतः** (શ્લોક ૩૫). ચોક્કસ આજે ભગવાન મારા ઉપર પ્રસન્ન છે. આજે પૂર્વજ કૃપા, પિતૃ પુણ્ય, માતૃશીલ, અને પ્રભુ અનુકમ્પાથીજ આપ મને મળ્યા છો. મારૂં શીલ તેવું નથી કે આપ મને મળો, કારણ મને બ્રાહ્મણનો શાપ થઇ ચૂક્યો છે. ભગવાન કેવલ ભકત રક્ષક નથી, પરંતુ **ભક્તકુલ** રક્ષક છે.

यच्छ्रोतव्यमथो जाप्यं यत्कर्तव्यं नृभिः प्रभो।
स्मर्तव्यं भजनीयं वा ब्रूहि यद्वा विपर्ययम् ॥३८॥

આ શ્લોકમાં પાંચ પ્રશ્નો છે, અને તે ત્રણ પ્રકારે છે. જીવન કર્તવ્ય શું? મરણાતુર કર્તવ્ય શું? અને ઉભયનું સર્વ સામાન્ય કર્તવ્ય શું? માનવને શ્રોતવ્ય, જાપ્ય, કર્તવ્ય, સ્મતવ્ય કે ભજનીય એ પાંચ કાર્યો બતાવો. અથવા શું ન સાંભળવું, શેનો જાપ ન કરવો, શેનું સ્મરણ ન કરવું, શું કાર્ય ન કરવું કે શેનું ભજન ન કરવું – એ પાંચ વસ્તુઓ કહો.

રાજાની પ્રશ્ન પરંપરા શા માટે? શુકદેવજીનું મિલન અતિ સુલભ નથી.

नूनं भगवतो ब्रह्मन् गृहेषु गृहमेधिनाम् ।
न लक्ष्यते ह्यवस्थानमपि गोदोहनं क्वचित् ॥३९॥

ગૃહમેધ એટલે ગૃહાસકતને ત્યાં વિરકત, ભગવદ્ ગુણાનુરક્ત એવાં બે પુણ્ય તત્ત્વો કયાંથી? તો પણ તેઓને કૃતાર્થ કરવા માટે ગોદોહન કાલ કવચિત્ પ્રતીક્ષા કરેછે. તો મારા પ્રારબ્ધમાં આપનું મિલન કયાં? જો આ રીતે પ્રશ્નપરંપરા આપને કરૂં તો કૃપાયુકત નજર કરશો.

एवमाभाषितः पृष्टः स राज्ञा श्लक्ष्णया गिरा।
प्रत्यभाषत धर्मज्ञो भगवान् बादरायणिः ॥४०॥

વિવેક, વિનમ્ર અને દૈન્યભાવપૂર્વકની રાજાની પૃચ્છાથી, અનુકમ્પ હૃદયથી શ્રી બાદરાયણિજીએ આત્મહિત માટેજ ભગવચ્ચર્ચા ઉપાડી, પરીક્ષિત ઉપર ઉપકાર દર્શાવવા માટે નહિ.

इति प्रथमः स्कन्धः समाप्तः।

सुज्ञेषु हस्तयुगलं पुरतो विधाय
विज्ञापयामि मुरवैरिपदाब्जनिष्ठः।

उच्छृंखलापि विवृतिर्मम चिन्तनीया
श्रीकृष्णपादयुगले विनिवेशितेति ॥



अधिकारविशुध्यर्थं चिन्तिताधिकदायके
[redacted]
चरणाचरणे नाथ हृदये धारयाम्यहम् ॥

શ્રી હરિઃ

દ્વિતીય સ્કંધ

શ્રી નાથજી પ્રભુનું વામ ચરણ: સાધન લીલા અથવા જ્ઞાન લીલા.

અધ્યાય ૧૦; શ્લોક ૩૯૧.

અધિકારીને જ્ઞાન મળે. **तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया,** પ્રણામ, સમજણપૂર્વક આદર અને જિજ્ઞાસાથી પ્રશ્ન, અને સેવા – એ ત્રણ પ્રકારની યોગ્યતાએ જ્ઞાન મળે. દીનતા, ગ્રહણ શક્તિ, ભક્તિ ભાવ એ ત્રણ મળીને જિજ્ઞાસુને જ્ઞાનનો અધિકારી બનાવે. આચાર્ય તે ત્રણ ધર્મો જિજ્ઞાસુમાં દેખે, તેથી તેને ઉત્સાહ આવે અને જ્ઞાન આપે. જ્ઞાન અને ધન પાત્રતા વિના ન ટકે, ન દીપે, ન ફલે. શ્રીફલે (નાળિયેરે) મધુર જલ ભરવા માટે યોગ્યતા આપી, ત્યારે બ્રહ્માજીએ તેમાં જ્ઞાન ભર્યું. શ્રીફલનો હૃદયનો ભાગ ઉજ્જવલ, કોમલ અને દીન હતો, જે આધિદૈવિક દેહ હતો. શ્રીફલનો આધ્યાત્મિક દેહ, જે સૂક્ષ્મ શરીર છે તે સુદૃઢ તપસ્વી હતો. શ્રીફલનો ભૌતિક દેહ સર્વોપકારક, શીલ સંપન્ન હતો, ત્યારે તેમાં જલ રહી શક્યું. કોપરૂં, કાચલી અને ચોટલી – એ ત્રણની યોગ્યતા જોઇને જલ ભરવામાં આવ્યું. માનવમાં ત્રણ પ્રકારની યોગ્યતા જોઇએ – જિજ્ઞાસા, શ્રવણમાં આદર અને સેવાભાવ. પ્રથમ સ્કંધની ઓગણીસ અધ્યાયની કથાએ શ્રોતા અને વક્તામાં શ્રીમદ્ ભાગવતના દ્વિતીય સ્કંધના જ્ઞાનને ઝીલવા માટે પાત્રતા સ્થાપી આપી. કર્તાની યોગ્યતા પૂરવાર થતાં, કર્તવ્યનો વિચાર કરવામાં આવે. કર્તવ્યનો નિર્ધાર બીજા સ્કંધમાં છે. બીજા સ્કંધના પ્રથમ અધ્યાયમાં પાંચમા શ્લોકમાં શ્રી શુકદેવજીએ **तस्माद् भारत सर्वात्मा भगवान हरिरीश्वरः श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यः** આ વાક્યથી જીવ માત્રનો કર્તવ્ય નિશ્ચય કહ્યો.

જ્ઞાન પ્રાપ્તવ્ય છે. ભગવાન શ્રોતવ્ય છે, કીર્તન કરવા લાયક છે, સ્મરણ કરવા યોગ્ય છે. એ કર્તવ્ય થયું. કર્તવ્યનો નિર્ણય ત્રણ પ્રકારે કરી શકાય – તત્ત્વ ધ્યાન, મનની પ્રસન્નતા, અને મનન. એ ત્રણ જ્ઞાન સ્કંધના વિષયો છે. વસ્તુ નિર્ધાર, શ્રધ્ધા અને વિમર્શથી તે સિદ્ધ થઇ શકે. ત્રણ પ્રકરણમાં બે, બે અને છ અધ્યાયોમાં તે વિચારાયાં છે. તત્ત્વ-જ્ઞાન એજ સત્ય વસ્તુ છે. પ્રથમ સ્કંધમાં કહ્યું **जीवस्य तत्त्व-जिज्ञासा** જીવનનું લક્ષ્ય તત્ત્વ જિજ્ઞાસા છે. તે તત્ત્વ બે પ્રકારનું-સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થૂલ એટલે પ્રભુનું વિરાટ્ સ્વરૂપ અને સૂક્ષ્મ એટલે પ્રભુનું સેવ્ય, અલૌકિક સ્વરૂપ. પ્રથમ અધ્યાયમાં વિરાટ્ સ્વરૂપનો વિચાર કર્યો; બીજા અધ્યાયમાં અર્ચા સ્વરૂપનો વિચાર કર્યો. એ પ્રથમ પ્રકરણ થયું, જેમાં વસ્તુ નિર્ધાર કર્યો. જગત્ અને જગદીશ એ બે વસ્તુ છે; તેનું તત્ત્વ સમજવું.

પરંતુ તે તત્ત્વ ધ્યાન મનની પ્રસન્નતા સિવાય ન સંભવે. મનની પ્રસન્નતા બીજું પ્રકરણ છે. શ્રોતાના હૃદયની પ્રસન્નતા અને વકતાના હૃદયની પ્રસન્નતા બન્ને મળી તત્ત્વધ્યાન કરી શકે. શ્રદ્ધાથી મનની પ્રસન્નતા ટકેછે. માટે શ્રધ્ધા બીજું અંગ છે. તે ત્રીજા, ચોથા અધ્યાયમાં જોવા મળેછે. શૌનકજીની મનની પ્રસન્નતા ત્રીજા અધ્યાયમાં, તે શ્રોતાના હૃદય પ્રસાદનો વિષય છે; અને શ્રી શુકદેવજીના હૃદયની પ્રસન્નતા વકતાના હૃદય પ્રસાદનો વિષય છે.

જ્યારે પ્રસન્ન હૃદયમાં તત્ત્વ વસ્તુનું ધ્યાન થયું, ત્યારે તેના ઉપર મનન ચાલ્યું, એટલે વિમર્શ ચાલ્યો. જગત્ જગદીશ એ બે શી વસ્તુ છે? એની ઉત્પત્તિ શી રીતે થઇ? તેમાં યુકિત શી? એ પ્રકારનો વિચાર કરનારૂં ત્રીજું અંગ છ અધ્યાયનું. તેના અવાન્તર ત્રણ ત્રણ અધ્યાયનાં બે પ્રકરણ. એક પ્રકરણમાં ઉત્પત્તિનો વિચાર કર્યો અને બીજા પ્રકરણમાં તેને સમજવાની યુકિતનો વિચાર કર્યો, એટલે તેનાં બે પ્રકરણ થયાં – ઉત્પત્તિ અને ઉપપત્તિ. ઉપપત્તિ એટલે યુકિત. આ ત્રીજા પ્રકરણનું નામ મનન. આમ દશ અધ્યાયના જ્ઞાન પ્રકરણનાં, શ્રી હરિના વામ ચરણનાં ત્રણ પ્રકરણ થયાં.



પ્રથમ અધ્યાય.

પ્રથમ અધ્યાયના ૩૭ શ્લોકથી વિરાટ્ તત્ત્વનો વિચાર આરંભ્યો છે. શુકદેવજીનું આગમન પ્રથમ સ્કંધમાં ૧૯મા અધ્યાયે વર્ણવ્યું અને શ્રી શુકદેવજીનું કીર્તન બીજા સ્કંધમાં શરૂ થયું. માટે દ્વિતીય સ્કંધ જ્ઞાન લીલા છે. **व** અક્ષર અમૃતબીજ છે. ગ્રન્થનો આરંભ **व** અક્ષરથી કરી શ્રીમદ્ ભાગવત અમૃતસિન્ધુ છે એમ દર્શાવ્યું. **शुकमुखादमृतद्रवसंयुतम्** શ્રી શુકદેવજીના મુખમાંથી અમૃતદ્રવથી ભરપૂર ભાગવત સાંભળો, એ પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના ત્રીજા શ્લોકમાં કહ્યું છે.

वरीयानेष ते प्रश्नः कृतो लोकहितो नृप ।
आत्मवित्संमतः पुंसां श्रोतव्यादिषु यः परः ॥१॥

एष ते प्रश्नः वरीयान्-રાજન્-આ સર્વશ્રેષ્ઠ અને આવકારદાયક પ્રશ્ન છે, જે ચતુર્થ કોટીમાં છે.

એક **वरः प्रश्नः** સાધારણ ધર્મને સ્પર્શે, તે શ્રેષ્ઠ મનાય. બીજો **वरतरः प्रश्नः** જેમાં સ્વધર્મને સ્પર્શતી ચર્ચા હોય. ત્રીજો **वरतमः प्रश्नः** જેમાં નિષ્કામ ધર્મની વિચારણા હોય; આત્મકામ માટે તે પ્રશ્ન થાય છે. જ્યાં સર્વહિત કામ, અગર ભગવત્કામ સંબંધી પ્રશ્ન હોય તે સર્વતઃ શ્રેષ્ઠ પ્રશ્ન ગણાય, જે પરીક્ષિત રાજાનો પ્રશ્ન છે. લોકહિત માટેજ શ્રીમદ્ ભાગવતના શ્લોકો છે અને આદ્યન્ત લોકહિતની વિચારણાજ ભાગવતે કરી છે. આત્મવેત્તાએ તેને આદર આપ્યો છે, જે પ્રશ્ન દરેક કરતાં શ્રેષ્ઠ છે.

સમયનો અપવ્યય એ જીવનનો વિનાશ છે.

निद्रया ह्रियते नक्तं व्यवायेन च वा वयः ।
दिवा चार्थेहया राजन् कुटुम्बभरणेन च ॥३॥

ચોવીસ કલાકના દિવસમાં મોટો ભાગ નિદ્રાએ લીધો. **યૌવન** સંજીવન ધન હતું, તેને **અસંયમે** છીનવી **લીધું**. દિવસ અર્થ સંપાદન અને સંપાદન ચિંતામાં ખર્ચાયો. બચતનો પરિમિત કાલ કુટુમ્બની આસક્તિમાં પસાર થયો. વ્યક્તિ માત્રની જાગૃતિ માટે આ આત્મવેત્તાની વ્યથા છે.

એક દિવસના ચાર વિભાગ થઈ શકે. ૬ કલાક નિદ્રા માટેઃ ૬ કલાક અર્થ સંપાદન માટે, વ્યવસાય માટે; ૬ કલાક આત્મોદય અને સર્વોદય માટે, સ્વાધ્યાય અને સમાજહિત સેવા માટે; અને ૬ કલાક કુટુંબ કાથા અને વ્યવહાર કાર્ય માટે.

યોગીને ત્રણ કલાક નિદ્રા; વિદ્યાર્થી, ગૃહસ્થને છ કલાક નિદ્રા, બાલકને આઠ કલાક નિદ્રા. નિદ્રાના સમયની અનિયમિતતા અને અતિશયપણાના પરિણામે સ્વપ્ન પરંપરા અને સંસાર વાસના મનુષ્યને સતાવે છે. શ્રમ પછીની નિયમિત અને પરિમિત ગાઢ નિદ્રા અમૃત સંજીવિની ઔષધિની ગરજ સારે છે, મનુષ્યને વાસના ને સ્વપ્નમાંથી બચાવે છે. વાસનાના ભોગે યૌવન લીધું. **યૌવન એટલે જીવન પર્યન્તની તાજગી, સ્ફુર્તિ અને તંદુરસ્તી સાથેની તત્વનિષ્ઠા; આજીવન સર્વેન્દ્રિયની પાટવતા, આજીવન સર્વેન્દ્રિયોની કાર્યક્ષમતા.**

तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ ५ ॥

ભરત કુલમાં ઉત્પન્ન પરીક્ષિત્! અભયને ઇચ્છનારે સર્વના આત્મા, ભગવાન, હરિ, ઇશ્વરનું શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું.

भारत! ભારત સંબોધને શ્રવણનો અધિકાર દર્શાવ્યો. બુદ્ધિમાં રત એટલે નિશ્ચયાત્મક બુદ્ધિમાં ઓતપ્રોત થયેલ અડગ નિશ્ચયી, અથવા સ્થિતપ્રજ્ઞ; અવિલંબે ને હિતકર નિર્ણય કરી અમલમાં મૂકનારો; માયાનો વિજેતા.

सर्वात्मा भगवान् श्रोतव्यः कीर्तितव्यः स्मर्तव्यः સર્વાત્મા ભગવાનને સાંભળવો, કીર્તન કરવું ને સ્મરણ કરવું. અગ્નિ **હોત્રાદિની** ઉપાસના પણ મુક્તિ પર્યન્ત લઇ જાય; પરંતુ કાલ વ્યવહાર સાથે અનુકૂલ થવી કઠિન છે; અને તે ત્રિવર્ણ માટે છે. જ્યારે શ્રવણ, કીર્તન, સ્મરણ સર્વસુલભ છે. વેદનું વિધાન છે **तरति शोकमात्मवित्** આત્મવેત્તા શોકને તરી જાય છે. સર્વાત્મા એટલે સર્વનો જે એકજ આત્મા છે તે; નહિ કે જાતિવાચક આત્મા લેવો. તેમજ **आत्मा** શબ્દ દેહ, બુદ્ધિ, મન એવા પણ અર્થમાં ગીતાજીમાં વપરાયેલ છે, તે પણ નહિ.

ભગવાનનું શ્રવણ કરવું. એ ભગવાનને ત્રણ વિશેષણ આપ્યાં. ભગવાન એટલે સાકાર પણ રસાકાર અને નિર્વિકાર. **સર્વાત્મા** દરેકનો આત્મા છે. જીવ માત્ર તેનાજ અંશ છે. શ્રવણનું ફલ–દુઃખ નિવૃત્તિ, સુખ પ્રાપ્તિ. **હરિઃ** સર્વના દુઃખને હરનાર, **ઈશ્વરઃ** સર્વ સુખને દેનાર.

શ્રીમદ્ ભાગવતમાં ભકિત પ્રધાન છે. ભકિત નવ પ્રકારની છે. તો નવધા ભકિતનું વિધાન કરવાને બદલે ત્રણજ વસ્તુનું વિધાન શા માટે? તો ભકિત પ્રેમ વિના સંભવે નહિ. શ્રવણ, કીર્તન, સ્મરણથી પ્રેમ જાગૃત થતાંજ સેવામાં સ્વયં પરોવાશે, ને નવ પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરશે જ.

“ભગવાનને સાંભળવા”. એનો શો અર્થ? (૧) ભગવદ્ વાચક શબ્દો કાનથી સાંભળવા. (૨) અથવા ભગવદ્ વાચક શબ્દોનો અર્થ સમજવો કે તેનો અભિપ્રાય સમજવો. (૩) અગર ભગવદ્ વાચક એકાદ શબ્દ સાંભળવો કે બધાજ શબ્દો સાંભળવા.

વેદ જે વસ્તુ લોકમાં જાણીતી ન હોય કે આ લોકના અમલમાં ન હોય, તેનું વિધાન કરે. ભગવદ્ વાચક શબ્દો અથવા તેના અર્થ કે તાત્પર્યોનું શ્રવણ આદિનું વિધાન ન કરીએ તો પણ કાન સર્વેને છે, તો શબ્દ સાંભળશે. શબ્દ સાંભળતાંજ અર્થ તરફ લક્ષ જશે અને તાત્પર્ય જ્ઞાન પણ થશેજ, તો વિધાનની શી જરૂર? એકાદ શબ્દ, શબ્દાર્થ સાંભળતાં સર્વ ભગવદ્ વાચક શબ્દોના ને તાત્પર્યનું શ્રવણ ન થતાં જ્ઞાન અધુરૂં રહે; સર્વ શબ્દો કે અર્થ–તાત્પર્ય તો જીવન અનેક જીવનમાં પણ પૂર્ણ ન થાય. તો વિધાનની જરૂર શી?

કેવલ શ્રવણાદિથી સમાજ અને જીવનને પ્રત્યક્ષ ઉપકાર શો?

ઉપરોકત કોઇ પણ વિચારોની આવશ્યકતા નથી. **દશવિધ લીલા શ્રવણ** એ ભગવદ્ શ્રવણ છે, જે ભાગવતનો વિષય છે, અને તેનું વિધાન છે. અનન્ત ગુણો, શબ્દો, અર્થો અને તેનો આધાર વેદાદિ, એ સર્વનો સારભૂત સમાવેશ શ્રીમદ્ ભાગવતમાં હોઇ, સમાજ અને વ્યકિતને **સંસ્કાર અને સ્વરૂપ નિષ્ઠા** બે આપતાં સમાજનો ઉત્કર્ષ સધાશે. માટેજ શ્રવણ વિગેરેનું વિધાન કર્યું છે.

શ્રવણ, કીર્તન અને સ્મરણ એ ત્રણેનું વિધાન છે, કેવલ એકનું નથી. ત્રણે એક એકના નિર્વાહક છે. તેમજ શ્રવણ થતાંજ સ્વાભાવિક રસોદ્રેક થશે. તે રસ કીર્તનરૂપે ભરેલા સરોવરમાંથી છલકાતા જલની માફક છલકાશે ને કીર્તન થશેજ. કીર્તન થતાંજ તેના સંસ્કાર દ્વિગુણીત દૃઢ થતાં સ્મરણ અખંડ રહેવાનું; પરંતુ એ અસાધારણ કક્ષાની વાત થઇ. માટે ત્રણે વસ્તુનુંજ વિધાન બરાબર છે. તેમજ ત્રણેની શકિત ધ્યેય સાધવાની છે જ.—માટે **સર્વાત્મા** એટલે સર્વ પ્રિય; **હરિ** એટલે દયાળુ; **ઇશ્વર** એટલે સમર્થ એવા ભગવાનનું, શ્રી કૃષ્ણનું, શ્રવણ–સ્મરણ–કીર્તન અભય આપશે. ભય એટલે મૃત્યુ. પ્રમાદ, અને મોહ – ભેદ એ મૃત્યુ છે. શ્રી કૃષ્ણ પ્રમાદ, મોહ ને ભેદમાંથી મુક્ત કરે છે.

इदं भागवतं नाम पुराणं ब्रह्मसम्मितम् ।
अधीतवान् द्वापरादौ पितुर्द्वैपायनादहम् ॥ ८ ॥

ब्रह्मसम्मितम् - બ્રહ્મ એટલે વેદ; સમ્મિત એટલે તુલ્ય. શ્રીમદ્ ભાગવત વેદ તુલ્ય છે. બ્રહ્મ સમ્મિત એટલે પરબ્રહ્મને ઓળખાવનાર છે.

अधीतवान् - દ્વાપરયુગમાં પિતા દ્વૈપાયનથી ભણ્યો. વેદ સ્વતંત્ર વાંચી લેવાથી યથાર્થ અર્થજ્ઞાન નથી થતું, માટે ગુરૂપરંપરાથી

ભણવું જોઇએ. તોજ ભાગવતના ગૂઢ પદાર્થોનું જ્ઞાન થાય, અને ફલ પ્રાપ્ત થાય. માત્ર ઉપરની નજરે વાંચવાથી જ શંકાઓ થાય છે. શ્રીમદ્ ભાગવત વેદ છે, તો ઉપવીત વિના કેમ ભણી શકાય? અને માહાત્મ્યમાં તો લખ્યું છે, "**अनुपेतमपेतकृत्यम्**" ઉપવીત સંસ્કાર થયા નથી. આમ પરસ્પરનો વિરોધ આવેછે. ત્યાં સમાધાન છે કે શુકદેવજી પિતાજીની પાસેથી ચાલ્યા ગયા બાદ પાછા આવેલા. શ્રી વ્યાસ મહર્ષિએ **अहो बकीयं स्तनकालकूटम्** અને **बर्हापीडं नटवरवपुः** એ બે શ્લોકો શિષ્યોને શીખવી મોકલ્યા. ત્યાર બાદ તેઓ વનમાં ગાતા ને ફરતા. ક્રૂર પશુઓ પણ આ શ્લોક શ્રવણે કોમલ બની સ્નેહ કરતા. આ શ્લોકો, ઈશ્વર સંકેતે, વનમાં ધ્યાનસ્થ શુકે સાંભળ્યા; અને જે આત્મચિંતનમાં તલ્લીન હતા તેનુંજ આ મધુર "ગુણ-સ્વરૂપ" શ્રવણ થતાં હર્ષાતિરેક પામ્યા, શિષ્યો સાથે પિતાજીને આશ્રમે આવ્યા, અને વિધિપૂર્વક અધ્યયન કર્યું. એટલે પરસ્પર વિરોધ નથી, તેમજ વિધિનું ઉલ્લંઘન પણ નથી.

द्वैषायनाद् अहम् - વ્યાસ મહર્ષિનો પરિચય છે. **વ્યાસ એ** તો અટક છે, પણ કૃષ્ણ દ્વૈપાયન નામ છે. તે સ્પષ્ટ કરવા કરવા કહ્યું. તાત્પર્ય તો અલૌકિક છે. કારણ કે "રસ પાન"ની રીત હાથી જાણે છે. "પ્રથમ પોતાના મુખમાં પાન કરી, બીજામાં મૂકી, તેજ પાછું પોતે મેળવે" એ અલૌકિક સ્વાદ આપે. વ્યાસ મહર્ષિએ પોતાના મુખમાંથી શ્રી શુકદેવજીના મુખારવિંદમાં મૂક્યું અને શ્રી પરીક્ષિત રાજાની પરિષદમાં પુનઃ તેજ ભાગવત્ મહર્ષિ વ્યાસજીને સાંભળવા માટે મળ્યું છે. તેમાં વ્યાસજીને અલૌકિક સ્વાદ મળ્યો છે. તેજ પ્રકારે "હું તને આપીશ." અંદર અને બહારના બન્ને પ્રકારના ગુણોવાળા ભાગવતને દ્વૈપાયને બતાવ્યું છે. ઉત્પત્તિ રૂપ અને ઉપપત્તિ રૂપ એમ ભાગવતના બે પ્રકાર છે.

મહા પૌરૂષિકને ભાગવત પવાય, અપાય. મહાપૌરૂષિક એટલે ભગવદીય અથવા તદીય, કે જે નિત્ય ભગવાનના સંબંધમાં હોય છે.

किं प्रमत्तस्य बहुभिः परोक्षैर्हायनैरिह ।
वरं मुहूर्तं विदितं घटेत श्रेय यतः ॥१२॥

પ્રમત્ત થઇ જીવવામાં શું? ગાફલ ઘણું જીવે તો શું? પણ સાવધ સ્વલ્પ જીવે, તો પણ અમૂલ્ય છે. જીવન રસના અનુભવ માટે છે. જેટલા ક્ષણો જીવાય તેટલા **જીવાડતા અને જાગૃતિ ભર્યા** જો હોય તોજ સાર્થક છે. સાત દિવસનું આયુષ્ય છે, તે પણ પુષ્કળ છે; જેમાં રસાનુભૂતિ અને સ્વરૂપસ્થિતિ શ્રીમદ્ ભાગવતથી સચવાશે.

મુહૂર્ત એટલે બે ઘડી.

રાજાને શાપ નથી થયો, પણ ત્રિકાલજ્ઞ બ્રાહ્મણ શિશુથી જીવન અવધિની જાણ થઇ છે. **सप्ताहं जीवितावधिः** એ વાક્યથી શુકદેવજી **રાજાને** સાવધ કરે છે કે સાતમે દિવસે સર્પદંશથી **મૃત્યુ નથી**; પરંતુ સમાધિમાં વિચારી મુનિ શૃંગીએ જીવનનો અવધિ જાણી મૃત્યુના નિમિત્ત અને કાલનું ભાન કરાવ્યું. રાજાને ભર યૌવનમાં શંકા ન જાય કે પોતાનો અકાલ મૃત્યુ થશે. પાંડવ કાલ સુધી અકાલ મૃત્યુનાં પ્રમાણ અત્યલ્પ હતાં. રાજાને બ્રાહ્મણના કંઠમાં પુષ્પમાલાજ મૂકવાનું મન થાય; તે કદી સર્પ ન મૂકે; છતાં મૂકયો, તો તે બુદ્ધિનાશનુંજ કારણ છે. **प्रायः समापन्न विपत्तिकाले धियोऽपि पुंसां मलिना भवन्ति** - એ ન્યાય રાજાને લાગુ પડયો છે. **શાપ એટલે સર્વજ્ઞ ઋષિઓથી થનારા અનિષ્ટની પૂર્વમાં આગાહી** - જેથી અન્યના ઉપર દ્વેષ બુદ્ધિ ન થાય.

ભગવત્સ્વરૂપનું શ્રવણ કર્યા બાદ મનન અને નિદિધ્યાસન કરવું.

ભગવાનનાં બે સ્વરૂપ - વિરાટ્ અને સ્વરાટ્. વિરાટ્ વિશ્વ સ્વરૂપ છે. સ્વરાટ્ સેવ્ય સ્વરૂપ છે, અને જ્ઞાતવ્ય સ્વરૂપ છે. તે બન્ને સ્વરૂપનું ધ્યાન કરવું. ધ્યાનનાં પૂર્વાંગ, સંયમપૂર્વક આહાર પરિમિત, વિહાર વિશુધ્ધ અને અત્યાવશ્યક કરી, સ્ફુર્તિમાન દેહથી, આસન સિધ્ધ કરી; પવિત્ર, એકાન્ત દેશમાં, સીધા અને કોમલ

શરીરવાળા થઇ દર્ભાસન ઉપર બેસી **પ્રાણાયામ** આદરી, બહાર જનારી ઇન્દ્રિય અને વૃત્તિઓને અન્તર્મુખ કરી, **પ્રત્યાહારની** ભૂમિ સિધ્ધ કરી લેવી. પછી **ધારણા, ધ્યાન** કરવાં. **પ્રભુના સર્વ અવયવોમાં મનની સ્થાપના કરવી તે ધારણા; ભગવાનના એક અવયવમાં મનને સ્થિર કરવું તે ધ્યાન.**

ધારણા કેવી કરવી? यथा संधार्यते ब्रह्मन् धारणा यत्र संमता।
यादृशी वा हरेदाशु पुरुषस्य मनोमलम् ॥२२॥

ભગવાનની માનસી મૂર્તિ બનાવી તેમાં મનને પરોવવું? કે સાંભળેલી ભગવાનની મૂર્તિમાંથી સ્મરણ કરી તેમાં મનને પરોવવું? **यादृशी मूर्तिः** કેવી મૂર્તિ લેવી? (૧) રૂપના પ્રાધાન્યવાળી મૂર્તિ? (૨) કે ધર્મના પ્રાધાન્યવાળી મૂર્તિ? (૩) સ્થૂલમૂર્તિ? કે (૪) સૂક્ષ્મ મૂર્તિ? (૫) નિરાકાર? કે (૬) સાકાર? (૭) શાન્ત મૂર્તિ કે (૮) જેમાં આપણો વધુ રસાગ્રહ તેવી મૂર્તિ?

ઉત્તર – **स्थूले भगवतो रुपे मनः सन्धारयेद् धिया** – સ્થૂલ ભગવદ્રુપમાં ધારણા કરવી; અને તે પણ નિશ્ચયાત્મક બુદ્ધિથી કરવી. સ્થૂલ સ્વરૂપનો પરિચય આપે છે.

विशेषस्तस्य देहोऽयं स्थविष्ठश्च स्थवीयसाम्।
यत्रेदं दृश्यते विश्वं भूतं भव्यं भवच्च यत् ॥२४॥

જેમાં આ આખું વિશ્વ થયું હશે, અને થાય છે, એ ત્રિકાલ યુક્ત દેખાય છે, તે સ્થૂલમાં પણ સ્થૂલતર જગદ્રુપ ભગવાનનો દેહ છે.

ભગવાનનાં બે સ્વરૂપ–(૧) વિરાટ્ સ્વરૂપ. અને (૨) સ્વરાટ્ સ્વરૂપ. વિશ્વ એ ભગવાનનું વિભુ સ્વરૂપ છે. તેમાં પ્રભુને સમજવાથી પ્રેમની પ્રાપ્તિ થાય છે, રાગ દ્વેષ વૃત્તિ ચાલી જાય. પછીથી શુદ્ધ અન્તઃકરણમાં ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપનું સ્થાપન થઇ શકે. માટે ઉપરના શ્લોકમાં "**विशेषस्तस्य देहोऽयम्**" તેનો આ વિશેષ દેહ છે. **विशेष** એટલે પૃથ્વી. જગતના બધાજ વિશેષો પૃથ્વી એટલે સ્થૂલ સ્વરૂપે છે. આકાશ આદિ સૂક્ષ્મ છે. **पृथनात् पृथ्वी,** વિસ્તાર પામવાથી તેનું નામ પડે છે પૃથ્વી. પૃથ્વી ભગવાનનો વૃદ્ધિ પામી શકતો સ્થૂલ દેહ છે, અને એ સૌથી મોટો છે, જેમાં ભૂત–ભવિષ્ય–અને વર્તમાન જગત દેખાય છે.

સપ્ત આવરણના બનેલ બ્રહ્માણ્ડના એક કોશમાં વૈરાજ પુરૂષનુંજ ધ્યાન કરવાનું; સ્થૂલ જગતનું નહિ. ધ્યાનનું તો પ્રત્યક્ષ ફલ છે. જેમ યાગ–યજ્ઞ કર્યાથી પ્રત્યક્ષ ફલ છતાં, સ્વર્ગ આદિ પરોક્ષ ફલ છે, તેમ ધ્યાન માટે નથી. પરંતુ ધ્યાન કાલેજ ફલ મળે. એ ધ્યાનનું ફલ, તે ધ્યેયનો સાક્ષાત્કાર. તે કેવો હોવો જોઇએ? તેનો જવાબ– "સાત આવરણવાળા બ્રહ્માંડ કોશમાં પ્રભુની વિરાજ પુરુષની ઝાંખી કરવી." સાત આવરણ–પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને પ્રકૃતિનો બનેલો તે બ્રહ્માંડ કોશ હોય છે. વૈરાજ તે સપ્ત આવરણ બ્રહ્માંડ કોશમાં દેખાય છે.

ચૌદ લોક ભગવાનના ચૌદ અવયવરૂપ બની ધ્યાનના વિષય બને છે. (શ્લોક ૨૬ થી ૨૮) :—

૧. પાતાલ પાતાલ એ ભગવાનના ચરણનો તલ પ્રદેશ છે. પાદતલમાં સૂક્ષ્મ રેખાઓ છે. તે સર્પાકાર સમાન છે; એને સર્પ કહ્યા છે. સર્પ એટલે ગતિશીલ. જો પગતળીમાં ઉષ્મા રહે તોજ આખો દેહ ક્રિયાશીલ થઇ આરોગ્યવાળો રહી શકે.

૨. રસાતલ	**पार्ष्णिप्रपदे**–પાર્ષ્ણિ અને પ્રપદ એ રસાતલ છે. પાર્ષ્ણિ શબ્દનો અપભ્રંશ "પેની" થયો. પેની એટલે પગનો પાછળનો એડીનો ભાગ. પ્રપદ એટલે પગનું પોંચું, જે પગનો આગળનો ભાગ છે. તે બન્નેનું નામ પાર્ષ્ણિપ્રપદ, જે રસાતલ છે. બહુ વાર ઊભા રહીએ તો કહે છે કે "પગે રસ ઉતરશે, બેસી જાઓને." એથી રસાતલ સંજ્ઞા સંગત લાગે છે.
૩. મહાતલ	**गुल्फौ**–બે ઘૂંટીઓ મહાતલ છે. મહાતલમાં મહત્ વિશેષ આપ્યું, કારણ કે શરીરની વૃદ્ધિની શરૂઆત ત્યાંથીજ થતી હતી.
૪. તલાતલ	**जङ्घे**–તલાતલ પુરુષની બે જંઘાઓ છે. ઘૂંટી અને ગોઠણ (ઘૂંટણ)ની વચ્ચેનો ભાગ જંઘા કહેવાય છે.
૫. સુતલ	**द्वे जानुनी** બે ગોઠણ સુતલ પ્રદેશ છે–બલિ રાજાનું નિવાસ સ્થલ. પગનું જોર માપવાનું તે સ્થલ છે. તાકાત પ્રમાણે દોડે. શુક્રાચાર્યનો સંબંધ હોય તો સાંધા ન દુઃખે. શુક્રાચાર્યને એટલે વીર્યને શરીરનો રાજા કહેલો છે. તેનાથી વિખૂટો પડે તે હારે છે.
૬. વિતલ **૭. અતલ**	**ऊरुद्वयम्**–બે સાથળ એ વિતલ અને અતલ ભાગ છે. સાથળનો આગળનો ભાગ અતલ, અને પાછળનો ભાગ વિતલ–એમ બે લોક બે ભાગમાં સમાય છે. કેટલાક સાથળના ઉપર નીચેના ભાગને અતલ વિતલ કહે છે. પંચમ સ્કંધ પ્રમાણે તેમ લાગે છે.

---

૧. મહીતલ	**जघनम्**–જઘન એ મહીતલ છે. ડૂંટીની નીચેનો ભાગ એ મહીતલ છે. મહીતલ એટલે પૃથ્વી. એ ભાગ પૃથ્વીના જેવોજ ગોળાકાર છે.
૨. નભસ્તલ	**नाभिसरः** નાભિ દેશ–નભસ્તલ એટલે આકાશ દેશ છે. નાભિને સરોવર કહ્યું, જેમાંથી કમલ ઉગે, અને કમલ ઉપર બ્રહ્મા પ્રકટે. કુંડલિની જે મુકુલિત (બીડેલ) કમલના આકારની હોય છે, અને તે જાગૃત થતાંજ જ્ઞાન પ્રકાશક બ્રહ્મા પ્રકટે છે; જેને ચાર મુખ છે–પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી–ચાર પ્રકારની વાણી પ્રકટે છે.
૩. જ્યોતિર્લોક	**उरः स्थलम्** ઉરઃ સ્થલ જ્યોતિર્લોક છે. વક્ષઃ સ્થલ ધ્રુવાદિ જ્યોતિશ્ચક્ર છે, જ્યાં કોઇનો નિવાસ નથી. હૃદયદેશ કેવલ ભગવાનનું જ રહેઠાણ જોઇએ, તોજ શાંતિ.
૪. મહર્લોક	**ग्रीवा** મહર્લોક તેની ગ્રીવા–ડોક છે.
૫ જનલોક	**वदनम्** જનલોક વદન છે. ડાઢીથી ભ્રુકુટી સુધીના ભાગનું નામ વદન. આ પણ કેવલ ભગવાનનું સ્થાન છે, જ્યાં નિત્ય સુખનો આસ્વાદ છે.
૬. તપોલોક	**रराटीम्** તપોલોક લલાટ છે. રરાટી સ્ત્રીલિંગ વાપર્યું. જ્યાં સૌભાગ્ય તિલક થાય છે, ને ભગવાન સૌભાગ્યનાથ ગણાય છે. શૃંગાર એક તિલકમાં ગણાય છે.
૭. સત્યલોક	**शीर्षाणि** સત્યલોક મસ્તક છે.

શ્લોક ૨૯ થી ૩૭ સુધીમાં સર્વ લોકોમાં નિવાસ કરનાર જીવોનો સમાવેશ છે, જે વિસ્તૃત અને સૂક્ષ્મ છે.

इन्द्रादयो बाहव आहुरुस्राः–ભગવાનના બાહુરૂપ, ઇન્દ્ર આદિ દેવ, કર્મનાં ફલને આપનાર છે. વિરાટ્ સ્વરૂપના વર્ણનમાં દર્શાવેલા દેવો ઇન્દ્રિયોના અધિદેવો છે. **ऊर्ध्वं सरन्ति इति उस्राः** "ઉંચે સરકે" એને ઉસ્ર કહેવાય. ભાર ઉઠાવવામાં સમર્થ.

गिरयोऽस्थिसघाः:—પર્વતો પ્રભુનાં અસ્થિઓ છે. શરીરનો આધાર અસ્થિ છે. તેને ક્ષય ન લાગવો જોઇએ. પૃથ્વીરૂપ દેહનો, એટલે તેમાં વસનારાઓની રક્ષા પર્વતોથી છે, જ્યાં વનસ્પતિ, ઔષધિ ને યોગનોજ વિકાસ સંભવી શકે, જ્યાં વિલાસીઓને સ્થાન ન હોઈ શકે. ત્યાં તો વિશ્વ મંગલ વાતાવરણ જ ઘટે, જે જગતને શાંતિની ઝાંખી કરાવે.

नद्योऽस्य नाड्योऽथ तनूरुहाणि महीरुहा विश्वतनोर्नृपेन्द्र (૨૩) નદીઓ ભગવાનની શિરાઓ–નાડીઓ છે; જેમાં મલ–મૂત્રાદિ ગટરો ન છૂટે તોજ તેનું તીર્થત્વ ટકે અને સર્વનું આરોગ્ય ને બુદ્ધિ તે જલના ઉત્પાદનથી ને જલના પાનથી વિકૃત ન બને; અને તે નજર રાજાને, રાષ્ટ્રપતિને જોવાની. તેજ ખરી ઉપાસના છે. વૃક્ષો રોમાંચ છે. શરીરનાં તે અતિ ઉપકારક છે. તેને ન છેદવાની શાસ્ત્રની આજ્ઞા છે. તે રીતે પૃથ્વીનું આરોગ્ય વૃક્ષો ઉપર છે. વૃષ્ટિનો સંભવ તેનાથી. વૃક્ષોને છેદતાં બ્રહ્મહત્યા લાગે. (બ્રહ્મ એટલે અન્ન, હત્યા એટલે નાશ). જેટલાં વૃક્ષો જંગલમાંથી છેદાય, તેટલાં જો ન રોપાય, તો વૃષ્ટિ ઓછી થાય; અથવા ખંડ વૃષ્ટિ, અવૃષ્ટિ, અતિવૃષ્ટિ થાય. માટે તેની વજ્ઞાનિક કાળજી તે રાજકાર્ય છે. તે વિના આત્મજ્ઞાને ન જવાય.

तं सत्यमानन्दनिधिं भजेत नान्यत्र सज्जेद् यत आत्मपातः (૨૯) આનન્દનિધિ, સત્ય એવા તે ભગવાનને ભજવા, જેથી આત્મનિપાત નથી થતો. વિરાટ્ સર્વનો આત્મા છે, અને વિરાટ્‌ની ઉપાસના વર્ણવી પ્રથમ અધ્યાય સંપૂર્ણ કરી બીજો અધ્યાય આરંભે છે.

અધ્યાય બીજો

તત્વ ધ્યાન પ્રકરણનો બીજો અધ્યાય (શ્લોક સંખ્યા ૩૭).

સ્થૂલ સ્વરૂપનું–વિરાટનું નિરૂપણ કર્યું; સૂક્ષ્મ સ્વરૂપનું બીજા અધ્યાયમાં આરંભેછે. વિરક્તિ વિના તત્ત્વજ્ઞાન રૂચિ ન સંભવે. વિરાટ્‌માં વિભુનાં દર્શન થાય, ત્યારે વિરક્તિ જન્મે. વિરકિત એટલે વિષય ત્યાગ નહિ, પરંતુ વિષય ભોગ ત્યાગ અને માનસિક સંતોષ.

अतः कविर्नामसु यावदर्थः स्यादप्रमत्तो व्यवसायबुद्धिः
सिद्धेऽन्यथार्थे न यतेत तत्र परिश्रमं तत्र समीक्षमाणः ॥३॥
सत्यां क्षितौ किं कशिपोः प्रयासैर्बाहौ स्वसिद्धे ह्युपबर्हणैः किम्।
सत्यञ्-जलौ किं पुरुधान्नपात्र्या दिक् वल्कलादौ सति किं दुकूलैः ॥४॥
चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां
नैवाङ्घ्रिपाः परभृतः सरितोऽप्यशुष्यन्।
रुद्धाः गुहाः किमजितोऽवति नोपसन्नान्
कस्माद् भजन्ति कवयो धनदुर्मदान्धान् ॥५॥

ત્યાગ શબ્દ વિચાર માગી લે છે. વેદોમાં કર્મનું વિધાન કર્યું છે, ને નિત્ય–વિધાન કર્યું છે. **यावज्जीवमग्निहोत्रं जुहुयात्** – જીવે, ત્યાં સુધી અગ્નિહોત્ર કરે. વેદમાં ચાર પ્રકારનાં વાકયો છે સ્તુતિ વાકય, વિધિ વાકય, નિષેધ વાકય, અનુવાદ વાકય. સ્તુતિ વાકયમાં આસક્ત ન થવું, પણ વિધિ વાકયો સાથે સમન્વય કરવો. વિધિ વાકયોથી વિમુખ ન થવું, નિષેધ વાકયો સામે ન થવું, અનુવાદ વાકયોમાં ઓતપ્રોત ન થવું, અને વેદ વાકયોનો સમન્વય કરી એકાર્થતા કરવી.

કર્તવ્ય શૂન્ય ન થવા માટે, તેમજ ફલમાં અનાસક્ત થવા માટેજ વેદનું વિધાન છે. અન્તઃકરણ શુધ્ધિ અને આત્મદર્શન થતાં ભગવત્સ્વરૂપ સેવા સિદ્ધ થાય, એવું જીવન એનું નામ કવિ. પ્રયોજન પૂરતું વચન, જીવન પૂરતું ભોજન, સત્સંગ પૂરતું મિલન અને "સતત મનન" અને પ્રતિક્ષણ પ્રસન્ન મન એ કવિનું લક્ષણ.

વેદોનો અર્થ ગૂઢ છે. વેદોમાં પ્રધાન એક વસ્તુનું પ્રતિપાદન છે જે વસ્તુ પરબ્રહ્મ ભગવાન છે. **वेदैश्च सर्वैरहमेव वेद्यः** સર્વ વેદોથી હું વેદ્ય–જાણુવાની વસ્તુ છું. ગીતાજીમાં એ કહેલ છે પરંતુ એક વસ્તુના મુખ્ય પ્રતિપાદન સાથે એના અવાંતર અંગોનું પણ કથન કરવું પડે, જેમાં અનેક વેદ વાકયોમાં ફલશ્રુતિ મળી હોયછે. અગ્નિહોત્રાદિનું વિધાન હોયછે, પ્રકૃતિ વાચક રૂચાંઓ હોયછે, દેવતાપરક મંત્રો હોય છે. તે સર્વની એક વાકયતા કરી અર્થ કરતાં વેદોનું તાત્પર્ય ઇશ્વરનાજ પ્રતિપાદનમાં આવશે. એ રીતે જોવાથી વિરોધ નહિ આવે.

પ્રયોજનથી અધિક ન ઇચ્છવું એ વૈરાગ્ય છે, અને એ જીવનનું બંધારણ છે. સૂવા ધરણી મળે, તો પલંગ શા માટે? ઇશ્વરદત્ત બે હાથ છે, તો અનેક ઓશીકાઓનો લોભ કેમ? અંજલિથી જલપાન નભે, તો અનેક મોંઘા પાત્રોનું પ્રયોજન શું? વલ્કલથી ચાલી શકે તો દુકૂલ વસ્ત્રો માટે વૃત્તિ શાથી? આ વિચારો ગૃહસ્થ જીવનના, સાધુ જીવનના સંતોષ વિધાન માટે છે. માનવ પોતાનાજ શક્તિ–બુદ્ધિના વ્યયે વિવિધ રાચરલીલા રૂપે બની અલ્પજીવી થઈ જગતમાંથી ચાલ્યો જાય છે. તે ન થાવાનું આ માર્ગદર્શન છે.

પૂર્ણ વિરક્ત માટે તો **चीराणि किं पथि न सन्ति**–એ શ્લોકથી પરમહંસ કક્ષાનો પૂર્ણ સંતોષ સમજાવ્યો છે. ભગવત્ સ્વરૂપ દર્શનથી સંતોષ મળે. શ્લોક ૮ થી ૧૨ માં ભગવત્સ્વરૂપનું કથન કર્યું છે. એક એક દ્વિતીયાન્ત પદોમાં પ્રભુના ૨૪ અવતારોનું કથન છે. ધ્યાનનું તાત્પર્ય તે, તે પ્રભુના અંગોમાં તે અવતારોને સમજવાના છે. જેનો સમન્વય સાતમા અધ્યાયમાં વર્ણવેલા પ્રભુના અવતારો સાથે થાય છે.

ધ્યેય સ્વરૂપ—ભગવાનના ચાર સ્વરૂપ ધ્યેય. છે. (૧) **અંગુષ્ઠ માપનું એક સ્વરૂપ.** (૨) **પ્રાદેશ માપનું બીજું સ્વરૂપ.** (૩) **પુરુષ સ્વરૂપ** ત્રીજું. અને (૪) **વિરાટ સ્વરૂપ** ચોથું વિરાટના દર્શનથી દોષ નિવૃત્તિ અને પ્રાદેશ સ્વરૂપના ધ્યાનથી આનંદ પ્રાપ્તિ થાય છે. માટે બે અધ્યાયોથી બે સ્વરૂપ વર્ણવ્યાં છે.

१ २ ३
केचित्स्वदेहान्तर्हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तम्
४ ५
चतुर्भुजं कंजरथांगशंखगदाधरं धारणया स्मरन्ति ॥८॥
६ ७ ८
प्रसन्नवक्त्रं नलिनायतेक्षणं कदम्बकिंजल्कपिशंगवाससम्
९ १०
लसन्महारत्नहिरण्मयांगदं स्फुरन्महारत्नकिरीटकुंडलम् ॥९॥
११
उन्निद्रहृत्पंकजकर्णिकालये योगेश्वरास्थापितपादपल्लवम्
१२ १३ १४
श्रीलक्ष्मणं कौस्तुभरत्नकन्धरमम्लानलक्ष्म्या वनमालयाऽऽचितम्॥
१५ १६ १७
विभूषितं मेखलयाङ्गुलीयकैर्महाधनैर्नूपुरकंकणादिभि :
१८ १९ २०
स्निग्धामलाकुंचितनील कुन्तलैर्विरोचमानाननहासपेशलम् ॥११॥

अदीनलीलाहसितेक्षणोल्लसद् भ्रूभंगसंसूचितभूर्यनुग्रहम्
२१ २२
ईक्षेत चिन्तामयमेनमीश्वरं यावन्मनो धारणयावतिष्ठते ॥१२॥

આ પાંચ શ્લોકમાં વર્ણવેલ સ્વરૂપનું અનુસંધાન કરવાથી મનોનિગ્રહ થાય છે, જ્ઞાનતંતુ મજબૂત વિશુદ્ધ બને છે, દુઃસ્વપ્નમાંથી મુક્ત થવાય છે. અને નિરોધ સહજ સિદ્ધ થાય છે. પ્રથમાધ્યાયના વિરાટ્ ચિંતનથી ભકિત યોગ સિદ્ધ થતાં

આ સ્વરૂપના ધ્યાનથી પ્રેમલક્ષણા ભક્તિનું પ્રાકટ્ય થાય છે, ને ચિત્તને પરમાનંદ અનુભવાય છે. અગ્નિહોત્ર, યાગ, જાપ, નિત્ય, નૈમિત્તિક કર્મ કર્યા પછીથી તેની સમાપ્તિના ક્ષણમાં આ સ્વરૂપ ધ્યાન અવશ્ય કરવાનું છે.

૧૫, ૧૬, શ્લોકોમાં અને ૧૯, ૨૦, ૨૧ શ્લોકોમાં સદ્યો મુક્તિના ઉત્તમ અને મધ્યમ એવા બે પ્રકાર છે. બન્ને પ્રકારોમાંથી પ્રથમ પ્રકારમાં **ભાવના** પ્રાધાન્ય છે. બીજા પ્રકારમાં **ક્રિયા** પ્રાધાન્ય છે. પરંતુ આરંભનો અધિકારી હોયછે, તેને વાસના મટતી નથી. તેથી વાસના ક્ષય માટે ક્રમ મુક્તિ ૨૨મા શ્લોકથી વર્ણવી છે. ૩૬મા શ્લોક સુધી બન્ને પ્રકારની મુક્તિની ચર્ચા કરી પ્રક્રિયા બતલાવી; જે ફળ થાય, તે પણ સમજાવી તેટલુંજ ફળ શ્રવણ-કીર્તન આદિ ભક્તિથી થાયછે, તેવો વિશ્વાસ આપી ૩૭મા શ્લોકે તેનું માહાત્મ્ય ગાઇ અધ્યાય સમાપ્ત કર્યો.

पिबन्ति ये भगवत आत्मनः सतां कथामृतं श्रवणपुटेषु संभृतम्
पुनन्ति ते विषयविदूषिताशयं व्रजन्ति तच्चरणसरोरुहान्तिकम् ॥३७॥

સત્પુરુષોના આત્મા ભગવાનનું કથામૃત શ્રવણરૂપ પડિયામાં ભરેલાનું જે પાન કરે તે વિષય દૂષિત અન્તઃકરણને પવિત્ર બનાવી ભગવાનના ચરણ-કમલની સમીપમાં જાય છે.

શ્રવણેન્દ્રિયને પડિયા કહીને તદ્દન શુદ્ધ પાત્રની ઉપમા આપી. બહુવચન કહીને અનેક શ્રવણોથી સાંભળેલા પુષ્કળ જ્ઞાનને ધારણ કરવાની બે કર્ણમાં સાવધાનતા જોઇએ. તે પણ સમજાવ્યું.

તૃતીય અધ્યાય

શ્રોતાના હૃદયની પ્રસન્નતા

તત્ત્વ ધ્યાન, તત્ત્વ વિચાર શ્રોતા વકતાના હૃદયની પ્રસન્નતા વિના ન સંભવે. પ્રથમ શ્રોતાનું હૃદય પ્રસન્ન રહે, તો તેમાં વકતાના વકતવ્યનું પ્રતિબિંબ પડે અને વકતામાં સહજ પ્રસન્નતા આવે. ત્રીજા, ચોથા અધ્યાયમાં બન્નેની પ્રસન્નતા, બન્નેની વાણીથી સમજાય છે.

ઇન્દ્રિયો અને તેના દેવો ભજનમાં પ્રતિબંધ કરેછે. તે ન કરે, માટે તે દેવોનું ભજન અને ફલ શ્લોક ૨થી ૯ સુધી વર્ણવ્યું. ૨૮ પ્રકારના દેવો હોવાથી અઠ્ઠાવીસ પ્રકારે ફલ સાથે દેવો ગણાવ્યા. વેદે ૩૩ પ્રકારના દેવો ગાયા છે. ભાગવતે તેઓને ૨૮ પ્રકારમાં સમાવ્યા છે.

વેદના દૃષ્ટા **બ્રહ્માની** ઉપાસના બ્રહ્મતેજ આપે. વિદ્યાની કામના વાળો **શિવને** ભજે. વર, વંશ, વિદ્યા અને વિત્ત **શ્રી શંકરજીની** આરાધનાથી મળેછે. **ઉમા સતી** માતાની ઉપાસનાથી દામ્પત્ય પ્રીતિ મળે છે. **અદિતિ** પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી છે, તેનું આરાધન કરવાથી **અન્નપ્રાપ્તિ** થાયછે.

અવાંતર ઉપાસનાઓ અઠ્ઠાવીસ પ્રકારની આરંભના સાધક ભકતોને આવશ્યક હોઇ, તે વિચારી પછી દૃઢમતિ, અદૃઢમતિ કે મધ્યમ મતિને માટે પણ એક અનુષ્ઠાન મહત્વનું છે.

अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः।
तीव्रेण भक्तियोगेन भजेत पुरुषं परम् ॥१०॥

અકામ એટલે વિરકત–નિષ્કામ; સર્વકામ એટલે ગૃહસ્થાશ્રમી સકામ; મોક્ષકામ એટલે આત્મચિંતક; ઉદારધી કેવલ ભગવદ્ ભકત. આ ચારે જણે માત્ર તીવ્ર ભકિતયોગથી ઇશ્વરારાધન કરતાં સર્વ હેતુ સિદ્ધ થાય.

आयुर्हरति वै पुंसामुद्यन्नस्तं च यन्नसौ ॥
तस्यर्ते यत्क्षणो नीत उत्तमश्लोक वार्तया ॥१७॥

આયુષ્ય એટલે મનુષ્યનું જીવન ધન. વ્યકિત હિત માટે માનવનું જીવન નથી, કે ભૌતિક સુખ માટે નથી. જે જીવનનો અંગત કે અસંગત ઉપયોગ થાય તેમાંથી આયુષ્ય કપાય છે. પરંતુ સર્વહિત માટે જીવન વપરાય, તેના જીવનની વૃદ્ધિ થાયછે. **સ્તંભતીર્થ** (ખંભાત)માં **લોમશમુનિ** વિશ્વ શાંતિ માટે તપશ્ચર્યા આચરે છે. તેમનું આયુષ્ય શરીર ઉપરનાં બધાં રોમાંચો ક્રમે ક્રમે એક એક કલ્પે એક એક ખરી પડશે, ત્યારે આયુષ્ય પૂર્ણ થશે. તેટલા તેઓ દીર્ઘજીવી છે. એમના આયુષ્યની વૃદ્ધિ પરોપકાર, સંયમ અને સૂર્યોપાસનાથી થયેલ છે. સૂર્યોપાસના સૂર્યોદય પૂર્વમાં ઉત્થાન, સૂર્યનું ઉપસ્થાન અને સત્ય પાલનથી થાય છે. એકવાર એક પ્રશ્નના ઉકેલ માટે માર્કંડેય, બક, દાલ્ભ્ય, વિગેરે અનેક કલ્પજીવી દીર્ઘાયુષી મહર્ષિઓ લોમશજીની પાસે ગયા. જ્યારે તેઓ વામ કરથી એક દર્ભની ઝૂડીને, નેત્રના સમીપે આવતાં સૂર્યનાં કિરણોને રોકી રહ્યા હતા; અને દક્ષિણ કરથી જપ કરતા હતા. મહર્ષિ માર્કંડે પૂછ્યું, “આપે આ દર્ભ-ઝૂડી કેમ ધારણ કરી છે?” તો તેઓએ કહ્યું કે “સૂર્યના તાપને ખાળવા.” મુનિ વદ્યા, “તો આપ એક નાની પર્ણકૂટી બનાવી લો તો કેવું સારૂં!” લોમશે પ્રત્યુત્તર વાળ્યો, “આટલી નાની જિંદગીમાં પર્ણકૂટી રચવાનો ક્યાં અવસર?” મુનિઓ સાંભળી ચકિત બન્યા. માનવની વૈભવ-વિલાસ, વ્યર્થવાદ વિવાદથી ક્ષીણ થતી ક્ષણ ને ક્ષીણ થતી પણ (મૂડી) માટે અફસોસ કર્યો. માર્ગદર્શન મેળવ્યું કે “**ક્ષણ, પણ અને કણ**” કદિ વ્યર્થ ન જવા દેવાં. ક્ષણ ભજનમાં, જગત સેવામાં; પણ દાનમાં, સમર્પણમાં; કણ પ્રદાનમાં વાપરતાં સાર્થકતા જીવનની.

ભગવાનની ઉદારતા — **तस्यर्ते यत्क्षणो नीतः** એક વર્ષમાં સૂર્ય સારા બ્રહ્માંડમાં ફરી વળતાં તે મનુષ્યના આયુષ્યને હરણ કરી લે છે, કે જેણે આખા વર્ષમાં એક પણ ક્ષણ ભગવત્કાર્યમાં નથી આપ્યો. સેવા ભગવત્કાર્ય છે. સૂર્ય આયુષ્ય પ્રદાતા છે, ગૃહીતા નથી.

બીન લોક ઉપયોગીની તુલના માટે કોઇ પણ વસ્તુ નથી. **श्वविड्वराहोष्ट्र खरैः संस्तुतः पुरुषः पशुः** માનવે અકુદરતી અને અનુપયોગી જીવી પશુઓની પ્રતિષ્ઠા વધારી, પશુઓનું મૂલ્યાંકન વધાર્યું. શ્વાનમાં વફાદારી, વરાહમાં સાફસુફી-સુધરાઇ કામ, ઊંટમાં સમર્પણ, ખરમાં નિમકહલાલી મળ્યાં; અને માનવમાં શોધ્યાં પણ ન જડયાં. કર્તવ્યશૂન્યની કિંમત કોડી પણ ન ઉપજે.

આયુષ્ય, દેહ અને ઇન્દ્રિયોની વ્યર્થતા અને સાર્થકતાનું કથન કરતો ત્રીજો અધ્યાય છે. ૧૭, ૧૮, ૧૯ શ્લોકથી આયુષ્ય ને શરીરની સાર્થકતા-નિરર્થકતા વિચારી. પાંચભૌતિક દેહની, ઇન્દ્રિયોની સાર્થકતા ૨૦થી ૨૪ શ્લોકોમાં વિચારી અધ્યાય સંપૂર્ણ કર્યો.

શ્લોક ૨૦થી ૨૪.— વિષયને સાંભળતા કાન વિષધર દર જેવા. વિષ એક જણને મારે ને તે એકજ વાર મારે. વિષય અનેક ને રોજ મરેલા એવાને જીવાડે. નિંદા કે નિષ્પ્રયોજન વાર્તા કરતી જિહવા દેડકાની જીભ છે. દેડકાની જીભનું કોઈ નિયામક નથી, કારણ કે તેને દાંત નથી, ગળાથી તે જુદી નથી. ને કીટ ભક્ષણ કરનારી છે. માનવીની જીભ પણ તેના જેવી છે. પાગ કિરીટ મૂકેલ મસ્તક મુકુન્દને ન નમે તો નકામો બોજો. સૌનું કામ ન કરે તે શબના હાથ. કોઇના દુઃખે અને કૃષ્ણના દર્શને ભીંજાય નહિ તે આંખ મોરના ચન્દ્રક. પગ મંદિરે ચાલીને ન જાય તો જડ થોરિયા. ભગવચ્ચરણ-આચરણનો એક નાનો

પણ સિધ્ધાન્ત જીવનમાં નથી તે જીવતું શબ છે. જલમાં રહેલ પણ આસન્ન મૃત્યુ જલ પી ન શકે અને બચી ન શકે. તેમ વિષયી-સિદ્ધાન્ત જલ પી ન શકે અને આનંદ ન મેળવી શકે. પ્રભુને પ્રણમતાં તુલસીજીનો સુવાસ નથી લીધો, તે નિર્જીવ જીવે છે. કપાયેલ પણ સર્પની પૂછડી તરફડેછે. ભગવન્નામ-ચરિત્ર લીલા શ્રવણથી અશ્રુને રોમાંચ ન થાય, તો અન્તઃકરણ અશ્મસાર નામનો પાષાણ છે, જેને વજ્ર ન તોડી શકે. હ્રુદય આર્દ્ર બને ત્યારે તેના બધાજ રોમાંચ છિદ્રો સાથે સંબંધ હોવાથી તેમાં રસ ભરાય અને વૃક્ષ સમાન રોમાંચ સજીવ થાય.

અધ્યાય ૪થો

શુકદેવજીની સ્તુતિ. વકતાની પ્રસન્નતા. (શ્લોક ૨૫)

શ્રોતાના પ્રસન્ન હ્રુદયમાં વકતાનું પ્રતિબિંબ પડે. **શ્રોતાના** નેત્ર સૂર્યનો પ્રકાશ વકતાના હ્રુદય કમલને વિકસાવે, ત્યારે ભગવદ્ ગુણ મકરન્દ, વિના પ્રયાસે, બહાર આવે જે **શ્રોતાને** માધુર્ય રસનું પાન કરાવે.

શ્રોતાની કક્ષા ચાર ધર્મોથી – (૧) નિશ્ચિત બુદ્ધિ. (૨) મમતા ત્યાગ. (૩) શ્રવણમાં શ્રદ્ધા. (૪) સન્યાસ સાથે ત્યાગ. **औत्तरेयः सतीं व्यधात्** માતૃશીલના પરિણામે સતી – સ્થિર મતિ પરીક્ષિતને મળી. **विरुढां ममतां जहौ** ઘરનો ત્યાગ કરેલો, પણ શ્રી શુક સંગે મમતા મુકાવી. **श्रद्दधानो महामनाः** શ્રધ્ધાને ધારણ કરનાર મહામના બનેછે. **आत्मभावं दृढं गतः** સાતમે દિવસે મરણ છે, જાણી ત્રૈવર્ગિક કર્મ (ધર્મ, અર્થ, કામ) છોડી દીધાં. પ્રારંભના ચાર શ્લોકે શ્રોતાની યોગ્યતા વર્ણવી.

પરીક્ષિતના **પાંચ** પ્રશ્ન: ઉત્પત્તિ, સ્થિતિ, લય, આધાર. અને સાધન. ઉત્પત્તિમાં પાંચ પ્રશ્ન. **જગતનું સર્જન શી રીત?**

(૧) કુંભારની માફક? (૨) સિદ્ધ પુરુષની માફક બનાવેછે? (૩) પ્રકટ કરેછે? (૪) યોગિની માફક માનસિક? (૫) કે કલ્પવૃક્ષની સમાન? આ પાંચ સંદેહ પાલન – પ્રલયમાં પણ ખરા. આધાર કઇ શકિતનો લે છે? સાધનમાં ગુણોનો ઉપયોગ લે છે કે સ્વતંત્ર?

પ્રત્યુત્તર આપતાં **પૂર્વમાં ૧૩** શ્લોકથી (૧૨થી ૨૪) સ્તુતિ. ૭ શ્લોકમાં નમઃસ્કાર, ૫ શ્લોકમાં પ્રાર્થના અને છેલ્લા શ્લોકમાં પિતાજીના ઉપકાર, સ્મરણ સાથે નમઃસ્કાર. ભગવાનનાં ૧૨ અંગો અને ૧૩મો અંગી; માટે ૧૩ શ્લોકમાં સ્તુતિ નમઃસ્કાર.

ભગવાનનાં પાંચ સ્વરૂપ – પર સ્વરૂપ, પુરુષ સ્વરૂપ, વિરાટ્ સ્વરૂપ, વ્યષ્ટિ સ્વરૂપ અને અન્તર્યામિ સ્વરૂપ.

પ્રથમ શ્લોકમાં (શ્લોક ૧૨) – **नमः परस्मै** ગોલોકમાં બીરાજતા શ્રીકૃષ્ણને વંદન. જે અર્ચા સ્વરૂપ છે. અર્ચા સ્વરૂપ આર્દ્રભાવ પ્રેમભાવ – સૌમ્યભાવ આપે. **અર્ચા સ્વરૂપ તેજ પર સ્વરૂપ છે.** **पुरुषाय** અનેક અવતારોનું મૂળ સ્વરૂપ – પૂર્ણ સ્વરૂપ. પુરુષની આરાધના આત્મબલ આપે. **भूयसे** વિરાટ સ્વરૂપ, વિશ્વસ્વરૂપ, જે સમભાવ આપે. સમત્વ યોગનું સ્વરૂપ છે. **सदुद्भवस्थान निरोध लीलया** વ્યષ્ટિ સ્વરૂપનું નિરૂપણ છે, જે બંધુભાવ આપે. સુખદુઃખમાં બંધાયેલ રહેવું બન્ધુત્વ છે. **अन्तर्भवाय** અન્તર્યામી સ્વરૂપ, જે મનઃ શુદ્ધિ આપે, અને ક્ષણે ક્ષણે મનને સ્વસ્થ કે માર્ગસ્થ રાખે.

દ્વિતીય શ્લોકમાં (શ્લોક ૧૩) – **भूयो नमः सद्वृजिनच्छिदे** – સંતોને, પરમહંસોના અભીષ્ટ સાધકને વંદન છે. સંતોનાં વૃજિનને દૂર કરનાર; વૃજિન એટલે પાપ નહિ. સંતોને પાપ ન હોય, પરંતુ અંતરાયોને દૂર કરનાર. **गृहकारज नाना जंजाला** – ગૃહકાર્યો અને જંજાલમાંથી ભગવાન અલગ કરેછે. નારદજીને માતાથી મુકત કર્યા.

ભરતજીને પિતા, માતા, ભાઈઓથી વિલગ કર્યા, તોજ રહુગણને મળ્યા. સંતો તો દિવાલ–કોટ–વિનાનાં સર્વપેય સરોવર છે. એમને સંબંધીઓમાંજ ખૂપી જવું, ખપી જવું ન ઘટે. આ શ્લોકમાં **असताम् असंभवाय** પાઠ છે; અને **सताम् असंभवाय** પણ છે. સંતોને પુનર્જન્મ ન આપવા માટે પ્રભુ જન્મેછે. સત્વશુદ્ધિ થાયછે સત્કર્મોથી; અને સ્વરૂપ સ્થિતિ થાયછે પ્રભુ સેવાદર્શનથી. **अनुमृग्यदाशुषे** અનુમૃગ્ય શોધવા લાયક વસ્તુ ક્રમ મુક્તિ કે સદ્યોમુક્તિ છે. તેને **दाशुषे** એટલે આપનાર. અલૌકિક ફલ આપવાનું હોવાથી **दाशुषे** વૈદિક વ્યાકરણનો પ્રયોગ કર્યો.

ત્રીજા શ્લોકમાં (શ્લોક ૧૪) શ્રી શુકદેવજીના ઈષ્ટ દેવને નમઃસ્કાર છે, જે ભગવાન શ્યામ સુંદર સ્વરૂપ છે, યાદવેન્દ્ર છે, અને ભક્તોની અભીષ્ટ મૂર્તિ છે. માટે **नमो नमः** બોલેછે, કારણ કે જે ભગવાન સર્વ સુલભ બન્યા અને પોતાની સર્વ શકિતનું દાન ભકતોને કર્યું માટે અતિશય નમનીય બન્યા.

ચોથા શ્લોકમાં (શ્લોક ૧૫) છ પ્રકારના દોષોને દૂર કરવા છ પ્રકારની ભક્તિ બતાવી. કીર્તન, સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ અને સેવન એ છ પ્રકારો છે. શ્રવણ ભકિત પ્રથમ ગણાય, પરંતુ કીર્તનને પ્રથમ સ્થાન આપ્યું. કીર્તન શ્રોતા વક્તા ઉભયનો નિરોધ અને શુદ્ધિ કરનાર છે. કીર્તન થતાં ગુણોનું સ્મરણ થાય અને સ્મરણના બલથી હૃદયમાં કે નેત્ર સામે પ્રભુ સાક્ષાત્ પ્રકટ થાય, જેથી દર્શન થાય. દર્શનના પરિણામે પ્રેમ જાગે અને આજ સુધીના દર્શન વંચિત દિલનો પરિતાપ એટલે પાપ રાશિ બળીને ખાખ થાય. દર્શન થતાંજ મસ્તક ચરણમાં નમી જાય અને જીવ ભકિત ભાર વશ ઉઠી ન શકે, ત્યારે ભગવાન તેને કહે **तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व** – ઉભો થા, એ આર્દ્રભાવ સાંભળી અતિ આદરવાળો બની અર્હણ એટલે સેવાનો આરંભ કરે, અને આ ષડ્વિધ ભકિત ષડ્રિપુને હણે. નવ પ્રકારની ભકિતમાં બહિરંગ આ છ પ્રકારની ભકિત દર્શાવી. "ઈક્ષણ એટલે દર્શન" નવધા ભકિતમાં નથી, પરંતુ ઈક્ષણ ભકિતની જરૂર પાદ સેવનમાં પડે; માટે પાદસેવન, ઈક્ષણ ભકિત સાધ્ય હોઇ ઈક્ષણનો અર્થ પાદસેવન કરી લેવો. છ પ્રકારની ભકિત થઈ જશે.

પાંચમા શ્લોકમાં (શ્લોક ૧૬) ભગવદ્ ગુણ કીર્તન મોક્ષમાં લઇ જાય છે. અનુષ્ઠાન આરાધનમાં શ્રમનો અતિરેક છે; સફલ છે, પણ આચરવું દુર્લભ છે. વિચક્ષણતા તો **ચરણોપસાદન**માં છે. ચરણોમાં આશ્રય એટલે ચરણોપસાદન. ચરણમાં આશ્રય લઇને બેઠા એટલે ચરણને ચાલવાનું રહ્યું, બેસનારને નહિ. મોક્ષ દૂર હો કે દુર્લભ હો, તે ચરણને જોવાનું નથી રહેતું. જીવને રજઃકણની માફક ચરણમાં સ્થાન લેવાનું. ભગવાનને તો તેનો ભાર નથી, અને રજઃકણને જતાં વાર નથી. માટેજ **गतक्लमाः** ક્લેશ વિનાના થઇ જીવો જઇ શકે છે એમ કહ્યું.

છઠ્ઠા શ્લોકમાં (શ્લોક ૧૭) સમર્પણ છે. તપ, દાન, યશ, (યશ માટે કરવામાં આવતાં વાવ, કૂવા, મંદિર, (કવિતા), મનસ્વિતા એટલે યોગ, મંત્રજાપ, અને સુમંગલાચાર--સદાચાર--આ છ વસ્તુઓનો પુણ્ય ફલ લેશ ઉપાસકને ઉત્કર્ષની આડે ન આવે માટે તે ઈશ્વરને સમર્પણ કરવાનાં હોય છે. તપસ્વી એટલે જ્ઞાની; દાનપર એટલે કર્મનિષ્ઠ; યશસ્વી એટલે અશ્વમેધ યજ્ઞાદિ કરનાર; મનસ્વી એટલે યોગી; મંત્રવેત્તા એટલે આગમોક્ત ક્રિયા કરનાર. તપ ભગવાનને આપવાથી તે અપૂર્ણ નથી રહેતું અને તેનું ફલ તેના હિતમાં આવે તેવું મળેછે.

સાતમા શ્લોકમાં (શ્લોક ૧૮) સત્સંગનું ગૌરવ છે. જાતિ અને કર્મથી અસંસ્કારી થયેલને પણ સુજનાશ્રય સર્વશ્રેષ્ઠ આશ્રય છે એ દર્શાવ્યું.

આઠમા શ્લોકમાં (શ્લોક ૧૯) સર્વોપકાર પરાયણ પરમાત્માની પ્રસન્નતા માગી.

अधिकारी प्रमाणञ्च सन्तश्च प्रीतिहेतव:
एतेप्यापातत: प्रोक्तास्तस्मात्संप्रार्थनं महत् ॥

आत्मवतामात्मा – આત્મવન્ત અધિકારી છે. અન્તઃકરણ અને આત્મા જેને આધીન છે, તે આત્મવન્ત જ્ઞાનીઓ અધિકારી છે. તે એક, બીજું પ્રમાણ અને ત્રીજા સન્તો – એ ત્રણ પ્રીતિ કરાવે છે, પણ ઉપર ઉપરથી; અને ભગવત્ પ્રાર્થના અંતરથી પ્રીતિ કરાવે છે. ત્રણ વસ્તુને પ્રમાણ માન્યાં - વેદ, સ્મૃતિ અને પુરાણ. **त्रयीमय: धर्ममय: तपोमय:** ત્રણ વિશેષણ આત્માને આપ્યાં, તે ત્રણ વસ્તુને પ્રમાણ બતાવવા માટે. વેદોમાં યજ્ઞ, સ્મૃતિમાં ધર્મ અને પુરાણમાં તપનાં વર્ણન છે. **अजशंकरादिभि:** – એ સંતોનું નિરૂપણ છે. જ્યારે એ ત્રણેથી જે ભગવાન આરાધાય છે, તે ભગવાન સ્તુતિથી પ્રસન્ન થાવ – એમ પ્રાર્થના આ શ્લોકમાં કરી.

નવમા શ્લોકમાં (શ્લોક ૨૦) **प्रसीदतां मे भगवान् सतां पति:** એવી પ્રાર્થના કરી. છ પ્રકારના પતિમાં શ્રી પતિ, યજ્ઞપતિ, પ્રજાપતિ, ધીપતિ, લોકપતિ, ધરાપતિ એ ગૌણ પતિ છે; પણ સંતોના પ્રત્યક્ષ પતિ છે તે મને મળો. એમ વિનવ્યું.

દશમા શ્લોકમાં (શ્લોક ૨૧) ચરણારવિંદના ધ્યાનની સમાધિ બુદ્ધિ દર્પણને ઉજજવલ કરેછે, અને તે શુધ્ધ બુદ્ધિવાળા કવિઓ રૂચિ અનુરૂપ પ્રભુને વર્ણવેછે. તે ભગવાન મુકુન્દ પ્રસન્ન થાવ. કવિત્વ શકિત માટે વિનવ્યા.

અગિયારમા શ્લોકમાં (શ્લોક ૨૨) સરસ્વતી બે પ્રકારની દર્શાવી (૧) લોકતત્ત્વ નિરૂપતી સરસ્વતી અને (૨) ભગવલ્લક્ષણ ગાતી સરસ્વતી. તેમાં બીજી **સ્વલક્ષણા** સરસ્વતીની ભિક્ષા માગી. ઋષિઓની સરસ્વતી અને કવિઓની સરસ્વતી એમ બે પ્રકાર થયા. વ્યાસ મહર્ષિ હતા અને કાલિદાસ આદિ કવિઓ હતા ઇન્દ્રિયોનો ઉપયોગ કરતાં પૂર્વમાં પ્રભુની પ્રાર્થના કરવી. વાણીને વાપરતા પહેલાં તો ખાસ પ્રાર્થના કરવી.

બારમા શ્લોકમાં (શ્લોક ૨૩) વાણીના અર્થરૂપ ભગવાન છે, ને તેજ આભૂષણ રૂપ છે. માટે પ્રભુને વિનવ્યા કે "આપજ મારી વાકયા કુસુમાવલીને અલંકૃત કરો, ને તેજ કુસુમ માલા આપને કંઠે ધરૂં."

તેરમા શ્લોકમાં (શ્લોક ૨૪) પિતૃચરણ કમલને પ્રણામ કર્યા, જેઓની કૃપાથીજ આ ભાગવત પ્રાપ્ત થાય છે.

અધ્યાય ૫મો

મનન નામનું છ અધ્યાયનું ત્રીજું પ્રકરણ. (શ્લોક સંખ્યા ૪૨.)

ઉત્પત્તિ અને ઉપપત્તિ એવા બે ભેદથી ત્રણ ત્રણ અધ્યાયોમાં મનન પ્રકરણનો પ્રારંભ કર્યો. વકતા અને શ્રોતાના મનની પ્રસન્નતાએ મનન સંભવે. મનની પ્રસન્નતા ભગવત્સ્તુતિથી રહી શકે. ત્રીજા, ચોથા અધ્યાયમાં તેથી સ્તુતિ દ્વારા પ્રસન્ન હૃદય કરી છ અધ્યાયથી મનન શરૂ કર્યું.

મનન એટલે વિમર્શ--વિચાર. પ્રથમ ત્રણ અધ્યાયથી વિશ્વની ઉત્પત્તિનું વર્ણન કર્યું અને પછીના ત્રણ અધ્યાયથી ઉત્પત્તિમાં યુકિત બતાવી. યુકિતનું નામ ઉપપત્તિ. મનન તત્ત્વનું કરવાનું. તત્ત્વ બે -- સ્થૂલ અને સૂક્ષ્મ. સ્થૂલ એટલે મૂર્ત આકૃતિવાળું બ્રહ્માંડ, અને સૂક્ષ્મ એટલે અવ્યકત અથવા અમૂર્ત બ્રહ્મ કે ઇશ્વર. આ પાંચમા અધ્યાયમાં વિરાટ્‌ની ઉત્પત્તિનો વિચાર કર્યો છે, જે વિરાટ્‌નું વર્ણન પ્રથમ અધ્યાયમાં આવેલું છે.

આ છ અધ્યાયોનો વિષય નારદ-બ્રહ્માજીના પ્રશ્ન અને ઉત્તર રૂપે વર્ણવ્યો છે. પ્રથમ શ્લોકથી આઠમા શ્લોક સુધી નારદજીના તેર પ્રશ્નો છે. પ્રથમ શ્લોકમાં નમઃસ્કાર. એક જ્ઞાનનો પ્રશ્ન, બીજો આત્માનો પ્રશ્ન, તત્ત્વના વિચારને લગતા છ પ્રશ્નો, બ્રહ્મને વિચારતા ચાર પ્રશ્નો મળી ૧૨ પ્રશ્નો થયા; અને તેરમો એક પ્રશ્ન કે "હું સરલતાથી સમજી શકું તેમ સર્વ આપ મને કહો."

તેર પ્રશ્નો ધર્મીના હિસાબે કર્યા - બાર અંગો અને તેરમા ધર્મી. ઉત્તરમાં કહ્યું કે "તમારા બધાજ પ્રશ્નોનો એકજ ઉત્તર છે - **આત્મા, જ્ઞાન અને અન્ય સર્વ ભગવાન છે.**" અને એજ વસ્તુની સમજ માટે ૧૨ સ્કંધો વિચાર્યા છે.

તેરમા પ્રશ્નમાં નારદે બ્રહ્માજીને કહેલું કે આપજ સર્વજ્ઞ અને શ્રેષ્ઠ છો. તેનો બ્રહ્માજીએ ખુલાસો કર્યો કે "મારાથી પર ઇશ્વર છે, તેજ સર્વજ્ઞ અને સમર્થ છે." એ સત્યનું પાલન કર્યું ગણાય.

સર્વનો પ્રકાશક સૂર્ય છે, અને તે સ્વયં પ્રકાશ છે. પ્રકાશતાં જ્ઞાનને કંઇ કરવું પડતું નથી; પણ સૂર્ય પ્રકટ થતાંજ સ્વયં સર્વ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ સમજાય છે; ને તે પદાર્થોનો સ્વીકાર, ત્યાગ થઇ શકે છે.

એકથી આઠ શ્લોકોમાં નારદજીએ પ્રશ્નો પૂછ્યા. નવમા શ્લોકથી બેતાળીસમા શ્લોક સુધી બ્રહ્માજીએ તેનો પ્રત્યુત્તર આપ્યો. **वत्स ते विचिकित्सितम्** વાક્ય વક્તાએ શ્રોતા માટે વાપર્યું. **वत्स** સંબોધનથી વાત્સલ્ય પૂર્ણ માતાના વક્ષઃસ્થલમાં દૂધ જેમ નીકળે, તેજ રીતે બ્રહ્માજીના હૃદયમાંથી ભગવચ્ચરિત્ર દૂધ પ્રકટ થયું, અને તેથીજ જ્ઞાનદૂધ પોષકને મધુર લાગ્યું.

દશમા શ્લોકથી, સર્વેશ્વર ઇશ્વર એક સર્વથી અલગ છે, તેમ સ્વીકાર્યું, ને નારદજીના છેલ્લા પ્રશ્નનો પ્રત્યુત્તર આપ્યો. અગિયારમા શ્લોકથી પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે ભગવાન પ્રકાશ જ્ઞાન સ્વરૂપ છે.

द्रव्यं कर्म च कालश्च स्वभावो जीव एव च

वासुदेवात्परो ब्रह्मन् न चान्योऽर्थोऽस्ति तत्त्वतः ॥१४॥

દ્રવ્ય (પંચભૂતાદિ), કર્મ (જન્મનું કારણ), કાલ (ગુણોમાં ક્ષોભ કરનાર), સ્વભાવ (પરિણામનો હેતુ) અને જીવ—એ પાંચ પદાર્થ ભગવાનજ છે. આ શ્લોકમાં ત્રણ વખત **च** અવ્યય ઉપરના ચરણમાં લીધો છે. પ્રથમ **च**નો અર્થ અદૃષ્ટરૂપ કર્મ એવો કરવાનો છે. કર્મ બે પ્રકારનાં - એક જન્મ આપનારને અને બીજું પંચભૂતને સંસ્કાર આપનાર. કાલ શબ્દના પછીના **च**નો અર્થ **નિમિત્તભૂતકાલ** કરવો. કાલના બે પ્રકાર - એક ગુણનો ક્ષોભ કરનાર અને બીજો કાલ નિમિત્ત થનાર. જીવ શબ્દ પછી **च** આવ્યો તેનો અર્થ **જીવના અભિમાનવાળા દેવતા** એવો કરવો.

ચોથો શ્લોક - **यद् विज्ञानो यदाधारः** - એમાં ચાર પ્રશ્નો પૂછ્યા, તેનો પ્રત્યુત્તર ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ શ્લોકથી આપ્યો. બીજો શ્લોક - **यद्रूपं**-માં છ પ્રશ્નો પૂછ્યા છે. તેનો પ્રત્યુત્તર એકવીસમા શ્લોકથી આપવો શરૂ કર્યો છે. તેમાં પણ ત્રણ પ્રશ્નોનો ઉત્તર આ પાંચમા અધ્યાયથી અને બીજા ત્રણ પ્રશ્નોનો ઉત્તર છઠ્ઠા અધ્યાયથી આપશે. પાંચમા અધ્યાયમાં ૨૧મા શ્લોકથી અધ્યાય સમાપ્તિ સુધીમાં બ્રહ્માંડની ઉત્પત્તિનો યુક્તિ પૂર્વક ક્રમ દર્શાવ્યો છે.

અધ્યાય છઠ્ઠો (શ્લોક સંખ્યા ૪૫)

ઉત્પત્તિના ત્રણ ભેદ – જન્મ, સમાગમ અને પ્રાકટ્ય. જન્મ અનિત્ય પદાર્થોનો થાય છે. નિત્ય અને પરિચ્છિન્ન વસ્તુઓનો સમાગમ થાયછે. નિત્ય પણ પરિચ્છેદ વિનાની વસ્તુઓનું પ્રાકટ્ય થાય છે. આ છઠ્ઠા અધ્યાયમાં ૧ થી ૧૧ શ્લોકોમાં પરિચ્છિન્નોની ઉત્પત્તિ વર્ણવી છે. શ્લોક ૧૨થી ૧૫ સુધીમાં પુરુષ કોને કહેવાય, તે સમજાવ્યું.

पादेषु सर्वाभूतानि – पुंसः स्थितिपदो विदुः (શ્લોક ૧૮) સ્થિતિપાદ ભગવાનનું વિશેષણ છે. સ્થિતિ એટલે ત્રણ લોક જેના પદમાં છે તે સ્થિતિપાદ. તેના ચરણમાં સર્વ લોકો આવ્યા છે. **तिष्ठन्त्यस्मिन् इति ष्ठाः भूरादि लोकाः** ભૂ આદિ લોક જેના પગમાં છે, તે સ્થિતિપાદ.

ભગવાનમાં ચાર પ્રકારનાં સુખ. એક અનિત્ય અને બાકીનાં ત્રણ નિત્ય. નિત્ય સુખનું નામ – અમૃત, ક્ષેમ અને અભય. એ ત્રણનાં ત્રણ સ્થાન – જનલોક, તપોલોક અને સત્યલોક. ભૂર્ ભુવઃ– સ્વર્ગ એ ત્રણ લોકનું સુખ અનિત્ય. મહર્લોકમાં સ્થાન છોડી જવું પડેછે, તેથી દુઃખ છે, બાકી સુખ છે.

છઠ્ઠા અધ્યાયનો પ્રાણ અથવા ભગવદનુગ્રહનો નિર્દેશ કરતો શ્લોક –

न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते न मे कदाचिन्मनसो मृषा गतिः
न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः ॥३३॥

ભગવદ્ અનુકંપા સમજવાનાં ત્રણ સાધન – સત્ય વાણી, મનઃ સંયમ અને ઇન્દ્રિય નિગ્રહ. તે કેવલ પ્રભુ કૃપાથીજ બને.

અધ્યાય સાતમો (શ્લોક સંખ્યા ૫૩)

ભગવાનના અવતારો અને ભગવાનના શ્રીવિગ્રહનો સમન્વય.

(૧) વરાહ અવતાર–प्रादेशमात्रं पुरुषं वसन्तम् એ બીજા અધ્યાયનો આઠમો શ્લોક છે. તેમાં પ્રથમ પદ **प्रादेशमात्रम्** વરાહ અવતારને સમજાવે છે. વેદ સર્વ ધર્મનું મૂલ છે. **वेदोऽखिलो धर्ममूलम्**. વરાહ વેદનું સ્વરૂપ છે. **वर** શ્રેષ્ઠ પદાર્થોને લાવી આપે તે વરાહ. વરાહ પ્રકટ્યા ત્યારે અંગુષ્ઠના અગ્ર ભાગના ટેરવા જેટલા હતા. "પ્રાદેશ સ્વરૂપ" એ સૂક્ષ્મ સ્વરૂપ છે. તેમાંથી "વિતસ્તિ સ્વરૂપ," અને પછીથી "કાય સ્વરૂપ." ૐ કાર વેદનું મૂલ છે. તે સૂક્ષ્મ રૂપ છે. તેમાંથી વેદત્રયી – એ વિસ્તૃત સ્વરૂપ; અને ઉપનિષદ, આરણ્યક, ધર્મ શાસ્ત્ર, પુરાણ, ઇતિહાસ, કાવ્ય એ વધુ વિસ્તૃત સ્વરૂપ. વેદો બ્રહ્માજીના મુખમાંથી નહિ, પરંતુ નાસિકામાંથી બતાવ્યાં. મુખનો શ્વાસ વર્જ્ય છે, ને નાસિકાનો પવિત્ર છે. યોગ, પ્રાણાયામ તેમાંથી જન્મેછે. બ્રાહ્મણને વેદો શ્વાસથી વધુ પ્રિય હોવા જોઇએ. શ્વાસ સમાન યોગથી – ક્રિયાથી કેળવવા જોઇએ.

(૨) **સુયજ્ઞ અવતાર – पुरुषम्** એ બીજા અવતારનું વાચક પદ છે. સુયજ્ઞ બીજો અવતાર છે. વરાહ યજ્ઞનું સ્વરૂપ છે. તૃતીય સ્કંધમાં પરિચય આપશે. **સુયજ્ઞ** યજ્ઞનું નામ છે, જે નારાયણ છે. **યજ્ઞનારાયણ** નામ જાણીતું છે. યજ્ઞ નારાયણ પુરુષ રૂપે છે, એટલે તે બીજા પદમાં "પુરુષ" શબ્દથી ઓળખાવે છે. વેદની રચના કર્યા બાદ કર્તા જોઇએ, તે પુરુષ કહેવાય. વરાહમાં પ્રક્રિયાઓ હતી. સુયજ્ઞ પુરુષ તરીકે કર્તા હતા.

(૩) **કપિલાવતાર – वसन्तम्** ત્રીજું પદ છે. તે ત્રીજો અવતાર છે, જેનું નામ કપિલ છે. કર્મ–વરાહ વેદમાં, કર્તૃત્વ પુરુષમાં; પણ પુરુષે ધ્યાન કરવાનું રહ્યું, તે કપિલમાં બતાવ્યું. **वसन्तम्** એટલે

નિવાસ કરીને રહેલા. સર્વમાં નિવાસ કરીને રહેલા ભગવાનનું ધ્યાન કરવું જોઇએ. **કર્દમ ગૃહે** દેવહૂતિમાં કપિલ જન્મ્યા. કર્દમ એટલે કાદવ; અને તેનું જન્મ સ્થલ જલ હોય છે. જલમાંજ કમલ રહેછે, પણ નિર્લેપ હોયછે. તેવીજ રીતે અનાસક્ત – નિર્લેપ જ્ઞાનાવતાર કપિલ થયા.

(૪) **દત્તાત્રેયાવતાર – चतुर्भुजम्** એ ચોથા પદનો અવતાર છે. **अत्रिः** ત્રણુ ન હતાં, બે હતાં. પછીથી અત્રિને ત્યાં દત્ત પ્રકટ્યા, એટલે ચાર હાથ થયા. સ્ત્રી–પુરુષ બંને એકાંગ કહેવાય. એટલે બે હાથ; પછી પુત્ર થાય એટલે ચાર હાથ ગણાય. ત્રિ એટલે ત્રણુ–દત્ત, દુર્વાસા, સોમ. એ ત્રણુ પુત્રો ન હતા, તેથી અત્રિ. પછી તે પુત્રો થયા, એટલે ઋષિ સાથે મળી ચાર થયા. એ ચતુર્ભુજ અવતાર થયો. હસ્ત ક્રિયાઓ કરે; અને ચાર ક્રિયા કરવાની – તપ, ઉત્પત્તિ, સ્થિતિ અને લય. અત્રિ તપઃક્રિયા છે; સોમ સૃજન ક્રિયા છે; દત્ત પાલન ક્રિયા છે; દુર્વાસા સંહરણુ ક્રિયા છે. અથવા યોગ, તપ, વંશ અને ભક્તિ એ ચાર ક્રિયાઓ ભગવાનના હાથ રૂપે છે. **अपत्य** – અપગતિથી બચાવે તે અપત્ય. **दत्तो मयाहम्** મેં મને આપ્યો. એટલે ભગવાન સ્વયં પુત્ર થઇ ચાર ક્રિયાઓ કરવા આવ્યા. **धर्मदासो ज्येष्ठपुत्रो भार्या स्वात्मा तथैव च। सर्वस्वं गुरुवर्गश्च नैव देयमिति स्थितिः॥** ૭ વસ્તુ અદેય છે. ધર્મદાસ, જ્યેષ્ઠપુત્ર, સ્ત્રી, દેહ, સર્વસ્વ અને ગુરુવર્ગ પરંતુ આ સામાન્ય ધર્મ છે. ઈશ્વરધર્મ, પુષ્ટિધર્મ એથી જુદો છે. ભગવાને અનુગ્રહ ધર્મમાં આવીને કહ્યું કે "મેં મને આપ્યો."

(૫) **ચાર સનત્કુમાર – कञ्जरथाङ्ग शङ्खगदाधरम्** – કમલ, ચક્ર; શંખ, ગદા એ ચાર આયુધોના ચાર અવતાર ચાર સનત્કુમાર થયા. **सनत्** શબ્દનું મૂલ **षणु दाने** બ્રહ્માજીએ તપ આદર્યું.

ભગવાને તેના વળતરમાં ચાર સનત્ કુમારો આપ્યા. આયુધ એટલે હસ્તમાં રહેલી કાર્યશક્તિ. શંખ શબ્દ બ્રહ્મ છે; ચક્ર તેજસ તત્ત્વ છે, કમલ કાર્ય તત્ત્વ છે, ગદા પ્રાણુ તત્ત્વ છે. એ ચાર મળીને કાર્ય થઇ શકે.

(૬) **નર નારાયણનો અવતાર – प्रसन्नवक्त्रम्** – ભગવાનના મુખ ઉપરની પ્રસન્નતા નર નારાયણનું સ્વરૂપ છે. જ્ઞાન અને સ્નેહ એ બે જેના હૃદયમાં હોય, તેજ કામ ક્રોધ જીતી શકે અને મુખ ઉપર પ્રસન્નતા ટકાવી શકે. કામ હૃદયમાં વસેછે, ક્રોધ જ્ઞાનમાં આવે છે. સ્નેહ હૃદયમાં આવે તો કામ જીતાય અને વિવેક જ્ઞાનમાં આવે તો ક્રોધ જીતાય.

(૭) ધ્રુવાવતાર – **नलिनायतेक्षणम्** – ધ્રુવ એટલે દીર્ઘ દૃષ્ટિ અને ધ્રુવજીની દીર્ઘ દૃષ્ટિ હતી. માટેજ બાલ્યવયમાં તપ કરવા ગયા. કાન સુધી દીર્ઘ પાંપણુ હોય તે સૂચવે છે કે કાનમાં ગુરુ ઉપદેશને ભરી, આંખમાં પ્રેમ લાવીને સર્વત્ર પ્રભુને મેળવે.

(૮) પૃથુરાજાનો અવતાર – **कदम्बकिञ्जल्कपिशङ्गवासम्** કદમ્બ વૃક્ષને કેશર તેમજ પુષ્પો વર્ષામાં આવે છે. તેજ રીતે પીતાંબરને ઉપમા આપી. કદમ્બના કેશરના જેવા પીળા વસ્ત્રને ધારણુ કરનારા; તે એટલા માટે કે વૃષ્ટિ વિના જગત્ દુઃખી હતું. વેદોની ઉપાસના ને વેદોના દર્શાવેલા યજ્ઞ વિના વૃષ્ટિ ન હતી. વેદોનાં અસ્તિત્વ ન હતાં. વિષય વિલાસ અભિમુખ જગત હતું, ત્યારે વેદ નિંદક વેનને દૂર કરી પૃથુ રાજાએ યજ્ઞ, વેદ, ને જ્ઞાનની રક્ષાપૂર્વક વૃષ્ટિ વર્ષાવી, પ્રજામાં ઉદ્યમ આણી પ્રજાનું પાલન કર્યું. તે વેદ વિના ન થઇ શકે: માટે પીતાંબર એ પૃથુ રાજાનો અવતાર.

(૯) ઋષભ દેવનો અવતાર **लसन्महारत्नहिरणमयाङ्गदम्** અંગદ એટલે બાજુબંધ. ઋષભદેવ પૂર્ણ પુરુષના બાજૂબંધનો અવતાર છે. **अंगदेहं देहाभिमानं घति खण्डयति इति अङ्गदः** દેહની આસક્તિને દૂર કરે તે અંગદ. ઋષભ દેવનાં **नायंदेहो देहभाजां नृलोके** વિગેરે વાકયોથી દેહાસક્તિને દૂર કરી જ્ઞાન તરફ વાળે છે. એમનાં ઉપદેશ વાકય રત્નો એ બાજૂબંધમાં રહેલાં રત્નોની સમાન છે.

(૧૦) **હયગ્રીવ અવતાર लसन्महारत्नकिरीटकुण्डलम्** હયગ્રીવ એ ભગવાનના કિરીટ કુંડલનો અવતાર છે. યજ્ઞોની રક્ષા અને વેદોની રક્ષા કરનારો અવતાર છે. વેદોમાં કર્મ, જ્ઞાન, યોગ ત્રણ છે. કુંડલ સાંખ્ય યોગ છે. કિરીટ ઉપનિષદ્ છે. કિરીટ કુંડલ, મસ્તક મુખ ઉપર વસે છે. જ્ઞાન સર્વોપરિ તત્વ છે. તેથીજ માથાના મુકુટનો અવતાર બતાવ્યો.

(૧૧) **મત્સ્યાવતાર योगेश्वरास्थापितपादपल्लवम्** મત્સ્યાવતાર ભગવાનનું ચરણકમલ છે. સંસાર સાગર છે. નૌકા તેમાં તરવાનું સાધન છે. ચરણ નૌકાથી ભકતો તરી ગયા છે. ભગવચ્ચરણ આચરણના અવલંબનથી તરી પાર ઉતરાય છે. જલમાં મત્સ્ય તરવાને કુશલ છે. ભગવચ્ચરણ કમલ તેજ રીતે સમર્થ છે. કમલ જલમાં રહેવા છતાં જલથી ઉપર રહે છે. સંસારમાં અવતાર લઇ આવવા છતાં ભગવાન નિર્લેપ રહે છે. નિર્લેપ રહીને કાર્ય કરે તેજ તારી શકે.

(૧૨) **કૂર્મ અવતાર – श्री लक्ष्मणम्** શ્રી વત્સના ચિહ્નમાંથી કૂર્મ અવતાર. શ્રી એટલે લક્ષ્મી અને અમૃત કૂર્માવતારથી મળ્યાં. સમુદ્રમંથનમાં મંદરાચલને ધારણ કરી મંથન કરાવી અમૃત–લક્ષ્મી ઉત્પન્ન કર્યાં; તેથી કૂર્માવતાર શ્રી વત્સ ચિહ્નના અવતારનું સ્વરૂપ છે.

(૧૩) **નૃસિંહાવતાર कौस्तुभरत्नकन्धरम्** કૌસ્તુભ મણિનો અવતાર. કંઠમાં કૌસ્તુભ મણિ રહે છે, અને કર્મ જ્ઞાન બન્નેનો પ્રકાશ કરે છે. "દેહલી દીપક ન્યાયથી" નૃસિંહ ભગવાનનો અવતાર ઉભયના પ્રકાશ માટે છે. **નર – સિંહ** એવા વિભાગોનો એક અવતાર. ઉપાસકો બે પ્રકારના – એક વન નિવાસી જ્ઞાની – યોગી, અને બીજા નગર નિવાસી ગૃહસ્થાશ્રમી ભકતો. એ બન્નેના ઉધ્ધાર માટે સિંહ અને નરનું મિશ્રણ કર્યું.

(૧૪) **હરિ અવતાર वनमालयाऽऽचितम्** વનમાલાનો અવતાર. કદી ન કરમાતી માલા વનમાલા છે, જે ગુણ પુષ્પોની બની છે. ગજ જેવા દીન–સાધન હીન–પરાધીન અને અત્યંત આસકત જીવોને કેવલ દયાથી ઉદ્ધારનાર ભગવાનના ઔદાર્ય–યશઃ રૂપી ગુણપુષ્પોની કીર્તિમાલા કદી કરમાતી નથી. તેથી તે અવતાર વનમાલાનો અવતાર છે.

(૧૫) **વામન અવતાર विभूषितं मेखलया** મેખલાનો અવતાર. મેખલા પીતાંબરને બાંધી રાખેછે. પીતાંબર માયાનું પ્રતીક છે. માયાને લોભ – આસકિત છે. બલિ રાજામાં તે આસકિત છે. તેની ધનાસકિત અને દાન કર્યાની દાતાર તરીકેની આસકિતને દૂર કરવા માટે તેને બાંધ્યા. માટે તે બાંધવાનું કાર્ય મેખલાનું હોવાથી મેખલાના અવતાર તરીકે દર્શાવ્યા.

(૧૬) **નારદ અવતાર – अङ्गुलीयकैर्विभूषितम्** વેઢ વીંટીઓનો અવતાર. ચાર ભુજ ભગવાનના, એટલે વીસ આંગળીઓ થઈ. અનન્ત હસ્ત કહીએ તો અનંત વીંટીઓ થઇ. ભગવાનની અંગૂલીઓના અગ્રભાગમાં વીંટીઓ રાખેછે, અને તેમાંના હીરા ઘણા કીંમતી હોય છે. તેજ પ્રકારે ભગવાનના ભકતોને ભગવાન પોતાના હાથમાં બાળકોની માફક રાખે છે, ને સાચવે છે, તેમજ જગતમાં હીરાની માફક તેની કીર્તિ ઝળકાવેછે. વીંટીથી હાથની આંગળી અને આંગળીથી વીંટી પરસ્પર દીપે છે. ભગવાન અને ભકતો પરસ્પર ભૂષણ ભૂષ્ય ભાવે શોભે છે.